॥ श्री ॥

॥ जैन सज्झायमाळा ॥

॥ ભાગ ૧ લો. ॥

આ બુકમાં છંદો, હિતોપદેશ પદો, સઝાયો, બાર ભાવના, ત્રિઢાળીયાં, ચોઢાળીયાં, પંચઢાળીયાં, ષટઢાળીયાં, મહાવીરસ્વામિનું પારણું, હાલરીયું, શિયલની નવ વાડો, રાજેમતિ રેહેનેમીનો સંવાદ, મુનિગુણ મંગળમાળા, ભરતબાહુબળનો સલોકો, લાવણીઓ, શિખામણનાં પદો અને ઉપદેશબત્રીશી વિગેરેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. મગનલાલ હઠીસંગ

જ્ઞાનપ્રકાશના માલેક.

આવૃત્તિ પાંચમી.—પ્રત ૧૦૦૦

અમદાવાદમાં.

"યુનાઇટેડ કંપની લિમિટેડ" પ્રેસના મેનેજર
મોહનલાલ મુલચંદ શાહે છાપ્યું.

સંવત ૧૯૬૯—સને ૧૯૧૩.

કિમ્મત સત્તર આના.

जैनीलिपीना शास्त्री म्होटा अक्षरमां

छपाय छे.

जैन सज्झायमाळा.

भाग १, २, ३, ४—किंमत रु. १-८-०.

આજ સુધીમાં "જૈનસઝાયમાળા" નામનું પુસ્તક ગુજરાતી અક્ષરમાં ભાગ ૧ લો, ભાગ ૨ જો, ભાગ ૩ જો, ભાગ ૪ થો, એ રીતે જૂદા જૂદા ભાગમાં છપાઇને પ્રસિદ્ધ થએલું છે. પણ જૈનીલિપીના શાસ્ત્રી અક્ષરથી એકે પુસ્તક છપાએલું નહીં હોવાથી જૈનીભાઇઓમાં તેવા પુસ્તકની ઘણી ખોટ પડી છે. જો કે શ્રાવક ભીમસીંહ માણેક તરફથી સઝાયમાળા નામનું પુસ્તક શાસ્ત્રી અક્ષરમાં છપાવામાં આવ્યું છે, પણ તેમાં મન માનતી સઝાયોનો જથો નહીં હોવાથી, તથા કિંમત વધારે હોવાથી જૈનીભાઈઓથી તેનો લાભ બરોબર લેવાઈ શકાતો નથી. આવી રીતે હોવાથી અમે લગભગ ૨૦૦-૨૫૦ સઝાયોનો સંગ્રહ કરી આ પુસ્તક છપાવા માંડયું છે. તેનું કદ પાના ૬૦૦ ના આશરાનું થશે, અને સારા કાગળમાં છપાવી સારી બાંધણીથી એગ્બોસીન કરાવી બંધાવામાં આવશે; તોપણ કિંમત જુજ. ફકત રૂા. ૧-૮-૦ દોઢ રૂપીઓ રાખવામાં આવ્યો છે. છતાં કારતક સુદી ૧૫ સુધીમાં ગ્રાહક થનારને આઠ આનાની કિંમતની ચોપડી ભેટ આપવામાં આવશે. માટે જલદી ગ્રાહક થઈ નામ નોંધાવશો. સામટી દશ નકલ રાખનારને એક નકલ વધારે મળશે.

શા. મગનલાલ હઠીસંગ.

જ્ઞાનપ્રકાશના માલેક.

અમદાવાદ—રામજીમંદિરની પોળ.

अनुंक्रमणिका.

હિતોપદેશ પદો.

સઝાયો.

ત્રણ, ચાર, પાંચ છ ઢાળિયાં.

લાવણીઓ.

શિખામણનાં પદો.



॥ श्री जिनेंद्राय नमः ॥

॥ श्री ॥

॥ जैन सज्झायमाळा ॥

भाग १ लो.

श्री पार्श्वनाथजिन स्तुति.

(ભુજંગી છંદ.)

જપું પાર્શ્વનાથ પ્રભૂ શીશ નામી, ધરો આ સ્તુતિ માહરી શિવગામી ॥ કરી મ્હેરને તો શિરે હાથ થાપો, પ્રભુ પાર્શ્વ મારૂં મહા કષ્ટ કાપો ॥ ૧ ॥ ફર્યો હું અનંતા ભવો લે ઉપાધી, મૃષા માર્ગથી ભક્તિ તારી ન લાધીj॥ વિના નાથ તાર્યા ત્રિધા હુંજ તાપો ॥ ॥પ્રભૂ૦ ॥૨॥ કરૂં બંદગી હું પ્રભૂ ભાવ ધારી, નથી બોલતો આ જૂઠી હું લવારી ॥ ધરી હસ્ત માથે મને દાસ થાપો ॥ પ્રભૂ૦ ॥ ૩ ॥ નદી ગંગ તીરે તપસ્વી સકામી, રહ્યો અગ્નિ તાપે દૃષ્ટિ સૂર્ય સામી ॥ ધરે દીલમાં ગર્વ તેથી અમાપો ॥ પ્રભૂ૦ ॥ ૪ ॥ ચડી હસ્તિ ખંધે ગયા ગંગ કાંઠે, તપે પંચઅગ્ની તહાં ઊપરાંઠે ॥ બળે કાષ્ટમાં દુઃખિયા જોડી સાપો ॥ પ્રભૂ૦ ॥ ૫ ॥ ધરી ત્યાં દયા અગ્નિમાંથી ઉગાર્યા, વળી મંત્ર નવકાર મુખે ઉચાર્યા ॥ મળ્યા દેવના વૈભવો ત્યાં અમાપો ॥ ॥ પ્રભૂ૦ ॥ ૬ ॥ નથી કોઇ આ જગતમાં પાર્શ્વ જેવા, ફળીતાર્થ આપી શકે કોઇ એવા ॥ જપું દેવના દેવ હું જાપ જાપો ॥ પ્રભુ૦ ॥ ૭ ॥ સદા શાન્તિ ને સન્મતી નાથ આપી, કરો દાસ માયા મદાદીક કાપી ॥ કહે મુનિ કેવળ પ્રભૂ ભક્તિ આપો ॥ પ્રભૂ૦ ॥ ૮ ॥ ઇતિ ॥

छंदोनो समुदाय.

श्री नवकारनो छंद प्रारंभ.

સુખ કારણ ભવિયણ, સમરો નિત નવકાર ॥ જિનશાસન આગમ, ચૌદપૂરવનો સાર ॥ ૧ ॥ એ મંત્રનો મહિમા, કહેતાં ન લહું પાર ॥ સુરતરૂ જિમ ચિંતિત, વંછિત ફળ દાતાર ॥ ૨ ॥ સુર દાનવ માનવ, સેવા કરે કર જોડ ॥ ભૂવિમંડળ વિચરે, તારે ભવિયણ કોડ ॥

॥ ૩ ॥ સુરછંદે વિલસે, અતિશય જાસ અનંત ॥ પદ પહેલે નમિએ, અરિગંજન અરિહંત ॥ ૪ ॥ જે પનરે ભેદે, સિદ્ધ થયા ભગવંત ॥ પંચમી ગતિ પહોત્યા, અષ્ટ કરમ કરી અંત ॥ ૫ ॥ કળ અકળ સરૂપી, પંચાનંતક દેહ ॥ જિનવર પય પ્રણમું, બીજે પદ વળિ એહ ॥ ૬ ॥ ગચ્છભાર ધુરંધર, સુંદર શશિહર શોભ ॥ કરે સારણ વારણ, ગુણ છત્રીસે થોભ ॥ ૭ ॥ શ્રુત જાણ શિરોમણિ, સાગર જિમ ગંભીર ॥ ત્રીજે પદ નમિયે, આચારજ ગુણ ધીર ॥ ૮ ॥ શ્રુતધર ગુણઆગર, સૂત્ર ભણાવે સાર ॥ તપ વિધિ સંયોગે, ભાંખે અર્થ વિચાર ॥ ૯ ॥ મુનિવર ગુણ જુત્તા, કહિયે તે ઉવઝાય ॥ પદ ચોથે નમિયે, અહનિશિ તેહના પાય ॥ ૧૦ ॥ પંચાશ્રવ ટાળે; પાળે પંચાચાર ॥ તપસી ગુણધારી, વારે વિષય વિકાર ॥ ૧૧ ॥ ત્રસ થાવર પીયર, લોકમાંહી જે સાધ ॥ ત્રિવિધે તે પ્રણમું, પરમારથ જિણે લાધ ॥ ૧૨ ॥ અરિ કરિ હરિ સાયણિ, ડાયણિ ભૂત વેતાળ ॥ સવિ પાપ પણાસે, વાધે મંગળમાળ ॥ ૧૩ ॥ ઇણ સમર્યાં સંકટ, દૂર ટળે તતકાળ ॥ ઇમ જંપે જિનપ્રભ, સૂરિ શિષ્ય રસાળ ॥ ૧૪ ॥ ઇતિ ॥

श्री नवकारनो छंद.

(દોહા.)

વંછિત પૂરે વિવિધ પરે, શ્રીજિનશાસન સાર ॥ નિશ્ચે શ્રી નવકાર નિત, જપતાં જયજયકાર ॥ ૧ ॥ અડશઠ અક્ષર અધિક ફળ, નવપદ નવેનિધાન ॥ વિતરાગ સ્વયંમુખ વદે, પંચપરમેષ્ટિ પ્રધાન ॥૨॥ એકજ અક્ષર એક ચિત્ત, સમર્યાં સંપતિ થાય ॥ સંચિત સાગર સાતનાં, પાતક દૂર પલાય ॥ ૩ ॥ સકળ મંત્ર શિર મુકુટમણી, સદ્ગુરૂ ભાષિત સાર ॥ સો ભવિયાં મન શુદ્ધશું, નિત જપીએ નવકાર ॥ ૪ ॥

(છંદ હુટકી.)

નવકારથકી શ્રીપાળ નરેસર, પામ્યો રાજ્ય પ્રસિદ્ધ ॥ સમસાન વિષે શિવ નામ કુમરને, સોવન પુરિસો સિદ્ધ ॥ નવલાખ જપંતાં નરક નિવારે, પામે ભવનો પાર ॥ સો ભવિયાં ભત્તે ચોખ્ખે ચિત્તે, નિત જપીએ નવકાર ॥ ૧ ॥ બાંધી વડશાખા શિકે બેશી, હેઠળ કુંડ હુતાશ ॥ તસ્કરને મંત્ર સમર્પ્યો શ્રાવકે, ઉડયો તે આકાશ ॥ વિધિ રીત જપ્યો વિષધર વિષ ટાળે, ઢાળે અમૃત ધાર ॥ સો૦ ॥ ૨ ॥ બીજોરાં કારણ રાય મહાબળ, વ્યંતર દુષ્ટ વિરોધ ॥ જેણે નવકારે હત્યા ટાળી, પામ્યો જક્ષ પ્રતિબોધ ॥ નવલાખ જપંતાં થાયે જિનવર, ઇશ્યો છે અધિ-

કાર ॥ સો૦ ॥ ૩ ॥ પલ્લિપતિ શિખ્યો મુનિવર પાસે, મહામંત્ર મન શુદ્ધ ॥ પરભવ તે રાજસિંહ પૃથ્વિપતિ, પામ્યો પરિગળ ઋદ્ધ ॥ એ મંત્રથકી અમરાપુર પહોત્યો, ચારુદત્ત સુવિચાર ॥ સો૦॥૪॥ સંન્યાસી કાશી તપ સાધંતો, પંચાગ્નિ પરજાળ ॥ દીઠો શ્રી પાસકુમારે પન્નગ, અધબળતો તે ટાળ ॥ સંભળાવ્યો શ્રી નવકાર સ્વયંમુખ, ઇંદ્રભુવન અવતાર ॥ સો૦ ॥૫॥ મન શુદ્ધે જપતાં મયણાંસુંદરી, પામી પ્રિય સંયોગ ॥ ઈણ ધ્યાને કષ્ટ ટળ્યું ઉંબરનું, રક્તપિત્તનો રોગ ॥ નિશ્ચેશું જપતાં નવનિધિ થાએ, ધર્મતણો આધાર ॥ સો૦ ॥૬॥ ઘટમાંહી કૃષ્ણ ભુજંગમ ઘાલ્યો, ઘરણી કરવા ઘાત ॥ પરમેષ્ઠિ પ્રભાવે હાર ફુલનો, વસુધામાંહી વિખ્યાત ॥ કમળાવતિયે પિંગળ કીધો, પ્રાપતણો પરિહાર ॥ સો૦ ॥ ॥ ૭ ॥ ગયણાગણ જાતી રાખી ગ્રહીને, પાડી બાણ પ્રહાર ॥ પદ પંચ સુણંતાં પાંડુપતિ ઘર, તે થઈ કુંતા નાર ॥ એ મંત્ર અમૂલક મહિમા મંદિર, ભવદુઃખ ભંજણહાર ॥ સો૦॥૮॥ કંબળને સંબળ કાદવ કાઢયાં, શકટ પાંચશેં માન ॥ દીધે નવકાર ગયા દેવલોકે, વિલસે અમરવિમાન ॥ એ મંત્રથકી સંપતિ વસુધા ટળે, વિલસે જૈન વિહાર ॥ સો૦ ॥ ૯ ॥ આગેં ચોવીશ હુઈ અનંતી, હોશે વાર અનંત ॥ નવકારતણી કોઈ આદિ ન જાણે, ઈમ ભાંખે અરિહંત ॥ પૂરવ દિશિ ચારે આદિ પ્રપંચે, સમર્યા સંપતિ સાર ॥ સો૦ ॥ ૧૦ ॥ પરમેષ્ઠિ સુરપદ તે પણ પામે, જે કૃત કર્મ કઠોર ॥ પુંડરગિરિ ઉપર પરતક્ષ પેખ્યો, મણિધરને એક મોર ॥ સદ્ગુરુને સનમુખ વિધિ સમરંતાં, સફળ જનમ સંસાર ॥ સો૦ ॥ ૧૧ ॥ શુળીકારોપણ તસ્કર કીધો, લોહખરો પરસિદ્ધ ॥ તિહાં શેઠે નવકાર સુણાવ્યો, પામ્યો અમરની ઋદ્ધ ॥ શેઠને ઘર આવી વિઘ્ન નિવાર્યાં, સુરે કરી મનોહાર ॥ ॥ સો૦ ॥ ૧૨ ॥ પંચ પરમેષ્ઠિ જ્ઞાનજ પંચહ, પંચ દાન ચારિત્ર ॥ પંચ સજઝાય મહાવ્રત પંચહ, પંચ સુમતિ સમકિત ॥ પંચ પ્રમાદહ વિષય તજો પંચ, પાળો પંચાચાર ॥ સો૦ ॥ ૧૩ ॥

(કળશ છપ્પય.)

નિત જપીએ નવકાર, સાર સંપતિ સુખદાયક ॥ શુદ્ધ મંત્ર એ શાશ્વતો, ઈમ જંપે શ્રી જગનાયક ॥ શ્રી અરિહંત સુસિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણીજે ॥ શ્રી ઉવઝાય સુસાધુ, પંચ પરમેષ્ઠિ થુણિજે ॥ નવકાર સાર સંસાર છે, કુશળલાભ વાચક કહે ॥ એક ચિત્તે આરાધતાં, વિવિધ ઋદ્ધિ વંછિત લહે ॥ ૧૪ ॥ ઇતિ ॥

श्री शांतिनाथनो छंद.

શારદ માય નમું શિર નામી, હું ગુણ ગાઉં ત્રિભુવનકે સ્વામી ॥ શાંતિ શાંતિ જપે સબ કોઈ, તે ઘેર શાંતિ સદા સુખ હોઈ ॥૧॥ શાંતિ જપી જે કીજે કામ, સોહી કામ હોવે અભિરામ ॥ શાંતિ જપી પરદેશ સધાવે, તે કુશળે કમળા લેઈ આવે ॥૨॥ ગર્ભથકી પ્રભુ મારિ નિવારી, શાંતિજી નામ દિયો હિતકારી ॥ જે નર શાંતિતણા ગુણ ગાવે, ઋદ્ધિ અચિંતી તે નર પાવે ॥ ૩ ॥ જે નરકું પ્રભુ શાંતિ સહાઈ, તે નરકું કયા આરતિ ભાઈ ॥ જો કછુ વંછે સોહી પૂરે, દુઃખ દારિદ્ર મિથ્યામતિ ચૂરે ॥ ૪ ॥ અલખ નિરંજન જ્યોત પ્રકાશી, ઘટ ઘટ અંતરકે પ્રભુ વાસી ॥ સ્વામિ સ્વરૂપ કહ્યું નવિ જાય, કહેતાં મુજ મન અચરિજ થાય ॥ ૫ ॥ ડાર દીયે સબ હી હથિઆરા, જીત્યા મોહતણા દળ સારા ॥ નારી તજી શિવશું રંગ રાચે, રાજ તજયો પણ સાહિબ સાચે ॥ ૬ ॥ મહા બળવંત કહીજે દેવા, કાયર કુંથુ એક હણેવા ॥ ઋદ્ધિ સયળ પ્રભુ પાસ લહીજે, ભિક્ષાઆહારી નામ કહીજે ॥૭॥ નિંદક પૂજકકું સમભાયક, પણ સેવકહીકું સુખ દાયક ॥ તજી પરિગ્રહ ભયે જગનાયક, નામ અતિથિ સવે સિદ્ધિ લાયક ॥ ૮ ॥ શત્રુ મિત્ર સમચિત્ત ગણીજે, નામ દેવ અરિહંત ભણીજે ॥ સરળ જીવ હિતવંત કહીજે, સેવક જાણી મહાપદ દીજે ॥ ૯ ॥ સાયર જેસા હોત ગંભિરા, દૂષણ એક ન માંહે શરિરા ॥ મેરુ અચળ જિમ અંતરજામી, પણ ન રહે પ્રભુ એકણ ઠામી ॥ ૧૦ ॥ લોક કહે જિનજી સબ દેખે, પણ સુપનાંતર કબહુ ન પેખે ॥ રીસવિના બાવીશ પરીસા, સેના જીતી તે જગદીશા ॥ ૧૧ ॥ માન વિના જગ આણ મનાઇ, માયાવિના શિવશું લય લાઈ ॥ લોભવિના ગુણ રાશિ ગ્રહીજે, ભિક્ષુ ભયે ત્રિગડો સેવીજે ॥૧૨॥ નિર્ગ્રંથપણે શિર છત્ર ધરાવે, નામ યતિ પણ ચમર ઢળાવે ॥ અભયદાન દાતા સુખ કારણ, આગળ ચક્ર ચાલે અરિદારણ ॥ ૧૩ ॥ શ્રી જિનરાજ દયાળ ભણીજે, કર્મ સેવકો મૂળ ખણીજે ॥ ચઉવિહ સંઘહ તિરથ થાપે, લચ્છી ઘણી દેખે નવિ આપે ॥ ૧૪ ॥ વિનયવંત ભગવંત કહાવે, નાંહી કીસીકું શીશ નમાવે ॥ અકંચનકો બિરુદ ધરાવે, પણ સોવનપદ પંકજ ઠાવે ॥ ૧૫ ॥ રાગ નહીં પણ સેવક તારે, દ્વેષ નહીં નિગુણા સંગ વારે ॥ તજી આરંભ નિજ આતમ ધ્યાવે, શિવરમણીકો સાથ ચલાવે ॥

॥ ૧૬ ॥ તેરો મહિમા અદ્‌ભૂત કહીયે, તેરા ગુણકો પાર ન લહીએ ॥ તું પ્રભુ સમરથ સાહેબ મેરા, હું મનમોહન સેવક તેરા ॥ ૧૭ ॥ તું રે ત્રિલોકતણો પ્રતિપાળ, હું રે અનાથ ને તું રે દયાળ ॥ તું શરણાગત રાખણ ધીરા, તું પ્રભુ તારક છે વડવીરા ॥ ૧૮ ॥ તુંહિ સમો વડભાગજ પાયો, તો મેરો કાજ ચડયો રે સવાયો ॥ કરજોડી પ્રભુ વિનવું તમશું, કરો કૃપા જિનવરજી અમશું ॥ ૧૯ ॥ જનમ મરણના ભય નિવારો, ભવસાગરથી પાર ઉતારો ॥ શ્રી હસ્થિણાઉર મંડણ સોહે, ત્યાં શ્રી શાંતિ સદા મન મોહે ॥ ૨૦ ॥ પદ્મસાગર ગુરુરાજ પસાયા, શ્રી ગુણસાગર કહે મન ભાયા ॥ જે નર નારી એક ચિત્ત ગાવે, તે મનવાંચ્છિત નિશ્ચે પાવે ॥ ૨૧ ॥ ઈતિ ॥

श्री पार्श्वनाथनो छंद.

(તોટકવૃત્તની દેશીમાં.)

જય જય જગનાયક પાર્શ્વજિનં, પ્રણતાખિલ માનવદેવગણં ॥ જિનશાસન મંડન સ્વામિ જયો, તુમ દરિશન દેખી આનંદ ભયો ॥ ૧ ॥ અશ્વસેન કુલાંબર ભાનુનિભં, નવ હસ્ત શરીર હરિત પ્રતિભં ॥ ધરણેંદ્ર સુસેવિત પાદયુગં, ભર ભાસુર કાંતિ સદા સુભગં ॥ ૨ ॥ નિજ રૂપ વિનિર્જિત રંભપતિ, વદનોદ્યુતિ શારદ સોમતતિ ॥ નયનાંબુજ દીસ વિશાળતરા, તિલકુસુમ સન્નિભ નાસા પ્રવરા ॥ ૩ ॥ રસનામૃત કંદ સમાન સદા, દશનાવળિ અનારકળી સુખદા ॥ અધરારુણ વિદ્રુમ રંગ ઘનં, જય શંખપુરાભિધ પાર્શ્વજિનં ॥ ૪ ॥ અતિચારુ મુકટ મસ્તક દીપે, કાને કુંડળ રવિ શશિ છીપે ॥ તુજ મહિમા મહિમંડળ ગાજે, નિત પંચ શબ્દ વાજાં વાજે ॥ ૫ ॥ સુર કિન્નર વિદ્યાધર આવે, નર નારી તેરા ગુણ ગાવે ॥ તુજ સેવે ચોશઠ ઈંદ્ર સદા, તુજ નામે નાવે કષ્ટ કદા ॥ ૬ ॥ જે સેવે તુજને ભાવ ઘણે, નવનિધિ થાય ઘર તેહ તણે ॥ અડવડિયાં તું આધાર કહ્યો, સમરથ સાહિબ મેં આજ લહ્યો ॥ ૭ ॥ દુઃખિયાને સુખદાયક તું દાખે, અશરણને શરણે તું રાખે ॥ તુજ નામે સંકટ વિકટ ટળે, વીછડિયાં વ્હાલાં આવી મળે ॥ ૮ ॥ નટ વિટ લંપટ દૂરે નાસે, તુજ નામે ચોર ચરડ ત્રાસે ॥ રણ રાઉલ જય તુજ નામ થકી, સબળે આગળ તુજ સેવ થકી ॥ ૯ ॥ યક્ષ રાક્ષસ કિન્નર સવિ ઉરગા, કરિ કેસરિ દાવાનળ વિહગા ॥ વધ બંધન ભય સબળા જાવે, જે એક મના તુજને ધ્યાવે

॥ ૧૦ ॥ ભૂત પ્રેત પિશાચ છળી ન શકે, જગદીશ તવાભિધ જાપ થકે ॥ મ્હોટા જોરિંગ રહે દૂરે, દૈત્યાદિકના તું મદ ચૂરે ॥ ૧૧ ॥ ડાયણિ સાયણિ જાય હટકી, ભગવંત થાય તુજ ભજન થકી ॥ કપટી તુજ નામ લિયા કંપે, દુર્જન મુખથી જી જી જંપે ॥ ૧૨ ॥ માની મચ્છરાળા મુહ મોડે, તે પણ આગળથી કર જોડે ॥ દુર્મુખ દુષ્ટાદિક તુંહિ દમે, તુજ જાપે મ્હોટા મ્લેચ્છ નમે ॥ ૧૩ ॥ તુજ નામે માને નૃપ સબળા, તુજ જશ ઉજ્વળ જેમ ચંદ્રકળા ॥ તુજ નામે પામે ઋદ્ધિ ઘણી, જય જય જગદીશ્વર ત્રિજગ ધણી ॥ ૧૪ ॥ ચિંતામણી કામગવી પામે, હય ગય રથ પાયક તુજ નામે ॥ જનપદ ઠકુરાઈ તું આપે, દુર્જન જનનાં દારિદ્ર કાપે ॥ ૧૫ ॥ નિર્ધનને તું ધનવંત કરે, તૂઠો કોઠાર ભંડાર ભરે ॥ ઘર પુત્ર કલત્ર પરિવાર ઘણો, તે સહુ મહિમા તુમ નામ તણો ॥ ૧૬ ॥ મણિ માણેક મોતી રત્ન જડયાં, સોવણ ભૂષણ બહુ સુઘડ ઘડયાં ॥ વળી પહેરણ નવરંગ વેષ ઘણા, તુમ નામે નવિ રહે કાંઇ મણા ॥ ૧૭ ॥ વૈરી વિરુઓ નવિ તાકી શકે, વળી ચાડ ચુગલ મનથી ચમકે ॥ છળ છિદ્ર કદા કેહનો ન લગે, જિનરાજ સદા તુજ જ્યોતિ જગે ॥ ૧૮ ॥ ઠગ ઠાકુર સવિ થરહર કંપે, પાખંડી પણ કો નવિ ફરકે ॥ લૂંટાદિક સહુ નાશી જાએ, મારગ તુજ જપતાં જય થાએ ॥ ૧૯ ॥ જડ મૂરખ જે મતિહીન વળી, અજ્ઞાન તિમિર તસુ જાય ટળી ॥ તુજ સમરણથી ડાહ્યા થાએ, પંડિતપદ પામી પૂજાએ ॥ ૨૦ ॥ ખસ ખાંસિ ખયન પીડા નાસે, દુર્બળ મુખ દીનપણું ત્રાસે ॥ ગડ ગુંબડ કુષ્ટ જિકે સબળા, તુજ જાપે રોગ સમે સઘળા ॥ ૨૧ ॥ અહિલા ગૂંગા બહિરાય જિકે, તુજ ધ્યાને ગતદુઃખ થાય તિકે ॥ તનુ કાંતિ કળા સુવિશેષ વધે, તુજ સમરણશું નવનિધિ સધે ॥ ૨૨ ॥ કરિ કેસરિ અહિ રણ બંધ સયા, જળ જલણ જળોદર અષ્ટ ભયા ॥ સંધાણ પમુહા સવિ જાય ટળી, તુજ નામે પામે રંગરળી ॥ ૨૩ ॥ ૐ હ્રીં અર્હં શ્રી પાર્શ્વ નમો, નમિઊણ જપંતાં દુષ્ટ દમો ॥ ચિંતામણિ મંત્ર જિકે ધ્યાયે, તિણ ઘર દિન દિન દોલત થાયે ॥ ૨૪ ॥ ત્રિકરણ શુદ્ધે જે આરાધે, તસ જશ કીર્તિ જગમાં વાધે ॥ વળી કમિત કામ સવે સાધે, સમિહિત ચિંતામણિ તુજ લાધે ॥ ૨૫ ॥ મદ મચ્છર મનથી દૂર તજે, ભગવંત ભલીપરે જેહ ભજે ॥ તસ ઘર કમળા કલ્લોલ કરે, વળિ રાજ્ય રમણિ બહુ લીલ વરે ॥ ૨૬ ॥ ભય વારક તારક તૂં ત્રાતા, સજ્જન મન અતિ ભક્તિનો દાતા ॥ માત તાત

સહોદર તૂં સ્વામિ, શિવદાયક નાયક હિતકામિ ॥ ૨૭ ॥ કરૂણાકર ઠાકુર તૂં મ્હારો, નિશિ વાસર નામ જપું ત્હારો ॥ સેવકશું પરમ કૃપા કરજ્યો, વાલેશર વાંછિત ફળ દેજ્યો ॥ ૨૮ ॥ જિનરાજ સદા તૂં જયકારી, તુજ મૂર્તિ અતિ મોહનગારી ॥ ગુર્જર જનપદ માંહે રાજે, ત્રિભુવન ઠકુરાઇ તુજ છાજે ॥ ૨૯ ॥ ઇમ ભાવ ભલે જિનવર ગાયો, વામા સુત દેખી બહુ સુખ પાયો ॥ રવિ શશિ મુનિ સંવચ્છર રંગે, જય દેવસૂરમાં સુખ સંગે ॥ ૩૦ ॥ જય શંખપુરાભિધ પાર્શ્વપ્રભો, સકળાર્થ સમિહિત દેહિ વિભો ॥ બુધ હર્ષરુચિ વિજયાય મુદા, તપ લબ્ધિરુચિ સુખ થાય સદા ॥ ૩૧ ॥

કળશ. (વસંતતિલકાવૃત્તમ.)

ઇત્થં સ્તુતઃસકળ કામિત સિદ્ધિદાતા, યક્ષાધિરાજનત શંખપુરાધિરાજઃ॥
સ્વસ્તિશ્રી હર્ષરુચિ પંકજ સુપ્રસાદાત્ ,શિષ્યેણ લબ્ધરુચિ નેતિમુદાપ્રસન્નઃ॥

श्री चिंतामणिपार्श्वनाथनो छंद.

(દોહા.)

કલ્પવેલ ચિંતામણિ, કામધેનુ ગુણ ખાણ ॥ અલખ અગોચર અગમ ગતિ, ચિદાનંદ ભગવાન ॥ ૧ ॥ પરમ જ્યોતિ પરમાતમા, નિરાકાર કિરતાર ॥ નિર્ભય રૂપ જ્યોતિસરૂ, પૂરણ બ્રહ્મ અપાર ॥૨॥ અવિનાશી સાઈધની, ચિંતામણિ શ્રી પાસ ॥ અરજ કરૂં કર જોડકે, પૂરો વંછિત આશ ॥ ૩ ॥ મનચિંતિત આશા ફળે, સકળ સિદ્ધ્વે કામ ॥ ચિંતામણિકો જાપ જપ, ચિંતાહર એ નામ ॥ ૪ ॥ તુમ સમ મેરે કો નહીં, ચિંતામણિ ભગવાન ॥ ચેતનકી એહ વિનતી, દીજે અનુભવ જ્ઞાન ॥ ૫ ॥ ચોપાઇ—પ્રાણતદેવલોકથી આયે, જન્મ વાણારશી નગરી પાયે ॥ અશ્વસેન કુળમંડન સ્વામિ, ત્રિહું જગકે પ્રભુ અંતરજામિ ॥ ૬ ॥ વામાદેવિ માતાકે જાયે, લંછન નાગ ફણિમણિ પાયે ॥ શુભ કાયા નવ હાથ વખાણો, નીલવરણ તનુ નિર્મળ જાણો ॥ ૭ ॥ માનવ જક્ષ સેવે પ્રભુપાય, પદ્માવતી દેવી સુખદાય ॥ ઈંદ્ર ચંદ્ર પારસ ગુણ ગાવે, કલ્પવૃક્ષ ચિંતામણિ પાવે ॥ ૮ ॥ નિત સમરો ચિંતામણિ સ્વામિ, આશા પૂરે અંતરજામિ ॥ ધન ધન પારસ પુરિસાદાણી, તુજ સમ જગમેં કો નહીં નાણી ॥ ૯ ॥ તુમારો નામ સદા સુખકારી, સુખ ઉપજે દુઃખ જાય વિસારી ॥ ચેતનકે મન તુમારે પાસ, મનવંછિત પૂરો પ્રભુ આશ ॥ ૧૦ ॥ દોહા—ૐ ભગ

વંત ચિંતામણિ, પાર્શ્વ પ્રભુ જિનરાય ॥ નમો નમો તુમ નામસેં, રોગ શોગ મિટ જાય ॥ ૧૧ ॥ વાત પિત્ત દૂરે ટળે, કફ નહીં આવે પાસ ॥ ચિંતામણિકે નામસેં, મિટે શ્વાસ ઓર ખાસ ॥૧૨॥ પ્રથમ દૂસરો તીસરો, તાવ ચોથિયો જાય ॥ શૂળ બહોતેર દૂરે રહે, દાદ ખાજ ન રહાય ॥ ૧૩ ॥ વિસ્ફોટક ગડગુંબડાં, કોઢ અઢારે દૂર ॥ નેત્ર રોગ સબ પરિહરે, કંઠમાળ ચકચૂર ॥ ૧૪ ॥ ચિંતામણિકે જાપસે, રોગ શોગ મિટ જાય ॥ ચેતન પારસ નામકો, સમરો મન ચિતલાય ॥ ૧૫ ॥ ચોપાઇ—મન શુદ્ધે સમરો ભગવાન, ભયભંજન ચિંતામણિ ધ્યાન ॥ ભૂત પ્રેત ભય જાવે દૂર, જાપ જપે સુખ સંપતિ પૂર ॥૧૬॥ ડાકણ શાકણ વ્યંતર દેવ, ભય નહિ લાગે પારસ સેવ ॥ જળચર થળચર ઉરપર જીવ, ઇનકો ભય નહીં સમરો પીવ ॥ ૧૭ ॥ વાઘ સિંહકો ભય નહીં હોય, સર્પ ગોહ આવે નહીં કોય ॥ વાટ ઘાટમેં રક્ષા કરે, ચિંતામણી ચિંતા સબ હરે ॥ ૧૮ ॥ ટોળાં ટામણ જાદૂ કરે, તુમારો નામ લેતાં સબ ડરે ॥ ઠગ ફાંસીગર તસ્કર હોય, દ્વેષી દુશ્મન દુષ્ટજ કોય ॥૧૯॥ ભય સબ ભાગે તુમારે નામ, મનવંછિત પૂરો સબ કામ ॥ ભય નિવારણ પૂરે આશ, ચેતન જપ ચિંતામણિ પાસ ॥ ૨૦ ॥ દોહા—ચિંતામણિકે નામસેં, સકળ સિદ્ધવે કામ ॥ રાજ ઋદ્ધિ રમણી મળે, સુખ સંપતિ બહુ દામ ॥ ૨૧ ॥ હય ગય રથ પાયક મળે, લક્ષ્મીકો નહીં પાર ॥ પુત્ર કલત્ર મંગળ સદા, પાવે શિવ દરબાર ॥ ૨૨ ॥ ચેતન ચિંતાહરણકો, જાપ જપે તિન કાળ ॥ કર આંબિલ ષટ માસકો, ઉપજે મંગળ માળ ॥ ૨૩ ॥ પારસ નામ પ્રભાવથી, વાધે બળ બહુ જ્ઞાન ॥ મનવંછિત સુખ ઉપજે, નિત સમરો ભગવાન ॥ ૨૪ ॥ સંવત અઢારા ઉપરે, સાડત્રિશકો પરિમાણ ॥ પોષ શુકલ દિન પંચમી, વાર શનિશ્ચર જાણ ॥ ૨૫ ॥ પઢે ગુણે જો ભાવશું, સુણે સદા ચિત લાય ॥ ચેતન સંપતિ બહુ મળે, સમરો મન વચ કાય ॥ ૨૬ ॥ ઇતિ ॥

श्री महावीरस्वामिनो छंद.

(ત્રિભંગી છંદ.)

જિનશાસન સ્વામિ, અંતરજામિ, શિવગતિ ગામિ, સુખકારી ॥ જગમેં જસવંતા, શ્રી ભગવંતા, સુગુણ અનંતા, ઉપગારી ॥ સિદ્ધારથ કૂળ આયા, જગત સુહાયા, શુભપળ જાયા, ગુણધારી ॥ ધન

ત્રિસલા નંદન, કુળધ્વજ સ્યંદન, જિન ચરણનકી બલિહારી ॥ ૧ ॥ આસન કંપાયા, સુરપતિ આયા, શિશ નમાયા, શુભ ભાવે ॥ વૈક્રિયકી પાસે, મેલી ઉલાસે, લે જિન તાસે, ગિરિ આવે ॥ તિહાં પ્રભુજીનો, મહોચ્છવ કીનો, ફિર મુક દીનો, જયાં મહત્તારી ॥ ધન ત્રિસંલા૦ ॥ ૨ ॥ યુગ વંદણા કરકે, નિદ્રા હરકે, સ્તવન ઉચરકે, ઘર જાવે ॥ ભઇ રવિ ઉગાઇ, ભૂધવ તાંઇ, દાસી વધાઇ, દરસાવે ॥ નૃપ મહોચ્છવ કીનો, દાનજ દીનો, હર્ષત હૈયો, નીહારી ॥ ધન૦ ॥ ૩ ॥ યોવન વયમાંહી, નારી વ્યાહી, અવસર પાઈ, જોગ ગ્રહે ॥ તપસ્યા તન તાવે, સમ દમ ભાવે, ધ્યાન સુ ધ્યાવે, કષ્ટ સહે ॥ પ્રભુ ક્ષમાસાગર, જ્ઞાન ઉજાગર, ગુણ રત્નાગર, અઘ વારી ॥ ધન૦ ॥ ૪ ॥ શુદ્ધ સંયમ પાળે, દૂષણ ટાળે, શિવમગ ચાલે, જગ ત્રાતા ॥ ક્રોધ માન ને માયા, લોભ હઠાયા, મોહ ભગાયા, અરિ ઘાતા ॥ શુકલ મન ધ્યાયા, કર્મ ખપાયા, કેવળ પાયા, જિનવારી ॥ ધન૦ ॥ ૫ ॥ સુણિ નામ બડાઇ, મન અકડાઇ, આયા ચલાઇ, પ્રભુ પાસે ॥ વિસ્મય અતિ પાયા, ચિત્ત લજાયા, ગર્વ ગમાયા, વીમાસે ॥ પ્રભુ ભર્મ મિટાયા, જિન મગ આયા, સંજમ ઠાયા, તિણ સારી ॥ ધન૦ ॥ ૬ ॥ પરથમ ઇંદ્રિભૂતિ, પૂરવધર શ્રુતિ, ત્રિપદ સંયુતિ, ફરમાયા ॥ ગણધર પદ લીના, પરમ પ્રવીના, સમ દમ ભીના, તન તાયા ॥ ચુમ્માલીસે લારા, ગણધર ઇગ્યારા, ભયે અણગારા, વ્રતધારી ॥ ધન૦ ॥ ૭ ॥ ચાર તિરથ થાપ્યાં, પાપ ઉથાપ્યાં, સુવ્રત આપ્યાં, નર નારી ॥ કેઇ સ્વર્ગ સિધાયા, કેઇ શિવ પાયા, શ્રી જિનરાયા, હિતકારી ॥ શૈલેશી ભાવે, પ્રભુ શિવ પાવે, જગમે નાવે, અવિકારી ॥ ધન૦ ॥ ૮ ॥ પ્રભુ અલખ નિરંજન, ભવદુઃખ ભંજન, ભવિજન રંજન, કિરપાળા ॥ જે શુદ્ધ મન ધ્યાવે, દુઃખ પુલાવે, સુખ ઉપાવે, પ્રતિપાળા ॥ કહે ઋષિ તિલોકા, નીરત ધોકા, દેજો શિવ થોકા, ભવ પારી ॥ ધન૦ ॥ ૯ ॥ ઇતિ ॥

अथ श्री महावीरस्वामिनो छंद.

સેવો વીરને ચિત્તમાં નિત્ય ધારો, અરિ ક્રોધને મનથી દૂર વારો ॥ સંતોષવૃત્તિ ધરો ચિત્તમાંહિ, રાગ દ્વેષથી દૂર થાઓ ઉચ્છાહિં ॥ ૧ ॥ પડયા મોહના પાસમાં જેહ પ્રાણી, શુદ્ધ તત્વની વાત તેણે ન જાણી ॥ મનુ જન્મ પામી વૃથા કાં ગમો છો, જિનમાર્ગ છંડી ભૂલા કાં ભમો છો ॥ ૨ ॥ અલોભી અમાની નિરાગી તજો છો, સ-

લોભી સમાની સરાગી ભજો છો ॥ હરિહરાદિ અન્યથી શું રમો છો, નદી ગંગ મૂકી ગળીમાં પડો છો ॥ ૩ ॥ કેઇ દેવ હાથે અસિ ચક્ર ધારા, કેઇ દેવ ઘાલે ગળે રૂંઢમાળા ॥ કેઇ દેવ ઉત્સંગે રાખે છે વામા, કેઇ દેવ સાથે રમે વૃંદ રામા ॥ ૪ ॥ કેઇ દેવ જપે લેઇ જપમાળા, કેઇ માંસભક્ષી મહા વિકરાળા ॥ કેઇ યોગિણી ભોગિણી ભોગ રાગે, કેઇ રુદ્રાણી છાગનો હોમ માગે ॥ ૫ ॥ ઇશા દેવ દેવીતણી આશ રાખે, તદા મુક્તિનાં સુખને કેમ ચાખે ॥ જદા લોભના થોકનો પાર નાવ્યો, તદા મધનો બિંદુઓ મન ભાવ્યો ॥ ૬ ॥ જેહ દેવલાં આપણી આશ રાખે, તેહ પિંડને મનશું લેય ચાખે ॥ દિનહિનની ભીડ તે કેમ ભાંજે, ફુટયો ઢોલ હોએ કહો કેમ વાજે ॥ ૭ ॥ અરે મૂઢ ભ્રાતા ભજો મોક્ષદાતા, અલોભી પ્રભુને ભજો વિશ્વખ્યાતા ॥ રત્નચિંતામણિ સરિઓ એહ સાચો, કેલંકી કાચના પિંડશું મત રાચો ॥ ૮ ॥ મંદબુદ્ધિશું જેહ પ્રાણી કહે છે, સવિ ધર્મ એકત્વ ભૂલો ભમે છે ॥ કિહાં સર્ષવાને કિહાં મેરુધીરં, કિહાં કાયરાને કિહાં શૂરવીરં ॥ ૯ ॥ કિહાં સ્વર્ણથાળં કિહાં કુંભખંડં, કિહાં કોદ્રવાને કિહાં ખીરમંડં ॥ કિહાં ખીર સિંધુ કિહાં ક્ષારનીરં, કિહાં કામધેનુ કિહાં છાગખીરં ॥ ૧૦ ॥ કિહાં સત્યવાચા કિહાં કૂડવાણી, કિહાં રંકનારી કિહાં રાયરાણી ॥ કિહાં નારકીને કિહાં દેવભોગી, કિહાં ઇંદ્રદેહી કિહાં દુષ્ટરોગી ॥ ૧૧ ॥ કિહાં કર્મઘાતી કિહાં કર્મધારી, નમો વીરસ્વામિ ભજો અન્ય વારી ॥ જિસી સેજમાં સ્વપ્નથી રાજ્ય પામી, રાચે મંદબુદ્ધિ ધરી જેહ સ્વામિ ॥ ૧૨ ॥ અથિર સુખ સંસારમાં મન રાચે, તે જના મૂઢમાં શ્રેષ્ટ શું ઇષ્ટ છાજે ॥ તજો મોહ માયા હરો દંભ રોશી, સજો પુણ્ય પોષી ભજો તે અરોશી ॥ ૧૩ ॥ ગતિ ચાર સંસાર અસાર પામી, આવ્યો આશ ધારી પ્રભુ પાય સ્વામિ ॥ તુંહીં તુંહીં તુહીં પ્રભુ પરમરાગી, ભવફેરની શૃંખલા મોહ ભાગી ॥ ૧૪ ॥ માનીયે વીરજી અરજ છે એક મોરી, દીજે દાસકું સેવના ચરણ તોરી ॥ પુણ્ય ઉદય હુવો ગુરુ આજ મેરો, વિવેકે લહ્યો મેં પ્રભુ દર્શ તેરો ॥ ૧૫ ॥

અથ શ્રી મહાવીરસ્વામિનો છંદ.

શ્રી સિદ્ધારથ કૂળ શણગાર, ત્રિસલાદે સુત જગ આધાર ॥ શોભે સુંદર સોવનવાન, શરણ તમારૂં શ્રી વર્દ્ધમાન ॥૧॥ તુમ નામે લહિયે સંપદા, તુમ નામે મનવંછિત સુદા ॥ તુમ નામે લહિયે સનમાન,

॥ શરણ૦ ॥ ૨ ॥ દુર્જન દુષ્ટ વૈરી વિકરાળ, તુમ નામે નાસે તતકાળ ॥ તુમ નામે દિન દિન કલ્યાણ ॥ શરણ૦ ॥ ૩ ॥ તુમ નામે નાવે આપદા, ભૂત પ્રેત વ્યંતર નહિ કદા ॥ રોગ શોગ ચિંતા નવિ જાણ, ધર્મસિંહ મુનિ ભાવ પ્રધાન ॥ શરણ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

अथ श्री महावीरजिन छंद.

શ્રી સિદ્ધારથ કૂળદીપક ચંદ, ત્રિશલાદે રાણીનો નંદ ॥ કોમળ કંચનવરણ શરીર, મનવંછિત પૂરણ મહાવીર ॥ ૧ ॥ કૃપાનાથ કરી કરૂણા ઘણી, મુજ સામું જુઓ શાસનધણી ॥ ત્રિભુવનનાથ આયો અબ તીર ॥ મન૦ ॥ ૨॥ અનંતબળી તપ દુક્કર કિયા, સવિ કર્મકું દાવાનળ દિયા ॥ ખમ દમ સમ ધીમાન ને ધીર ॥ મન૦ ॥ ॥ ૩ ॥ ચુમ્માળીશેં ચેલા કિયા, એકજ દિનમેં મહાવ્રત દિયા, ગૌતમ સરિખા હુઆ વજીર ॥ મન૦ ॥ ૪ ॥ સમવરણમાં સુણયો અધિકાર, અમૃત વાણી રૂપ દિદાર ॥ દીઠે હરખે હૈડું ધીર ॥ મન૦ ॥ ૫ ॥ એક પળ ધરે પ્રભુજીનું ધ્યાન, પગ પગ પ્રગટે પુન્ય નિધાન ॥ વચન મીઠાં જિમ મિસરી ખીર ॥ મન૦ ॥ ૬ ॥ ચેન પામે ચિંતા ચકચૂર, દેખી દુશમંન નાસે દૂર ॥ દિન દિન વાધે સંપતિ શીર ॥ મન૦ ॥ ૭ ॥ તુમ નામે ભવસાયર તરે, તુમ નામે સવિ કારજ સરે ॥ ઋદ્ધિ વૃદ્ધિ પામે હિર ચીર ॥ મન૦ ॥ ૮ ॥ ચિંતામણિ જિમ જિનવર જાપ, કોડ ભવોનાં કાપે પાપ ॥ રોગ શોગ નાસે પર પીડ ॥ મન૦ ॥ ૯ ॥ વૈશાખ શુદિ દશમ દિન જાણ, પ્રભુજી પામ્યા કેવળનાણ ॥ સાયર જેસા હોત ગંભિર ॥ મન૦ ॥ ૧૦ ॥ સંવત અઢાર તેત્રીશમેં તામ, મેડતનગર કિયા ગુણગ્રામ ॥ ષટ્કાયાના પ્રભુજી પીર ॥ મન૦ ॥ ૧૧ ॥ પ્રભુ પાવાપુરિમાં મુગતિ ગયા, ઋષિ રાયચંદ કહે કરજયો મયા ॥ પહોચાડો મુજ ભવજળ તીર ॥ મન૦ ॥ ૧૨ ॥ ઈતિ ॥

अथ श्री पार्श्वनाथनो छंद.

આપણ ઘર બેઠા લીલ કરો, નિજ પુત્ર કલત્રશું પ્રેમ ધરો ॥ તુમે દેશ દેશાંતર કોઇ દોડો, નિત્ય પાસ જપો શ્રી જિન રૂડો ॥ ૧ ॥ મનવંછિત સઘળાં કાજ સરે, શિરઉપર છત્ર ચામર ધરે ॥ કલમલ આગળ ચાલે ઘોડો ॥ નિત્ય૦ ॥ ૨ ॥ ભૂત પ્રેત પિશાચ વળી, સા-

ચણિ ને ડાયણિ જાય ટળી ॥ છળ છિદ્ર ન કોઈ લાગે જૂડો ॥ નિત્ય૦॥ ॥ ૩ ॥ એકાંતર તાવ સિયો દાહ, ઔષધ વિણ જાયે ક્ષણ માંહ ॥ નવિ દુખે માથું પગ ગુડો ॥ નિત્ય૦ ॥ ૪ ॥ કંઠમાળા ગડગુંબડ સબળા, તસ ઉદર રોગ ટળે સઘળા ॥ પીડા ન કરે ફિન ગળફોડો ॥ ॥નિત્ય૦ ॥ ૫ ॥ જાગતો તિર્થંકર પાસ બહુ, એમ જાણે સઘળો જગત સહુ ॥ તતક્ષણ અશુભ કર્મ તોડો ॥ નિત્ય૦ ॥ ૬ ॥ પાસ વાણારશિ પુરિ નગરી, તિહાં ઉદયો જિનવર ઉદય કરી ॥ સમયસુંદર કહે કર જોડો ॥ નિત્ય૦ ॥ ૭ ॥ ઈતિ ॥

શ્રી ચોવીશજિનનો છંદ.

(ત્રિભંગી છંદ.)

શ્રી આદિ જિણંદ સમરસ કંદ, અજીત જિણંદ ભજ પ્રાણી॥ સંભવ જગત્રાતા શિવ મગ રાતા, દ્યો સુખદાતા હિત આણી ॥ અભિનંદન દેવા સુમતિ સુસેવા, કરો નિત મેવા રિપુ ઘાતા ॥ ચોવિશ જિનરાયા મન વચ કાયા, પ્રણમું પાયા દ્યો શાતા ॥ ૧ ॥ શ્રી પદ્મ સુપાસં શશિ ગુણ રાસં, સુવિધિ સુવાસં હિતકારી ॥ શ્રી શીતલસ્વામિ અંતરજામિ શિવગતિ ગામિ ઉપકારી ॥ શ્રેયાંસ દયાળા પરમ કૃપાળા, ભવજનવાળા જગદાતા ॥ ચોવિશ૦ ॥ ૨ ॥ વાસુપૂજ્ય સુકંતં વિમળ અનંતં, ધર્મ શ્રી સંતં સંતકારી ॥ કુંથું અરનાથં તજ જગ સાથં, મલ્લિ સુઆથં સંગ ધારી ॥ મુનિસુવ્રત નમી આતમને દમી, દુર્મતિને વમી તપ રાતા ॥ ચોવિશ૦ ॥ ૩ ॥ ડરિષ્ટ નેમિ વડાઈ નાર ન વ્યાહી, તોરણ જાઈ છટકાઈ ॥ નાગ નાગણ તાંઇ દિયા બચાઈ, પારસ સાંઈ સુખદાઈ ॥ જય જય વર્દ્ધમાનં ગુણનિધિ ખાનં, ત્રિજગ ભાનં શુદ્ધ આતા ॥ ચોવિશ૦ ॥ ૪ ॥ સંસારકા ફંદા દૂર નિકંદા, ધર્મકા છંદા જિન લીના॥ પ્રભુ કેવળ પાયા ધર્મ સુણાયા, ભવ સમજાયા મુનિ કીના ॥ કહે ઋષિ તિલોકં સદા તસ ધોકં, દ્યો સુખ થોકં ચિત્ત ચાતા ॥ ચોવિશ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

શ્રી અતિત, અનાગત અને વર્ત્તમાનકાલના જિનનો છંદ.

(દેશી ચોપાઇની.)

પ્રણમું પરમેષ્ઠિ ગૌતમસ્વામ, જિનવાણી સરસતિ ગુણ ધામ ॥

ગુરુ ચરણાંબુજ પ્રણમું ભાવ, કહું ત્રિકાળ ચોવીશી નાવ ॥ ૧ ॥ અતિત ચોવીશી ભઈ હે અનંત, તે વંદૂ મેં શિવપુર કંત ॥ પણ એક વર્ત્તમાનથી અંતિત, નામ કહું તસ મન ધરિ પ્રીત ॥ ૨ ॥

પ્રથમ કેવળજ્ઞાની જિનરાજ, નિર્વાણી સાગર તારણિ ઝાજ ॥ મહાજસ વિમળ જિણંદ સુખકાર, સર્વાનુભૂતિ શ્રીધર ઉદ્ધાર ॥ ૩ ॥ દત્ત દામોદર જપું જિનદેવ, સુતેજસ્વામિ હરિ કર્મએવ ॥ મુનિસુવ્રત સુમતિ જિન ઈશ, શિવગતિસ્વામિ નમું નિશ દીશ ॥ ૪ ॥ અસ્તંગજી નેમીશ્વર જાણ, અનળ નમ્યા હોય જન્મ પ્રમાણ ॥ જશોધર કૃતારથ દોઈ જિનરાજ, જિનેશ્વરજી છો ગરિબ નિવાજ ॥ ૫ ॥ શુદ્ધમતિજી શિવકર નમું, ભવભવ સંચિત પાતક ગમું ॥ સ્યંદન ચંદન જેમ સુભાવ, સંપ્રતિજી પ્રણમું ચિત ચાવ ॥ ૬ ॥ અતિત ચોવીશી નામ એ જાણ, પ્રિતે નિત જપજો ભવિયાણ ॥ અબ કહું વર્ત્તમાન જિન નામ, ઈણહિજ ભરતક્ષેત્ર ભયે સ્વામ ॥ ૭ ॥

ઋષભ અજિત સંભવ અભિનંદ, સુમતિ કુમતિ કરી દૂર નિકંદ ॥ પદમ સુપારસ જિન સુખકંદ, ચંદ્રપ્રભ પરતખ જિમ ચંદ ॥ ॥ ૮ ॥ સુવિધિ શીતળ શ્રેયાંસ સુધીર, વાસુપુજ્ય વિમળ જગ પીર ॥ અનંત ધરમ શાંતિ કુંથુ દયાળ, અર મલ્લિ મુનિસુવ્રત કૃપાળ ॥ ૯ ॥ એકવિશમા નમિનાથ ઉદાર, ઙરિષ્ટનેમિ તજિ રાજુલ નાર ॥ પાર્શ્વપ્રભુ વંદૂ વર્દ્ધમાન, વર્ત્તમાન ચોવીશી જાણ ॥ ૧૦ ॥ કર્મ હણી કેવળપદ પાય, ચોવિશ જિન પહોત્યા શિવમાંય ॥ મહેર કરો મુજપર અરિહંત, રવિ શશિ સાગર ઉપમાવંત ॥ ૧૧ ॥ તુમ દરશનકી મુજ ચિંત્ત ચાય, પળ પળ વંદૂ શિશ નમાય ॥ અનાગત ચોવીશી ભરત મઝાર, તેહનાં નામ સુણો નર નાર ॥ ૧૨ ॥

પદ્મનાભ સુરદેવ સુપાસ, સ્વયંપ્રભ શિવ કરશે વાસ ॥ સર્વાનુભૂતિ દેવશ્રુત જિનેશ, ઉદય કરમ નહીં રાખશે રેશ ॥ ૧૩ ॥ પેઢાળ પોટિલ સત્યકિરતી જાણ, સુવ્રત અમમ હોશે જગ ભાણ ॥ તેરમા નિઃકષાય ખુલાસ, ચૌદમા જિનવર તો નિષ્પુલાક ॥ ૧૪ ॥ નિર્મમ ચિત્રગુપ્ત સમાધિ, તરશે ભવજળ જેહ અગાધ ॥ સંવર જિનેશ અઢારમા જોય, યશોધર વિજય મલ્લિજિન હોય ॥ ૧૫ ॥ દેવજિન અનંતવિરજ સુચંગ, ભદ્રકૃત દ્રવ્ય ભાવ ઉત્તંગ ॥ અનાગત હોશે દીન દયાળ, દયાધરમ ઉપદેશ રસાળ ॥ ૧૬ ॥ તે પણ થાપશે તિરથ ચાર, તરશે કંઈ ભવિયણ નર નાર ॥ અતિત અનાગત ને વર્ત્તમાન, અહોતેર

તિર્થંકર પ્રમાણ ॥ ૧૭ ॥ આગમ ગ્રંથતણે અનુસાર, સંવત ઓગણી-શે ત્રીશ મઝાર ॥ ભણતાં ગણતાં સુખ સુવિશાળ, તિલોકઋષિ કહે મંગળ માળ ॥ ૧૮ ॥ ઇતિ ॥

श्री गौतमस्वामिनो छंद.

વીર જિણેસર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશ દીશ ॥ જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન ॥ ૧ ॥ ગૌતમ નામે ગિરિવર ચડે, મનવંછિત હેલા સંપડે ॥ ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ ॥ ૨ ॥ જે વૈરી વિરૂઆ વંકડા, તસ નામે નાવે ઢુકડા ॥ ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમનાં કરૂં વખાણ ॥ ॥૩ ॥ ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય ॥ ગૌતમ જિ-નશાસન શણગાર, ગૌતમ નામે જય જયકાર ॥ ૪ ॥ શાળિ દાળ સુ-રહા ધૃત ગોળ, મનવંછિત કાપડ તંબોળ ॥ ઘર સુ ઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનીત ॥ ૫ ॥ ગૌતમ ઉદયો અવિચળ ભા-ણુ, ગૌતમ નામ જપો જગ જાણ ॥ મ્હોટાં મંદિર મેરૂ સમાન, ગૌ-તમ નામે સફળ વિહાણ ॥ ૬ ॥ ઘર મયગળ ઘોડાની જોડ, વારૂ પ હોચે વંછિત કોડ ॥ મહિયલ માને મ્હોટા રાય, જો તુઠે ગૌતમના પા ય ॥ ૭ ॥ ગૌતમ પ્રણમ્યાં પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે ॥ ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન ॥ ૮ ॥ પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ ॥ કહે લાવણ્યસમય કર જોડ, ગૌતમ તૂઠે સંપતિ કોડ ॥ ૯ ॥ ઇતિ ॥

श्री सोळसतीनो छंद.

આદિનાથ આદે જિનવર વંદી, સફળ મનોરથ કીજિયે એ ॥ પ્રભાતે ઉઠી મંગળિક કામે, સોલ સતીનાં નામ લીજીયે એ ॥ ૧ ॥ બાળકુમારી જગ હિતકારી, બ્રાહ્મી ભરતની બેનડી એ ॥ ઘટ ઘટ વ્યાપક અક્ષર રૂપે, સોલ સતીમાં જે વડી એ ॥ ૨ ॥ બાહુબળ ભ-ગિની સતીય શિરોમણી, સુંદરી નામે ઋષભ સુતા એ ॥ અંકસ્વરૂ-પી ત્રિભુવન માંહે, જેહ અનૂપમ ગુણજુતા એ ॥ ૩ ॥ ચંદનબાળા બાળપણેથી, શીયળવંતી શુદ્ધ શ્રાવિકા એ ॥ અડદના બાકુળા વીર પ્રતિલાભ્યા, કેવળ લહી વ્રત ભાવિકા એ ॥ ૪ ॥ ઉગ્રસેન ધૂઆ ધા રિણી નંદની, રાજિમતી નેમ વલ્લભા એ ॥ જોવનવેશે કામને જીત્યો,

સંજમ લેઇ દેવ દુલ્લભા એ ॥ ૫ ॥ પંચ ભરતારી પાંડવ નારી, દ્રુપદ તનયા વખાણીયે એ ॥ એકસો આઠે ચીર પૂરાણાં, શીયળ મહિમા તસ જાણીયે એ ॥ ૬ ॥ દશરથ નૃપની નારી નિરૂપમ, કોશલ્યા કૂળ ચંદ્રિકા એ ॥ શીયળ સલૂણી રામ જનેતા, પુણ્યતણી પ્રનાળિકા એ ॥ ૭ ॥ કોશંબિક ઠામે સંતાનિક નામે, રાજ્ય કરે રંગ રાજીયો એ ॥ તસ ઘર ઘરણી મૃગાવતી સતી, સુરભુવને જશ ગાજીયો એ ॥ ૮ ॥ સુલસા સાચી શીયળે ન કાચી, રાચી નહિ વિષયારસે એ ॥ મુખડું જોતાં પાપ પલાએ, નામ લેતાં મન ઉલ્લસે એ ॥ ૯ ॥ રામ રઘુવંશી તેહની કામિની, જનક સુતા સીતા સતી એ ॥ જગ સહુ જાણે ધીજ કરંતાં, અનળ શીતળ થયો શીળથી એ ॥ ૧૦ ॥ સુર નર વંદિત શીયળ અખંડિત, શિવા શિવપદ ગામિની એ ॥ જેહને નામે નિર્મળ થઇયે, બલિહારી તસ નામની એ ॥ ૧૧ ॥ કાચે તાંતણે ચાલણી બાંધી, કૂપથકી જળ કાઢીયું એ ॥ કલંક ઉતારવા સતીય સુભદ્રા, ચંપા બાર ઉઘાડીયું એ ॥ ૧૨ ॥ હસ્તિનાપૂરે પાંડુરાયની, કુંતા નામે કામિની એ ॥ પાડવ માતા દસે દસારની, બ્હેન પતિવૃતા પદ્મિની એ ॥ ૧૩ ॥ શીળવતી નામે શીળવ્રત ધારિણી, ત્રિવિધે તેહને વંદીયે એ ॥ નામ જપંતાં પાતક જાએ, દરિસણે દુરતિ નિકંદીયે એ ॥ ૧૪ ॥ નિષધા નગરી નળહ નરિંદની, દમંયતી તસ ગેહિની એ ॥ સંકટ પડતાં શીયળજ રાખ્યું, ત્રિભુવન કીર્તિ જેહની એ ॥ ૧૫ ॥ અનંગ અતિતા જગ જન પૂજિતા, પૂષ્ફચૂલા ને પ્રભાવતી એ ॥ વિશ્વ વિખ્યાતા કામિત દાતા, સોલમી સતી પદ્માવતી એ ॥ ૧૬ ॥ વીરે ભાંખી શાસ્ત્રે સાખી, ઉદયરતન ભાંખે મુદા એ ॥ વ્હાણું વ્હાતાં જે નર ભણશે, તે લહેશે સુખ સંપદા એ ॥ ૧૭ ॥

अथ श्री चोत्रीश अतिशयनो छंद.

શ્રી સુમતિ દાયક દુરિત ઘાયક, જ્ઞાન અનુભવ શ્રી વરી ॥ તસ સુગુરૂકેરા ચરણ પ્રણમું, યુગમ કરજોડી કરી ॥ બહુ ભાવ ભક્તે થુણું જિનવર, ચોત્રીશે અતિશય કરી ॥ જે સુગુરૂ મુખથી સુણ્યા તે કહું, આગમ શાસ્ત્રે અનુસરી ॥ ૧ ॥ તિહાં પ્રથમ અતિશય શ્રી જિન કેરો, રોમ નખ વાધે નહી ॥ નીરોગ નિર્મળ ગાત્ર જેહનું, દ્વિતીય અતિશય એ સહી ॥ ગોદૂધ સરખાં માંસ લોહી, તૃતિય એહ વખા-

ણિયે ॥ ચોથો તે ઉત્પલ ગંધ સરખા, શ્વાસોશ્વાસ સો જાણિયે ॥ ૨ ॥ આહારને નિહાર પ્રચ્છન, એહ અતિશય પાંચમો ॥ આકાશગત ધર્મ ચક્ર છઠ્ઠો, ગગનછત્ર એ સાતમો ॥ રહ્યાં તે અંબર શ્વેત ચામર, યુગ્મ અષ્ટમ એ કહ્યો ॥ સ્ફટિક સિંહાસન સુનિર્મળ, નવમ અતિશય એ લહ્યો ॥ ૩ ॥ આકાશગત ધ્વજ સહસ મંડિત, ઇંદ્રધ્વજ આગળ ચલે ॥ એ દશમ અતિશય કહ્યો શ્રુતમાં, દેખી પરમત ખળભળે ॥ ઇગ્યારમે વળી સ્વામિ ઉભા, રહે વળી બેસે જિહાં ॥ સચ્છાય સધ્વજ દેવ તતક્ષણ, અશોકતરુ વિરચે તિહાં ॥ ૪ ॥ દ્વાદશ અતિશય પ્રભામંડળ, પૂંઠે રવિકર જીપીયે ॥ રમણીય સુંદર ભૂમિભાગ સો, તેરમો એ દીપિયે ॥ અધોમુખ હોય સર્વ કંટક, ચૌદમે અતિશય વરૂ ॥ અનુકૂળ ધઇને પ્રણમે ઋતુ સબ, પંચદશમો સુખકરૂ ॥ ૫ ॥ સંવર્ત્ત પવને ભૂમિ પૂંજે, યોજન લગે એ સોલમે ॥ સુગંધ વર્ષા તિહાં વરસે પ્રગટ અતિશય સત્તરમે ॥ જાનુ પ્રમાણે બીંટ નિચાં, પંચવર્ણ સોહામણાં ॥ જળ અને સ્થળનાં ફુલ વરસે, અઢારમે અતિશય ઘણાં ॥ ૬ ॥ અમનોજ્ઞ શબ્દાદિક હી નાસે, ઓગણીશમે અતિશય વળી ॥ વીશમે અતિશય સુભક્ષ થાયે, ઇમ કહે પ્રભુ કેવળી ॥ એકવીશમે પ્રભુતણીય દેશના, યોજન લગે સવિજન સુણે ॥ બાવીશમે વળી અર્દ્ધ માગધિ, ભાષાયે જિનજી ભણે ॥ ૭ ॥ ત્રેવીશમે જિનવાણી જનને, હેતુ શિવભણી પરિણમે ॥ ચોવીશમે પ્રભુ ચરણ મૂળે, વૈર જંતુનાં ઉપશમે ॥ અન્યલિંગી નામે જિનને, પંચવિંશતિ અતિશયો ॥ અન્યતીર્થિ મૌન થાયે, છવ્વીશમે પ્રભુ નિશ્ચયે ॥ ૮ ॥ પચવીશ જોજન લગે જિનથી, ઇતિ અને મારી નહી ॥ સ્વચક્ર ને પરચક્ર ન હોયે, ત્રીશ અતિશય એ સહી ॥ અતિવૃષ્ટિ દુર્ભિક્ષ અનાવૃષ્ટિ, ત્રણ એ નવિ ઉપજે ॥ ચોત્રિશમે વળિ વ્યાધિ પીડા, આદિ દુઃખ ન સંપજે ॥ ૯ ॥ ચોત્રીશ અતિશય એહ કહિયા, સૂત્ર સમવાયાંગમાં ॥ તે ભણતાં ગુણતાં હૈયે ધરતાં, રહે આતમ રંગમાં ॥ નિજ શુદ્ધ આતમ રૂપ પ્રગટે, ભાવશું જો ધ્યાઇએ ॥ દર્શનાદિક રત્ન લહિયે, પરમપદ સુખ પાઇએ ॥ ૧૦ ॥ અર્હંત ભગવંતતણા અતિશય, ભણો આણી આસતા ॥ બહુ પુણ્યે કરિયે ધ્યાન ધરિયે, સુખ લહિયે શાશ્વતાં ॥ શ્રી સૂરિ વિદ્યાઉદધિ સેવક, શિષ્ય ઇણિ પરે સંસ્તવે ॥ મુનિ જ્ઞાન સાગર કહે પ્રભુપદ, સેવા માગું ભવો ભવે ॥ ૧૧ ॥ ઇતિ ॥

अथ श्री भयभंजण अरिहंतनो छंद.

(ચોપાઈ.)

જય જય વિશ્વનાથ જશવંત, પ્રણમું શ્રી અરિહંત મહુંત ॥ કુશળવેલિ જળ પુષ્કર ધાર, દુરિત તિમિર ભાનું સંસાર ॥ ૧ ॥ ચિત્ર વેલ ચિંતામણિ પાસ, કલ્પવૃક્ષ જિમ પૂરણ આશ ॥ આરતિ હરણ કરણ સુખ સંત, ચરણ શરણ ધારો મન ખંત ॥ ૨ ॥ ક્રોધ માન છળ લોભ નિવાર, ભયે કેવળપદ તુમ સંસાર ॥ ઇંદ્ર નરિંદ સુરાસુર દેવ, મન વચ કાય કરે તુમ સેવ ॥ ૩ ॥ લિપટે સર્પ ચંદનતરુ ભાલ, ગરુડ શબ્દ સુણી નાસત વ્યાલ ॥ જંતુ વૃક્ષ કર્મ અહિ જાણ, તુમ સમરણસેં હોત પ્રયાણ ॥ ૪ ॥ કોટિ વૃંદ નારી જણે પૂત, તુમસો અવર ન પ્રસવે સૂત ॥ ઊગે નક્ષત્ર ચઉદિશિ માંય, દિનકર પૂરવ દિશિ પ્રગટાય ॥ ૫ ॥ તુમ નિર્મળ ગુણ આગર દેવ, ક્ષમાસાગર હિ આપ અછેવ ॥ ધર્મધુરંધર સારથવાહ, ધર્મચક્રી પ્રભુ ત્રિજગ નાહ ॥ ॥ ૬ ॥ અવિનાશી અવિકારી અરૂપ, નિર્ભય કરણ પરમસુખ ભૂપ ॥ જગગુરુ જગબંધવ જગઈશ, ત્રિકરણ શુદ્ધ નમાવું શીશ ॥ ૭ ॥ જન્મ જરા ને મરણ દુઃખ શોગ, એહ અનાદિ લગ્યો ભવ રોગ ॥ તુમ સમરણ ઓષધ જો લેત, ભવ ભય વ્યાધિ રંચ ન રેત ॥ ૮ ॥ તુમ જગવચ્છળ કરુણાવંત, શાંતિકારક શ્રી ભગવંત ॥ મેં મતિહીન અલ્પ મુજ બોધ, તુમ ગુણ કેસેં વરણવું શોધ ॥ ૯ ॥ કેઇક હરિહર જપત મહેશ, કેઇક સરસ્વતિ ગૌરી ગણેશ ॥ કેઇક રવિ શશિ નવગ્રહ દેવ, કેઇક જળ થળ અગની સેવ ॥ ૧૦ ॥ કેઇક ઇશા પેગંબર પીર, કેઇક દેવી ભૈરવ વીર ॥ મેં મન નિશ્ચે કિયો નિરધાર, તુમ સમ ઓર ન કો સંસાર ॥ ૧૧ ॥ કિહાં સરષવ કિહાં મેરુ ઉત્તંગ, કિહાં કેસરી બળવંત કુરંગ ॥ રાધા મણિ વૈડૂર્ય ફેર, જૈસેં અમૃત અંતર ઝેર ॥ ॥ ૧૨ ॥ જૈસેં વસ્તર કંબળ હીર, નિશિ દિન અંતર કાયર વીર ॥ આક દૂધ કિહાં ધેનું ખીર, ખીરસાગર કિહાં ખારૂં નીર ॥ ૧૩ ॥ પુણ્ય પાપ ફળ રંકને રાય, પરગટ દ્રવ્ય સુપનકી માય ॥ સત્ય જૂઠ તસ્કર શાહુકાર, આગિયા તેજ રવિ ઝળકાર ॥ ૧૪ ॥ જૈસેં કર્મઘાતી કર્મવંત, પ્રત્યક્ષ અંતર ભાસે અનંત ॥ વિશ્વ વિખ્યાત સદા સુખકાર, જ્યું ઉદધિમેં દ્વીપ આધાર ॥ ૧૫ ॥ ભૂખ્યાં ભોજન પ્યાસા નીર, રોગી ઓષધી મન ધીર ॥ પંખી નભ નટ વંશ વિચાર, તિમ તુમ નામત-

ણો આધાર ॥ ૧૬ ॥ બાળક જનની ગૌ વચ્છ હેત, હંસ સરોવર આશરે રહેત ॥ જ્યૂં હસ્તી કમળ વન પ્રિત, અંબ કોયલ ચકવી આદિત ॥ ૧૭ ॥ સતિ ભરતાર બપૈયા મેહ, મધુકર માલતિ અધિક સ્નેહ ॥ લોભી મનમેં ધનકો જાપ, તૈસે હું સમરૂં પ્રભુ આપ ॥ ૧૮ ॥ હિંસા જૂઠ ચોરી ઉન્માદ, સેવ્યો પરિગ્રહ ક્રોધ અનાદિ. ॥ માન માયા તૃષ્ણા અતિ કીધ, રાગ દ્વેષ તેમ કલેશ પ્રસિદ્ધ ॥ ૧૯ ॥ આળ દિયાં કરી ચાડી કૂડ, પર અપવાદ કિયા ભરપૂર ॥ વિષય કષાય રતિ અરતિ આણ, બાંધ્યાં નિકાચિત કર્મ અજાણ ॥ ૨૦ ॥ કપટસહિત કહી મૃષાવાદ, મિથ્યામત કરણી આલ્હાદ ॥ કરણ કરાવણ કરી મેં મોદ, પાપ અઢારહ ધર્મ વિરોધ ॥ ૨૧ ॥ ઇણ વિધ કરિયાં કર્મ કરૂર, પહોત્યો નરક સહ્યાં દુઃખ પૂર ॥ પરમાધામી દીધી ત્રાસ, નહીં માની કિંચિત અરદાસ ॥ ૨૨ ॥ તિરિયંચ વેદન સાગર રૂપ, જંગમ થાવર પડિયો કૂપ ॥ છેદન ભેદન કષ્ટ મહંત, જનમ મરણ દુઃખ સહ્યાં અનંત ॥ ૨૩ ॥ નરભવ નિચ જાતિ કૂળ હીન, દુઃખી દરિદ્ર ભયો અતિ દીન ॥ જન જન આગેં જોડ્યા હાથ, પૂરણ નહિ મળિયો જળ ભાત ॥ ૨૪ ॥ પાપ ઉદય માટકિયો દેવ, ભયો મેં તબ કરી સુરની સેવ ॥ પાડ્યાં નાટક તોડી તાન, કર્મ ઉદય મેં ભયો હેરાન ॥ ૨૫ ॥ ચઉગતિ ભ્રમણ મહા દુઃખ લીન, તુમ શરણાંવિણ ભવ ભવ દીન ॥ કીધા મેં અપરાધ અપાર, ભરિયો હું અવગુણ ભંડાર ॥ ૨૬ ॥ ખોય દિયો મેં નિર્થક કાળ, મોહનીકર્મ એ ભર્મ જંજાળ ॥ સર્પ અંધારે જે વડી જેમ, છીપખંડ રૂપું ગ્રહે તેમ ॥ ૨૭ ॥ મૃગ મરીચિકા જાણત તોય, પ્યાસ બુઝાવણ હરિણાં સોય ॥ ધાવત ધાવત છોડે પ્રાણ, તસેં મેં ભમિયો અજ્ઞાણ ॥ ૨૮ ॥ જૈસેં જ્વર તન પ્રબળતા હોય, અન્ન રુચિ નહિ વ્યાપે સોય ॥ તૈસેં કુકર્મ ઉદયગત જીવ, ધર્મરુચિ નહિ આવત ઇવ ॥ ૨૯ ॥ જબ તન જ્વરકો મિટત વિકાર, તબ સોઇ વંછયા કરત આહાર ॥ અશુભ કર્મ જબ હોત પ્રયાણ, તબ તુમ શરણ ગ્રહે ભવિયાણ ॥ ૩૦ ॥ જાણી મેં આગમ અનુસાર, કિંચિત તુમ મારગકી કાર ॥ જ્ઞાન દર્શન પૂરણ ચારિત્ર, પળે નહિ મુજ શુદ્ધ પવિત્ર ॥ ૩૧ ॥ પણ એક ચરણ શરણકી આશ, ધારી મેં અબ હિયે વિમાસ ॥ આશ નિરાશ કરણ નહીં રીત, તુમશું લાગી પૂરણ પ્રીત ॥ ૩૨ ॥ તુમ સમ ઓર ન કોઇ કૃપાળ, અધમ ઉદ્ધારણ દીન દયાળ ॥ તુમ વિણ કોણ મો હોત સહાય, તુમ વિણ કોણ ભવિક સુખદાયક ॥ ૩૩ ॥ ગજ

અદ્દવંત મહા વિકરાળ, સન્મુખ આવે ન નરકૂં ભાળ ॥ મારણ આવે ભરતો ફાળ, તુમ જપતાં હરિ હોવે શિયાળ ॥ ૩૪ ॥ કલ્પાંતકાળ સમીર અદંભ, જળે દાવાનળ ધૂમ્ર પ્રચંડ ॥ ઐસે કષ્ટ ભજે જન કોચ, તુમ કિરત જળ શીતળ સોય ॥ ૩૫ ॥ શ્યામ રંગ દ્રગ લાલકરાળ, ક્રોધ ઉદ્ધત ધ્યાવે વિકરાળ ॥ નાગદમન તુમ નામ વિશાળ, રટતાં વિઘ્ન કરે નહીં વ્યાલ ॥ ૩૬ ॥ ભૂપશું ભૂપ કરે સંગ્રામ, રક્ત ખાળ વહે તિણ ઠામ ॥ ઐસે સંકટ ધ્યાવે આપ, લહે રણ વિજય ટળે સંતાપ ॥ ૩૭ ॥ અથાગ જળ વહે વાય કુવાય, ઉઠે કલ્લોલ વહાણ કંપાય ॥ ઐસી વિપત ધ્યાન કરનાર, સો સહિ પાવે સાગર પાર ॥ ૩૮ ॥ સાસ ખાસ જ્વર ગુંબડ દાહ, કૂષ્ટ ભગંદર રોગ અગાહ ॥ જો તુમ પ્રણમે ભાવ નિઃશંક, તતક્ષણ પ્રલય હોત આતંક ॥ ૩૯ ॥ પાવન બેડી હાથકડી હાથ, રોકે ભાખસી રૂંધે ભાત ॥ ઐસી આપદ સમરે આપ, બંધન છૂટે ટળે સંતાપ ॥ ૪૦ ॥ તુમ રણમોચન ગરિબ નિવાજ, બંધન છોડે શ્રી જિનરાજ ॥ તુમ ત્રિહુંલોકમેં તિલકસમાન, તુમ નામે દિન દિન કલ્યાણ ॥ ૪૧ ॥ ઐં-હ્રીં શ્રીં નમો નમો અરિહંત, ઋદ્ધિ સિદ્ધિ વૃદ્ધિ સુખ સંત ॥ દેજ્યો દીનદયાળ નિધિ મોય, ભવ ભવ શરણું વંછું તોય ॥ ૪૨ ॥ હય ગય રથ દળ પ્રબળતા પૂર, વૈરી દુશ્મન નાસે દૂર ॥ પૂત સપૂત કલત્ર ગુણવંત, મળે સંજોગ રહે સુખ જંત ॥ ૪૩ ॥ દુશ્મન બળ નહિ લાગે દાવ, વૈર મિટિ હોય સજ્જન ભાવ ॥ જિહાં જાવે તિહાં આદર હોય, મોહનીમંત્ર નામ તુમ જોય ॥ ૪૪ ॥ જડ મૂરખ નર જે મતિહીન, પણ તુમસમરણમેં રહે લીન ॥ બુદ્ધિ પ્રબળ સો પંડિત થાય, જગમેં પૂજા હોત સવાય ॥ ૪૫ ॥ આભકો કાગદ મશિ સબ નીર, લેખણી લેવે સુદર્શન ગીર ॥ જો લિખે સરસ્વતિ ગુણ વિસ્તાર, સાગરકોડી લહે નહિ પાર ॥ ૪૬ ॥ અલ્પમતિ હું પ્રમાદી જીવ, કૈસેં તુમ ગુણ કહું અતીવ ॥ તુમ વાલેશર જીવનપ્રાણ, રાજ રાજેશ્વર ગુણનિધિ ખાણ ॥ ॥ ૪૭ ॥ તિલોકઋષિ કરે અરદાસ, અંતરજામિ તુમ ગુણ રાસ ॥ આપ કે પાસ ન માગું લેશ, મોય બતાવો નિજ પ્રદેશ ॥ ૪૮ ॥ એતિક અરજી લીજ્યો માન, કબહું ન ભૂલું તુમ એસાન ॥ નીઠ નીઠ જાણ્યા તુમ દેવ, ભવ ભવ દેજ્યો તાહરી સેવ ॥ ૪૯ ॥ સંવત ઓગણીશે બત્રીશ માન, જ્યેષ્ઠ કૃષ્ણ તિથિ બીજ પ્રમાન ॥ વાર શની સિદ્ધિજોગ વિચાર, ભયભંજન સ્તવ કિયો ઉચ્ચાર ॥ ૫૦ ॥ શેહેર શા-

હુજાપુર માળવદેશ, સુખશાતા ચઉતીર્થ હુમેશ ॥ ભણે ગણે સુણે નર નાર, તસ ઘર વર્તે મંગળ ચાર ॥ ૫૧ ॥ ઇતિ ॥

અથ શ્રી શાંતિનાથનો છંદ.

શાંતિનાથકો કીજે જાપ, ક્રોડ ભવોનાં કાપે પાપ ॥ શાંતિનાથજી મ્હોટા દેવ, સુર નર સારે જેહુની સેવ ॥ ૧ ॥ દુઃખ દારિદ્ર જાવે દૂર, સુખ સંપતિ હોવે ભરપૂર ॥ ઠગ ફાંસીગર જાવે ભાગ, બળતી હોવે શીતળ આગ ॥ ૨ ॥ રાજલોકમાં કિર્તિ ઘણી, શાંતિ જિનેશ્વર સાથે ધણી ॥ જો ધ્યાવે પ્રભુજીનું ધ્યાન, રાજા દેવે અધિકું માન ॥ ॥ ૩ ॥ ગડ ગુંબડ પીડા મિટ જાય, દેખી દુશ્મન લાગે પાય ॥ સબ-જો ભાગ્યો મનનો ભર્મ, પાગ્યો સમકિત કાટયાં કર્મ ॥ ૪ ॥ સુણો પ્રભુ મોરી અરદાશ, હું સેવક તમે પૂરો આશ ॥ મુજ મન ચિંતિત કારજ કરો, ચિંતા આરતિ વિઘ્નજ હરો ॥ ૫ ॥ મેટો મ્હારાં આળ જંજાળ, પ્રભુ મુજને તું નયણ નિહાળ ॥ આપની કીર્તિ ઠામો ઠામ, સુધારો પ્રભુ મ્હારાં કામ ॥ ૬ ॥ જો નિત્ય નિત્ય પ્રભુને રટે, મોતી બંધા ફુલા કટે ॥ ચેપ લાવણુ દોનું જળ જાય, વિણુ ઓષધ કટ જાવે છાય ॥ ૭ ॥ શાંતિનાથના નામથી થાય, આંખે ફૂટ પડળ કટ જાય ॥ કમળો પીળો જળ જળ ઝરે, શાંતિ જિનેશ્વર શાતા કરે ॥ ૮ ॥ ગરમી વ્યાધિ મિટાવે રોગ, સયણ મિત્રનો મળે સંયોગ ॥ એહવો દેવ ન દીસે ઓર, નહિ ચાલે દુશ્મનકો જોર ॥ ૯ ॥ લુંટારા સબ જાવે નાસ, દુર્જન ફીટી હોવે દાસ ॥ શાંતિનાથની કિર્તિ ઘણી, કૃપા કરો તમે ત્રિભુવન ધણી ॥ ૧૦ ॥ અરજ કરૂં હું જોડી હાથ, આપ-શું નહિ કોઇ છાની વાત ॥ દેખિ રહ્યા છો પોતે આપ, કાટો પ્રભુજી મ્હારાં પાપ ॥ ૧૧ ॥ મુજ મન ચિંતિત કરિયે કાજ, રાખો પ્રભુજી મ્હારી લાજ ॥ તુમ સમ જગમાંહિ નહિ કોય, તુજ ભજવાથી શાતા હોય ॥ ૧૨ ॥ તુમ પાસ ચલે નહિ મરકી રોગ, તાવ તેજરો નાંખે તોડ ॥ મારિ મિટાઈ કીધી પ્રભુ સંત, તુજ ગુણનો નહિ આવે અંત ॥ ૧૩ ॥ તુમને સમરે સાધુ સતી, તુમને સમરે જોગી જતી ॥ કાટો સંકટ રાખો માન, અવિચળ પદનું આપો થાન ॥ ૧૪ ॥ સંવત અઢાર ચોરાણું જાણુ, દેશ માળવો અધિક વખાણુ ॥ શેહેર જાવરા ચૈતર માસ, હું પ્રભુ તુમ ચરણાંકો દાસ ॥ ૧૫ ॥ ઋષિ રુગનાથજી કીધો છંદ, કાટો પ્રભુજી મ્હારા ફંદ ॥ હું જોઉં પ્રભુજીની વાટ, મુજ આરતિ ચિંતા સવિ કાટ ॥ ૧૬ ॥ ઇતિ ॥

अथ श्री पार्श्वनाथनो छंद.

(ત્રોટકવૃત્તમ.)

પ્રણમામિ સદા જિન પાર્શ્વજિનં, જિનનાયક દાયક સુખ ધનં ॥ ઘનચારૂ મનોહર દેહધરં, ધરણીપતિ નિત્ય સુસેવ કરં ॥ ૧ ॥ કરૂણારસ રંજિત ભવ્ય ફણી, ફણિ સપ્ત સુશોભિત માલિમણિ ॥ મણિ કંચનરૂપ ત્રિકોટ ઘટં, ઘટિતાસુર કિન્નર પાર્શ્વ તટં ॥ ૨ ॥ તટિનીપતિ ઘોષ ગંભિર સ્વરં, સરણાગત વિશ્વ અશેષ નરં ॥ નરનારિ નમસ્કૃત નિત્ય પદા, પદમાવતિ ગાવતિ ગીત સદા ॥ ૩ ॥ સનતેંદ્રિય ગોપિ યથા કમઠં, કમઠાસુર વારણ મુક્ત હઠં ॥ હઠ હેલિત કર્મ કૃતાંત બળં, બળધામ દરંદર પંકજળં ॥ ૪ ॥ જળજદ્વય પત્ર પ્રભાનયનં, નયનંદિત ભવ્યતરી શમનં ॥ મનમથ મહીરૂહ વન્હિ સમં, સમતાગુણ રત્નમયં પરમં ॥ ૫ ॥ પરમાર્થ વિચાર સદા કુશળં, કુશળં કુરૂ મે જિનનાથ અલં ॥ અલિની નલિની નળ નીલ તનં, તનુતા પ્રભુ પાર્શ્વજિનં સુધનં ॥ ૬ ॥

॥ કળશ ॥ (દ્રુતવિલંબિત વૃત્તમ્.)

સુધન ધાન્યકરં કરૂણાપરં, પરમસિદ્ધિકરં દદદાધરં ॥ વરતરં અશ્વસેન કુળોદ્ભવં, ભવભૃતાં પ્રભુ પાર્શ્વજિનં શિવં ॥ ૭ ॥ ઇતિ ॥

अथ श्री पार्श्वनाथनो छंद.

(ત્રોટકવૃત્તમ્.)

સુખ સંપતિ દાયક દેવ સદા, પ્રણમું પ્રભુ પાર્શ્વજિણંદ મુદા ॥ નમતાં ધરિ નેહ સુરેશ પદા, દુઃખ દોહગ સંકટ નાંહિ કદા ॥૧॥ શરણાધિર દેવ ભુજંગ પરે, ધરણીધર સાહિબ એહ કરે ॥ મનમોહન ધીર ગિરિંદ ખરો, નિત્ય વાસર ઉગમતે સમરો ॥ ૨ ॥ નવનિધિ લહે જિનને નમતાં, મળિયો મુજને ભવમાં ભમતાં ॥ રમતાં રળિયો મણિ ચિંતવિયો, મુજ સાહિબ દેવ હવે થુવિયો ॥ ૩ ॥ સુણ સાહિબ તું હિલડે વસિયો, તુજ નામતણા ગુણનો રસિયો ॥ મનવંછિત પૂર સદા મનનાં, દુઃખ દૂર કરો સઘળાં તનનાં ॥ ૪ ॥ વૈરિ વળી જાવત હે મુજથી, જગમાં શરણો જિનજી તુજથી ॥ હરિ શંકર નામ કહે અમથી, બળિયો તુજથી જગ દેવ નથી ॥ ૫ ॥ સહુ દેવ સરાગપણે ભરિયા, વનિતા વિષયી રસના દરિયા ॥ જિન દેવ નિરાગ

રસે રમતા, મદ મોહ ફરે ભયથી ભમતા ॥ ૬ ॥ સુખ પાવત સાહિબ નામથકી, ડરતા રહેતા રિપુ તેહ થકી ॥ ગડ ગુંબડ રોગ જિકે સબળા, તુજ નામ થકી સહુ તે નબળા ॥ ૭ ॥ વળિ ડાકણ શાકણ દૂર રહે, નર જેહ જિણંદનું નામ લહે ॥ જગમાં જશ તેહ તણો પ્રસરે, મનવંછિત ચિંતિત કારજ સરે ॥ ૮ ॥ કરિ સિંહ દાવાનળ નાગતણા, રણ સાગર બંધ મહોદરના ॥ મળિ આઠ મહા ભય તૂંહિ હરે, ભવિ જેહ સદા તુજ ધ્યાન ધરે ॥ ૯ ॥ મહિમા તુજ પાર ન કોય લવે, સમર્યાં ઘર સંપદ હોય હવે ॥ સમરૂં સમયે તુંહિ આવી મળે, મુજ ઈચ્છિત મોહનવેલિ ફળે ॥ ૧૦ ॥ મુખ ચંદ્ર સમો કજ આંખડલી, વળિ ભ્રૂંહ ધનુ સમ વાંકલડી ॥ શિર ઉપર નાગ કિરીટ ધરે, મુખ દેખત દોલત હોય ઘરે ॥ ૧૧ ॥ ઘર થોટક જોટક કંચનના, લખમી લહિયે લખ કોટિકનાં ॥ નહિ ખોટ કિસી તુજ ઓટ ખરી, થુણિયો તુજ ત્રોટક છંદ કરી ॥ ૧૨ ॥ આસિસા વરશે સુઅઢારતણે, તપમાસ તણી દસમી સુદને ॥ શુભ મહૂરત બીજ ખુસાલ તણે, કવિ ઉત્તમ છંદ અખંડ ભણે ॥ ૧૩ ॥ ઇતિ ॥

अथ श्री गौतमस्वामिनो छंद.

જયો જયો ગૌતમ ગણધાર, મ્હોટી લબ્ધિતણો ભંડાર ॥ સમરે વંછિત સુખદાતાર, જયો જયો ગૌતમ ગણધાર ॥ ૧ ॥ વીર વજીર વડો અણગાર, ચૌદહજાર મુનિ શિરદાર ॥ જપતાં નામ હુવે જયકાર ॥ જયો૦ ॥ ૨ ॥ ગય ગમણી રમણી જગ સાર, પુત્ર કલત્ર સજ્જન પરિવાર ॥ આપે કનક કોડિ વિસ્તાર ॥ જયો૦ ॥ ૩ ॥ ઘેર ઘોડા પાયક નહિ પાર, સુખાસન પાલખી ઉદાર ॥ વૈરી વિકટ થાયે વિસરાળ ॥ જયો૦ ॥ ૪ ॥ પ્રહ ઉઠી જપિયે ગણધાર, ઋદ્ધિ સિદ્ધિ કમળા દાતાર ॥ રૂપ રેખ મયણ અવતાર ॥ જયો૦ ॥ ૫ ॥ કવિ રૂપચંદ કેરો શિષ્ય, ગૌતમ ગુરુ પ્રણમો નિશ દિશ ॥ કહે ચંદ એ સુમતાગાર, જયો જયો ગૌતમ ગણધાર ॥ ૬ ॥ ઇતિ ॥

अथ श्री शिखामणनो छंद.

(ત્રોટકવૃત્તમ્.)

વરદાયક માય સલામ કરી, કહું સાર શિખામણ એક ખરી ॥ નર નારિ સહુ હેડે ધરિયે, જિમ આપદ સંકટ ઉદ્ધરિયે ॥ ૧ ॥ પર

પ્રાત સમે ગુરુ દેવ નમો, જિમ દારિદ્ર દોહગ દૂર ગમો ॥ ભગવંત સદા ચરણાં ભજિયે, કૂળ રીતિ કછુ કબુ ના તજિયે ॥ ૨ ॥ લઢિયે નહિ માયને બાપ થકી, વઢિયે નહિ કોઈથી બાંધિ જકી ॥ વિશવાસ ન કીજે નારિતણો, ગુરુરાજ સમીપથી જ્ઞાન ભણો ॥ ૩ ॥ દરબાર અલિકન ના ભખિયે, ઘરભીંતર સાક્ષી નહિ લિખિએ ॥ રખિયે નહિ ચાડ પડોશ સદા, તરિયે નહિ નીર સજોર કદા ॥ ૪ ॥ વ્યવસાય સહુ વિધિસેં કરિયે, ઠગ દાવ રમી ધન ના ભરિયે ॥ પરદેશમાં ગાફલ ના ફરિયે, નરપતિ થકા ડરતા રહિયે ॥ ૫ ॥ જૂગટા વ્યસની પરિના રમિયે, ઋષિ સાધ અનાથકું ના દમિયે॥ કરિયે નહિ આળ અગન્ની તણી, વળિ દીજિયે શીખ સુમિત્ત ભણી ॥ ૬ ॥ ગુરુ આસનઉપર ના ધસિયે, દુર્જનની સંગતે ના વસિયે ॥ વળિ ધીજ ન કીજિયે જૂઠ કિસી, ઘણિવાર ન કીજિયે વાત હસી ॥ ૭ ॥ વચણાં મુખ બોલહુ તે પળિયે, સજ્જનથી સ્નેહ ધરી મળિયે ॥ પરનારિની સંગત દૂર તજો, પરમારથ કારજ નિત્ય ભજો ॥ ૮ ॥ સુખકાર શિખામણ એમ કહે, કવિ ઉત્તમ તે જયમાળ લહે ॥ ગુરુ ચાર લહુ અઠ દીહ ધરો, ઇમ ત્રોટક નામહ છંદ ખરો ॥ ૯ ॥ ઇતિ ॥

अथ श्री परमेष्ठिपरमानंदस्तव छंद.

(દોહા.)

ૐ નમો અરિહંતાણું, ઇમ પાંચે પદ માંય ॥ ૐ -હ્રાં -હ્રીં ૐ -હ્રૌં સ્વાહા, જપતાં -હ્રીં શ્રી થાય ॥૧૦૮॥૧॥ અ સિ આ ઉ સા૦॥

(છંદ ત્રિભંગી.)

પ્રણમું સરસતિ, હોય વર મતિ, ચિત્ત ઉલ્લસે અતિ, ગુણ થુણવા ॥ શુદ્ધ ભાવે ધ્યાવે, સો સુખ પાવે, એક ચિત્ત ચાવે, યશ સુણવા ॥ જય જય પરમેષ્ઠી, જગમાં શ્રેષ્ઠી, દે પદ જેષ્ઠી, જગધારં ॥ ત્રિજગ મઝારં, નામ ઉદારં, જય સુખકારં, નવકારં ॥ ૧ ॥ એ આંકણી ॥ બારે ગુણવંતા, શ્રી અરિહંતા, લોક મહંતા, ગુણ ગહેરા ॥ ઘનઘાતિ કર્મ, મિથ્યાભર્મ, ત્યાગ અધર્મ, વિષ લહેરા ॥ શુકલ મન ધ્યાયા, કેવળ પાયા, ઈંદર આયા, તિણ વારં ॥ ત્રિ૦ ॥ ૨ ॥ વર પર્ષદા બારે, હર્ષ અપારે, સુણિ અવધારે, જિનવાણી ॥ અમૃતશું પ્યારી, જગ હિતકારી, સુર નરનારી, પહેચાણી ॥ કેઇ સંયમ ધારે, કેઇ વ્રત બારે, કર્મ વિદારે, શિવ ત્યારી ॥ ત્રિ૦ ॥ ૩ ॥ દ્વિતીય પદ ધ્યા-

વો, સિદ્ધ ગુણ ગાવો, ફિર નહિ આવો, જિહાં જાઇ ॥ જે અલખ નિરંજન, ભવિ મનરંજન, કર્મકે અંજન, શિવ સાંઇ ॥ પુદ્ગળકા ફંદા, દૂર નિકંદા, પરમાનંદા, અવિકારં ॥ ત્રિ૦ ॥ ૪॥ અષ્ટગુણકે ધારે, જગત નિહારે, કાળ ન મારે, ઉન તાંઈ ॥ જિહાં સુખ અનંતા, કેવળવંતા, ગુણ ઉચરંતા, છે નાઇ ॥ નિજ વાસ બતાઇ, યો મુજ તાંઇ, તુમસા નાઇ, દાતારં ॥ ત્રિ૦ ॥ ૫ ॥ ગણિવર પદ ત્રીજે, નિત્ય નમીજે, સેવા કીજે, હર્ષ ધરી ॥ પંચ મહાવ્રત પાળે, દૂષણ ટાળે, ગજ જિમ મહાલે, શૂર હરી ॥ પાંચે વશ કરતે, પંચ ઉતરતે, પાંચુઇ હરતે, દુઃખકારં ॥ ત્રિ૦ ॥ ૬ ॥ શીતલ જિમ ચંદા, અચળ ગિરિંદા, ગણપતિ ઇંદા, શિરદારં ॥ સાગર જિમ ગહેરા, જ્ઞાન લહેરા, મિથ્યા અંધેરા, પરિહારં ॥ સંપદ વસુ પાવે, ન્યાય બઢાવે, પાળે પળાવે, આચારં ॥ ત્રિ૦ ॥ ૭ ॥ ગુરુ સેવા સાધી, વિનય આરાધી, ચિત્ત સમાધી, જ્ઞાન ભણે ॥ બારે અંગ વાણી, પેટી સમાણી, પૂરવ નાણી, સંશય હણે ॥ નિરવદ્ય સત્ય ભાંખે, શાસ્તર સાખે, ગુણ અભિલાખે, નિજ સારં ॥ ત્રિ૦ ॥ ૮ ॥ ઉવઝાયા સ્વામિ, અંતરજામિ, શિવગતિ ગામિ, હિતકારી ॥ શીખણને આવે, જોગ શિખાવે, ન્યાય બતાવે, ઉપકારી ॥ દુર્ગતિમાં પડતો, કાદવ ગડતો, ચિત્ત કરે ચડતો, તિણ વારં ॥ ત્રિ૦ ॥ ૯ ॥ કંચુક અહિ ત્યારે, દૂરે ભાગે, તિમ વૈરાગે, પાપ હરે ॥ જૂઠા પરછંદા, મોહની ફંદા, પ્રભુકા બંદા, જોગ ધરે ॥ સબ માલ ખજીના, ત્યાગન કીના, મહાવ્રત લીના, અણગારં ॥ ત્રિ૦ ॥ ૧૦ ॥ પાળે શુદ્ધ કરણી, ભવજળ તરણી, આપદ હરણી, દૃષ્ટિ રખે ॥ બોલે સત્ય વાણી, ગુપ્તિ ઠાણી, જગકા પ્રાણી, સમ લેખે ॥ શિવમારગ ધ્યાવે, પાપ હઠાવે, ધર્મ બતાવે, સત્ય સારં ॥ ત્રિ૦ ॥ ૧૧ ॥ એ પ્રણમે ભાવે, વિઘ્ન હઠાવે, અરિ હરિ જાવે, દૂર સહી ॥ જે તપ તેજારી, દુઃખ બિમારી, શોગ સવારી, આત નહી ॥ ગ્રહ પીડા ભાગે, દૃષ્ટિ ન લાગે, શત્રુ ન જાગે, લીગારં ॥ ત્રિ૦ ॥ ૧૨ ॥ એહ મંત્રજ નીકો, તારક જીકો, ત્રીજગ ટીકો, સુખદાતા ॥ એ મંત્ર કરારી, મહિમા ભારી, લહે નરનારી, સુખશાતા ॥ સરજી વનવેલી, દે ધન ઠેલી, ભવે ભવે કેલી, યહ સારં ॥ ત્રિ૦ ॥ ૧૩ ॥ પદ્માસન વાળી, રંગ નિહાળી, આરતિ ટાળી, ધ્યાન ધરે ॥ ત્રીલોક પયંપે, ભાવશું જંપે, ઋદ્ધિ સિદ્ધિ સંપે, જેહ ધરે ॥ એહ છંદ ત્રિભંગી, ગાવે ઉમંગી, ભવભવ સંગી, જયકાર. ત્રિ૦ ॥ ૧૪ ॥ ઇતિ ॥

અથ શ્રી તાવનો છંદ.

(દોહા.)

નમો આનંદપુર નગર, અજયપાળ રાજાન ॥ માતા અજયા જનમિયો, જ્વર તું કૃપાનિધાન ॥ સાત રૂપ શક્તિ હુઓ, કરવા ખેલ જગત્ત ॥ નામ ધરાવે જૂજૂવાં, પ્રસર્યો તું ઇત ઉત્ત ॥ ૨ ॥ એકાંતતરો બેયાંતરો, ત્રઇયો ચોથો તામ ॥ શીત ઉષ્ણ વિષમજ્વરો, એ સાતે તુજ નામ ॥ ૩ ॥

॥ છંદ ॥

એ સાતે તુજ નામ સુરંગા, જપતાં પૂરે કોડિ ઉમંગા ॥ તેં નાસ્યા જે જાલિમ જુંગા, જગમાં વ્યાપી તુજ જસ ગંગા ॥ ૪ ॥ તુજ આગે ભૂપતિ સબ રંકા, ત્રિભુવનમાં વાજે તુજ ડંકા ॥ માને નહિ તું કેહની શંકા, તૂઠયો આપે સોવન ટંકા ॥ ૫ ॥ સાધક સિદ્ધતણા મદ મોડે, અસુર સુરા તુજ આગળ દોડે ॥ દુટુ ધિટુનાં કંધર તોડે, નમિ ચાલે તેહુને તું છોડે ॥ ૬ ॥ આવંતો થરહર કંપાવે, ડાહ્યાને જિમ તિમ બકાવે ॥ પહિલો તું કેડમાંથી આવે, સાત શિખર પણ શીત ન આવે ॥ ૭ ॥ હીં હીં હું હું કાર કરાવે, પાંસળિયાં હાડાં કડડાવે ॥ ઉનાળે પણ અમલ જગાવે, તાપે પહિરણમાં મુતરાવે ॥ ૮ ॥ આસો કાર્તિકમાં તુજ જોરો, હઠયો ન માને ધાગો દોરો ॥ દેશ વિદેશ પડાવે સોરો, કરે સબળ તું તાતો તોરો ॥ ૯ ॥ તું હાથીનાં હાડાં ભંજે, પાપીને તાડે કર પંજે ॥ ભક્તવત્સલ ભાવે જો રંજે, તો સેવકને કોય ન ગંજે ॥ ૧૦ ॥ ત્રેડક તોડક ડમરૂ ડાકં, સુરપતિ સરિખા માને હાકં ॥ ધમકે ધૂંસડ ધાસડ ધાકં, ચઢતો ચાલે ચંચળ ચાકં ॥ ૧૧ ॥ પિશુન પડાછણ નહીં કો તોથી. તુજ જસ બોલ્યા જાય ન કોથી ॥ સી અણખીલ કરોએ થોથી, મહેર કરી અળગા રહો મોથી ॥ ૧૨ ॥ ભક્તથકી એવડી કાં ખેડા, અવલ અગ્નિના છાંટા રેડા ॥ લાખા ભક્તનો એ નિવેડા, મહારાજ મૂકો મુજ કેડા ॥ ૧૩ ॥ લાજવશો મા અજયા રાણી, ગુરુ આણ માનો ગુણ ખાણી ॥ ઘરે સિધાવો કરુણા આણી, કહું છું નાકે લીટી તાણી ॥ ૧૪ ॥ મંત્ર સહિત એ છંદ જે પઢશે, તેહુને તાવ કદી નવિ ચઢશે ॥ કાંતિ કળા દેહી નિરોગં, લહેશે લખમી લીલા ભોગં ॥ ૧૫ ॥

॥ કળશ છપ્પય ॥

ઓ નમો ધરિ આદિ, બીજ ગુરુ નામ વંદીજે ॥ આરધુનઠં

અવનિશ, અજયપાળ આખીજે ॥ અજયા જાત અઢાર, વાંચિયે સાતે બેટા ॥ જપતાં એહિજ જાપ, ભક્તશું ન કરે મેટા ॥ ઉતરે ચઢિયો અંગ, પળમેં તુજ વચણે મુદા ॥ કહે કાંતિ રોગ નાવે કદી, સાર મંત્ર ગહિયે સદા ॥ ૧૬ ॥ ઈતિ ॥ એ છંદ સાત વાર, ચૌદ વાર, અથવા એકવીશ વાર સાંભળે અથવા ગણે, તો તાવ જતો રહે.

अथ श्री आत्महित विनंती छंद.

(ભુજંગપ્રયાત વૃત્તમ.)

પ્રભુ પાય લાગી કરૂં સેવ ત્હારી, તમે સાંભળો શ્રી જિનરાય મ્હારી ॥ મને મોહ વૈરી પરાભવ કરે છે, ચિહું ગતિતણાં દુઃખ નહિ વીસરે છે ॥ ૧ ॥ હુંતો લક્ષ ચોરાશી જિવ યોની માંહે, ભમ્યો જન્મ મરણ કેરે પ્રભાવે ॥ ઘણાં મેં કીધાં કર્મ જે ધર્મ છાંડી, કહું સ્વામિ તે સાંભળો સર્વ માંડી ॥ ૨ ॥ મેંતો લોભે લંપટ થઇ કર્મ કીધાં, ઘણાં ભોળવી પરતણાં દ્રવ્ય લીધાં ॥ મેંતો પિંડ પોખ્યો કરી જીવહિંસા, કરી પારકી કુથલી સ્વપ્રશંસા ॥ ૩ ॥ મેંતો ઓલિયા પરતણા મર્મ મોસા, નહિ ભાંખિયા આપણા પાપ દોષા ॥ સદા સંગ કીધો પરનારી કેરો, નહી પાળિયો ધર્મ જિનરાજ તેરો ॥૪॥ પડયો ઘરતણે પાપ આશા વિલુદ્ધો, નહિ સાંભળ્યો જિન ઉપદેશ શુદ્ધો ॥ હુંતો પુત્ર પરિવારશું રંગ રાતો, નહિ જાણિયો જિનવર કાળ જાતો ॥ ૫ ॥ ઘણું આરંભનું પાપ કરી પિંડ ભાર્યો, મેં મૂરખે નરભવ ફોક હાર્યો ॥ ગયો કાળ સંસાર એળે ભમંતાં, સહ્યાં તેહથી દુર્ગતિ દુઃખ અનંતાં ॥ ૬ ॥ ઘણે કષ્ટે જિનરાજ હવે દેવ પામ્યો, ત્યારે સર્વ સંસારનાં દુઃખ વામ્યો ॥ જયારે શ્રી જિનરાજનું રૂપ દીઠું, ત્હારે લોચને રૂયડું અમીય વૂઠયું ॥ ૭ ॥ આવી કામધેનુ ઘરમાંહિ ચાલી, ભરી રત્નચિંતામણિ હેમ થાળી ॥ મ્હારા ઘરતણે આંગણે કલ્પવૃક્ષ, ફળ્યો આપવા વંછિત દાન દક્ષ ॥ ૮ ॥ ગયો રોગ સંતાપ તે સર્વ માઠો, જરા જન્મ મરણાંતણો ત્રાસ નાઠો ॥ તોરે શરણ આવ્યા તણી લાજ કીજે, કરયા અપરાધ તે સર્વે ખમીજે ॥ ૯ ॥ ઘણું વિનવું હું જિનરાજ દેવા, મને આપજ્યો ભવોભવ સ્વામિ સેવા ॥ યહ વિનતિ ભાવથી જેહ ભણસે, સકળચંદનો સ્વામિ સદા સુખ કરશે ॥ ૧૦ ॥ ઈતિ ॥

અથ શ્રી બત્રીશભાવના છંદ.

(દોહા.)

અવિચળ પદ મન થિર કરી, જિહાં છે સૂખ અપાર ॥ પ્રતિબોધિશ મન આપણું, જિમ પામું ભવપાર ॥ ૧ ॥ રે મન તેં અસ્થિરપણે, કીધાં કુકર્મ કોડ ॥ રાગતણે રંગે કરી, જીવહ આણી ખોડ ॥ ૨ ॥ પંચેંદ્રિય પરવશપણે, જે મેં કીધાં પાપ ॥ તે મુખ કહિએ કેટલાં, હુઓ સંસારહ વ્યાંપ ॥ ૩ ॥ જ્ઞાનદૃષ્ટિ જીવ જોઇ તું, મોહતણી મતિ મૂક ॥ વળીય વળી પામીશ નહીં, નરભવ એળે મ ચૂક ॥ ૪ ॥ જે દિશિયે પ્રહ ઉગમે, તે સંધ્યા નવિ હોય ॥ ધન ધાન્ય પરિવારની, મમતા મ કરો કોય ॥૫॥ નાહણ ભોયણ આભરણ, જે પામીયે અપાર ॥ એકે જાતાં જીવને, તે દેહિ કીજે છાર ॥ ૬ ॥ મંદિરમાંહે ધન ધરણિ, સીમે રહ્યો પરિવાર ॥ કાયા અગ્નિ પ્રજાળીયે, જીવ જાય નિરધાર ॥ ૭ ॥ જાવજીવ ધન મેળિયું, એ તુજ આવ્યું ભાગ ॥ શકટ એક કાઢી ભરયું, ભાગે ભાજને આગ ॥ ૮ ॥ મનુષ્ય તણે પામે મરણ, સોચે સગા અપાર ॥ આપણપેં જાશું સહી, ઇમ ન ગણે ગમાર ॥ ૯ ॥ ઇંદ્રાદિક સેવે સદા, જેહને ત્રિગડે વાસ ॥ તેહુ જિન થિર નવિ રહ્યા, અવરાની કુણ આશ ॥ ૧૦ ॥ ઇંદ્રાદિકને ચક્રી ગણ, રાય રાણા અવલોક ॥ ગજ રથ તુરંગમ પરિવર્યા, તેહુ ગયા પરલોક ॥ ૧૧ ॥ માય તાય બંધવ બહિન, ભાર્યા સુત ભંડાર॥ માહરૂં કરતાં માનવી, ગયા સવે નિરધાર ॥ ૧૨ ॥ વસ્ત્રહીન તું જનમિયો, જાઇશ તેણે રૂપ ॥ પાપે પિંડ જો પોષિયો, પડિયો સંસારહ કૂપ ॥ ૧૩ ॥ ગામ ગયા આવે વળી, હરખે મળે સો કોય ॥ ઇણ પંથે પંથી હુવા, તેહને ન મળે કોય. ॥ ૧૪ ॥ પરભવ જાતાં જીવને, આડો કો નવિ થાય ॥ પ્રમદા ચોશઠ સહસનો, પતિ પરલોકે જાય ॥ ૧૫ ॥ લક્ષ બત્રીશ વિમાનનો, પતિ જેહને સેવંત ॥ કાજ કરે મનશું સદા, તેહુ ઇંદ્ર ચ્યવંત ॥ ૧૬ ॥ માય તાય બંધવ કવણ, કુણ વૈરી કુણ મિત્ત ॥ એ ત્હારે સહુ કો સગું, સાંભળ તું એક ચિત્ત ॥ ૧૭ ॥ સૂક્ષ્મ અગ્રે સૂંઇ આંપિયે, ચૌદહરાજ પ્રમાણ ॥ તેં સઘળી ફરસી સહી, સરસી ચારે ખાણ ॥ ૧૮ ॥ તેં નિગોદભવ પૂરિયા સાત નરક કિયો વાસ ॥ બંધન બાંધિયું કર્મને, કીધો કૂડ અભ્યાસ ॥ ૧૯ ॥ સાગર સલિલ થકી અધિક, તેં કીધાં માત થાન ॥ બહુ પર્વત પ્રાપે અ-

ધિક, તેં આરોગ્યાં ધાન ॥ ૨૦ ॥ સમુદ્ર નદી દ્રહથી ઘણું, જીવ તેં પાણી પીધ ॥ ભૂરિ ભવાંતર પૂરતાં, તોહિ તૃપતિ ન લીધ ॥ ૨૧ ॥ ઇમ ભમતાં સહુએ સગું, શત્રુ ન કો સંસાર ॥ સમતાશું મન સર્વરી, મૈત્રીભાવ વિચાર ॥ ૨૨ ॥ કુશ અગ્રે જળબિંદુ જિમ, જળ બુદબુદ જિમ હોય ॥ ઇંદ્રિયધનુષ ગજ કનપરે, જીવિય ચંચળ જોય ॥૨૩॥ સુહુણા સમોવડ જાણીયે, એ સઘળો સંયોગ ॥ ધર્મ મ છંડિશ મનથકી, તેહનો લહિય વિયોગ ॥૨૪॥ આપ સવારથ આવિયા, એ સહુ એ તું જાણ ॥ મોહતણે મદ મોહિયો, મ કરીશ પરતણી હામ ॥૨૫॥ દશ દૃષ્ટાંતે દોહિલું, શ્રાવકનું કૂળ લદ્ધ ॥ શીળવ્રત સાચું વહે, પાળી સમકિત શુદ્ધ ॥૨૬ ॥ જરા ન આવે જ્યાં લગે, પંચેંદ્રિય સમરત્થ ॥ વ્યાધિ ન આવે દેહને, ત્યાં સાધે પરમત્થ ॥ ૨૭ ॥ ગણીયા આઉખા દીહડા, જે ગયા તે ન વિલંત ॥ ઇમ જાણી આદરસહિત, ધર્મ કરો દૃઢ ચિત્ત ॥ ૨૮ ॥ એ ભવ ચિંતામણિ સમો, આળે તું મ મ હાર ॥ જિનશાસન મન થિર કરી, જીવ જતન સંભાર ॥ ૨૯ ॥ ભોગ ભલા જે નર લહે, હરખે જે દીએ દાન ॥ સમકિત વિણ શિવપદ નહીં, જે અનંત સુખ ઠાણ ॥ ૩૦ ॥ એ ઓગણત્રીસી ભાવના, તેહનો શુદ્ધ વિચાર ॥ જે મનમાંહે સમરશે, તે તરશે સંસાર ॥ ૩૧ ॥ ઇતિ ॥

अथ श्री दान, शिल, तप अने भावनुं पद.

રે જીવ જિનધર્મ કિજીએ, ધર્મના ચાર પ્રકાર ॥ દાન શિયળ તપ ભાવના, જગમાં એટલું સાર ॥ રે જીવ૦ ॥ ૧ ॥ વરસ દિવસને પારણે, આદિસર સુખકાર ॥ શેલડી રસ વહોરાવિયો, શ્રી શ્રેયાંસકુમાર ॥ રે જીવ૦ ॥ ૨ ॥ ચંપાપોળ ઉઘાડવા, ચારણીએ કાઢયાં નીર ॥ સતીય સુભદ્રા જશ થયો, શિયળે સુર નર ધીર ॥ રે જીવ૦ ॥ ૩ ॥ તપ કરી કાયા શોષવી, અરસ નીરસ આહાર ॥ વીરજિણંદ વખાણિયો, ધન્ય ધન્નો અણગાર ॥ રે જીવ૦ ॥૪॥ અનિત્યભાવના ભાવતાં, ધરતાં નિર્મળ ધ્યાન ॥ ભરત આરિસાભુવનમાં, પામ્યા કેવળજ્ઞાન ॥ રે જીવ૦ ॥૫॥ જૈનધર્મ સુરતરુ સમો, જેહની શીતળ છાંય ॥ સમયસુંદર કહે સેવતાં, વંછિતફળ પાય ॥ રે જીવ૦ ॥ ૬ ॥ ઇતિ ॥

॥ ઇતિ શ્રી છંદો સમાપ્ત ॥

अथ श्री हितोपदेश पद.

પદ ૧ લું.

(હરિગીત છંદ.)

સંસારમાં શું સાર છે, વિચાર કર નર મન વિષે ॥ નિજ નેત્ર ખોલી જો અરે, દૃષ્ટિ કરીને દશદિશે ॥ ચિત્તમાંહે ચેત ચતુર ચેતન, શી ગતિ તારી થશે ॥ એવું વિચારી ધર્મ કર નર, ક્ષણ ગયો નવ આવશે ॥ ૧ ॥ બહુ કૂડ કપટને કેળવી, સહુ લોકને તેં છેતર્યા ॥ જ્યાં ત્યાં દગલબાજી થકી, નિજ કાર્ય જે જે તેં કર્યા ॥ તે સર્વ પાપ તણી તને, પરલોકમાં શિક્ષા થશે ॥ એવું૦ ॥ ૨ ॥ તું કહે મારૂં મારૂં સર્વે, મોહ માન મમત્વથી ॥ ધન ધાન્ય જોબન માલ, માયા સર્વ તે તારૂં નથી ॥ સુત માત તાત સુજાત પત્ની, કોઇ નવ તારૂં થશે ॥ એવું૦ ॥ ૩ ॥ કાયાતણો રાખી ભરૂંસો, બહુજ માયા મેળવી ॥ જુઠું વધો નિર્લજપણે, કૃપણતા બહુ કેળવી ॥ અંતે અરે નર અથીર છે, વસ્તુ સહુ વીણસી જશે ॥ એવું૦ ॥ ૪ ॥ રાવણ સામો જે રાજવી, લંકાપતિ પોતે હતો ॥ વિશ ભુજા જોદ્ધો યમ સમો, જે જગત માંહે શોભતો ॥ પણ ગયો અંતે એકલો તો, તારી શી ગણિત થશે ॥ એવું૦ ॥ ૫ ॥ મહા પુન્યઉદયે મનુષ્યજન્મ, મળ્યો બહુ મુશ્કેલ જે ॥ ઉત્તમ કૂળે અવતારને, પંચેંદ્રિ યોગ તથા પિછે ॥ તો કેમ હારી જાય, પશ્ચાતાપ પશ્ચાતે થશે ॥ એવું૦ ॥ ૬ ॥ અહંકાર અતિ અંતર ધરે, જે મુજ સમો જગ કો નથી ॥ પણ ગર્વ ઉતરે સર્વના જો, જાણુ જ્ઞાત મતિ થકી ॥ ઉલટી ગતિ નિચી મળે ને, નર્ક વેદન ત્યાં થશે ॥ ॥ એવું૦ ॥ ૭ ॥ છે સ્વાર્થી સહુએ સગું ને, અથીર કાયા કારમી ॥ શો ગર્વ જાવું સર્વને છે, એક દીન અંતે વળી ॥ રે ! મરણસમયે ધર્મ કરવા, કેમ તું તત્પર થશે ॥ એવું૦ ॥ ૮ ॥ સ્વપ્ના સમું છે સુખ સર્વે, સમજ રે નર મન થકી ॥ છે સાર એકજ ધર્મ અવર, અસાર જાણ અરે ! નકી ॥ હિતકાર શિક્ષા દેવસિની, દીલ ધરે તો સુખ થશે ॥ એવું વિચારી ધર્મ કર નર, ક્ષણ ગયો નવ આવશે ॥ ૯ ॥ ઇતિ ॥

પદ ૨ જું.

(સારૂં સારૂં રે સુરત શેહેર.—એ રાગ.)

કુંડ કૂડને જગમાં કોણ ? ચેતન ! તારૂં રે ॥ મુરખ ! માનીને મૂક

મારૂં તારૂં રે ॥ ટેક ॥ સ્વારથ સારૂ સૌ તુજ સંગે, રંગે આવી રમતાં રે ॥ સર્યે અરથ પર કે પોતાનાં, વેગે વેગે વળતાં ॥ ચે૦ ॥ ૧॥ નિજ અરથે જંપે જનનીજી, 'બેટા આવો બેસોરે' ॥ 'જી ! જી !' કહીને કે'શે જુવતી, 'સ્વામિ ! બીડલું લેશો' ॥ ચે૦ ॥ ૨ ॥ 'બેટા !' કહી બોલાવે બાપા, 'ભાઇ !' ભાખે ભગિની રે ॥ સ્વારથ સરતાં અળગાં સૌ જન, જોજો માયા જગની ॥ ચે૦ ॥ ૩ ॥ હાથી હય કે હેમ હવેલી, વનિતા વિષની વેલી રે ॥ સાથી થાવા ધનને સારૂ, ધાતી આવે વે'લી ॥ ચે૦ ॥ ૪ ॥ તર જો હોશે જરથી ઘર તો, વળગ્યા રે'શે વા'લાં રે ॥ ચોમાસે નદીઓની પાસે, આશે વળતાં નાળાં ॥ ચે૦ ॥૫ ॥ નહિ કંઇ સાથે આવે દમડા, જમડા જયારે ઝાલે રે ॥ કરવું ધારે કરજે હમણાં, સમણાં આખર સાલે ॥ ચે૦ ॥ ૬ ॥ રડારોળ ઘર એક કરાવે, એક ઘર મંગળ માળ રે ॥ હા ! હા ! કપટી કામણગારો, કેડે લાગ્યો કાળ ॥ ચે૦ ॥ ૭ ॥ ઇંદ્રિજાળ સમ જગને જાણી, સંત ચરણ જન સેવોરે ॥ જૈનહિતેચ્છક શેવક જન સૌ, માગે મુક્તિ મેવો ॥ ચેતન તારૂં રે ॥ ૮ ॥ ઈતિ ॥

પદ ૨ જું.

(કુંવરી કુંવર મારા લાડકા,—એ રાહ.)

ડાક ડમાક છોડી ચાલવું, ઢોલ વાગશે સહિ ॥ હાડ જશે રે ટૂટી જીવડા, લાગ મળશે રે નહિં ॥ ડાક૦ ॥ ૧ ॥ ભાર વહિ વહિ વૈતરા, સાર ભેગું રે કીધ ॥ ઈજત ખોઇ ઘડી એકમાં, જો હાથે નવ દીધ ॥ ડાક૦ ॥ ૨ ॥ જાણ જરૂર રે જીવડા, નથી તારૂં રે કોઇ ॥ દેહ નથી તારી તાહરી, માટે ચાલજે જોઇ ॥ ડાક૦ ॥ ૩ ॥ માત પિતા બંધવ વળી, મામા મામી ને ફેઈ ॥ મુખ વિકાસીને બેસશે, રહેશે બે ઘડી રોઇ ॥ ડાક૦ ॥ ૪ ॥ કાકા કાકી ફુઆ ફૂલવુ, મિત્ર પુત્ર પરિવાર ॥ હા ! હા ! હુહુ કરી નાચશે, માટે રહે ખબદાર ॥ ડાક૦ ॥ ૫ ॥ મકલા તે સુધી વળાવીને, વળશે નર નારી સાથ ॥ પુરૂષ લઇ સમશાનમાં, બાળશે હાથોહાથ ॥ ડાક૦ ॥ ૬ ॥ દશ દ્રષ્ટાંતે દોહિલી, કુહિ સૂત્રે જેહ ॥ નદી પાષાણ ન્યાયે કરી, પામ્યો મનુષ્ય દેહ ॥ ડાક૦ ॥ ॥ ૭ ॥ આરજક્ષેત્ર પામ્યો વળી, પામ્યો સમકિતી કૂળ ॥ હવે રે સુકૃત કર જીવડા, નહિં તો થાશે એ ધૂળ ॥ ડાક૦ ॥ ૮ ॥ માટે કહ્યું મારૂં માનીને, ડહ્યું રાખીને મન ॥ ભજ શ્રી પંચ પરમેષ્ઠીને, જે છે સાથેનું ધન ॥ ડાક૦ ॥ ૯ ॥ ઇતિ ॥

પદ ૪ થું.

(લેલી લેલી પુકારૂં મે બનમેં.—એ રાહ.)

જોયા જેવી જીવ તમારી, ગતિ અંતે નિશ્ચે થનારી ॥ ટેક ॥ ચતુરાઇ ચૂલામાં પડી, પ્રભુને સમર્યા નહિ ઘડી ॥ જન્મી લાભ તમે શો લીધો, ધંધો ખોટતણો ભાઇ કીધો ॥ જોયા૦ ॥ ૧ ॥ વિષયે ઘણો ઘણો તું મહાલ્યો, આપે અવળો મારગ ચાલ્યો ॥ પરનારી પેખીને મોહ્યા, ભેદ કદીએ તપાસી ન જોયો ॥ જોયા૦ ॥ ૨ ॥ ઊંચા ઊંચા મંદિરને મેઢી, ચાલે નામ તારાની પેઢી ॥ લાખે લેખાવાળી તું કરતો, જિન નામ તે મનમાં ન ધરતો ॥ જોયા૦ ॥ ૩ ॥ દેવગુરૂની ભક્તિ ન કીધી, દાન દીનને પાઇ ન દીધી ॥ આવ્યો એવો તું છું રે જવાનો, ખરેખાત નથી તું રહેવાનો ॥ જોયા૦ ॥ ૪ ॥ જોને ગયા લખેશરી લાખો, હોય પત્તો તો કોઇનો ભાખો ॥ મેઢી માળને મોટા ઝરૂખા, મૂકી ચાલ્યા માનના ભૂખ્યા ॥ જોયા૦ ॥ ૫ ॥ સાથે ગયું ન કોઇથી જવાનું, એતો થાય છે તેજ થવાનું ॥ ચેતી લેજે ચેતન આરા પ્યારા, હાલ નહિ તો બૂરા છે થનારા ॥ જોયા૦ ॥ ૬ ॥ જગદીશાને ચરણે નમજે, રૂડી રીતે ઇંદ્રિઓને દમજે ॥ ડાહ્યો થઈને ભજ પરમેશ, થાશે અંતે પછી ખાસું બેશ ॥જોયા૦ ॥ ૭ ॥ ઇતિ ॥

પદ ૫ મું.

(કહાં પાવું, કહાં પાવું યાર.—એ રાહ.)

કયાં ભમો કયાં ભમો યાર—ભલાજી તમે૦ ॥ ટેક ॥ દેહ દોહલી મેળવી આપે, ખાલી વીંઢાળો ભાર ॥ ભલાજી૦ ॥ ૧ ॥ જૂઠી જગતની માયા જાણો, ઓળખો સાર અસાર ॥ ભલાજી૦ ॥ ૨ ॥ માત પિતા બંધવને ભગિની, નહિ કોઈ સાથી થનાર ॥ ભલાજી૦ ॥ ૩ ॥ ધૂતી ધૂતી ધન ભેળું કીધું, માટી સાથે મળનાર ॥ ભલાજી૦ ॥ ૪ ॥ શેઠ કહેવાયો કરી ધન ભેળું, કર્યો ઘણા સાથે ખાર ॥ ભલાજી૦ ॥ ૫ ॥ દેવદ્રવ્યને ઓળવી આપે, ખાસો રહો ખબરદાર ॥ ભલાજી૦ ॥ ૬ ॥ માતા આવડીની માનતા રાખી, હોમ કીધા બે ચાર ॥ ભલાજી૦ ॥ ૭ ॥ ધર્મીનું નામ ધરાવ્યું પોતે, હતો કર્મીનો સરદાર ॥ ભલાજી૦ ॥ ૮ ॥ જિનજી જાપ જપ્યો નહિ એક દીન, ઢોંગે રીઝવી પર નાર ॥ ભલાજી૦ ॥ ૯ ॥ આવ્યા તેવા જવાના આપે, માટે રહો ખ-

બરદાર ॥ ભલાજી૦ ॥ ૧૦ ॥ શેવા શ્રી જિનરાજની કરીને, પામો આ ભવનો માર ॥ ભલાજી૦ ॥ ૧૧ ॥ ઇતિ ॥

પદ ૬ ઠ્ઠું.

(ધિ:ક ચુવા ધિ:ક મુજને.—એ રાહ.)

જો જો વિચારીને જીવડા, હૈયું રાખીને હાથજી ॥ જાણુ જરૂર છે ચાલવું, માલવું ન સંસારજી ॥ જો જો૦ ॥ ૧ ॥ તન છે રંગ પતંગનો, મિથ્યા મથીમરે આપજી ॥ સુત વિતદાર સગું નહિ, નહિ માય ને બાપજી ॥ જો જો૦ ॥ ૨ ॥ ત્રણ ગતિ તનની કહિ, પાળો પોખો વિધે લાખજી ॥ નર્કનાચ કીડા પડે, થાંય અંતે વા ખાખજી ॥ ॥ જો જો૦ ॥ ૩ ॥ કંકુ કેસર ને કસ્તૂરી, અત્તર અનોપમ સારજી ॥ ચર્ચે જે તું અંગને, પખોરશે મૂકી ભારજી ॥ જો જો૦ ॥ ૪ ॥ હાથે કર્યું સાથે આવશે, ફાવશે નહિ કંઇજી ॥ ફુહયો ફરે છે સંસારમાં, ફાંફાં મારીશ ત્યાંયજી ॥ જો જો૦ ॥ ૫ ॥ મનનેં ડાહ્યું રાખીને, તન અર્પીને ઈશજી ॥ ધનની દોડ દૂરે કરી, નામ જિનજીને શિશજી ॥ જો જો૦ ॥ ૬ ॥

પદ ૭ મું.

(રાજા પી લે દારૂડા.—એ રાગ.)

ભજ ભાન તજી ભગવાન તું માનવ ! માન મૂકી જરા ॥ માન મૂકી જરા—માનવ ! માન૦ ભજ ॥ ટેક ॥ વસ મસતો ધાએ ધન માટે, નાચે નિરખી નાર ॥ સાર શું એમાં શાણા માણો, જાણો એ જોખમકાર ॥ માનવ૦ ॥ ૧ ॥ કાખમાં ઘાલી ધોતી પોતી, પોતે પર આગાર ॥ મોહ માયાતણી લાલચે લાગી, કેમ ધુમેરે ગમાર ॥ માનવ૦ ॥ ॥ ૨ ॥ રામા રંજન મંજન અંજન, મશી કશી શિશ પાઘ ॥ ફાગ ગાએ જન રાગ રૂડામાં, લાગે લલાટે ડાઘ ॥ માનવ૦ ॥ ૩ ॥ રામા રામા ધન ધન કરતો, ફરતો ફરે દશ દીશ ॥ શ્રી જગદીશને શિશ નમાવા, મિથ્યા બતાવે મિશ ॥ માનવ૦ ॥ ૪ ॥ લાખોને શાખા વિતાડી, મારી ઝૂડી પાડી ધાડ ॥ રોવાડી રાંક રે ! કાંક અનાડી, ધન ધર્યું ખણી ખાડ ॥ માનવ૦ ॥ ૫ ॥ અણી આવ્યે નહિ કોઇ ધણીરણી, રમણીકું ખણી ખાડ ॥ આખર ખાખરવાશી થાશો, લાલ બનેલ લબાડ ॥ માનવ૦ ॥ ૬ ॥ રાખ થયા કંઇ રાંક કે રાજા, સાજ પૂરે સંસાર ॥ જૈન હિતેચ્છક દાસ દયાનિધિ !, કેંણતણો અધિકાર ॥ માનવ૦ ॥ ૬ ॥ ઇતિ ॥.

પદ ૮ મું.

(જીલ્લાની ગજલ.)

હા થવા શા હાલ તારા જીવ જો જરી, રે અનાડી અંધ તારી કયા મતિ ફરી ॥ હા થવા૦ ॥ ૧ ॥ સૂજે નહીં એ ભાઇ તને પંથ પાંશરો, અનેક ઉંધા પંથના તું ફંદમાં ફરયો ॥ હા થવા૦ ॥ ૨ ॥ વ્હાલાં સગાં સોબતીઓ રેહેશે વેગળાં, પત્ની પુત્ર મૂકી જાવું જીવ એકલાં ॥ હા થવા૦ ॥ ૩ ॥ રે રે પંખી રાત દહાડો માળામાં મચ્યો, વારૂં શું આજેજ આવો માળો તેં રચ્યો ॥ હા થવા૦ ॥ ૪ ॥ અનેક માળા બાંધ્યા ભાગ્યા ભાગી બાંધશો, આતે ભાગશેડમાંથી કયારે છૂટશો ॥ હા થવા૦ ॥ ૫ ॥ ચેતન પંખી એવી હવે યુક્તિ આદરો, જેથી ભાગશેડ મૂકી ઠામે થઈ ઠરો ॥ હા થવા૦ ॥ ૬ ॥ માગો વિશ્વનાથ પાસે હાથ જોડીને, નવિન પંથ શાંતિનો સ્વામિ સુજાડી દે ॥ હા થવા૦ ॥ ૭ ॥ ઇતિ ॥

પદ ૯ મું.

(ચંદારે બીના.—એ રાહ.)

વખત વરતી જા જીવ વેપારી, ખરી ખરીદની કર તૈયારી ॥ ટેક ॥ રામાટામા મૂકી ભાઈ વેગે કર વકરો, પીઠ પછીથીરે સોદાગર આવી ન મળનારી ॥ વખત૦ ॥ ૧ ॥ નરભવ નગર સમો નહીં મળશે બીજો કોઇ બજાર, લાખો લોકો થયા લખપતિ ભટકતા હતા જે ભિખારી ॥ વખત૦ ॥ ૨ ॥ ત્રિભુવન હિતકારી જિન શેઠની સલાહ શુભ લેજે, દલાલ દર્શન જ્ઞાન ચારિત્રની કર મિત્રાચારી ॥ વખત૦ ॥ ॥ ૩ ॥ ચારગતિની ચોપાટીપર સેહેલ રખે ચઢતો, પાપ ચોકમાં પગ નવ ધરતો વેગે વિચારી ॥ વખત૦ ॥ ૪ ॥ વેચી સાટી વિવિધ તરેહનાં ઝટપટ કરિઆણાં, નવિન પૂન્યનો સોદો કરતાં બોલાશે બલિહારી ॥ ॥ વખત૦ ॥ ૫ ॥ ઇતિ ॥

પદ ૧૦ મું.

(હમતો આશક હે.—એ રાહ.)

મૂકી દે મારૂં તારૂં ભાઇ એમાં સાર નથી, ભરે બાથ આભથી અરે કાંઈ વળનાર નથી ॥ ટેક ॥ પીને માયાની મદિરા છાકયો છાકયો શું ભમે, ઝપાટા જીવડા તેં કાળના જોયા નથી ॥ મૂકી૦ ॥ ૧ ॥

ક્રોધ માન માયા લોભ ચારે ધૂતારા મળ્યા, ખુશામતખોરની સોબતમાંહી સાર નથી ॥ મૂકી૦ ॥ ૨ ॥ ગુમાવી પુન્યગર્થ માઠી છે તારી ગતિ, ચેતી લે ચેતી લે ચેતન શું શું કહું કથી ॥ મૂકી૦ ॥ ૩ ॥ પ્રવૃત્તિ વેશ્યાના પ્રસંગે બુદ્ધિ તારી મારી ગઈ, નિવૃત્તિ પટ્ટરાણી જેવી નારી મળનારી નથી ॥ મૂકી૦ ॥ ૪ ॥ પત્નિ પુત્ર સ્નેહી સગાં છે સંબંધી સ્વાર્થનાં, આપત્તિ આવે પાસે જીવ ઉભું રહેનાર નથી ॥ ॥ મૂકી૦ ॥ ૫ ॥ સાચા સ્નેહી સગાંમાંહી એક વિતરાગ છે, નંવિન વિશ્વબંધુવિના પાર પામવું નથી ॥ મૂકી૦ ॥ ૬ ॥ ઇતિ ॥

પદ ૧૧ મું.

(ગિરધારી રે.—એ રાહ.)

સમજાવું રે તોએ મનપતંગ ન માને, જાયે બળવા ઉડી પરાણે ॥ શું વારૂં રે બાઝે એ અનેક બાને, નવ સારૂં નરસું પિછાણે ॥ ટેક ॥ રે પતંગ પામર પ્રાણીરે, સુણી હિતકારક આ વાણીરે ॥ લે તત્વ તરત કાંઈ તાણીરે, અજ્ઞાનીરે ભમતો શું બેભાને ॥ જાયે૦ ॥૧॥ ભાઇ કાયારે તારી ભડભડ બળશે, રાખ રાખ માંહિરે મળશે ॥ એ પીડારે શી રીતે સહેવાશે, પછી પાછળ તું પસ્તાશે ॥ તે વખતે રે કરતાં ક્રોડ કલ્પાંત, નવ વળવાનું કાંઈ ભ્રાત ॥ કૂવો ખોદવોરે આગ સળગતાં વાંક, શું કહીએ બને એ વાત ॥ તું પેહેલેથી જો ચેતેરે, તો ઝાળથકી રહે છેટેરે ॥ સ્વલ્પ લાલચમાં રખે લેટેરે, સંસારનીરે ઝાળનું બળ નવ જાણે ॥ જાયે૦ ॥ ૨ ॥ રંગ બેરંગીરે પાંખ આ સુંદર બળશે, તારી ચપળગતિ પણ ટળસે ॥ નવ સમજીશરે સગાં સંબંધી તારાં, હાથે કરી એ હોમી દેનારાં ॥ બનાવીરે ખૂબ તને મસ્તાન, દેશે તારૂં પછી બળિદાન ॥ એ ઝાળમાં રે જો તું નવ સપડાય, તો તો તારી ચતુરાઈ ગણાય ॥ જા દોડી તું એક સાસેરે, તે જ્ઞાનદિપકની પાસેરે ॥ ત્યાં અદ્દભૂત શાંતિ થાશેરે, શિવપુરીએરે નવીન ઝડપ પહોંચાડે ॥ જાયે બળવા ઉડી પરાણે ॥ ૩ ॥ ઇતિ ॥

પદ ૧૨ મું.

(મેરે ગમકા તરાના.—એ રાહ.)

રે રે કુમતિના રાગી, જોને તું જાગી, શી દશા થશે ॥ તારૂં સર્વ છિનાવી, લેઇ પટાવી, પાપી બનાવી, ઠેલી ચલશે ॥ ટેક ॥ ગો-

દમાં ઘાલી નિત્ય બતાવે, નવ નવા રાગને રંગ ॥ મોહમદિરાથી મત્ત ન જાણે, એ ધૂતારીના ઢંગ ॥ જૂઠી પ્રિત જણાવી, ફંદે ફસાવી, પાપી બનાવી, ઠેલી મેલશે ॥ રે રે કુમતિના૦ ॥ ૧ ॥ જે જન વાવે ઝેરનો વેલો, આણી અતિશે વહાલ ॥ અમૃત સરખાં ફળ આંબાનાં, પામે નહીં કદી કાળ ॥ વાત આવી ચાવી, મન્ન ન ભાવી, કુમતિ ફાવી, પાપી બનાવી, ઠેલી મેલશે ॥ રે રે કુમતિના૦ ॥ ૨ ॥ રે રે ચિદાનંદ સુમતિના સ્વામિ, પરઘેર પૂર્યો વાસ ॥ ગુણવંતી આ સુમતિ ગોરી, નાહક કીધી નિરાશ ॥ દયા લેશ ન આવી, બુદ્ધિ ગમાવી, સુમતિ રીસાવી, પાપી બનાવી, ઠેલી મેલશે ॥ રે રે કુમતિના૦ ॥ ૩ ॥ સુંદર મંદિરમાંહી રમે તું, કરે ન કાંઇ વિચાર ॥ સહસ્ર બેડિયે કુમતિ બાંધી, કરશે છેક લાચાર ॥ તારી દૃષ્ટિ ચૂકાવી, ટેક મૂકાવી, જૂઠું ભણાવી, પાપી બનાવી, ઠેલી મેલશે ॥ રે રે કુમતિના૦ ॥ ૪ ॥ સૂનો મહેલ પડયો સુમતિનો, શાશ્વત સુખનું ઠામ ॥ ચટપટ ચેતીને ચેતનજી, રંગે કરો આરામ ॥ ગાન નવિન સુણાવી, રોજ રિઝાવી, ચિંતા બુઝાવી, મોક્ષે પહોંચાડી, સુમતિ મેલશે ॥ રે રે કુમતિના૦ ॥ ૫ ॥

पद १२ मुं.

(શાર્દુલવિક્રિડિત છંદ.)

મેડી માળ મહેલ અશ્વ ગજને, મૂકી જવું એકલા ॥ સંબંધી જન સ્વાર્થ અર્થિ સઘળા, અંતે રહે વેગળા ॥ વાડી ખેતર બંગલા બગી વળી, છાજે છજા ગોખડા ॥ જાગી જો નર મોહજાળ સઘળી, તૈયાર થા તોડવા ॥ ૧ ॥ કાયા જોબન કાંઈ નિશ્ચળ નહીં, ભાઇ તને શું થયું ॥ મારૂં માન્યું મમત્વથી મન વિષે, વાયે જશે સૌ વહ્યું ॥ નિદ્રાને પ્રમાદમાં પરવર્યું, તારૂં ગયું તોરમાં ॥ જાગી૦ ॥ ૨ ॥ સારૂં ઉત્તમ આ શરીર જરતે, હાથે મળ્યું હારમાં ॥ ઓચિંતો અકળાવશે ધસમસી, માથે ફરે કાળ આ ॥ આધિ રોજ ઉપાધિ વ્યાધિ વધશે, જાજે પછી દોડવા ॥ જાગી૦ ॥ ૩ ॥ ભાળી ન્યાલ થયો ભલે ભૂવન તું, રાચીશ માં રોબમાં ॥ આયૂ ચંચળ ચેતજે પળે પળે, છીજે તને છોડવા ॥ પુત્રાદિ પરિવાર સાર સમજી, શાને પડયો મોજમાં ॥ ॥ જાગી૦ ॥ ૪ ॥ શી તારી ગતિ મંદ આ શિથિળતા, મારી ગઇ છે મતિ ॥ ધાર્યું ધૂળ થશે સહી પલકમાં, શક્તિ કરોને છતી ॥ પારાધિ

કદી આવીને પકડશે, સંતાય કયાં સોડમાં ॥ જાગી૦ ॥ ૫ ॥ ગાઢે બંધન પાસમાં ફસી પડ્યા, ઉપાય શોધી કરો ॥ છૂટો છૂટી શકાય જો કળબળે, છૂટે થકી છૂટકો ॥ બાજી છે હુજી હાથ ઉઠ મૂરખા, ખામિ પડી ખોળવા ॥ જાગી૦ ॥ ૬ ॥ મર્દાની અભિમાની માનિ અમથી, વાહ્યો જશે વાજમાં ॥ બહાદૂરી બજવાય તો શીદ રહે, આ આળ પંપાળમાં ॥ હાથે સૌ હથિયાર હામ ધરીને, ઘૂમો અરિ ફોજમાં ॥ ॥ જાગી૦ ॥ ૭ ॥ જાયાને જનની પ્રિયાજનક સૌ, માયા રચી માનવી ॥ તત્વે તંત નહીંજ તુત સઘળું, રે ચેતજે માનવી ॥ દેખાય ભપકો બધો ઉપરનો, છે છારના છોડવા ॥ જાગી૦ ॥ ૮ ॥ ઇતિ ॥

પદ ૧૪ મું.

(દોહરા.)

નિરોગી કાયા નકાં, કલેશી કૂલટા નાર ॥ જાયા માયા સૂત નહિ, આ સંસાર અસાર ॥ ૧ ॥ જર જોરૂ ઘર સાંપડે, હોય પુત્ર નાદાર ॥ સુખ મલે નહીં સ્વપ્નમાં ॥ આ૦ ॥ ૨ ॥ રિદ્ધિ સિદ્ધિ મેળવી, પુત્ર ન તે દુઃખકાર ॥ સુખ સઘળું કયાંથી મળે ॥ આ૦ ॥ ૩ ॥ દરિદ્રીને બહુ સંતતિ, તે પણ અતિ દુઃખકાર ॥ સંપ હોય નહિ સ્વજનમાં ॥ આ૦ ॥ ૪ ॥ કૂળ ખંપણ સંતતિ થયે, ચિંતાનો નહિ પાર ॥ ઝુરી ઝુરીને મરે ॥ આ૦ ॥ ૫ ॥ તરૂ નવપલ્લવપર મળે, પક્ષી વિવિધ પ્રકાર ॥ દવ બળતો દેખી ખસે ॥ આ૦ ॥ ૬ ॥ તેમ સ્વજન હેજે મળે, ચડતીમાં ખાનાર ॥ પડતીમાં પલાયન કરે ॥ આ૦ ॥ ॥ ૭ ॥ પાપ કરીને મેળવ્યું, ખાઇ જશે ખાનાર ॥ માથે પડશે તાહરે ॥ આ૦ ॥ ૮ ॥ પરભવ જાતાં જીવને, કોઇ ન આવે લાર ॥ મમત્વ કરો નહિ માનવી ॥ આ૦ ॥ ૯ ॥ યોગ્ય સામગ્રી સૌ મળી, ધર્મ કરો સુખકાર ॥ નહિ તો પસ્તાવો થશે ॥ આ૦ ॥ ૧૦ ॥ દેવગુરૂને ધર્મને, ઓળખજો આ વાર ॥ ત્રણ તત્વ સાધો સુખે ॥ આ૦ ॥ ૧૧ ॥ સ્વજન સંબંધી સ્વાર્થિ, ધર્મ સખાઈ ધાર ॥ આ ભવ પરભવ જીવને ॥ આ૦ ॥ ૧૨ ॥ ચોદિશ દવ લાગી રહ્યો, નિકળશે જો સાર ॥ આગળ કામે લાગશે ॥ આ૦ ॥ ૧૩ ॥ દવ બળતો દેખી કરી, ગભરાવું નહિં ચાર ॥ સાર વસ્તુ સંભાળવી ॥ આ૦ ॥ ૧૪ ॥ આત્મવિર્ય ઉલ્લાસથી, કમર કસો હુશ્યાર ॥ ઝવેર અવસર ચૂકશો ॥ આ૦ ॥ ૧૫॥

પદ ૧૫ મું.

(કરી કપટનું આવું કામરે.—એ રાગ.)

પ્રાણી મોહની નિંદથી જાગરે, ઊંઘ તને કેમ આવે ॥ કાળ રહ્યો તપાસીને લાગરે ॥ ઊંઘ૦ ॥ જોને લોકો લખેસરી લાખરે, ઊંઘ૦ થયા મશાણભૂમિમાં રાખરે ॥ ઊંઘ૦ ॥ ૧ ॥ કેવા હતા દેવાંશી દાતારરે, ઊંઘ૦ ગયા તેના નથી સમાચારરે ॥ ઊંઘ૦ ॥ હાથી હોદ્દાએ શોભતા અનૂપરે, ઊંઘ૦ એવા ચાલી ગયા મ્હોટા ભૂપરે ॥ ઊંઘ૦ ॥ ૨ ॥ નથી આવરદાનો નિરધારરે, ઊંઘ૦ જવું બપોર સાંજ કે સવારરે ॥ ઊંઘ૦ ॥ સ્વપ્ન જેવો આતો સંસારરે, ઊંઘ૦ ચાલ્યા જવું મેલી ઘરબારરે ॥ ઊંઘ૦ ॥ ૩ ॥ નથી સાંભળતો શ્રવણે શાસ્ત્રરે, ઊંઘ૦ વૃથા જન્મ ગુમાવે કૂપાત્રરે ॥ ઊંઘ૦ ॥ નથી કરતો સાધુજીથી પ્રિતરે, ઊંઘ૦ ॥ નથી નિતિયોની રાખી રૂડી રીતરે ॥ ઊંઘ૦ ॥ ૪ ॥ માન મેલીને ભજ ભગવાનરે, ઊંઘ૦ એક દીને જવું સમશાનરે ॥ ઊંઘ૦ ॥ જરા આંખ્ય ઉઘાડીને ભાળયરે, ઊંઘ૦ પાણી પેલી પ્રાણી બાંધ પાળરે ॥ઊંઘ૦॥ ॥ ૫ ॥ હજી ચેતો તો કાંઈક છે ઠીકરે, ઊંઘ૦ ન કો શર્ણ આવે મરણ નજીકરે ॥ ઊંઘ૦ ॥ છળ ચાળા ને ખડપટ છોડરે, ઊંઘ૦ પ્રભુ સંઘાથે દ્રઢપ્રિતી જોડરે ॥ ઊંઘ ॥ ૬ ॥ ગયો વખત ફરી ન મળશે રે, ઉંઘ૦ પછી પસ્તાયે તે શું વળશેરે ॥ ઊંઘ૦ ॥ કેવળમુનિ કહે છે તુંજ માટેરે, ઊંઘ૦ શિદ રત્ન વેચે છે કોડિ સાટેરે ॥ ઊંઘ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

પદ ૧૬ મું.

(કરી કપટનું આવું કામરે.—એ રાગ.)

જીવ જવું છે આજ કે કાલરે, સાથે કાંઇ નહિ આવે ॥ ભલો થઇને તારૂં તું સંભાળરે ॥ સાથે૦ ॥ ભલે વા'લો તું સહુને અપારરે, સાથે૦ તારે સાટે નથી મરનારરે ॥ સાથે૦ ॥ ૧ ॥ ઘણા જનનો તું પાલણહારરે, સાથે૦ બનિશ એકલો બનીને છારરે ॥ સાથે૦ ॥ ભલે ભૂષણ પહેરે અપારરે, સાથે૦ ભલે પૂછાતો દરબારરે ॥ સાથે૦ ॥ ॥ ૨ ॥ ઘણો દેખાડે વૃથા પ્યારરે, સાથે૦ જતાં કરીને લાંબો જુહારરે ॥ સાથે૦ ॥ ફેકટ મોહેછે દેખી રૂડી નારરે, સાથે૦ તુને જાતાં તે જમને દ્વારરે ॥ સાથે૦ ॥ ૩ ॥ ભલે દોસાલો ઓઢે તું અંગરે, સાથે૦ ભલે પોઢે તું છત્ર પલંગરે ॥ સાથે૦ ॥ ભલે છત્ર ઢળાવે શીશરે,

સાથે૦ ભલે ખમા પોકારે ચોદીસરે ॥ સાથે૦ ॥ ॥ ૪ ॥ ભલે બેશીને ચાલ સુખપાલરે, સાથે૦ ભલે રંડીયોથી મોજ માણે વ્હાલરે ॥સાથે૦॥ ભલે ચામર ઢળાવે દો પાસરે, સાથે૦ અંતે લાકડામાં લેતા વાસરે ॥ સાથે૦ ॥ ૫ ॥ ઓચિંતાનુ જવુ થશે ચાલરે, સાથે૦ તારાં રોતાં ર ખડશે બાળરે ॥ સાથે૦ ॥ મોટા સાથે તારી પહિચાનરે, સાથે૦ સૌને તજીને જાંતા મશાણરે ॥ સાથે૦ ॥ ૬ ॥ તું તો માણે છે નિત્યં નવિ મોજરે, સાથે૦ પણ જાવું છે પરભવ ખોજરે ॥ સાથે૦ ॥ ભલે જમો મેવા કે પકવાનરે, સાથે૦ કેવળમુનિનું સાચું માનરે ॥ સાથે૦ ॥ ૭ ॥

પદ ૧૭ મું.

(કરી કપટનું આવું કામરે.—એ રાગ.)

મૂરખ સમજે નહિ તું કેમરે, મોહની દૂર કરને ॥ તેંતો બાંધ્યો પ્રેમદામાં પ્રેમરે ॥ મોહની૦ ॥ જીવ જાવું છે એકલું કાલરે, મોહની૦ પછી રોશે તે સગાં સહુ બાળરે ॥ મોહની૦ ॥ ૧ ॥ પ્રીતિ કીધી સગાંની સાથરે, મોહની૦ તેંતો અહી છે પાપની બાથરે ॥ મોહની૦ ॥ ધન મેળવી કહેવાણા શેઠરે, મોહની૦ તેતો પેઠા પાતાળમાં ઠેઠરે ॥મોહની૦ ॥ ૨ ॥ તેંતો યુદ્ધ કરી મેળવ્યું રાજરે, મોહની૦ તેથી લીધું તેં સાતમીનું રાજરે ॥ મોહની૦॥ અહોરાત રહ્યો સ્ત્રીની પાસરે, મોહની૦ સાધુ દેખીને પામતો ત્રાસરે ॥ મોહની૦ ॥ ૩ ॥ કુટિલ જનોનો કીધો તેં સંગરે, મોહની૦ વળિ રાચ્યો મિથ્યાત્વના સંગરે ॥મોહની૦ ॥ મોજ શોખ કરી કાઢ તું રાતરે, મોહની૦ એતો પડે છે કાળના હાથરે ॥ મોહની૦ ॥ ૪ ॥ વાદ વદવામાં રહ્યો અચૂકરે, મોહની૦ પરધન લેતાં ન પડે ચૂકરે ॥ મોહની૦ ॥ સ્ત્રી દેખીને ઉર પામ્યો મોદરે, મોહની૦ તેથી વધાર્યા ભવના ઓઘરે ॥ મોહની૦ ॥ ૫ ॥ તને લાગ્યાં છે કામનાં બાણરે, મોહની૦ તેથી મુખડામાં વિષયની વાણરે ॥મોહની૦ ॥ વા'લો કર્યો છે ખળનો સંગરે, મોહની૦ તેથી થયું વક્ર તુજ અંગરે ॥ મોહની૦ ॥ ૬ ॥ મોહ છોડીને કર તું ધર્મ રે, મોહની૦ તેથી ટળશે તે તારાં કર્મ રે ॥ મોહની૦॥ આત્મરસનું કર તું પાનરે, મોહની૦ મુનિ હર્ષનું વાક્ય આ માનરે ॥ મોહની૦ ॥ ૭ ॥ ઇતિ ॥

પદ ૧૮ મું.

(કરી કપટનું આવું કામરે.—એ રાગ.)

તુંતો કરને ધરમનું કામરે, આગળ સુખ પડશે ॥ જો બિઠીશ

પાપમાં હામરે, પાછળ દુઃખ નડશે ॥ ધરે જિનેશ્વરનું નિત્ય ધ્યાનરે, આગળ૦ જો રાખીશ મનમાં માનરે ॥ પાછળ૦ ॥ ૧ ॥ રૂડી નિતિયો જો રાખીશ પાસતો, આગળ૦ ઘણા લોકોને આપીશ ત્રાસતો ॥ પાછળ૦ ॥ ભલા સાધુજીનું માનીશ કેણ તો, આગળ૦ વૃથા વદીશ મુખથી જો વેણતો ॥ પાછળ૦ ॥ ૨ ॥ ખરે સાત વ્યસન કરે દૂર તો, આગળ૦ જો લઈશ એક હુજૂર તો ॥ પાછળ૦ ॥ ઘડી બેશીને પ્રભુ સંભાળતો, આગળ૦ જો મટીશ દિલનો દયાળ તો ॥ પાછળ૦ ॥૩॥ ગરીબ પ્રાણિની અનુકંપા લાવ તો, આગળ૦ નહિ કરે અનાથનો બચાવ તો ॥ પાછળ૦ ॥ જીવ પોતાનો જાણ એમ પર તો, આગળ૦ વીર વચન કાને ન ધર તો ॥ પાછળ૦ ॥ ૪ ॥ કર પાત્ર પુરુષને દાન તો, આગળ૦ ગળાસુધી આરોગીશ ધાન તો ॥ પાછળ૦ ॥ નામ્ય મહાત્માને ચરણે શીશ તો, આગળ૦ જો કરીશ દેખીને રીસ તો ॥ પાછળ૦ ॥ ૫ ॥ સુખ દુઃખ વેઠીશ સમભાવ તો, આગળ૦ કોઇને પિડીશ રાખીને દાવ તો ॥ પાછળ૦ ॥ અથિર આયુ જાણી ચિત્ત ચેત તો, આગળ૦ હેત જાણિ કરીશ કહેત તો ॥ પાછળ૦ ॥ ૬ ॥ સહુ સાથે રાખીશ જો સંપ તો, આગળ૦ જો ભુલીશ વિનયની ફંમ તો ॥ પાછળ૦ ॥ મુનિ કેવળનું કેણ સાચું માન તો, આગળ૦ હજી નહિ તજે તોફાન તો ॥ પાછળ દુઃખ નડશે ॥ ૭ ॥ ઇતિ ॥

पद १ए मुं.

તેં પ્રભુને વિસાર્યારે, જીવડલાપાપી ॥ સુપ્ને પણ ન સંભાર્યારે જીવડલાપાપી ॥ મનુષ્ય જન્મ ધરીને, ન સુકૃત કાંઇ કીધું ॥ દુઃખડું તેં ખેંચી લીધું રે ॥ જીવડલા૦ ॥ ૧ ॥ દીન રાત ધનને માટે, તું જિહાં તિહાં જૈ પેઠો ॥ ન પગવાળિને બેઠો રે ॥ જીવડલા૦ ॥ ૨ ॥ પરદારાઓ દેખિને, લબાડ તું લલચાયો ॥ વળી તેં મોહ મચાયો રે ॥ જીવડલા૦ ॥ ૩ ॥ ન ઇજત સામું જોયું, તેં બાપ કે દાદાની ॥ કરાવી ફજેતી માની રે ॥ જીવડલા૦ ॥ ૪ ॥ જો પૂરભવના પુન્યે, મનુષ્યદેહ મળિયો ॥ કેમ થૈને બેઠો ગળિયો રે ॥ જીવડલા૦ ॥ ૫ ॥ ન સાધુ કેરા ચરણે, મસ્તક નામ્યું જૈને ॥ રહ્યો અહંપદ લૈનેરે ॥ જીવડલા૦ ॥ ૬ ॥ નાણું આ સાચું મેલી, જૂઠામાં મનડું મોહ્યું ॥ લૈ રેતીને મુખ ધોયું રે ॥ જીવડલા૦ ॥ ૭ ॥ સાંપડયું છે આજે, ચિંતામણી આ સાચું ॥ સીદ મનને રાખે ટાંચું રે ॥ જીવડલા૦ ॥ ૮ ॥

ફરી ન મળશે આવો, જોગ તુજને જોતો ॥ નહિ માને તો રહિશ રોતો રે ॥ જીવડલા૦ ॥ ૯ ॥ આગળ તારૂં જીવડા, કોઈ નથી ત્યાં બેલી ॥ સીદ પુન્યને મેલે ઠેલી રે ॥ જીવડલા૦ ॥ ૧૦ ॥ પાણીના પરપોટા, જેવી છે કાયા તારી ॥ એ શું ન જૂવે વિચારી રે ॥ જીવડલા૦ ॥ ૧૧ ॥ પાળિ પાણી પ્હેલી, બાંધીશં તો બંધાશે ॥ નહીંતો પસ્તાવો થાશે રે ॥ જીવડલા૦ ॥ ૧૨ ॥ જાવું છે તેતો સાચું, શા ઉપર મોજ માણે ॥ ઠરવું છે જૈ મશાણે રે ॥ જીવડલા૦ ॥ ૧૩ ॥ કેવળ મુનિ તારે, માટે આ વાણી કે'છે ॥ શ્યામાટે અવળો રે'છે રે ॥ જીવડલા૦ ॥ ૧૪ ॥ ઇતિ ॥

पद २० मुं.

(ધિરાનો રાગ.)

જાણ તું જાવું છે રે, નથી રે રહેવું આ દુનિઆમાં ॥ પાછળ થશે પસ્તાવું રે, ગયા ન દીઠા સુપનિઆમાં ॥ જાણ૦ ॥ ૧ ॥ જેમ કુશાગ્રે પાણીનો બિંદુ, ટકે ન ઝાઝી વાર ॥ આવખું તારૂં એમ અથિર છે, થા ધર્મ વિષે હુંશિયાર ॥ હીંમત મન રાખો રે, હારવું ન આ દુનિઆમાં ॥ જાણ૦ ॥ ૨ ॥ મગરૂરીમાં માનવી તું, કહે છે મારૂં મારૂં ॥ અંતરજ્ઞામ વિચારતાં, ભાઈ ! કોણ જગતમાં તારૂં ॥ સહુએ સુખમાં બેલી રે, છેટે તો થશે દુ:ખનિઆમાં ॥ જાણ૦ ॥ ૩ ॥ જે નર હસ્તિને ખંધે ચડીને, ઢળાવતા ચામર છત્ર ॥ આજ્ઞાઅંગિત એ ઉભા હતા, અનુચરે પણ તત્ર ॥ એવાના નથી પત્તા રે, ગયા શોખ તજી આ દુનિઆમાં ॥ જાણ૦ ॥ ૪ ॥ રાજા રાવણ સરિખા કોટિ, ગયા જૂઓ ભૂપાળ ॥ અમર તો થૈ કોઈ ન રહ્યા, તું તારૂં સંભાળ ॥ કેવળમુનિ કહે છે રે, વિચાર વીરા જોબનિયામાં ॥ જાણ૦ ॥ ૫ ॥

पद २१ मुं.

જોને વિચારી એવું રે, આ સ્વપ્ના જેવું તન તારૂં ॥ ગણ ભલે કાંચન જેવું રે, પણ અંતે તો રાખ થનારૂં ॥ જોને૦ ॥ ૧ ॥ શાનતકુમાર ચક્રી વળી જૂઓ, છ ખંડનો પ્રતિપાળ ॥ રૂપ અનૂપમ તેના દેહનું, ક્ષણમાં થયું વિશરાલ ॥ શું અભિમાન મન રાખો રે, દેહીનું તેજ જનારૂં ॥ જોને૦ ॥ ૨ ॥ રાંક જેમ સુપનાની માંહી, પામ્યો રાજ વિલાસ ॥ વૈભવ દીઠા પણ ન વિલશ્યા, જાગીને થયો ઉદાશ ॥ એવું સુખ આ ભાસે રે, અંતેતો જાઠું છેજ વારૂં ॥ જોને૦ ॥

॥ ૩ ॥ સેજતળાઈમાં રોજ પોઢતા, મસુરીઆં ધરી ગાલ ॥ દિન રાત જરી ન જાણતાં, તેને પણ લઈ ગયો કાળ ॥ અચાનક એકલું જાવું રે, નથી સાથે કોઈ થનારૂં ॥ જોને૦ ॥ ૪ ॥ ધન કણ કંચન અને કામનિ, રંચ ન આવે સાથ ॥ સમશાનભૂમિમાં સૂકા કાષ્ટે, બળશો થઈ અનાથ ॥ કેવળમુનિ કહે છે રે ચેતે તો ઠીક થનારૂં ॥ જોને૦ ॥૫॥

પદ ૨૨ મું.

આ તન છે રંગ પતંગી રે, તેની શી ધરવી માયા ॥ ક્ષણમાં થશે બેરંગી રે, જેશી બાદળકી છાંયા ॥ આ તન૦ ॥ ૧ ॥ જાયા તેતો જરૂરજ જાશે, નથી અખંડ રહેવાના ॥ વૃદ્ધ જૂવાન ને નાના મોટા, સઉએ અવધે જવાના ॥ વિચારો મન એવું રે, કોન અમર હોકે આયા ॥ આ તન૦ ॥ ૨ ॥ તારા દેખતાં તો કંઈ ગયા ચાલી, તારે જવું એ વાટ ॥ શ્યાને મન કરતો નથી અહયા, મરી જવાના ઉચાટ ॥ અરે ગુમાની ઘેલારે, છોડી દે મમતાને માયા ॥ આ તન૦ ॥ ॥૩॥ કાયા તારી આ દીસે જાજરી, જેવો કાચનો કૂપ ॥ વિણસી જાતાં વાર નહીં લાગે, તેમ એ રૂપ કુરૂપ ॥ એમાં તું શું રાચે રે, જૂઠી છે સઘળી માયા ॥ આ તન૦ ॥૪॥ માટીથી મંદિર ચણી ચણી, પાયો નાંખ્યો મજબૂત ॥ આયુષ આતો અથિર છે તારો, તે ન વિચારે તું ભૂત ॥ કેવળમુનિ કેં'છે રે, ભિંત કાચી તેમ કાચી માયા ॥ આ તન૦ ॥ ૫ ॥

પદ ૨૩ મું.

અરે સમજ મન ભાઈ રે, કહ્યું માનીને આ મારૂં ॥ જાશે જીવ કરી જૂદાઈ રે, પછી તો થાશે અંધારૂં ॥ અરે૦ ॥ ૧ ॥ ક્રોડપતિ નગરશેઠ થઈને, કાઢયું દુનિઆમાં નામ ॥ પણ પ્રભુ ભજ્યાવિના તો જાણો, અંતે એ નામ કુનામ ॥ એવું વિચાર મારા વિરારે, પ્રભુ વિના નથી કોઈ તારૂં ॥ અરે૦ ॥ ૨ ॥ દશ ગયા તેમ વિસ ગયાને, તેમજ ગયા પચાસ ॥ સાઠ સિત્તેર એંસી નેવું સો, રહિ ગઈ તોય કુભ્યાસ ॥ કામ ન પૂરૂં કીધું રે, રહ્યું અધુરૂં ઘણું તારૂં ॥ અરે૦ ॥ ॥ ૩ ॥ કાળરૂપ જો આવશે તેડું, નહિ માત પિતાનું જોર ॥ બળિયો થઈને લઈ જાશે તને, સુંદરિ કરતે સોર ॥ અગ્નિમાં હોમી દેશે રે, બળિ છાર થશે તન તારૂં ॥ અરે૦ ॥ ૪ ॥ કાષ્ટસમ બળશે તુજ કાયા, ઘાસસમ બળશે કેશ ॥ એવું દુઃખ દેખે સમશાન ॥ તોય ન સમ-

જયો લેશ ॥ કેવળમુનિ કે'છે રે, હજુ સમજે તો ઘણુંય સારૂં ॥ અરે સમજ મન ભાઇરે, કહ્યું માનીને આ મારૂં ॥૫॥ ઇતિ ॥

પદ ૬૪ મું.

(કુબ્જાશું તપ કીધું રે, ઓધવજી એવું.—એ રાગ.)

કરને વિચાર એવો રે, ઓ પ્રાણિ તું તો ॥ કરને વિચાર એવો રે ॥ ટેક ॥ જોને દ્વારીકાં સનૂરી, હતી જેવી સ્વર્ગપૂરી ॥ દશા થઇ તેની બૂરીરે ॥ ઓ૦ ॥ ૧ ॥ વળી લંકાનો ભૂપાળ, હતો છયલ છોગાળ ॥ સુમિત્રાનંદે આણ્યો કાળ રે ॥ ઓ૦ ॥ ૨ ॥ કીચક જો દૂરાચારી, ઇચ્છતો દ્રુપતિ નારી ॥ કૂટો કીધો ભીમે મારી રે ॥ ઓ૦ ॥૩॥ અમરકંકાનો રાજા, દ્રુપતિ સતીને કાજા ॥ કૃષ્ણે લોપી તસ માજારે ॥ ઓ૦ ॥ ૪ ॥ એવા મોટા મોટા કેઇ, કાળ ગયો તેને લેઈ ॥ આલોચ એ ચિત્ત દેઇ રે ॥ ઓ૦ ॥ ૫ ॥ એમ આ અથિર બાજી, એમાં શું તું થાય રાજી ॥ રહ્યો શિર કાળ ગાજી રે ॥ ઓ૦ ॥ ૬ ॥ જો તું નજરે નિહાળી, કેટલાક ગયા ચાલી ॥ થઇ ગયાં ધામ ખાલી રે ॥ ઓ૦ ॥ ૭ ॥ તારી હેડીના ને મોટા, વૃદ્ધ ને જુવાન છોટા ॥ ગયા એવા કંઇક જોટારે ॥ ઓ૦ ॥ ૮ ॥ જાવું એ અચૂક જાણે, નથી રે'વું આને ઠાણે ॥ શા ઉપર મોજ માણે રે ॥ ઓ૦ ॥ ૯ ॥ જાવું છે એકલા હોઇ, સાથે નહીં આવે કોઇ ॥ રે'શે અંતે સગાં રોઇ રે ॥ ઓ૦ ॥ ૧૦ ॥ નથી લલના એ તારી, સ્વારથની છે તે પ્યારી ॥ અંતે અળગી થનારી રે ॥ ઓ૦ ॥ ૧૧ ॥ જાવું છે પરાએ ગામ, ત્યાં નથી સગાનું ધામ ॥ કરને વિચાર આમ રે ॥ ઓ૦ ॥ ૧૨ ॥ જ્યાં સુધી શરીરે શક્તિ, કરી લે પ્રભુની ભક્તિ ॥ તેથી છે શિવપુર લક્તિ રે ॥ ઓ૦ ॥ ૧૩ ॥ વળી કર દયાનું કામ, ઉર વિષે રાખી હામ ॥ રટ એક પ્રભુનું નામ રે ॥ ઓ૦ ॥ ૧૪ ॥ પીંપળાના પાન જેવું, આવખું અથિર એવું ॥ વળી વારી તરંગ જેવું રે ॥ ઓ૦ ॥૧૫॥ ડાભ અગ્રે પાણી જેમ, યોવન આ દીસે તેમ ॥ વિચાર ન ઉર કેમ રે ॥ ઓ૦ ॥ ૧૬ ॥ નભ તળે જો વિચાર, વિજળીનો ચમત્કાર ॥ એવું તારૂં આયુ ધાર રે ॥ ઓ૦ ॥ ૧૭ ॥ એમ સૌ અથિર જાણી, પ્રભુ ભજો પ્રેમ આણી ॥ નથી પછી દુઃખ ખાણી રે ॥ ઓ૦ ॥ ॥ ૧૮ ॥ પુજ રૂગનાથજી પ્રતાપે, મુનિ કેવળચંદ આપે ॥ કહ્યું એ પૂરણ માપે રે ॥ ઓ૦ ॥ ૧૯ ॥ ઈતિ ॥

पद २५ मुं.

(કુબ્જાશું તપ કીધું રે, ઓધવજી એવું.—એ રાગ.)

સમજ સમજ પ્રાણિ રે, તું દિલવિષે ॥ સમજ સમજ પ્રાણિ રે ॥ ટેક ॥ પૂરવે પુનાઇ તારી, કીધેલી ભાઇ તેં ભારી ॥ જેથી થયો ભોગદારી રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૧ ॥ મનુષ્ય અવતાર પામી, સેવી લે અંતરજામિ ॥ વેળા શું કાઢે નકામી રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૨ ॥ રૂડો જૈનધર્મ મિત્ર, પામ્યો તું પૂરણ પવિત્ર ॥ કર સરધા જેવી રીત રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૩ ॥ પંચપ્રમેષ્ટિ જે દેવા, અન્ય નથી કોઇ એવા ॥ સમરથ તારણ તેવા રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૪ ॥ મનુષ્ય તું શાથી હુવો, તે ભેદ તપાસી જુવો ॥ ખાલી શું આ વેળા ખુવો રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૫ ॥ જન્મ્યો હતો જે વારે, સાથે નો'તું કોઇ તારે ॥ એકલા જાવું એ વારે રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૬ ॥ શું તું દેખી લલચાયો, ફોગટ ફુલે ફુલાયો ॥ અંતકાલે કોઈ નાચ્યો રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥૭॥ છળભેદ કરી આપ, પૂરણ સંચ્યાં તેં પાપ ॥ તેનો તુંને થાશે તાપ રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૮ ॥ જઇશ જ્યારે જમ દ્વારે, અણમાપ્યો માર મારે ॥ કોણ ત્યાં આવી ઉગારે રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૯ ॥ ભંડાર ભરી મકલાણો, મન વિષે તેં ન જાણ્યો ॥ સાથે નહીં આવે દાણો રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૧૦ ॥ મોટા જોને કંઇ શ્રીમંતો, ગયા હોશે કંઈ ગત્તો ॥ હજી નથી તેનો પત્તો રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૧૧ ॥ ખાતા પીતા બેશી ભેગા, જાવું આવવું પણ ભેગા ॥ એવા તુંથી થયા એગા રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૧૨ ॥ જોને નજરે વિચાર, કંઈક ગયાં નર નાર ॥ આ બાંધ્યાં રહ્યાં ઘરબાર રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૧૩ ॥ સૂર ને અસૂર તેવા, હરી હલર ચક્રી જેવા ॥ અચલ ન રહ્યા એવા રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૧૪ ॥ મોટા મુનિવર સુપાત્ર, ગયા તિરથના યાત્ર ॥ તો મનુષ્ય કોણ માત્ર રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૧૫ ॥ એમ જાણી તું જરૂર, રાખ્ય ઇચ્છા ધર્મ ઉર ॥ કરને કુકર્મ દૂર રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૧૬ ॥ પ્રભુના ચરણે તામ, સમરયો આતમરામ ॥ અખંડ રાખ્યું તેણે નામ રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૧૭ ॥ બાકી તો છે ખોટી માયા, રૂડું કર્યું તે કમાયા ॥ બીજા તો ફોગટ ફુલાયા

રે, તું દિલવિષે ॥ સમજ૦ ॥ ૧૮ ॥ રાચો ન ફોગટ ફંદે, સૂકૃત કરો મન આણંદે ॥ કથ્યું એમ કેવળચંદ રે, તું દિલવિષે ॥સમજ૦॥૧૯॥

પદ ૨૬ મું.

(દોહરા.)

કરવા કૂડ પ્રપંચને, ફોગટ ફટફટ પાપ ॥ જન જોબનને ધન ધરા, જાશે થશે વિલાપ ॥ ૧ ॥ વિષમ કંટક વિશ્વ છે, સગા સ્વારથિ સર્વ ॥ ચંચળ ચપળા ચપળ છે, શાને કરવો ગર્વ ॥ ૨ ॥

(ગીતિ.)

કપટ ઝપટ તરછોડી, ટક્ ટક્ તજ ભજ ભલા તું વૈરાગી ॥
ખટપટ ઝટપટ છોડી, તન મન ધનથી સમર સમર ત્યાગી ॥ ૧ ॥

(દોહરા.)

કેક ગયાને જાય છે, જશે થશે એહાલ ॥ સુકૃત સાથે આવશે, કોણે દીઠી કાલ ॥ ૧ ॥ ઠાઠ માંઠ ઠાલો સહુ, દિપક ઝાક ઝમાલ ॥ તે પણ બૂઝાઇ જશે, કોણે દીઠી કાલ ॥ ૨ ॥ પંખી ટોળું વૃક્ષપર, હળી મળ્યું છે હાલ ॥ પ્રાત:માં ઉડી જશે, કોણે દીઠી કાલ ॥ ૩ ॥ પૂષ્પ સુગંધીથી બની, અનુપમ ફુલની માળ ॥ પણ તેતો કરમૈ જશે, કોણે દીઠી કાલ ॥ ૪ ॥ જાયું તેતો જાય છે, સૌના એજ હવાલ ॥ માન કહ્યું રે માનવી, કોણે દીઠી કાલ ॥ ૫ ॥

ઇતિ શ્રી હિતોપદેશ પદો

સમાપ્ત.

સજ્ઝાયોનો સમુદાય.

रात्रिभोजननी सझाय.

પૂન્ય સંજોગે નરભવ લાધ્યો, સાધો આતમ કાજ ॥ વિખયાર-
સ જાણો વિખ સરિખો, ઇમ ભાખે જિનરાજરે ॥ પ્રાણિ રાત્રિભોજન
વારો ॥ આગમ વાણી સાચી જાણી, સમકિત ગુણ સહી નાંણીરે ॥ પ્રા-
ણિ૦ ॥ આંકણી ॥ અભક્ષ બાવીશમાં રયણીભોજન, દોખ કહ્યા પ-
રધાન ॥ તેણે કારણ રાત્રે મત જીમો, જો હુવે હઇડે સાનરે ॥ પ્રાણિ૦ ॥
॥ ૧ ॥ દાન સ્નાન આયુધ ને ભોજન, એટલામાં રાત્રે ન કીજે ॥ એ
કરવું સુરજની સાખે, નિત વચન સમજીજેરે ॥ પ્રા૦ ॥ ૨ ॥ ઉત્તમ
પશુ પંખી પણ રાત્રે, ટાળે ભોજન ટાણો ॥ તુમે તો માનવી નામ
ધરાવો, કીમ સંતોષ ન આણોરે ॥ પ્રા૦ ॥ ૩ ॥ માંખી જુ કીડી કો-
લીઆવડો, ભોજનમાં જો આવે ॥ કોડ જલોદર વમન વિકલતા, એ
હુવા રોગ ઉપાવેરે ॥ પ્રા૦ ॥ ૪ ॥ છનુંભવ જીવહત્યા કરતાં, પાતિક
જેહ ઉપાયો ॥ એક તળાવ ફોડંતાં તેટલો, દોખણ સુગુરૂ બતાયોરે
॥ પ્રા૦ ॥ ૫ ॥ એકડોતર ભવ સર ફોડ્યા સમ, એક દવ દેતાં પાપ ॥
અઠલોતર ભવ દવ દિધા જીમ, એક કુંવણજ સંતાપરે ॥ પ્રા૦ ॥ ૬ ॥
એકસોને ચુવાલીસ ભવ લગે, કુવણજના જે દોખ ॥ કૂડો એક કલંક
દિયંતાં, તેહવો પાપનો પોખરે ॥ પ્રા૦ ॥ ૭ ॥ એકસો એકાવન ભવ
લગે દીધાં, કૂડાં કલંક અપાર ॥ એકવાર શિલ ખંડ્યા જેહવો, અન
રથના વિસ્તારરે ॥ પ્રા૦ ॥ ૮ ॥ એકસો નવાણું ભવ લગે ખંડ્યાં,
શિલ વિખય સંબંધ ॥ એક રાત્રિભોજને તેહવો, કર્મ નિકાચિત બંધ
રે ॥ પ્રા૦ ॥ ૯ ॥ રાત્રિભોજન દોખ ઘણા છે, સ્યો કહુંએ વિસ્તાર ॥
કેવળી કહેતાં પાર ન પાવે, પૂરવ કોડી મજારરે ॥ પ્રા૦ ॥ ૧૦ ॥ રાત્રે
નિત ચોવિહાર કરીને, શુભ પરિણામ ધરીજે ॥ માસ માસે પાસ
ખમણનો, લાભ ઇસીપરે લીજેરે ॥ પ્રા૦ ॥ ૧૧ ॥ મુનિ વસતાની એ
શિખામણ, જે પાળે નર નારી ॥ સુરનર સુખ વિલસીને તે હુવે, મો
ક્ષતણા અધિકારીરે ॥ પ્રાણિ૦ ॥ ૧૨ ॥ ઇતિ ॥

સપ્તવ્યસનની સઝાય.

(લાવણી.)

સુન સપ્ત વ્યસનકા સ્વરૂપ ન્યારા ન્યારા, ઇનકે બિન ત્યાગે નહીં હોગા નિસ્તારા ॥ એહ જુઆ સબ વ્યસનોમેં મહા અન્યાઇ, ઇસકા હે ખેલ ઇસ પરભવમેં દુઃખદાઇ ॥ રાજા દંડ દે કાહુડ માત પિત ભાઇ, જૂઆરીકી કોઈ કરશક્તા નહીં સહાઇ ॥ ઈસ વ્યસનો રાજ, પાંડોને લહા દુઃખ ભારી ॥ ઇનકે૦ ॥ ૧ ॥ એ માંસ ભક્ષ અતિ નીંદ, ભવ્ય જીવ જાનો ॥ એક કનમેં અનંતા જીવ, જિનેંદ્ર બખાનો ॥ નીર દઇ હત્યાકી, હત જીવહત્યાનો ॥ કૂકર બાઇસ ગીધ, ચીલ દુષ્ટકો ખાનો ॥ ધ્રંક હે જિમકે મતમેં, યહુ લીન ઉચારા ॥ ઇનકે૦ ॥ ॥ ૨ ॥ મદ્ય પાઇ નિજ આતમકી, ઘાત કરતા હે ॥ દર્શન જ્ઞાનાદિક ગુણકા, મૂળ હરતા હે ॥ મિષ્ટાદિક ભોજનકો, લડ લડ મરતા હે ॥ માતા ભગની ધીપે, કૂદૃષ્ટ ધરતા હે ॥ મદ્ય પીકે આપ આપેકો, ઠગત ગંવારા ॥ ઇનકે૦ ॥ ૩ ॥ બેસ્યાને ધનકે કારણ, પ્રિત બખાની ॥ નીચનકે સાથ રમતે, નહીં લહે ધીલાની ॥ મદ્ય માંસ ખાય, નિચકે સાથ મીલાની ॥ ચારૂદત્ત વંક રાજનકું, અધોગતિ ઠાની ॥ નરકોમેં તપ્ત પૂતળીસેં, કરાવત પ્યારા ॥ ઇનકે૦ ॥ ૪ ॥ હે પેહેલીહી બનકે બિંચ, મીરગ બનચારી ॥ ધન પાસ નહીં, એક દેહ માત્રકા ધારી ॥ નહીં કહે પરાએ દોશ, તીરણ આધારી ॥ સબ બનચર જીવોમાંહે, બેર પરહારી ॥ હા હા રે દૂષ્ટ કયુંકર પરહાર બિચારા ॥ ઇનકે૦ ॥ ॥ ૫ ॥ ચોરીકે કરનેવાલે, દુઃખ પાતે હે ॥ રાજાકે દુવાર કર, પાંઉ કાટે જાતે હે ॥ પ્રાણોસેં પ્યારે ધનકો, હરલાતે હે ॥ ખોટે મારગસેં, નરકાદિક જાતે હે ॥ નહીં માત તાત સુત, ભાઇકો ઇતબારા ॥ ઇનકે૦ ॥ ॥ ૬ ॥ પરનારીપર જિસને કુદૃષ્ટિ દીની હે ॥ ઇસને તો કષ્ટકી, પોટ શીશ લીની હે ॥ ઉશકે બસ દૂરગતિ, રાવણકો દીની હે ॥ ધન હે વીનકો જિન, નિચી નજર કીની હે ॥ મોહનકી ભૂલ કરો માફ, જૈન જ્ઞાતા રે ॥ ઇનકે૦ ॥ ૭ ॥ ઇતિ ॥

ઢંઢણમુનિની સઝાય.

ઢંઢણઋષિને વંદણા હું વારી, ઉત્કૃષ્ટો અણગારરે હું વારી લાલ ॥ અભિગ્રહ લીધો આકરો હું૦, લબ્ધે લેશું આહારરે હું૦ ॥

॥ ઢં૦ ॥ ૧ ॥ દિનપ્રતી જાવે ગોચરી હું૦, ન મીલે શુદ્ધ આહારરે હું૦॥ ન લીએ મૂલ અસુજતો હું૦, પીંજર હુવો ગાતરે હું૦ ॥ ઢં૦ ॥ ॥ ૨ ॥ હરી પૂછે શ્રી નેમને હું૦, મુનિવર સહસ અઢારરે હું૦ ॥ ઉત્કૃષ્ટો કુણ એહમાં હું૦, મુજને કહો કૃપાળરે હું૦ ॥ ઢં૦ ॥ ૩ ॥ ઢંઢણ અધિકો દાખીયો હું૦, શ્રી મુખ નેમ જિણંદરે હું૦ ॥ મન ઉમાહ્યો વાંદવા હું૦, ધન જાદવકુલ ચંદરે હું૦ ॥ ઢં૦ ॥ ૪ ॥ ગલીયારે મુનિવર મિલ્યા હું૦, વાંદે કૃષ્ણ નરેશરે હું૦ ॥ કોણહી મિથ્યાત્વી દેખીને હું૦, આયો ભાવ વિશેષરે હું૦ ॥ ઢં૦ ॥ આવો મુજ ઘર સાધુજી હું૦, લ્યો મોદીક છે શુદ્ધરે હું૦ ॥ ઋષિજી લેઇ આવીયા હું૦, પ્રભુજી પાસ વિસુધરે હું૦ ॥ ઢં૦ ॥ ૬ ॥ મુજ લબધે મોદીક મિલ્યા હું૦, મુજને કહો કૃપાલરે હું૦ ॥ લબધ નહીં વચ્છ તાહરી હું૦, શ્રીપતિ લબધ નિહાલરે હું૦ ॥ ઢં૦ ॥ ૭ ॥ તો મુજને લેવો નહીં હું૦, ચાલ્યો પરઠણ કાજરે હું૦ ॥ ઇંટની વાહે જાયને હું૦, ચુર્યાં કર્મ સમાજરે હું૦ ॥ ઢં૦ ॥ ૮ ॥ આઇ સુધી ભાવના હું૦, પામ્યો કેવળજ્ઞાનરે હું૦ ॥ ઢંઢણઋષિ મુગતે ગયા હું૦ કહે જિનહરષ સુજાણરે હું૦ ॥ ઢંઢણ ઋષિને વંદણા હું વારી ॥ ૯ ॥ ઇતિ

इलाचीपुत्रनी सघाय.

નામ ઇલાપુત્ર જાણીયે, ધનદત્ત શેઠનો પુત્ર ॥ નટવી દેખીને મોહીયો, જે રાખે ઘર સુત ॥ કરમ ન છૂટેરે પ્રાણિયા ॥ પૂરવ નેહ વિકાર, નિજ કૂળ છંડીરે નટ થયો ॥ નાણી શરમ લગાર ॥ કરમ૦ ॥ ॥ ૨ ॥ ઇંકપૂરે આવ્યોરે નાચવા, ઉંચો વાંસ વિશેષ ॥ તિહાં રાય જોવા રે આવીયો, મળીયા લોક અનેક ॥ કરમ૦ ॥ ૩ ॥ દોય પગ પહેરીરે પાવડી, વાંસ ચડયો ગજ ગેલ ॥ નિરાધાર ઉપર નાચતો, ખેલે નવ નવા ખેલ ॥ કરમ૦ ॥ ૩ ॥ ઢોલ બજાવેરે નટવી, ગાવે કિંન્નર સાદ ॥ પાયતલ ઘુઘરારે ધમધમે, ગાજે અંબર નાદ ॥ કરમ૦ ॥ ૫ ॥ તિહાં રાય ચિત્તમેંરે ચિંતવે, લુબધો નટવીને સાથ ॥ જો નટ પડેરે નાચતો, તો નટવી મુજ હાથ ॥ કરમ૦ ॥ ૬ ॥ દાન ન આપેરે ભૂપતી, નટ જાણે નૃપ વાત ॥ હું ધન વંછુરે રાયનો, રાય વંછે મુજ ઘાત ॥ કરમ૦ ॥ ૭ ॥ તવ તિહાં મુનિવર પેખીયા, ધન ધન સાધુ નિરાગ ॥ ધિક્ ધિક્ વિખયારે જીવને, એમ પામ્યો વઇરાગ ॥ કરમ૦ ॥ ૮ ॥ થાળ ભરી શુદ્ધ મોદકે, પદમણી ઉભેલાં બહાર ॥ લો લો કે'છે લેતા નથી, ધન ધન મુનિ અવતાર ॥ કરમ૦ ॥ ૯ ॥ સંવરભાવેરે કેવળી,

થયો મુનિ કર્મ ખપાય ॥ કેવળ મહિમાજી સુર કરે, લબ્ધીવિજે ગુણ ગાય ॥ કરમ ન છૂટેરે પ્રાણિઆ ॥ ૧૦ ॥ ઇતિ ॥

श्री मृगापुत्रनी सद्याय.

(દોહા.)

પ્રણમી પાસ જિણંદને, સમરી સરસતિ માય ॥ નિજ ગુરુ ચરણ નમી કરી, ભણશું મહા મુનિરાય ॥ ૧ ॥ રાજ ઋદ્ધિ લીલા પરિહરી, લીધો સંયમ ભાર ॥ તેહ મૃગાપુત્ર ગાયશું, સુણજ્યો સહુ નર નાર ॥ ૨ ॥ સંક્ષેપે કરી વર્ણવું, સૂત્રે છે વિસ્તાર ॥ ભણતાં સુણતાં ધ્યાવતાં, લહિયે ભવનો પાર ॥ ૩ ॥ ભોગી નરમાં ભમરલો, ઋષિમાંહી શિરદાર ॥ તસ ગુણ વર્ણવતાં થકાં, ત્રૂટે કર્મ અપાર ॥ ૪ ॥

॥ ઢાળ ૧ લી ॥

સુગ્રિવ નગર સોહામણું જી, બળભદ્ર તિહાં રાય ॥ તસ ઘર ઘરણી મૃગાવતી જી, તસ નંદન જુવરાય ॥ હો માયડી, ક્ષણ લાખેણી રે જાય ॥ ૧ ॥ એ આંકણી ॥ બળશ્રી નામે ભલોજી, મૃગાપુત્ર પ્રસિદ્ધ ॥ માતાને નામે કરી જી, ગુણ નિષ્પન તસ દીધ ॥ હો માયડી૦ ॥ ॥ ૨ ॥ ભણી ગણી પંડિત થયો જી, જોવનવય જવ આય ॥ સુંદર મંદિર કરાવિયાં જી, પરણાવે નિજ માય ॥ હો માયડી૦ ॥ ૩ ॥ તન વય રૂપે સારિખી જી, પરણ્યા બત્રીશ નાર ॥ પંચ વિષયસુખ ભોગવે જી, નાટકના ધમકાર ॥ હો માયડી૦ ॥ ૪ ॥ રત્નજડિત સોહામણા જી, અદ્‌ભૂત ઊંચા આવાસ ॥ દેવ દોગુંદકની પરે જી, વિલસે લીલ વિલાસ ॥ હો માયડી૦ ॥ ૫ ॥ એક દિન બેઠા માળિયે જી, નારિને પરિવાર ॥ મસ્તક પગ દાઝે તળાં જી, દીઠા શ્રી અણગાર ॥ હો માયડી૦ ॥ ૬ ॥ મુનિ દેખી ભવ સાંભર્યો જી, વસિયો મન વૈરાગ ॥ ઉતર્યો આમણ દૂમણો જી, જિનને પાયે લાગ ॥ હો માયડી૦ ॥ ૭ ॥ પાય લાગીને વિનવે જી, સુણ સુણ મોરી માય ॥ નટુવાની પરે નાચિયો જી, લખ ચોરાશી માંય ॥ હો માયડી૦ ॥ ૮ ॥ પૃથ્વિ પાણી તેઉમાં જી, ચોથી રે વાઉકાય ॥ જન્મ મરણ દુઃખ ભોગવ્યાં જી, તેમ વનસ્પતિ માંય ॥ હો માયડી૦ ॥ ૯ ॥ વિગલેંદ્રિ તિર્યંચમાં જી, મનુષ્ય દેવ મઝાર ॥ ધર્મ વિહૂણો આતમા જી, રડવડિયો સંસાર ॥ હો માયડી૦ ॥ ૧૦ ॥ સાતે નરકે હું ભમ્યો જી, અનંતિ અનંતિ રે વાર ॥ છેદન ભેદન ત્યાં સહ્યાં જી, કહેતાં ન આવે પાર ॥ હો માયડી૦ ॥

॥ ૧૧ ॥ સાયરના જળથી ઘણાં જી, મેં પીધાં માયનાં થાન ॥ તૃપતિ ન પામ્યો આતમા જી, અધિક આરોગ્યાં ધાન ॥ હો માયડી૦ ॥૧૨॥ ચારિત્ર ચિંતામણિ સમો જી, અધિક મ્હારે મન થાય ॥ તન ધન જોવન કારમાં જી, ક્ષણ ક્ષણ ખૂટે આય ॥ હો માયડી૦ ॥ ૧૩ ॥ માતા અનુમતિ આપીયે જી, લેઇશું સંયમ ભાર ॥ પંચ રતન મુજ સાંભર્યાં જી, કરશું તેહની સાર ॥ હો માયડી૦ ॥ ૧૪ ॥ વચણ સૂણી બેટાતણાં જી, જનની ધરણી ઢળંત ॥ ચિત્ત વળ્યું તવ આરડે જી, નયણે નીર ઝરંત ॥ રે જાયા, તુજ વિણ ઘડિ રે છ માસ ॥ ૧૫ ॥ વળતી માતા ઈમ ભણે જી, સુણ સુણ મોરા રે પૂત્ર ॥ મનમોહન તું વાલહો જી, કાંઈ ભાગે ઘરસૂત્ર ॥ રે જાયા૦ ॥ ૧૬ ॥ મ્હોટાં મંદિર માળિયાં જી, શાન સમોવડ થાય ॥ તુજ વિણ સહુ અળખામણાં જી, કિમ વોળે દિન નાય ॥ રે જાયા૦ ॥ ૧૭ ॥ નવ મસવાડા ઉદર ધર્યો જી, જન્મતણાં દુઃખ દીઠ ॥ કનક કચોળે પોષિયોજી, હવે હું થઈ અમીઠ ॥ રે જાયા૦ ॥ ૧૮ ॥ જોવનવય નારીતણા જી, ભોગવો બહોળા રે ભોગ ॥ જોવનવય વિત્યા પછે જી, આદરજ્યો તપ જોગ ॥ રે જાયા૦॥ ॥ ૧૯ ॥ પડયો અજાડી જિમ હાથીયો જી, મૃગલો પડીયો રે પાસ ॥ પંખી પડયો જિમ પાંજરે જી, તેમ કુંમર ઘરવાસ રે ॥ જાયા૦ ॥ ૨૦ ॥ ઘર ઘર ભિક્ષા માગવી જી, અરસ વિરસ હોય આહાર ॥ ચારિત્ર છે વચ્છ દોહિલું જી, જેસી ખાંડાની ધાર ॥ રે જાયા૦ ॥ ૨૧ ॥ પંચમહાવ્રત પાળવાં જી, પાળવા પંચ આચાર ॥ દોષ બેતાલીશ ટાળિને જી, લેવો સૂઝતો આહાર ॥ રે જાયા૦ ॥ ૨૨ ॥ મેણ દાંતે લોહમય ચણા જી, કિમ ચાવીશ કુમાર ॥ વેળુ સમોવડ કોળિયા જી, જિને કહ્યો સંયમભાર ॥ રે જાયા૦ ॥ ૨૩ ॥ પલંગ તળાઈએ પોઢતો જી, કરવો ભૂમિ સંથાર ॥ કનક કચોળાં છાંડવાં જી, કાચલીયે વ્યવહાર ॥ રે જાયા૦ ॥ ૨૪ ॥ માથે લોચ કરાવવા જી, તું સુકુમાળ અપાર ॥ બાવિશ પરિસહ જીતવા જી, કરવા ઉગ્ર વિહાર ॥ રે જાયા૦ ॥ ૨૫ ॥ પાય અલવાણે ચાલવું જી, શિયાળે શીત વાય॥ ચોમાસું વચ્છ દોહિલું જી, ઉનાળે લૂ વાય ॥ રે જાયા૦ ॥ ૨૬ ॥ ગંગા સાયર આદે કરી જી, ઉપમા દેખાડી રે માય ॥ દુક્કર ચારિત્ર દાખિયું જી; કાયર પુરૂષને થાય ॥ રે જાયા૦ ॥ ૨૭ ॥ કુંમર ભણે સુણ માયડી જી, સંયમ સુખ ભંડાર ॥ ચૌદરાજ નગરીતણા જી, ફેરા ટાળણહાર ॥ હો માયડી૦ ॥ ॥ ૨૮ ॥ અનુમતિ તો લો આપું ખરી જી, કુણ કરશે તુજ સાર॥ રોગ

જમ આવી લાગશે જી, નહિ ઔષધ ઉપચાર ॥ રે જાયા૦ ॥ ૨૯ ॥ વનમાં રહે છે મૃગલાં જી, કુણ કરે તેહની સાર ॥ વનમૃગની પરે વિચરશું જી, એકલડા નિરધાર ॥ હો માયડી૦ ॥ ૩૦ ॥ અનુમતિ આપે માયડી જી, આવ્યા વનહ મઝાર ॥ પંચમહાવ્રત આદરયાં જી, પાળે સંયમ ભાર ॥ મુનિસર, ધન ધન તુમ અવતાર ॥ ૩૧ ॥ મૃગાપુત્ર ઋષિરાજીયો જી, ષટ્કાયા ગોવાળ ॥ એ સમ નહિ વૈરાગિયો જી, જિણે ટાળ્યો આતમ સાલ ॥ મુનિસર૦ ॥ ૩૨ ॥ ભણ્યો અધ્યયન ઓગણીશમે જી, મૃગાપુત્ર અધિકાર ॥ તપ જપ કિરિયા શુદ્ધ કરી જી, આરાધી આચાર ॥ મુનિસર૦ ॥ ૩૩ ॥ સંયમ દુક્કર પાળિયું જી, કરિ એક માસ સંથાર ॥ કર્મ ખપાવી કેવળલહીજી, પહોત્યા મુગતિ મઝાર ॥ મુનિસર, ધન ધન તુમ અવતાર ॥ ૩૪ ॥ ઇતિ ॥

अथश्री अनाथमुनिनी सद्याय.

શ્રેણિક રયવાડી ચઢયો, પેખિયો મુનિ એકાંત ॥ વર રૂપ કાંતે મોહિયો, રાય પૂછે રે કહોને વિરતંત ॥ શ્રેણિક રાય, હું રે અનાથી નિર્ગ્રંથ ॥ તિણે મેં લીધો રે સાધુજીનો પંથ ॥ શ્રેણિક૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ઇણે કોસંબી નચરી વસે, મુજ પિતા પરિઘળ ધન્ન ॥ પરિવાર પૂરે પરિવર્યો, હું તેહનોરે પૂત્ર રતન્ન ॥ શ્રેણિક૦ ॥ ૨ ॥ એક દિવસ મુજને વેદના, ઉપની મેં ન ખમાય ॥ માત પિતા ઝૂરી રહ્યા, પણ કિણહિ રે તે ન લેવાય ॥ શ્રેણિક૦ ॥ ૩ ॥ ગોરડી ગુણ મણિ ઓરડી, ચોરડી અબળા નાર ॥ કોરડી પીડા મેં સહી, ન કોણે કીધી રે મોરડી સાર ॥ શ્રેણિક૦ ॥ ૪ ॥ બહુ રાજયવૈદ્ય બોલાવીયા, કીધલા કોડી ઉપાય ॥ બાવના ચંદન ચરચિયા, પણ તોહી રે સમાધિ ન થાય ॥ શ્રેણિક૦ ॥ ૫ ॥ જગમાં કો કેહનો નહીં, તે ભણી હું રે અનાથ ॥ વિતરાગના ધર્મ સારિખો, નહીં કોઇ બીજો રે મુગતિનો સાથ ॥ શ્રેણિક૦ ॥ ૬ ॥ જો મુજ વેદના ઉપસમે, તો લેઉં સંયમભાર ॥ ઇમ ચિંતવતાં વેદના ગઇ, વ્રત લીધું મેં હર્ષ અપાર ॥ શ્રેણિક૦ ॥ ૭ ॥ કરજોડી રાજા ગુણ સ્તવે, ધન ધન એહ અણગાર શ્રેણિક સમકિત પામીયો, વાંદી પહોત્યો રે નગર મઝાર ॥ શ્રેણિક૦ ॥ ૮ ॥ મુનિ અનાથી ગાવતાં, ત્રૂટે કર્મની કોડ ॥ ગણિ સમયસુંદર તેહના, પાય વંદે રે બે કરજોડ ॥ શ્રેણિક રયવાડી ચઢયો ॥ ૯ ॥ ઈતિ ॥

અથ શ્રી અનાથીમુનિની સજ્ઝાય.

(આધાકર્મી આહાર ન લીજે.—એ દેશી.)

મગધાધિપ શ્રેણિક સુવિચારી, સાથે બહુ પરિવારી ॥ હય ગય રથ પાયક પાલખીશું, પહોત્યો વનહ મઝારી કે ॥ રાજન રયવાડી સંચરિયો ॥ ૧ ॥ એ આંકણી ॥ ખાયક સમકિત વરિયો કે ॥ રાજન૦ ॥ પદ્મનાભ તિર્થંકર થાશે, ઉપશમરસનો દરિયો કે ॥ રાજન૦॥ ॥ ૨ ॥ વિવિધ પ્રકારની ક્રિડા કરતો, જોતો વનમાં ઠામ ॥ ચંપકતરુ તળે મુનિવર દીઠો, બેઠો કરી પ્રણામ કે ॥ રાજન૦ ॥ ૩ ॥ ધ્યાને લીનો મુનિવર મ્હોટો, ચંપકવર્ણી કાયા ॥ લૂંચ્યા કેશ જોવન વેશે, તજી સંસારની માયા કે ॥ રાજન૦ ॥ ૪ ॥ પૂછે રાજા શ્રેણિક મુનિને, કિમ લૂંચ્યા તુમ કેશ ॥ જોવને વૈરાગ કહો કેમ લીધો, દીસો છો લઘુ વેશ કે ॥ રાજન૦ ॥ ૫ ॥ તરુણપણે તરુણી કાં છંડી, એ માયા કાં મંડી ॥ કંચનવરણી કાયા દંડી, એં શી કીધ ઘમંડી કે ॥ રાજન૦ ॥ ॥ ૬ ॥ રૂપવંત તું ગુણવંત દીસે, સુંદર તુમ આકાર ॥ શશિસમ વદન વિરાજે ત્હારૂં, નયન પંકજ અનુહાર કે ॥ રાજન૦ ॥ ૭ ॥ ધન જોવન ફળ લાહો લીજે, કીજે બહુળા ભોગ ॥ સંપતિ સારૂં દાન તે દીજે, અવસરે લીજે જોગ કે ॥રાજન૦॥ ૮ ॥ કુટુંબતણો મોહ કિમ મૂકયો, કિમ મૂકયો ધન પરિવાર ॥ કવણ નગરના કહો તુમે વાસી, કિમ લીધો સંયમ ભાર કે ॥રાજન૦ ॥૯॥ સયળ લક્ષણ તુમ અંગે નિરખ્યાં, અવગુણ એક ન દીઠો ॥ કૃપા કરી યોગિસર સાચો, ઉત્તર દ્યો મુજ મીઠો કે ॥ રાજન૦ ॥ ૧૦ ॥ બોલે મુનિવર સુણ હો રાજા, ઉત્તર દેઉં છું સાચો ॥ મુખનો મટકો નયણનો લટકો, કાયા પિંડ તે કાચો કે॥ રાજન, સુણજ્યો વચન અનાથી ॥ ૧૧ ॥ એ આંકણી ॥ નાથ વિના જીવે દુઃખ પામ્યાં, મ્હારે નહીં કોઈ નાથ ॥ તિણ કારણ મેં દિક્ષા લીધી, હવે હું હુઓ સનાથ કે ॥ રાજન૦ ॥ ૧૨ ॥ નાથ અછુ હું મુનિવર ત્હારો, એહવો અર્થ વિચારો ॥ નાથ અછે કોઈ ત્હારે રાજા, બોલ્યો બોલ અવિચાર્યો કે ॥ રાજન૦ ॥ ૧૩ ॥ નાથતણો અરથ જો જાણો, તો થાઓ મુજ નાથ ॥ નાથ નહીં કોઇ નૃપ તુમારે, બાવળ ઘો છો બાથ કે ॥ રાજન૦ ॥ ૧૪ ॥ માતા મયગળ હય હેષારવ, સુણ મગધાધિપ રાજા ॥ કંચન કોડી જોડી બંધવની, માય તાય સુખ સાજા કે ॥ રાજન૦ ॥ ૧૫ ॥ મ્હોટા ળની કૂમ્હોટી વધૂટી, ખો-

ડી નહિ મનમાંહી ॥ સિંહકટી હંસગમની બાળા, થોડાબોલી પ્રાંહી કે ॥ રાજન૦ ॥ ૧૬ ॥ શશિવયણી મૃગાનયણી નારી, ચિત્ત હરખી ભરતાર ॥ હાવ ભાવ વિભ્રમ જે કરતી, તે મૂકી નિરધાર કે ॥ રાજન૦ ॥ ૧૭ ॥ ઇંદ્રિતંણી જાણે ઇંદ્રાણી, એહવી મુજ ઘેર રાણી ॥ કેતા ગુણ હું કહું હો રાજા, શિયળગુણની ખાણી કે ॥ રાજન૦ ॥ ૧૮ ॥ પાન સમારે બીડી વાળી, માંહી કપૂરનો વાસ ॥ પ્રેમ કરી મુજ પદમણી આપે, તે મૂકી નિરાશ કે ॥ રાજન૦ ॥ ૧૯ ॥ પંચવિષય હું ભોગ ભોગવતો, જાતો કાળ ન જાણ્યો ॥ એક દિવસ મુજ રોગ ઉપન્યો, નવિ સમે તે ચિત્ત આણ્યો કે ॥ રાજન૦ ॥ ૨૦ ॥ કાકા કાકી ફૂઆ ભાણેજી, મામા માસા માંમી ॥ નેહ ધરે માસી મુજ અધિકો, જોજો કે અંતરજામિ કે ॥ રાજન૦ ॥ ૨૧ ॥ માય તાય બંધવ મુજ ભગિની, દુઃખ નવિ લીધો જાય ॥ નારી મુખ વિલપંતી બોલે, તે દુઃખ અમ ન સહાય કે ॥ રાજન૦ ॥ ૨૨ ॥ તિણિ વેદને મુજ નિંદ ન આવે, અન્ન પાન નવિ ભાવે ॥ મંત્ર યંત્ર કીધા ઘણેરા, તોપણ દુઃખ નવિ જાવે કે ॥ રાજન૦ ॥ ૨૩ ॥ વૈદ્ય જાણ તેડ્યા તિણિ વારે, દીધા બહુલા દામ ॥ ઔષધ ભેષજે ગુણ નવિ થાયે, વિલખાણા તે તામ કે ॥ રાજન૦ ॥ ૨૪ ॥ ચિત્ત ચોખે કરી મેં રે વિચાર્યો, એકલડો વનવાસી ॥ એ સંસારતણાં દુઃખ વિરમ્યાં, ગઇ વેદન તવ નાસી કે ॥ રાજન૦ ॥ ૨૫ ॥ દિનકર ઉગે તમ જિમ નાસે, તિમ મુજ વેદન ભાગી ॥ સંયમ વરિયો વેદન ઠરિયો, સમતાશું લય લાગી કે ॥ રાજન૦ ॥ ૨૬ ॥ મગધાધિપ હરખ્યો મનમાંહી, વચન કહેરે વિચારી ॥ નાથપણું તુમને મુનિ સાચું, આપ તર્યા પર તારી કે ॥ રાજન, પંચ મહાવ્રત ધારી ॥ ૨૭ ॥ શિશ નમાવી પાય લાગીને, પછી છોડ્યું મિથ્યાત ॥ યોગીસરને ધ્યાને લીનો, અજુઆળે કૂળ જાત કે ॥ રાજન૦ ॥ ૨૮ ॥ ઋષિ અનાથી ચારિત્ર પાળી, પહોત્યા શિવપુરઠામ ॥ કનકવિજય બુધ ચરણે મધુકર, ઇમ બોલે મુનિ રામ કે ॥ રાજન૦ ॥ ૨૯ ॥

અથ શ્રી મેતારજમુનિની સઝાય.

(જીવ રે તું શિયળતણો કર સંગ.—એ દેશી.)

સમ દમ ગુણના આગરૂ જી, પંચ મહાવ્રત ધાર ॥ માસખમણને પારણે જી, રાજગૃહી નગરી મઝાર ॥ મેતારજ મુનિવર, ધન ધન તુમ અવતાર ॥ ૧ ॥ એ આંકણી. ॥ સોનીને ઘેર આવીઆ જી, મે

મેતારજ ઋષિરાય ॥ જવલા ઘડતો ઊઠીયો જી, વંદે મુનિના પાય ॥ ॥ મે૦ ॥ ૨ ॥ આજ ફળ્યો ઘર આંગણે જી, વિણ કાળે સહકાર ॥ લ્યો ભિક્ષા છે સૂઝતી જી, મોદકતણો એ આહાર ॥ મે૦ ॥ ૩ ॥ ક્રૌંચજીવ જવલા ચણ્યો જી, વહોરી વળ્યા ઋષિરાય ॥ સોની મન શંકા થઈ જી, સાધુતણાં એ કામ ॥ મે૦ ॥ ૪ ॥ રીસ કરી ઋષિને કહે જી, દ્યો જવલા મુજ આજ ॥ વાધર શિરે વીંટિયું જી, તડકે રાખ્યા મુનિરાજ ॥ મે૦ ॥ ૫ ॥ ફટ્ ફટ્ ફૂટે હાડકાં જી, તડ તડ ત્રૂટે ચામ ॥ સોનીડે પરિસહ દિયો જી, મુનિ રાખ્યો મન ઠામ ॥ મે૦ ॥ ૬ ॥ એહવા પણ મ્હોટા યતિ જી, મન ન આણે રોષ ॥ આતમ નિંદે આપણો જી, સોનીનો શો દોષ ॥ મે૦ ॥ ૭ ॥ ગજસુકુમાળ સંતાપીયા જી, બાંધી માટીની પાળ ॥ ખેર અંગારા શિર ધર્યા જી, મુગતે ગયા તતકાળ ॥ મે૦ ॥ ૮ ॥ વાઘણે શરીર વલૂરિયું જી, સાધુ સુકોસળ સારં ॥ કેવળ લહી મુગતિ ગયા જી, ઇમ અરણિક અણગાર ॥ મે૦ ॥ ૯ ॥ પાલક પાપી પીલિયા જી, ખંધકસૂરિના શિષ્ય ॥ અંબડ ચેલા સાતશેં જી, નમો નમો તે નિશ દિશ ॥ મે૦ ॥ ૧૦ ॥ એહવા ઋષિ સંભારતા જી, મેતારજ ઋષિરાય ॥ અંતગડ હુઆ કેવળી જી, વંદે મુનિના પાય ॥ મે૦ ॥ ૧૧ ॥ ભારી કાષ્ટની સ્ત્રીયે તિહાં જી, લાવી નાંખી તિણિ વાર ॥ ધબકે પંખી જાગીયો જી, જવલા કાઢયા તિણે સાર ॥ મે૦ ॥ ૧૨ ॥ દેખી જવલા વિષ્ટમાં જી, મન લાજ્યો સોનાર ॥ ઓઘો મુહપતિ સાધુનો જી, લેઈ થયો અણગાર ॥ મે૦ ॥ ૧૩ ॥ આતમ તાર્યો આપણો જી, થિર કરી મન વચ કાય ॥ રાજવિજય રંગે ભણે જી, સાધુતણી એ સજ્ઝાય ॥ મેતારજ૦ ॥ ૧૪ ॥ ઇતિ ॥

अथ श्री सुलसानी सद्याय.

(ઇણ અવસર એક આવી જંબુકી રે.—એ દેશી.)

ધન ધન સુલસા સાચી શ્રાવિકા જી, જેહને નિશ્ચળ ધર્મનું ધ્યાન રે ॥ સમકિતધારી નારી જે સતી જી, જેહને વીર દિયો બહુ માન રે ॥ ધન ધન૦ ॥ ૧ ॥ એક દિન અંબડ તપાસ પ્રતિબોધવા જી, જંપે એહવું વીર જિણેશ રે ॥ નયરી રાજગૃહી સુલસા ભણી જી, કહેજ્યો અમારો ધર્મ સંદેશ રે ॥ ધન૦ ॥ ૨ ॥ સાંભળી અંબડ મનમાં ચિંતવે જી, ધર્મલાભ ઇશોજી વચણ રે ॥ એહવું કહાવે જિનવર જે ભણી જી, કેવું રૂડું દૃઢ તસ સમકિત રયણ રે ॥ ધન૦ ॥ ૩ ॥

અંબડ તાપસ પરિક્ષા કારણે જી, આવ્યો રાજગૃહીને બાર રે ॥ પહેલું બ્રહ્મરુપ વિકૂર્વ્યું જી, વૈક્રિય શક્તિતણે અનુસાર રે ॥ ધન૦ ॥ ૪ ॥ પહેલી પોળે પ્રગટયો પેખિને જી, ચૌમુખ બ્રહ્મા વંદન કોડ રે ॥ સઘળી રાજપ્રજા સુલસા વિના જી, તેને આવી નમે કરજોડ રે ॥ધન૦ ॥ ॥ ૫ ॥ બીજે દિન દક્ષિણ પોળે જઇ જી, ધરિયો કૃષ્ણતણો અવતાર રે ॥ આવ્યા પૂરજન તિહાં સઘળા મળી જી, નાવી સુલસા સમકિતધારિ રે ॥ ધન૦ ॥ ૬ ॥ ત્રીજે દિવસે પશ્ચિમ બારણે જી, ધરિયું ઈશ્વરરુપ મહંત રે ॥ તિમહિજ ચોથે થઇ પચવીશમો જી, આવી સમવસરયો અરિહંત રે ॥ ધન૦ ॥ ૭ ॥ તોપણ સુલસા નાવી વાંદવા જી, તેહનું જાણી સમકિત સાચ રે ॥ અંબડ સુલસાને પ્રણમી કરી જી, કરજોડી કહે એહવી વાચ રે ॥ ધન૦ ॥ ૮ ॥ ધન્ય તું સમકિતધારી શિરોમણિ જી, ધન્ય તું સમકિત વિશવાવીશ રે ॥ એમ પ્રસંશી કહે સુલસા ભણી જી, જિનજીયે કહિ છે ધર્મઆશીષ રે ॥ ધન૦ ॥ ૯ ॥ નિશ્ચળ સમકિત દેખી સતીતણું જી, તેપણ હુઓ દ્દઢ મનમાંય રે ॥ ઇણિપરે શાંતિવિમળ કવિરાયનો જી, બુદ્ધ કલ્યાણવિમળ ગુણ ગાય રે ॥ ધન૦ ॥ ૧૦ ॥ ઇતિ ॥

अथ श्री शालिभद्रनी सद्माय.

પ્રથમ ગોવાળિયાતણે ભવે જી રે, દીધું મુનિવર દાન ॥ નયરી રાજગૃહી અવતરયો જી, રુપે મયણ સમાન ॥ સોભાગી રે, શાળિભદ્ર ભોગી રે હોય ॥ ૧ ॥ એ આંકણી ॥ બત્રીશલક્ષણ ગુણે ભરયો જી રે, પરણ્યો બત્રીશ નાર ॥ માણસને ભવે દેવનાં જી રે, સુખ વિલસે સંસાર ॥ સો૦ ॥ ૨ ॥ ગોભદ્રશેઠ તિહાં પૂરવે જી રે, નિત નિત નવલા રે ભોગ ॥ કરે સુભદ્રા ઉવારણાં જી રે, સેવ કરે બહુ લોગ ॥ ॥ સો૦ ॥ ૩ ॥ એક દિન શ્રેણિક રાજિયો જી રે, જોવા આવ્યો રે રુપ ॥ શરીર સુકોમળ અતિ ઘણું જી રે, દેખી હરખ્યો ભૂપ ॥ સો૦ ॥ ૪ ॥ વચ્છ વૈરાગે ચિંતવે જી રે, મુજ શિર૰ શ્રેણિક રાય ॥ પૂરવ પુન્ય મેં નવિ કિયાં જી રે, હવે તપ આદરશું માય ॥ સો૦ ॥ ૫ ॥ ઇણે અવસરે શ્રી જિનવરુ જી રે, આવ્યા નયરી ઉદ્યાન ॥ શાળિભદ્ર મન ઉજરયો જી રે, વાંદ્યા પ્રભુના પાય ॥ સો૦ ॥ ૬ ॥ વિરતણી વાણી સુણી જી રે, વૂઠયો મેહ અકાળ ॥ એકેકી દિન પરિહરે જી રે, જિમ જળ છંડે રે પાળ ॥ સો૦ ॥ ૭ ॥ માતા દેખી ટળવળે જી રે,

માછલડી વિણુ નીર ॥ નારી સઘળી પાયે પડે જી રે, મ મ છંડો સાહસ ધીર ॥ સો૦ ॥ ૮ ॥ વહુઅર સઘળી વિનવે જી રે, સાંભળો સાસુ વિચાર ॥ સર છંડી પાળે ચડયો જી રે; હંસલો ઉડણહાર ॥ સો૦ ॥ ॥ ૯ ॥ ઇણે અવસર તિહાં ન્હાવતાં જી રે, ધન્ના શિર આંસૂ પડંત ॥ કવણ દુઃખ તુજ સાંભરયું જી રે, ઊંચું જોઈ કહે કંત ॥ સો૦ ॥ ૧૦ ॥ ચંદ્રમુખી મૃગલોચની જી રે, બોલાવી ભરતાર ॥ બંધવ વાત મેં સાંભળી જી રે, નારીનો પરિહાર ॥ સો૦ ॥ ૧૧ ॥ ધન્નો ભણે સુણ ઘેલડી જી રે, શાળિભદ્ર પૂરો ગમાર ॥ જો મન આણ્યું છંડવા જી રે, વિલંબ ન કીજે લગાર ॥ સો૦ ॥ ૧૨ ॥ કરજોડી કહે કામિની જી રે, બંધવ સમો નહીં કોય ॥ કહેતાં વાતજ સોહલી જી રે, કરતાં દોહલિ હોય ॥ સો૦ ॥ ૧૩ ॥ જા રે જો તેં ઇમ કહ્યું જી રે, તો મેં છંડી રે આઠ ॥ પિઉડા મેં હસતાં કહ્યું જી રે, મૂકો છો શા માટ ॥ સો૦ ॥ ૧૪ ॥ ધણ વચને ધન્નો નિસરયો જી રે, જાણે પંચાયણ સિંહ ॥ જઇ સાળાને સાદજ કરયો જી રે, ઘેલા ઉઠ અબિહ ॥ સો૦ ॥ ॥ ૧૫ ॥ કાળ આહેડી નિત ભમે જી રે, પૂંઠે મ જોઈશ વાટ ॥ નારી બંધન દોરડી જી રે, ત્રોડી લે શુભ વાટ ॥ સો૦ ॥ ૧૬ ॥ જિમ ધીવર તિમ માછલો જી રે, ધીવરે નાંખી રે જાળ ॥ પુરુષ પડી જિમ માછલો જી રે, તિમિહિ ઓચિંત્યો કાળ ॥ સો૦ ॥ ૧૭ ॥ જોવનભર બિહું નિસર્યા જી રે, પહોત્યા વિરજીની પાસ ॥ દિક્ષા લીધી રૂયડી જી રે, પાળે મન ઉલ્લાસ ॥ સો૦ ॥ ૧૮ ॥ માસખમણને પારણે જી રે, પૂછે શ્રી જિનરાજ ॥ અમને શુદ્ધજ ગોચરી જી રે, લાભ દેશે કુણ આજ ॥ સો૦ ॥ ૧૯ ॥ માતા હાથે પારણો જી રે, થાશે તુમને રે આજ ॥ વિર વચન નિશ્ચય કરી જી રે, આવ્યા નગરીમાંજ ॥ ॥ સો૦ ॥ ૨૦ ॥ ઘર આવ્યા નવિ ઓળખ્યા જી રે, ફરિયા નગરી મઝાર ॥ મારગ જાતાં મહિયારડી જી રે, સામી મળિ તેણિવાર ॥ સો૦ ॥ ॥ ૨૧ ॥ મુનિ દેખી મન ઉલ્લસ્યું જી રે, વિકસિત થઈ તસ દેહ ॥ મસ્તક ગોરસ સૂઝતો જી રે, પડિલાભ્યો ધરિ નેહ ॥ સો૦ ॥ ૨૨ ॥ મુનિવર વોહરી ચાલિયા જી રે, શ્રી જિન પાસે આય ॥ મુનિ સંશય જઈ પૂછિયો જી રે, દાન ન દીધું માય ॥ સો૦ ॥ ૨૩ ॥ વીર કહે તુમે સાંભળો જી રે, ગોરસ વોહર્યો રે જેહ ॥ મારગ મળી મહિયારડી જી રે, પૂરવજન્મ માય એહ ॥ સો૦ ॥ ૨૪ ॥ પૂરવભવ જિન મુખે લહી જી રે, એકત્ર ભાવે રે દોય ॥ આહાર કરી મુનિ ધારિયો

જી રે, અણસણ શુદ્ધજ હોય ॥ સો૦ ॥ ૨૫ ॥ જિન આદેશ લહી કરી જી રે, ચઢિયા ગિરિ વૈભાર ॥ શિલા ઉપર જઇ કરી જી રે, દોય મુનિ અણસણ ધાર ॥ સો૦ ॥ ૨૬ ॥ માતા ભદ્રા સંચર્યાં જી રે, સાથે બહુ પરિવાર ॥ અંતેઉર પુત્રજ તણો જી રે, લીધો સઘળો લાર ॥ સો૦ ॥ ૨૭ ॥ સમવસરણે આવી કરી જી રે, વાંદ્યા વિર જગતાત ॥ સકળ સાધુ વંદી કરી જી રે, પુત્ર જોવે નિજ માત ॥ સો૦ ॥ ॥ ૨૮ ॥ જોઈ સઘળી પરષદા જી રે, દીઠા ન દોય મુનિરાય ॥ કરજોડી કરે વિનતિ જી રે, ભાંખે શ્રી જિનરાય ॥ સો૦ ॥ ૨૯ ॥ વૈભારગિરિ જાઇ ચડ્યા જી રે, મુનિ દરિસણ ઉમંગ ॥ સહુ પરિવારે પરિવર્યાં જી રે, પહોત્યાં ગિરિવર શૃંગ ॥ સો૦ ॥ ૩૦ ॥ દોય મુનિ અણસણ ઉચ્ચરી જી રે, ઝીલે ધ્યાન મઝાર ॥ મુનિ દેખી વિલખાં થયાં જી રે, નયણે નિર અપાર ॥ સો૦ ॥ ૩૧ ॥ ગદ્ ગદ્ શબ્દે બોલતી જી રે, મળિ બત્રીસે નાર ॥ પિઉડા બોલો બોલડા જી રે, જિમ સુખ હોય અપાર ॥ સો૦ ॥ ૩૨ ॥ અમે તો અવગુણે ભર્યાં જી રે, તુમે સહી ગુણ ભંડાર ॥ મુનિવર ધ્યાન ચૂક્યા નહીં જી રે, તેહને વચને લગાર ॥ સો૦ ॥ ૩૩ ॥ વીરા નયણે નિહાળીએ જી રે, જિમ મન થાયે પ્રમોદ ॥ નયણ ઉઘાડી જોઇયે જી રે, માતા પામે મોદ ॥ સો૦ ॥ ૩૪ ॥ શાળિભદ્ર માતા મોહથી જી રે, પહોત્યા અમરવિમાન ॥ મહાવિદેહે સીઝશે જી રે, પામી કેવળજ્ઞાન ॥ સો૦ ॥ ૩૫ ॥ ધન્નો ધર્મિ મુગતે ગયો જી રે, પામી શુંકલધ્યાન ॥ જે નરનારી ગાયશે જી રે, સમયસુંદરની વાણ ॥ સોભાગી૦ ॥ ૩૬ ॥ ઇતિ ॥

अथ श्री रुक्मिणीनी सझाय.

વિચરંતા ગામો ગામ, નેમિ જિનેશ્વર સ્વામ ॥ આછે લાલ ॥ નયરી દ્વારામતિ આવિયા જી ॥ ૧ ॥ કૃષ્ણાદિક નર નાર, સહુ મળી પર્ષદા બાર ॥ આછે લાલ ॥ નેમિ વંદણ તિહાં આવિયા જી ॥ ૨ ॥ દે દેશના જિનરાય, આવે સહુને દાય ॥ આછે૦ ॥ રુકિમણી પૂછે શ્રી નેમિને જી ॥ ૩ ॥ પુત્રને મ્હારે વિયોગ, શો હશે કર્મ સંયોગ ॥ આછે૦ ॥ ભગવંત મુજને તે કહો જી ॥ ૪ ॥ તું હતી નૃપની નાર, પૂરવભવ કોઇ વાર ॥ આછે૦ ॥ ઉપવન રમવાને સંચર્યાં જી ॥ ૫ ॥ ફરતાં વન મોઝાર, દીઠો એક સહકાર ॥ આછે૦ ॥ મોરલી વીયાણી તિહાં કણે જી ॥ ૬ ॥ સાથે હતો તુમ નાથ, ઈંડાં ઝાલ્યાં હાથ ॥ આ-

છે૦ ॥ કંકૂવરણાં તે થયાં જી ॥ ૭ ॥ નવિ ઓળખે તિહાં મોર, કરવા લાગી સોર ॥ આછે૦ ॥ સોલ ઘડિ નવિ સેવીયાં જી ॥ ૮ ॥ તિણ અવસર ઘમઘોર, મોરલા કરે છે સોર ॥ આછે૦ ॥ ચૌદિશિ ઝબકે વિજળી જી ॥ ૯ ॥ પછી વૂઠયો તિહાં મેહ, ઇંડાં ધોવાણાં તેહ ॥ આછે૦ ॥ સોલ ઘડિ પછી સેવીયાં જી ॥ ૧૦ ॥ હસતાં તે બાંધ્યાં કર્મ, નવિ ઓળખ્યો જિનધર્મ ॥ આછે૦ ॥ રોતાં ન છૂટે પ્રાણિયાજી ॥ ૧૧ ॥ તિહાં બાંધી અંતરાય, ભાંખે શ્રી જિનરાય ॥ આછે૦ ॥ સોલ ઘડિનાં વરસ સોળ થયાં જી ॥ ૧૨ ॥ દેશના સુણી અભિરામ, રુકિમણી રાણી તામ ॥ આછે૦ ॥ સૂધો તે સંયમ આદર્યો જી ॥ ૧૩ ॥ થિર રાખ્યાં મન વચ કાય, શિવપુરી નગરીમાં જાય ॥ આછે૦ ॥ કર્મ ખપાવી મુગતે ગયાં જી ॥ ૧૪ ॥ તેહનો છે વિસ્તાર, અંતગડસૂત્ર મોઝાર ॥ આછે૦ ॥ રાજવિજય રંગે ભણે જી ॥ ૧૫ ॥ ઇતિ ॥

अथ श्री राजिमती रहनेमिनी सघाय.

એક દિવસ વિષે રહનેમિ રહ્યા કાઉસ્સગ્ગ ધ્યાને, રાજુલ રહી તસ ગુફામાં ચિવર સૂકાવે છાને ॥ એ આંકણી ॥ ઋષિ રાજુલ દેખીને ગળિયા છે, કાઉસ્સગ્ગ કરવાને બળિયા છે ॥ મુનિ માંહિથી ચળિયા છે ॥ એક૦ ॥ ૧ ॥ રહનેમિ હર્ષ હેડે લાવે, પેખી રાજિમતિ બહુ સુખ પાવે ॥ મન ચિંતવે રાજુલ પ્રિય આવે ॥ ઓ વહુઅરજી, અમ સાથે સંસારતણાં સુખ માણો ॥ સો પરિહરિ જી, પ્રેમ પ્રિયકે બંધવ ઉપર આણો ॥ એક૦ ॥ ૨ ॥ આપણે સંસાર સફળ કરશું, પછી વૃદ્ધપણે વળિ વ્રત ધરશું ॥ લેઇ સંયમ ભવસાયર તરશું ॥ ઓ વહુઅરજી૦ ॥ ૩ ॥ ઇમ નિસુણી વચન રાજુલ નારી, દે સાર શિખામણ સુખકારી ॥ કહે ઉત્તમ વાણી હિતકારી ॥ ઓ દેવરજી, વ્રત ભૂલ્યાં ભમશો લહેશો ભય ભારી ॥ ૪ ॥ વ્રત ચૂકીને દૂરગતિ અવતરશો, પરમાધામીને વશ પડશો ॥ જો આશ હમારી તુમે કરશો ॥ ઓ દેવરજી૦ ॥ ૫ ॥ તેં નિજ કૂળની લજ્જા મૂકી, અતિચાર ગયો સંયમ ચૂકી ॥ કુણ નિરખે હો મુનિ નિજ ચૂકી ॥ ઓ દેવરજી૦ ॥ ૬ ॥ એહ વાત તુને નવિ છાજે છે, ઇમ જંપતાં યદુકૂળ લાજે છે ॥ વળી મહાવ્રત ત્હારાં ભાંજે છે ॥ ઓ દેવરજી૦ ॥ ૭ ॥ જૂઓ અમ સરખી રાણી રૂડી, ભરજોવન તુજ ભ્રાતે છોડી ॥ તોયે મૂરખ પ્રીતિ કિસિ જોડી ॥ ઓ રહનેમિ, નેમિતણી હું નારી તે જોને

વિચારી ॥ અતિ હિતકારી, ગુરુ બંધવની નારી તે જનની ત્હારી ॥૮॥ પ્રતિબોધ ઈત્યાદિક ઇમ આપી ॥ દેવરનું દિલડું થિર થાપી ॥ દેઇ મિથ્યાદુષ્કૃત અઘ કાપી ॥ એ રહનેમિ૦ ॥ ૯ ॥ તવ તે તિહાંથી તુરતજ વળિયા, કહે ઉત્તમ જન પંથે ભળિયા ॥ રહનેમિ રાજુલ જિનને મળિયા ॥ એ રહનેમિ૦ ॥ ૧૦ ॥ સહસાવન સંયમ નિરધારી, શિવ પહોત્યા જિન રાજુલ નારી ॥ એ અવિચળ જોડ યદુ અવતારી ॥ પ્રભુ સુખકારી, લેઈ સંયસ રહનેમિ વર્યા શિવનારી ॥ ભવિ ઉપગારી, નેમિ નવ ભવ નેહ પ્રથમ ત્રિય તારી ॥ ૧૧ ॥ રહનેમિ સંસાર જણાવ્યો છે, રાજુલ શુદ્ધ માર્ગ સુણાવ્યો છે ॥ ઈહાં એ અધિકાર બનાવ્યો છે ॥ પ્રભુ ઉપગારી૦ ॥ ૧૨ ॥ સંવત પંચોતેર અઢારે, કાર્ત્તિક શુદિ બીજ રવીવારે ॥ ચિત્ત ચોકસ ચાર ચતુર ધારે ॥ પ્રભુ ઉપગારી૦ ॥ ૧૩ ॥ ગુરૂ ગૌતમ નામે જસ પાયો, તસ શિષ્ય ખુશાલવિજય ભાયો ॥ તસ શિષ્ય ઉત્તમચંદ ગુણ ગાયો ॥ પ્રભુ ઉપગારી૦॥૧૪॥

अथ श्री रहनेमिनी सझाय.

કાઉસ્સગ્ગ થકી રે રહનેમી, રાજુલ નિહાળી ॥ ચિત્તડું ચળિયું તવ બોલે નાર રે ॥ દેવરિયા મુનિવર, ધ્યાનમાં રહેજો ॥ ધ્યાનથકી હોય ભવનો પાર રે ॥ દેવ૦ ॥ ૧ ॥ ઉત્તમ કૂળના યાદવકૂળરે અજુવાળી, લીધો છે સંયમભાર રે ॥ દેવ૦ ॥ હું રે વ્રતીરે તું છે સંયમધારી, જાશે સરવે વ્રત હારિ રે ॥ દેવ૦ ॥ ધ્યાન૦ ॥ ૨ ॥ વિષધર વિષ વમી આપ ન લેવે, કરે પાવક પરિચાર રે ॥ દેવ૦ ॥ તુજ રે બાંધવ નેમજીયે મુજને રે વમી, વમ્યો ન ઘટે તુમને આહાર રે ॥ ॥ દેવ૦ ॥ ધ્યાન૦ ॥ ૩ ॥ નારી એછે રે જગમાં વિષની રે વેલી, નારી છે અવગુણનો ભંડાર રે ॥ દેવ૦ ॥ નારી મોહે રે મુનિવર જેહ વિગતા, તે નવિ લહે ભવપાર રે ॥ દેવ૦ ॥ ધ્યાન૦ ॥ ૪ ॥ નારીનું રૂપ દેખી મુનિને ન રહેવું, એ છે આગમમાં અધિકાર રે ॥ દેવ૦ ॥ નારી નિઃસંગી તેતો મુનિવર કહીયે, ન કરે ફરી સંસાર રે ॥ દેવ૦ ॥ ॥ ધ્યા૦ ॥ ૫ ॥ એરે સતીનાં મુનિવર વચણ સુણીને, પામ્યા ભવ પ્રતિબોધ રે ॥ દેવ૦ ॥ નેમજી ભેટીને ફરી સંયમ લીધો, કર્યો છે આતમ શોધ રે ॥ દેવ૦ ॥ ધ્યાન૦ ॥ ૬ ॥ ધન્ય રે સતી રે જેણે મુનિ પ્રતિબોધ્યા, ધન્ય ધન્ય એ અણગાર રે ॥ દેવ૦ ॥ એરે વસતા મુનિનાં વચણ સુણીને, ફરી ન કરે સંસાર રે ॥ દેવ૦ ॥ ધ્યાન૦ ॥ ૭ ॥

અથ શ્રી અરણિકમુનિની સઝાય.

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શીશો જી ॥ પાય અલવાણે રે વેળુ પરજળે, તન સુકુમાળ મુનિશો જી ॥ અરણિક૦ ॥ ॥ ૧ ॥ મુખ કરમાણું રે માલતી ફૂલ જ્યું, ઊભો ગોખની હેઠો જી ॥ ખરે બપોરે રે દીઠો એકલો, મોહી માનની દેઠો જી ॥ અ૦ ॥ ૨ ॥ વચણ રંગિલી રે નયણે વેંધીયો, ઋષિ થંભ્યો તેણે ઠાણો જી ॥ દાસીને કહે જારે ઉતાવળી, ઋષિ તેડી ઘર આણો જી ॥ અ૦ ॥ ૩ ॥ પાવન કીજે રે ઋષિ ઘર આંગણું, વોહરો મોદક સારો જી ॥ નવ જોવન રસ કાયા કાં દહો, સફળ કરો અવતારો જી ॥ અ૦ ॥ ૪ ॥ ચંદ્રાવદનીયે ચારિત્રથી ચૂકવ્યો, સુખ વિલસે દિન રાતો જી ॥ બેઠો ગોખે રે રમતો સોગઠે, તવ દીઠી નિજ માતો જી ॥ અ૦ ॥ ૫ ॥ અરણિક અરણિક કરતી મા ફરે, ગલિયે ગલિયે બજારો જી ॥ કહો કેણે દીઠો રે મ્હારો અરણિલો, પૂછે લોક હજારો જી ॥ અ૦ ॥ ૬ ॥ હું કાયર છું રે મ્હારી માવડી, ચારિત્ર ખાંડાની ધારો જી ॥ ધિગ્ ધિગ્ વિષયારે માહરા જીવને, મેં કીધો અવિચારો જી ॥ અ૦ ॥ ૭ ગોખથી ઉતરી રે જનનીને પાય પડયો, મનશું લાજ્યો અપારો જી ॥ વચ્છ તુજ ન ઘટે રે ચારિત્રથી ચૂકવું, જેહથી શિવસુખ સારો જી ॥ ॥ અ૦ ॥ ૮ ॥ એમ સમજાવી રે પાછો વાળિયો, આણ્યો ગુરુની પાસો જી ॥ સતગુરુ દીયે રે શિખ ભલી પરે, વૈરાગે મન વાસો જી ॥અ૦॥ ॥ ૯ ॥ અગ્નિ ધખંતી રે શીલા ઉપરે, અરણિકે અણસણ કીધો જી॥ રૂપવિજય કહે ધન્ય તે મુનિવરૂ, જેણે મનવંછિત લીધો જી ॥ અરણિક મુનિવર ચાલ્યા ગોચરી ॥ ૧૦ ॥ ઇતિ ॥

અથ શ્રી કરકંડૂપ્રત્યેકબુદ્ધની સઝાય.

ચંપાનગરી અતિ ભલિ ॥ હું વારી લાલ ॥ દધિવાહન ભૂપાળ રે ॥ હું૦ ॥ પદ્માવતી કૂખે ઉપયો, ॥ હું૦ ॥ કર્મે કીધો ચંડાળ રે ॥ હું૦ ॥ ૧ ॥ કરકંડુને કરૂં વંદના, હું૦ ॥ પહિલો પ્રત્યેકબુદ્ધ રે ॥ હું૦ ॥ ગિરુવાના ગુણ ગાવતાં, હું૦ સમકિત થાયે શુદ્ધ રે ॥ હું૦ ॥ ક૦ ॥ ॥૨॥ લીધી તે વાંસની લાકડી, હું૦ થયો કંચનપુર રાય રે॥ હું૦ ॥ બાપશું સંગ્રામ માંડિયો, હું૦ સાધવી દિયો સમજાય રે ॥ હું૦ ॥ ॥ક૦॥ ॥ ૩ ॥ વૃષભરૂપ દેખિ કરી, હું૦ પ્રતિબોધ પામ્યો નરેશ રે

॥હું૦॥ ઉત્તમ સંયમ આદર્યો, હું૦ દેવતાયે દીયો વેશ રે ॥હું૦ ॥ક૦॥ ॥ ૪ ॥ કર્મ ખપાવી મુગતે ગયા, હું૦ કરકંડૂ ઋષિરાય રે ॥ હું૦ સમયસુંદર કહે સાધુને, હું૦ પ્રણમ્યાં પાતક જાય રે ॥ હું૦ ॥ ક૦ ॥ ૫ ॥

अथ श्री सिताजीनी सझाय.

જનકસુતા હું નામ ધરાવું, રામ છે અંતરજામિ ॥ પાલવ હુમારો મેલને પાપી, કૂળને લાગે છે ખામી ॥ અડશો માં જો, માં જો, માં જો, માં જો ॥ અ૦ ॥ મ્હારો નાવલીયો દુહવાય ॥ અ૦ ॥ મને સંગ કેનો ન સુહાય ॥ અ૦ ॥ મ્હારૂં મન માંહેથી અકુળાય ॥ અ૦॥ ॥ ૧ ॥ એ આંકણી ॥ મેરૂ મહીધર ઠામ તજે જો, પત્થર પંકજ ઉગે ॥ જો જળધિ મર્યાદા મૂકે, પાંગળો અંભર પૂગે ॥ અ૦ ॥ ૨ ॥ તોપણ તું સાંભળ રે રાવણ, નિશ્ચય શિળ ન ખંડુ ॥ પ્રાણ હુમારા પરલોક જાએ, તોપણ સત્ય ન છંડુ ॥ અ૦ ॥ ૩ ॥ કુણ મણિધરની મણિ લેવાને, હૈડે ધાલે હામ ॥ સતિ સંગાથે સ્નેહ કરીને, કહો કુણ સાધે કામ ॥ અ૦ ॥ ૪ ॥ પરદારાનો સંગ કરીને, આખર કોણ ઉગરિયો ॥ કૂડ કહું તો જો આલોચી, સહી તુજ દહાડો ફરિયો ॥અ૦॥ ॥ ૫ ॥ જનકસુતા હું જગ સહુ જાણે, ભામંડળ છે ભાઇ ॥ દશરથ નંદન શિર છે સ્વામિ, લક્ષમણ કરશે લડાઈ ॥ અ૦ ॥ ૬ ॥ હું ધણીયાતી પિયુ ગુણ રાતી, માહરે હાથ છે છાતી ॥ રહે અળગો તુજ વચણે ન ચળું, કાં કૂળે વાહે છે કાતી ॥ અ૦ ॥ ૭ ॥ ઉદયરતન કહે ધન્ય એ અબળા, સિતા જેહનું નામ ॥ સતિયો માંહે શિરોમણિ કહિયે, નિત્ય નિત્ય હોજો પ્રણામ ॥ અ૦ ॥ ૮ ઈતિ ॥

अथ श्री जंबुस्वामिनी सझाय.

સરસતિ સામિણી વિનવું, સતગુરૂ લાગુજી પાય ॥ ગુણ રે ગાશું જંબૂસ્વામિના, હરખ ધરી મન માંય ॥ ૧ ॥ ધન ધન જંબુસ્વામિને ॥ એ આંકણી ॥ ચારિત્ર છે વચ્છ દોહિલું, વ્રત છે ખાંડાની ધાર ॥ પાયે અણવાણેજી ચાલવું, કરવાજી ઉગ્ર વિહાર ॥ ધન૦ ॥ ૨ ॥ મધ્યાન પછી કરવી ગૌચરી, દિનકર તપેરે નિલાડ ॥ વેળુ કવળ સમ કોળિયા, તે કિમ વાળ્યા એ જાય ॥ ધન૦ ॥ ૩ ॥ કોડી નવાણું સોવનતણી, તમારે છે આઠેજી નાર ॥ સંસારતણાં સુખ સુણ્યાં નહીં, ભોગવો ભોગ ઉદાર ॥ ધન૦ ॥ ૪ ॥ રામે સિતાને વિજોગડે

બહોત કિયા રે સંગ્રામ ॥ છતી રે નારી તુમે કાંઈ તજો, કાંઇ તજો ધન ને ધામ ॥ ધન૦ ॥ ૫ ॥ પરણીને શું જી પરિહરો, હાથ મળ્યાનો સંબંધ ॥ પછી તે કરશો સ્વામિ આરતો, જિમ કીધો મેઘ મુણિંદ ॥ ધન૦ ॥ ૬ ॥ જંબૂ કહે રે નારી સુણો, અમ મન સંયમ ભાવ ॥ સાચો સનેહ કરી લેખવો, તો સંયમ લ્યો અમ સાથ ॥ ધન૦ ॥ ॥ ૭ ॥ તેણે સમે પ્રભવોજી આવીયો, પાંચશેં ચોર સંઘાત ॥ તેને પણ જંબૂસ્વામિયે બૂઝવ્યો, બૂઝવ્યા માત ને તાત ॥ ધન૦ ॥ ૮ ॥ સાસુ સસરાને બૂઝવ્યા, બૂઝવી આઠે નાર ॥ પાંચશેં સત્તાવીશશું, લીધો જી સંયમભાર ॥ ધન૦ ॥ ૯ ॥ સુધર્માસ્વામિ પાસે આવિયા, વિચરે છે મનને ઉલ્લાસ ॥ કર્મ ખપાવી કેવળ પામીયા, પહોત્યાજી મુક્તિ મોઝાર ॥ ધન ધન જંબૂસ્વામિને ॥ ૧૦ ॥ ઇતિ ॥

अथ श्री सहजानंदीनी सघाय.

(બીજી અશરણ ભાવના.—એ દેશી.)

સહુજાનંદી રે આતમા, સૂતો કાંઇ નિશ્ચિંત રે ॥ મોહતણા રણીયા ભમે, જાગ જાગ મતિવંત રે ॥ લૂંટે જગતના જંત રે, નાંખી વાંક અત્યંત રે ॥ નરકાવાસ ઠવંત રે, કોઈ વિરલા ઉગરંત રે ॥ સ૦ ॥ ૧ ॥ રાગ દ્વેષ પરિતણી ભજી, માયા કપટ કરાય રે ॥ કાશ કુસુમપરે જીવડો, ફોગટ જનમ ગમાય રે, માથે ભય જમરાય રે, શો મન ગર્વ ધરાય રે, સહુ એક મારગ જાય રે, કોણ જગ અમર કહાય રે ॥ સ૦ ॥ ૨ ॥ રાવણ સરિખા રે રાજવી, નાગા ચાલ્યા વિણ ધાગ રે ॥ દશ માથાં રણ રડવડ્યાં, ચાંચ દીએ શિર કાગ રે, દેવ ગયા સવિ ભાગ રે, ન રહ્યો માનનો છાગ રે, હરિ હાથે હરિ નાગ રે, જોજ્યો ભાઇઓના રાગ રે ॥ સ૦ ॥ ૩ ॥ કેઇ ચાલ્યા કેઇ ચાલશે, કેતા ચાલણહાર રે ॥ મારગ વહેતો રે નિત્ય પ્રત્યે, જોતાં લખ હજાર રે, દેશ વિદેશ સધાર રે, તે નર એણે સંસાર રે, જાતાં જમ દરબાર રે, ન જૂવે વાર કૂવાર રે ॥ સ૦ ॥ ૪ ॥ નારાયણપૂરી દ્વારિકા, બળતી મેલી નિરાશ રે ॥ રોતા રણમાં તે એકલા, નાઠા દેવ આકાશ રે, કિહાં તરુ છાયા આવાસ રે, જળ જળ કરી ગયો સાસ રે, બળભદ્ર સરોવર પાસ રે, સુણી પાંડવ શિવ વાસ રે ॥ સ૦ ॥ ૫ ॥ રાજી ગાજી રે બોલતા, કરતા હુકમ હેરાન રે ॥ પોહચ્યા અગ્નિમાં એકલા, કાયા રાખ સમાન રે, બ્રહ્મદત્ત નરક પ્રમાણ રે, એ ઋદ્ધિ અથિર

નિદાન રે, જેવું પીંપળ પાન રે, મ ધરો જૂઠ ગુમાન રે ॥ સ૦ ॥ ૬ ॥ વાલેશર વિના એક ઘડિ, નવિ સોહાતું લગાર રે ॥ તે વિણ જનમારો વહી ગયો, નહીં કાગળ સમાચાર રે, નહીં કોઇ કોઇનો સંસાર રે, સ્વારથિયો પરિવાર રે, માતા મરુદેવી સાર રે, પહોત્યાં મોક્ષ મોઝાર રે ॥ સ૦ ॥ ૭ ॥ માતા પિતા સુત બાંધવા, અધિકો રાગ વિચાર રે ॥ નારી આશારી રે ચિત્તમાં, વંછે વિષય ગમાર રે, જૂઓ સૂરિકંતા જે નાર રે, વિષ દીધો ભરતાર રે, નૃપ જિનધર્મ આધાર રે, સજ્જન નેહ નિવાર રે ॥ સ૦ ॥ ૮ ॥ હસી હસી દેતા રે તાળીયો, શય્યા કુસુમની સાર રે ॥ તે નર અંતે માટી થયા, લોક ચણે ઘરબાર રે, ઘડતા પાત્ર કુંભાર રે, એહવું જાણી અસાર રે, છોડો વિષય વિકાર રે, ધન્ય તેહનો અવતાર રે ॥ સ૦ ॥ ૯ ॥ થાવચ્ચા સુત શિવ વર્યા, વળી એલાચીકુમાર રે ॥ ધિક્ ધિક્ વિષયા રે જીવને, લઇ વૈરાગ્ય રસાળ રે, મ્હેલી મોહ જંજાળ રે, ઘેર રમે કેવળ બાળ રે, ધન્ય કરકંડુ ભૂપાળ રે ॥ સ૦ ॥ ૧૦ ॥ શ્રી શુભવિજય સુગુરૂ લહી, ધર્મરયણ ધરો છેક રે ॥ વીર વચન રસ શેલડી, ચાખે ચતુર વિવેક રે, ન ગમે તે નર ભેક રે, ધરતા ધર્મનો ટેક રે, ભવજળ તરિયા અનેક રે ॥ સહજાનંદી રે આતમા ॥ ૧૧ ॥ ઇતિ ॥

अथ श्री प्रसन्नचंद्रराजर्षिनी सद्याय.

પ્રણમું તુમારા પાય, પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય ॥ રાજ છોડી રળિયામણું રે, જાણી અથિર સંસાર ॥ વૈરાગે મન વાળિયું રે, લીધો સંયમભાર ॥ પ્રસન્ન૦ ॥ ૧ ॥ સમશાને કાઉસ્સગ્ગ રહી રે, પગ ઉપર પગ ચઢાય ॥ બાહુ બે ઊંચા કરી રે, સૂરજ સામી દૃષ્ટિ લગાય ॥ પ્રસન્ન૦ ॥ ૨ ॥ દુર્મુખ દૂત વચન સુણી રે, કોપ ચઢયો તતકાળ ॥ મનશું સંગ્રામ માંડિયો રે, જીવ પડયો જંજાળ ॥ પ્રસન્ન૦ ॥ ૩ ॥ શ્રેણિક પ્રશ્ન પૂછે તિસે રે, સ્વામિ એહની કુણ ગતિ થાય ॥ ભગવંત કહે હમણાં મરે તો, સાતમી નરકે જાય ॥ પ્રસન્ન૦ ॥ ૪ ॥ ક્ષણ એક આંતરે પૂછીયું રે, સર્વારથસિદ્ધ વિમાન ॥ વાજી દેવની દુંદભી રે, ઋષિ પામ્યો કેવળજ્ઞાન ॥ પ્રસન્ન૦ ॥ ૫ ॥ પ્રસન્નચંદ્ર ઋષિ મુગતે ગયા રે, શ્રી મહાવીરના શિષ્ય ॥ રૂપવિજય કહે ધન્ય ધન્ય, દીઠા એ પ્રત્યક્ષ ॥ પ્રસન્નચંદ્ર પ્રણમું તુમારા પાય ॥ ૬ ॥ ઇતિ ॥

અથ શ્રી बाहुबलिनी सझाय.

રાજતણા રે અતિ લોભિયા, ભરત બાહુબળિ જૂઝે રે ॥ મૂઠી ઉપાડી રે મારવા, બાહુબળિ પ્રતિબૂઝે રે ॥ વીરા મોરા ગજથકી ઉતરો, ગજ ચઢે કેવળ ન હોય રે ॥ વીરા૦ ॥ ૧ ॥ ઋષભદેવ તિહુ મોકલે, બાહુબળિજીની પાસે રે ॥ બંધવ ગજથકી ઉતરો, બ્રાહ્મીં સુંદરી એમ ભાખે રે ॥ વીરા૦ ॥ ૨ ॥ લોચ કરીને ચારિત્ર લીયો, વળિ આવ્યો અભિમાન રે ॥ લઘુ બંધવ વાંદું નહીં, કાઉસ્સગ્ગ રહ્યા શુભધ્યાન રે ॥ વીરા૦ ॥ ૩ ॥ વરસ દિવસ કાઉસ્સગ્ગ રહ્યા, શીત તાપથી સૂકાણા રે ॥ પંખીડે માળા ઘાલીયા, વેલડીયે વીંટાણા રે ॥ વીરા૦ ॥ ૪ ॥ સાધવિનાં વચન સુણી કરી, ચમકયો ચિત્ત મઝાર રે ॥ હય ગય રથ સહુ પરિહરયા, વળી આવ્યો અહંકાર રે ॥ વીરા૦ ॥ ૫ ॥ વૈરાગે મન વાળિયું, મૂકયો નિજ અભિમાન રે ॥ પંગ ઉપાડયો રે વાંદવા, ઉપન્યું કેવળજ્ઞાન રે ॥ વીરા૦ ॥ ૬ ॥ પહોત્યા તે કેવળી પરષદા, બાહુબળિ મુનિરાય રે ॥ અજરામર પદવી લહી, સમયસુંદર વંદે પાય રે ॥ વીરા૦ ॥ ૭ ॥ ઇતિ ॥

અથ શ્રી भरतचक्रवर्तिनी सझाय.

મનમેં હી વૈરાગી ભરતજી, મનમેં હી વૈરાગી ॥ સહસ બત્રીશ મુકુટબંધ રાજા, સેવા કરે વડભાગી ॥ ચોશઠ સહસ અંતેઉરી જાકે, તોહિ ન હુવા અનુરાગી ॥ ભરતજી મનમેંહી વૈરાગી ॥ ૧ ॥ ॥ એ આંકણી ॥ લાખ ચોરાશી તુરંગમ જાકે, છન્નું કોડ હે પાગી ॥ લાખ ચોરાશી ગજ રથ સોહીયે, સુરતા ધર્મશું લાગી ॥ ભ૦ ॥ ૨ ॥ ચાર ક્રોડ મણ અન્ન નિત સીઝે, લૂણ દશલાખ મણ લાગી ॥ તિન ક્રોડ ગોકુળ ઘર દૂઝે, એક ક્રોડ હળ સાગી ॥ ભ૦ ॥ ૩ ॥ સહસ બત્રીશ દેશ વડભાગી, ભયે સરવકે ત્યાગી ॥ છન્નું ક્રોડ ગામકે અધિપતિ, તોહિ ન હુઆ સરાગી ॥ ભ૦ ॥ ૪ ॥ નવનિધિ રતન ચોગડા બાજે, મન ચિંતા સબ ભાગી ॥ કનકકીર્તિ મુનિવર વંદત હે, દેજયો મુક્તિ મેં માગી ॥ ભરતજી૦ ॥ ૫ ॥ ઇતિ ॥

અથ શ્રી कामकंदर्पनी सझाय.

(કરેલડા ઘડ દે રે.—એ દેશી.)

કામવિકારે માનવી રે, કરે કુકર્મ અનેક ॥ કામ કરેવા કારણે,

વિરમે આપ વિવેક ॥ કામી નર વર્જજો રે, કામહ કેરા વિકાર ॥ કામી નર વર્જજો રે ॥ ૧ ॥ એ આંકણી ॥ કામ વશે જે વાહિયા રે, પામ્યા દુઃખ અપાર ॥ લંપટ થયો લંકાપતિ, અવલેહી સ્વઆચાર ॥ કામી૦ ॥ ૨ ॥ કામથકી સિતા હરી રે, લાંછ્યો રાવણ લંક ॥ દસ શિર રામે છેદીયાં, કામતણા એ વંક ॥ કામી૦ ॥ ૩ ॥ પદ્મોત્તર દ્રોપદી હરી રે, પાંડવ પાંચની નાર ॥ કૃષ્ણ બળે લેઇ આવીયા, છૂટયો તે રાય થઈ નાર ॥ કામી૦ ॥ ૪ ॥ કામ વિકળ હુઇ કામિની રે, તે સૂરિકંતા નાર ॥ નિજ પતિને હાથે હણ્યો, પહોત્યો તે સ્વર્ગ મઝાર ॥ કામી૦ ॥ ૫ ॥ બ્રહ્મદત્ત નિજ સુત ઉપરે રે, કીધો એકત્ર પ્રપંચ ॥ ચૂકી ચૂલણી મારવા, કામહ કેરા એ સંચ ॥ કામી૦ ॥ ૬ ॥ ઇત્યાદિક કામે કરી રે, પામ્યા દુઃખ અછેહ ॥ ઇણ ભવતો લંપટીતણો, નામ ધરાવે તેહ ॥ કામી૦ ॥ ૭ ॥ પરભવ તો નરકે પચે રે, કામથકી એ જીવ ॥ મુનિ ભૂધર કહે પ્રાણિયા, વર્જો કામ સૈદવ ॥ કામી૦ ॥ ૮ ॥

अथ श्री मेघकुमारनी सझाय.

ધારણી મનાવે રે મેઘકુમારને રે, તું મુજ એકજ પુત્ર ॥ તુજ વિણ જાયા રે ! સુનાં મંદિર માળિયાં રે, રાખો રાખો ઘરતણાં સૂત્ર ॥ ધારણી૦ ॥ ૧ ॥ તુજને પરણાવું રે આઠ કુમારિકા રે, સુંદર અતિ સુકુમાળ ॥ મલપતિ ચાલે રે જેમ વન હાથણી રે, નયણ વયણ સુવિશાળ ॥ ધારણી૦ ॥ ૨ ॥ મુજ મન આશારે પુત્ર હતી ઘણીરે, રમાડીશ વહુનાં રે બાળ ॥ દૈવ અટારો રે દેખી નવિ શકયો રે, ઉપાયો એહ જંજાળ ॥ ધારણી૦ ॥ ૩ ॥ ધણ કણ કંચણ રે ઋદ્ધ ઘણી અછે રે, ભોગવો ભોગ સંસાર ॥ છતી ઋદ્ધિ વિલસો રે જાયા ઘર આપણે રે, પછી લેજ્યો સંયમભાર ॥ ધારણી૦ ॥ ૪ ॥ મેઘકુમારે રે માતાપ્રત્યે બૂઝવી રે, દિક્ષા લીધી વીરજીની પાસ ॥ પ્રીતિવિમળ રે ઇણિપરે ઉચ્ચરે રે, પહોતી મ્હારા મનડાની આશ ॥ ધારણી૦ ॥ ૫ ॥

अथ श्री मेघकुमारनी सझाय.

(સુગ્રીવ નગર સોહામણું જી.—એ દેશી.)

વીર જિણંદ સમોસર્યા જી, વંદે મેઘકુમાર ॥ વાણી સુણી વૈરાગિયો જી, એહ સંસાર અસાર ॥ હો માડી, અનુમતિ દ્યો મોરી માય ॥ ૧ ॥ એ આંકણી ॥ વચ્છ તુને કિણે ભોળાંવ્યો જી, શ્રેણિક તા-

ત નરેશ ॥ કિમ ઉણો કિમ દૂમણો જી, કિણે દિયો એ ઉપદેશ ॥ રે જાયા, સંયમ વિષમ અપાર ॥ ૨ ॥ આદિ નિગોદે હું રૂળ્યો જી, ત્યાં સહ્યાં દુઃખ અનંત ॥ સાસ ઉસાસ બહુ પૂરિયો જી, હજુઅ ન પામ્યો અંત ॥ હો માડી અ૦ ॥ ૩ ॥ હમણાં તું વચ્છ નાનડો જી, જોવનભર રે કુમાર ॥ આઠ રમણી પરણાવીયો જી, ભોગવો ભોગ સંસાર ॥ રે જાયા સં૦ ॥ ૪ ॥ જનમ મરણ નરકજતણાં જી, તે દુઃખ સહ્યાં નવિ જાય ॥ વીર જિણંદ વંખાણીયાં જી, તે મેં સુણિયાં આજ ॥ હો માડી અ૦ ॥ ૫ ॥ વચ્છ કાચલીએ જીમવો જી, અરસ નિરસ હોય અહાર ॥ ભૂ પાળો નિત્ય હીંડવો જી, તું છે અતિ સુકુમાળ ॥ રે જાયા સં૦ ॥ ૬ ॥ શિવકુમર કિમ પરિહરી જી, ભોગવી પાંચશેં નાર ॥ શાળિભદ્ર જંબૂ તજી જી, સૂતા નહીં સંસાર ॥ હો માડી અ૦ ॥ ॥ ૭ ॥ શિયાળે શિત લાગશે જી, ઉનાળે લૂઅર ઝાળ ॥ વરસાળે મેલાં કપડાં જી, આગેં તું સુકુમાળ ॥ રે જાયા સં૦ ॥ ૮ ॥ સુબાહુ પ્રમુખ દેશ હુવા જી, પાંચશેં પાંચશેં નાર ॥ રાજઋદ્ધિ રમણી તજી જી, સૂતા નહીં સંસાર ॥ હો માંડી અ૦ ॥ ૯ ॥ જોવનવય દિક્ષા વરી જી, આર્દ્રકુમાર સુજાણ ॥ નંદિષેણ આગે નડયો જી, વિષય વગૂતા જાણ ॥ રે જાયા સં૦ ॥ ૧૦ ॥ ભમતો જીવ સંસારમાં જી, ધરમ દોહિલો હે માય ॥ જરા આવે ઇંદ્રિય ખસે જી, તવ કિમ કરીને થાય ॥ હો માડી અ૦ ॥ ૧૧ ॥ મૃગનયણી ઘર ધરહડે જી, નયણે નીર પ્રવાહ ॥ ભરજોવનમાં છોરૂ નહીં જી, મૂકી નિપટ નિરાશ ॥ રે જાયા સં૦ ॥ ૧૨ ॥ સ્વારથ સબ જગ વાલહો જી, સગો નહીં કિસકો જી કોય ॥ વિષયસુખ વિષ સારિખાં જી, કિમ ભોગવું એ ભોગ ॥ હો માડી અ૦ ॥ ૧૩ ॥ હંસતુલાની સેજડી જી, રૂપ રમણી રસ ભોગ ॥ એહ સુંવાળી સેજડી જી, કિમ આદરશો જોગ ॥ રે જાયા સં૦ ॥ ॥ ૧૪ ॥ ખમો ખમો કિરપા કરો જી, દો મુજને આદેશ ॥ દો અનુમતિ જિમ હોઊં સુખી જી, વીર ચરણ લેઊં દીખ ॥ હો માડી અ૦ ॥ ॥ ૧૫ ॥ તન ફાટયો લોચણ ઝરે જી, દુઃખ નહીં સહેણો રે જાય ॥ થાઓ સુખી વચ્છ તિમ કરો જી, અનુમતિ દીધી માય ॥ કુંમર જી સંયમ સુખ અપાર ॥ ૧૬ ॥ મણિ માણેક મોતી તજ્યાં જી, તોડયો નવસર હાર ॥ સુખલીણી આઠે ભણે જી, તુમ વિણ કિશો શણગાર ॥ હો સ્વામિ, સંયમ સુખ અપાર ॥ ૧૭ ॥ કુંમર ભણે સુખ પામવા જી, છાડું એ સંસાર ॥ નેહ તુમારો જાણશું જી, જો લિયો સંયમભા-

૨ ॥ પિયારી સં૦ ॥ ૧૮ ॥ રથ શિબિકા સહુ સજ કરે જી, કુંઅર ધારણીજી માય ॥ શ્રેણિકરાય મહોચ્છવ કરે જી, ચારિત્ર પો જિનરાય ॥ હો સ્વામિ સં૦ ॥ ૧૯ ॥ તપ તનુ શોષી દેહડી જી, ગયા અનુંત્તરવિમાન ॥ મહાવિદેહમાં સીઝશે જી, પામશે કેવળજ્ઞાન ॥ હો સ્વામિ સં૦ ॥ ૨૦ ॥ ઇમ વૈરાગે સદા ધરો જી, સાંભળજો નર નાર ॥ કર જોડી પૂનો ભણે જી, તવ પામે ભવ પાર ॥ હો સ્વામિ સં૦ ॥ ૨૧ ॥

अथ श्री अमरकुमरनी सझाय.

રાજગૃહી નગરી ભલી, તિહાં શ્રેણિક રાજા રે ॥ જિનધર્મનો પરિચય નહીં, મિથ્યામત માંહે રાચ્યા રે ॥ કર્મતણી ગતિ સાંભળો ॥ ૧ ॥ એ આંકણી ॥ કર્મ કરે તે હોય રે ॥ સ્વારથનાં સહુકો સગાં, વિણ સ્વારથ નહીં કોય રે ॥ કર્મ૦ ॥ ૨ ॥ રાજા શ્રેણિક એકદા, ચિત્રશાળા કરાવે રે ॥ અનેક પ્રકારે મંડણી, દેખંતાં મન મોહે રે ॥ કર્મ૦ ॥ ૩ ॥ દરવાજો ગિર ગિર પડે, રાજા મન પસ્તાવે રે ॥ પૂછે જોષિ પંડિતા, બ્રાહ્મણ ઇમ બતાવે રે ॥ કર્મ૦ ॥ ૪ ॥ બાળક બત્રિશ લક્ષણો, હોમીજે ઇણ માંહે રે ॥ તો એહ મહેલ પડે નહીં, ઇમ ભાંખે વચણ અજાણો રે ॥ કર્મ૦ ॥ ૫ ॥ રાજા ડંડેરો ફેરીયો, જે આપે બાળ કુંવારો રે ॥ તોળી આપું બરોબરી, સોનૈયા ધન સારો રે ॥ કર્મ૦ ॥ ૬ ॥ ઋષભદત્ત બ્રાહ્મણ તિહાં વસે, ભદ્રા તસ ઘરણી જાણો રે ॥ પુત્ર ચાર સોહામણા, નિર્ધનિયો પુણ્યહીણો રે ॥ કર્મ૦ ॥ ૭ ॥ ઋષભદત્ત કહે નારને, આપો એક કુંવારો રે ॥ ધન આવે ઘર આપણે, આપણ સુખીયા સારો રે ॥ કર્મ૦ ॥ ૮ ॥ નારી કહે વેગે કરો, આપો અમરકુમારો રે ॥ મ્હારે મન અણભાવતો, આંખથકી કરો અળગો રે ॥ કર્મ૦ ॥ ૯ ॥ વાત જણાવી રાયને, રાજા મનમાં હરખ્યો રે ॥ જે માગે તે આપીને, લાવો બાળ કુંવારો રે ॥ કર્મ૦ ॥ ૧૦ ॥ સેવક પાછા આવીયા, ધન આપ્યો મનમાન્યો રે ॥ અમર કહે મોરી માતજી, મુને મતિ આપીજે રે ॥ કર્મ૦ ॥ ૧૧ ॥ માતા કહે તુને શું કરૂં, મ્હારે ભાવે તું મુઓ રે ॥ કામકાજ કરે નહીં, ખાવાને જો ઇએ સારો રે ॥ કર્મ૦ ॥ ૧૨ ॥ આંખે આંસૂ નાંખતો, બોલે બાળકુંવારો રે ॥ સાંભળો મોરા તાતજી, તુમે મુજને રાખો રે ॥ કર્મ૦ ॥ ૧૩ ॥ તાત કહે હું શું કરૂં, મુજને તો તું પ્યારો રે ॥ માતા વેચે તાહરી, માહરો નહીં સારો રે ॥ કર્મ૦ ॥ ૧૪ ॥ કાકો પણ પાસે હતો, કાકી મુજને રાખો રે ॥ કાકી કહે હું શું જાણું, માહરે તું શું લાગે

રે ॥ કર્મ૦ ॥ ૧૫ ॥ બાળક રોતો સાંભળી, માસી ફુઆ તે આવેરે ॥ બહેન પણ તિહાં બેઠી હતી, કિણહિ મુજને રાખો રે ॥ કર્મ૦ ॥ ॥ ૧૬ ॥ જોજ્યો ધન અનરથ કરે, ધન પડાવે વાટો રે ॥ ચોરી કરે ધન લોભીયો, મરીને દુર્ગતિ જાયે રે ॥ કર્મ૦ ॥ ૧૭ ॥ હાથ પકડીને લેઈ ચલ્યા, કુંમર રોવણ લાગ્યો રે, ॥ મુજને રાજા હોમશે, ઇમ બાળક બહુ ઝુરે રે ॥ કર્મ૦ ॥ ૧૮ ॥ બાળકને તવ લેઇ ચાલ્યા, આવ્યા ભરબજારે રે ॥ લોક સહુ હાહા કરે, વેચ્યો બાળ ચંડાળે રે ॥ કર્મ૦ ॥ ॥ ૧૯ ॥ લોક તિહાં બહુલા મળ્યા, જોવે બાળ કુંવારો રે ॥ બાળ કહે મુજ રાખિ લ્યો, થાશું દાસ તુમારો રે ॥ કર્મ૦ ॥ ૨૦ ॥ શેઠ કહે રાખું સહી, ધન આપી મુહ માગ્યો રે ॥ રાયે મંગાવ્યો હોમવા, તે તો નહીં રખાયે રે ॥ કર્મ૦ ॥ ૨૧ ॥ બાળકને તે લેઈ ગયા, રાજાજીની પાસે રે ॥ ભટજી પણ બેઠા હુતા, વેદશાસ્ત્રના જાણ રે ॥ કર્મ૦ ॥ ॥ ૨૨ ॥ ભટજીને રાજા કહે, દેખો બાળ કુંવારો રે ॥ બાળકને શેઠ દેખવો, કામ કરો મહારાજો રે ॥ કર્મ૦ ॥ ૨૩ ॥ બાળ કહે કરજોડીને, સાંભળો શ્રી મહારાજા રે ॥ પ્રજાના પિયર તુમે, મુજને કિમ હોમીજે રે ॥ કર્મ૦ ॥ ૨૪ ॥ રાજા કહે મૂલે લીયો, માહરો નહીં અન્યાયો રે ॥ માત પિતાયે તુને વેચીયો, હોમવા આણ્યો આજો રે ॥ કર્મ૦ ॥ ॥ ૨૫ ॥ ગંગોદકે નવરાવીને, ગળે ઘાલી ફુલની માળા રે, ॥ કેસર ચંદન ચરચીને, બ્રાહ્મણ ભણે તવ વેદા રે ॥ કર્મ૦ ॥ ૨૬ ॥ અમરકુંમર મન ચિંતવે, મુજ શિખવીયો સાધુ રે ॥ નવકારમંત્ર છે મોટકો, સંકટ સહુ ટળી જાશે રે ॥ કર્મ૦ ॥ ૨૭ ॥ નવપદધ્યાન ધરતાં થકાં, દેવસિંહાસણ કંપ્યો રે ॥ ચાલી આવ્યો ઉતાવળો, જિહાં છે બાળ કુંવારો રે ॥ કર્મ૦ ॥ ૨૮ ॥ અગનિ ઝાળ ઠંડી કરી, કીધો સિંહાસણ ચંગો રે ॥ અમરકુંમરને બેસારીને, દેવ કરે ગુણગ્રામો રે ॥ કર્મ૦ ॥ ૨૯ ॥ રાજાને ઊંધો નાંખીયો, મુખે છૂટ્યાં લોહી રે ॥ બ્રાહ્મણ સહુ લાંબા પડ્યા, જાણે સૂકાં કાઠો રે ॥ કર્મ૦ ॥ ૩૦ ॥ રાજસભા અચરિજ થઇ, એ બાળક કોઇ મ્હોટો રે ॥ પગ પૂજીજે એહના, તો એ મૂવા ઉઠે રે ॥ કર્મ૦ ॥ ૩૧ ॥ બાળકે છાંટો નાંખીયો, ઉઠ્યો શ્રેણિકરાજા રે ॥ અચરિજ દીઠો મોટકો, એ શું હુવો કાજો રે ॥ કર્મ૦ ॥ ૩૨ ॥ બ્રાહ્મણ પડિયા દેખિને, લોક કહે પાપ જૂઓ રે ॥ બાળહત્યા કરતાં થકાં, તેહનાં ફળ છે એહો રે ॥ કર્મ૦ ॥ ૩૩ ॥ બ્રાહ્મણ સહુ ભેળા થયા, દેખે એમ તમાસો રે ॥ કનક સિંહાસણ ઉપરે, બેઠો અમરકુમારો રે

॥ કર્મ૦ ॥ ૩૪ ॥ રાજા સહુ પરિવાર શું, ઉઠયો તે તતકાળો રે ॥ કરજોડી કહે કુંમરને, એ રાજ્યઋદ્ધિ સહુ ત્હારી રે ॥ કર્મ૦ ॥ ૩૫ ॥ અમર કહે સુણો રાજવી, રાજશું નહીં મુજ કાજો રે ॥ સંયમ લેશું સાધનો, સાંભળો શ્રી મહારાજો રે ॥ કર્મ૦ ॥ ૩૬ ॥ રાય લોક સહુ ઇમ કહે, ધન ધન બાળ કુંવારો રે ॥ ભટજી પણ સાજા હુવા, લાજયા તે મનમાંહો રે ॥ કર્મ૦ ॥ ૩૭ ॥ જય જયકાર હુવો ઘણો, ધરમતણે પરસાદો રે ॥ અમરકુંમર મન સોચતો, જાતિસ્મરણ જ્ઞાનો રે ॥ કર્મ૦ ॥ ૩૮ ॥ અમરકુંમર સંયમ લિયો, કરે પંચમુષ્ટિ લોચો રે ॥ બાહિર જઇ મસાણમેં, કાઉસ્સગ્ગ રહ્યો શુભ ધ્યાને રે ॥ કર્મ૦ ॥ ॥ ૩૯ ॥ (હવે) માત પિતા બાહિર જાયને, ધન ધરતી માંહિ ધાલ્યો રે ॥ કાંઇક ધન વ્હેંચી લીયો, જાણે વિવાહ મંડાણો રે ॥ કર્મ૦ ॥ ૪૦ ॥ એટલે દોડયો આવીયો, કોઇક બાળ કુંવારો રે ॥ માત પિતાને ઇમ કહે, આ અમરકુંમરની વાતો રે ॥ કર્મ૦ ॥ ૪૧ ॥ માત પિતા વિલખાં થયાં, ભૂંડા થયો એ કામો રે ॥ ધન રાજા લેશે સહુ, કાંઇક કરીએ ઉપાયો રે ॥ કર્મ૦ ॥ ૪૨ ॥ ચિંતાતુર થઇ અતિ ઘણી, રાતે નિંદ ન આવે રે ॥ પૂરવ વૈર સંભારતી, પાપણી ઉઠી તિણવારો રે ॥ કર્મ૦ ॥ ૪૩ ॥ શસ્ત્ર હાથ લેઇ કરી, આવી બાળક પાસો રે ॥ પાળીયે કરીને પાપણી, માર્યો બાળ કુંવારો રે ॥ કર્મ૦ ॥ ૪૪ ॥ શુકલ ધ્યાન સાધુ ધર્યો, શુભ મન આણી ભાવો રે ॥ કાળ કરીને અવતર્યો, બારમા સ્વર્ગ મઝારો રે ॥ કર્મ૦ ॥ ૪૫ ॥ બાવીશ સાગર આઉખો, ભોગવી વંછિત ભોગો રે ॥ મહાવિદેહમાં સીઝશે, પામશે કેવળનાણો રે ॥ કર્મ૦ ॥ ૪૬ ॥ હવે તે માતા પાપણી, મનમાં હરખ અપારો રે ॥ ચાલી જાય આનંદમેં, વાઘણી મળી તિણવારો રે ॥ કર્મ૦ ॥ ॥ ૪૭ ॥ ફંફેડી નાંખી તિહાં, પાપણી મુઇ તિણવારો રે ॥ છઠ્ઠી નરકે ઉપની, બાવીશ સાગર આયુ રે ॥ કર્મ૦ ॥ ૪૮ ॥ જોજયો મંત્ર નવકારથી, અમરકુંમર શુભ ધ્યાનો રે ॥ સુરપદવી લહી મોટકી, ધરમ તણે પરસાદો રે ॥ કર્મ૦ ॥ ૪૯ ॥ નરભવ પામી જીવડા, ધરમ કરો શુભ ધ્યાનો રે ॥ તો તુમે અમરતણી પરે, સિદ્ધગતિ લેશો સારી રે ॥ કર્મ૦ ॥ ૫૦ ॥ કરજોડી કવિયણ ભણે, સાંભળો ભવિજન લોકો રે ॥ વૈર વિરોધ કોઇ મતિ કરો, જિમ પામો ભવપારો રે ॥ કર્મ૦ ॥ ॥ ૫૧ ॥ શ્રી જિનધર્મ સુરતરુ સમો, જેહની શીતળ છાંયો રે ॥ જેહ આરાધે ભાવશું, સીઝે વંછિત કાજો રે ॥ કર્મ૦ ॥ ૫૨ ॥ ઇતિ ॥

અથ શ્રી નેમનાથની સઝાય.

વિચરંતા નેમિ જિણેસર આવીયા રે, ગઢ ગિરનાર સહસાવન જાય ॥ સહસ અઢાર સંઘાતે સાધુ શોભતા રે, ધર્મ પ્રકાશે પર્ષદા મનં ચ ॥ ધન ધન દહાડો રે, ધન ઘડી આજની રે ॥ ૧ ॥ એ આંકણી ॥ વનપાળકની સુણી વધામણી રે, હરખ્યાં કૃષ્ણાદિક નર નાર ॥ હય ગય રથ પાયક પરિવારશું રે, વાંદીને સફળ કર્યો અવતાર ॥ ધન૦ ॥ ॥૨॥ દેય દશ આવર્ત્ત કરી વંદણા રે, નેમિ જિણેસર તે મુનિરાય ॥ શત્રુ મિત્ર સરવે સમભાવશું રે, તે સુણી હરિ મન હરષિત થાય ॥ ધન૦ ૩ ॥ સોળ શણગાર સજી સહુ સુંદરિ રે, શિયળવંતા સત્યભામા રુકિમણી નાર ॥ પ્રભુને વાંદીને ચૂરતાં કર્મને રે, હરખતાં નિરખતાં પ્રભુના દેદાર ॥ ધન૦ ॥ ૪ ॥ કેઈ મુનિ ધ્યાન ધરે જોગાસને રે, કોઇ મુનિ કરતા તે જ્ઞાન અભ્યાસ ॥ કોઇ મુનિ તપ જપ કીરિયા આદરે રે, કરવા આતમ નિજ ઉપગાર ॥ ધન૦ ॥ ૫ ॥ ભવજળ તારણી સુણીને દેશના રે, વરદત્ત કુમરને રાજુલ નાર ॥ સહસ પુરૂષશું સંયમ આદર્યો રે, કરવા શિવરમણીશું મેળાપ ॥ ધન૦ ॥૬॥ પંચ આચાર નિવારો ક્રોધને રે, ઈચ્છા નિરોધી સંબળ લેજયો સાર ॥એહવા મુનિજનને કરૂં વંદણા રે, વિમળદિપ કહે તેણિવાર ॥ધન૦ ॥૭॥

અથ શ્રી નેમનાથની સઝાય.

(મને પ્રભુ પાર્શ્વજી લાગે પ્યારો.—એ રાગ.)

શ્રી સોરીપુર નગર નગીનો, સમુદ્રવિજય તિહાં રાજા ॥ પટરાણી સિવાદેવી, લોપે ન પ્રિતમ આજા ॥ નેમનાથ જાવું તોરી બલિહારી, તાર્યા ઘણાં નર નારી ॥ નેમનાથ૦ ॥ ૧ ॥ જાદવવંશ નિરૂપમે નેમજી, દીપાયો પ્રભુ ધ્યારા ॥ બાળલિલાએ કૃષ્ણ નરેશને, હીંચાયો વિભુ મારા ॥ નેમનાથ૦ ॥ ૨ ॥ એહ વિચાર આગે બાંધી, સાદી કીધી સમજાવી ॥ જાન સજીને તોરણ આયે, રાજુલ પરણવા ભાવી ॥ નેમનાથ૦ ॥ ૩ ॥ પશુવાં પોકાર સુણી દયાળુ, દયા દીલે ધારી ॥ રથડો વાળી વતન વિસારી, ચઢ ગયે ગઢ ગિરનારી ॥ નેમનાથ૦ ॥ ॥૪ ॥ અષ્ટભવંતર પ્રિત વિસારી, ભારે કીધો કામ ॥ સહસાવનમાં સંજમ લીધો, આ સુંદર શામ ॥ નેમનાથ૦ ॥ ૫ ॥ તામ વિચારી રાજુલ નારી, દિક્ષા લેવા ચાલી ॥ વાટે વરસાદે ભીંજાણી, આવી ગુફા એક ભાળી ॥ નેમનાથ૦ ॥ ૬ ॥ વર્જીત વસ્ત્ર ભિનાં મુકાવે, એહ

વે શ્રી રહેનેમ ॥ સંજમ છોડી લજ્જા તોડી, રાજુલ શું ધરે પ્રેમ ॥નેમનાથ૦ ॥ ૭ ॥ આવો બાળા રૂપ રસાળા, શુકુમાલા ભાગ્યવંતી॥ સંસારિક સુખ ભોગવીએ, જોગ મળ્યો છે એકંતી ॥ નેમનાથ૦॥૮॥ વચન સુણી તવ રાજુલ કે'તી, રે નિર્લજ મત બોલે॥ પચાસ કન્યા તજી થયો સાધુ, એક દેખી મત ડોલે ॥ નેમનાથ૦ ॥ ૯ ॥ ગયવર છોડી કરી મતિ થોડી, કોણ ગધે બેસે? ॥ વિષય વિલુધો ભાન તજીને, શ્વાન પેરે શું ભસે? ॥ નેમનાથ૦ ॥ ૧૦ ॥ ચિંતામણી મણી તજીને, કાચ કર કોણ લેશે? ॥ અમૃત સરખો રસ છાંડીને, અગ્નિજવાલા કોણ પીશે? ॥ નેમનાથ૦ ॥ ૧૨ ॥ એમ અનેક વચનાદિક કહી, દેવર મુનિ સમજાયો ॥ લે ચાલી નિજ પ્રિતમ પાસે, આલોયણ લેવરાયો ॥ નેમનાથ૦ ॥ ૧૩ ॥ સંજમ લીધો રાજેમતિએ, પાળે નિર્મળ સૈ રાજી ॥ શુદ્ધ આરાધી સ્વામિ પેહેલી, મોક્ષ વિષે જઇ બિરાજી ॥નેમનાથ૦ ॥ ૧૪ ॥ નેમ પ્રભુ પણ પ્રીતિ પાળવા, પાછળ શિવ સિધાયા ॥ પુજ્ય રૂગનાથજી સ્વામિ પસાયે, કેવળ મુનિ ગુણ ગાયા ॥ નેમનાથ૦ ॥ ૧૫ ॥ ઈતિ ॥

अथ श्री श्रावकने शिखामणनी सझाय.

મંગળકરણ નમિજે ચરણ, જનમ મરણ દો ચોગઈ હરણ ॥ જીવ જગાવું હવે આપણો, એણે સંસાર રોળ્યો છે ઘણો ॥ ૧ ॥ ઉઠ રે જીવ તું સૂતો જાગ, જઈ જિનવરને પાયે લાગ ॥ સઘળી વાતતણો રસ છાંડ, અરિહંત ધ્યાનં સમતાશું માંડ ॥ ૨ ॥ સત્ય શિયળ પાળે આતમા, પાપે જઇશ નરક સાતમા ॥ દેવ ધ્યાન ગુરૂને દે દાન, કર પડિક્કમણું કર પચ્ચખ્ખાણ ॥ ૩ ॥ ધંધો કરતાં બહુ દિન ચડે, પોરશી કરતાં પાછો પડે ॥ વિણ પચ્ચખ્ખાણે બહુ દિન ગમે, કાં રે જીવ તું ભૂલો ભમે ॥ ૪ ॥ અસુરાં વાળુ નવિ કીજિયે, અણગણ પાણી નવિ પીજિયે ॥ રાત્રે કર તિવિહાર ચોવિહાર, જાણે છે જો અથિર સંસાર ॥ ૫ ॥ વહેલો ઉઠી રાત પાછલી, સામાયિક તું કરજે વળિ ॥ પહેલું લેજે દેવગુરૂનું નામ, જોઇ પૂંજી કરવું કામ ॥ ૬ ॥ છાણાં ઈંધણાં નિત સૂઝીયે, ચૂલો ભાજન પછિ પૂંજીએ ॥ ધંટી ખાંડણિયા જોઇયે ઘણાં, દીવે મૂકીયે નિત ઢાંકણાં ॥ ૭ ॥ રે જીવ! વહેલો ઊઠી સહી, ચોવિસંથો તું મૂકીશ નહીં ॥ પછી વાંદે પગ ગુરૂના વિને, ધર્મ વિચાર જાણે જે કને ॥ ૮ ॥ સાધુ સાધર્મિ દેખે જયાંહ, નિચું શિશ

નમાવે ત્યાંહ ॥ વિનય કરે વડાનો ઘણો, પાંચપર્વી કર એકાસણો ॥૯॥ વહેલો ઉઠી પદ બે પદ પઢે, ભણવું ગણવું કોઈશું મત લઢે ॥ નવકારવાળી એક બે ગુણે, વાત તાંત ભૂંડી મંત સુણે ॥ ૧૦ ॥ સહુને સુખદાયક સાચું ભાખ, મ ભરીશ કોઈની કૂડી સાખ ॥ ગાઢે મ બોલીશ રાત પાછલી, સૂતા ન જગાડિશ કોઇને વળી ॥ ૧૧ ॥ થાળી સામું જોઇને જમે, સારિ પાસે રમત મત રમે ॥ પાણી ન પીયે ઊંચે મુખે, દુ:ખીયો ન થઇશ પારકે સુખે ॥ ૧૨ ॥ લીલફુલ મ ચાંપે શેવાળ, નાટક ચેટક જોવાં ટાળ ॥ કાચાં કૂંણાં ફળ નવિ ચૂંટીયે, થાપણ દેણું દેઈ છૂટીયે ॥ ૧૩ ॥ પરસ્ત્રિ દેખી નિચું જોય, પડી વસ્તુ નવિ લેશો કોય ॥ એળે ગાળ ન દેવી કહી, કઠણ વચન મુખથી નવિ કહી ॥ ૧૪ ॥ નિજ ગુણ ઢાંકી પરગુણ બોલ, મરમ મોસો કોઇનો મત ખોલ ॥ મંત્ર જંત્રના ભામા છોડ, જડીબુટ્ટી ઉપડે હોય ખોડ ॥ ૧૫॥ સંબંધ નિમિત્ત જેહવું મળે, ચિત્તમાં ચિંતવ્યું તે શું ફળે ॥ મ કરીશ કોઇશું હાંસી વાદ, અરતિ રુદ્ર હોશે વિષવાદ ॥ ૧૬ ॥ હર્ષ ઉચાટ હૈડે મતિ ધરે, નિરતિ વાતે ક્ષમા આદરે ॥ રે જીવ! મ કરીશ કોઈની તાંત, સંગત મ માંડીશ આછી જાત ॥ ૧૭ ॥ પરઘેર જઇ મ મ વસજે રાત, કૂડાં કલંક લેઈ આવે સાથ ॥ બે જણ વાત કરે છે જયાં, ત્રીજા ન ઉભા રહેશો ત્યાં ॥ ૧૮ ॥ દુષ્ટ સંગતમાં બેસશે ગોઠ, ભૂડું મ બોલી કોઈનું હોઠ ॥ મ સુણીશ વાત તાત કોઇતણી, આંખે દેખીશ પ્રત્યક્ષ ગણી ॥ ૧૯ ॥ થોડું સૂવે થોડું જમે, થોડું બોલે થોડું ભમે ॥ પહેલે બોલે ઊઠી સેણ, મત બોલે ઉઘાડે વેણ ॥ ૨૦ ॥ અછતાં આળ મ દેઈશ ગાળ, હળવે હળવે જોઇને ચાલ ॥ ભૂડી ગંધે નાક ન મોડ, આખું ફળ રાંધે હોય ખોડ ॥ ૨૧ ॥ છાનું લીધું દીધું દાન, ખાધું પીધું કેહને માન ॥ પારકા ગુણ કીધા જાણીયે, આપણપું તે ન વખાણિયે ॥ વિજયભદ્રની જે શિખ ધરે, તે નરકાવાસે નવિ અવતરે ॥ ૨૨ ॥ ઇતિ ॥

अथ श्री जीवराशिनी सद्याय.

હવે રાણી પદમાવતી, જીવરાશિ ખમાવે ॥ જાણપણું જગ તે ભલું, એણી વેળાયે આવે ॥ તે મુજ મિચ્છામિદુક્કડં ॥ ૧ ॥ અરિહંતની સાખ ॥ જે મેં જીવ વિરાધિયા, ચોરાશી લાખ ॥ તે મુજ૦॥ ॥૨॥ સાતલાખ પૃથ્વિતણા, સાતે અપૂકાય ॥ સાતલાખ તેઉકાયના,

સાતે વળી વાય ॥ તે મુજ૦ ॥ ૩ ॥ દશ પ્રત્યેક વનસ્પતિ, ચઉદહ સાધાર ॥ બી તિ ચૌરેંદ્રિય જીવના, બે બે લાખ વિચાર ॥ તે મુજ૦ ॥ ॥ ૪ ॥ દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાશી ॥ ચઉદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાશી ॥ તે મુજ૦ ॥ ૫ ॥ ઇણ ભવે પરભવે સેવિયાં, જે પાપ અઢાર ॥ ત્રિવિધે ત્રિવિધે કરી પરિહરૂં, દુર્ગતિનાં દાતાર ॥ તે મુજ૦ ॥ ૬ ॥ હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ ॥ દોષ અદત્તાદાનના, મૈથુન ઉનમાદ ॥ તે મુજ૦ ॥ ૭ ॥ પરિગ્રહ મેળ્યો કારમો, કીધો ક્રોધ વિશેષ ॥ માન માયા લોભ મેં કિયાં, વળિ રાગને દ્વેષ ॥ તે મુજ૦॥ ૮ ॥ કલહ કરી જીવ દૂહવ્યા, દીધાં કૂડાં કલંક ॥ નિંદા કીધી પારકી, રતિ અરતિ નિસંક ॥ તે મુજ૦ ॥ ૯ ॥ ચાડી કીધી પારકી, કીધો થાપણમોસો ॥ કુગુરૂ દેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોંસો ॥ તે મુજ૦ ॥ ૧૦ ॥ ખાટકીને ભવે મેં કિયા, જીવના વધ ઘાત ॥ ચડીમાર ભવે ચરકલાં, માર્યાં દિન રાત ॥ તે મુજ૦ ॥ ૧૧ ॥ કાજી મુલ્લાને ભવે, પઢી મંત્ર કઠોર ॥ જીવ અનેક જબ્બે કિયા, કીધાં પાપ અઘોર ॥ તે મુજ૦ ॥ ૧૨ ॥ માછીને ભવે માછલાં, ઝાલ્યાં જળવાસ ॥ ધિવર ભીલ કોળી ભવે, મૃગ પાડયા પાસ ॥ તે મુજ૦ ॥ ॥૧૩॥ કોટવાળને ભવે મેં કિયા, આકરા કર દંડ ॥ બંધિવાન મરાવિયા, કોરડા છડી દંડ ॥ તે મુજ૦ ॥ ૧૪ ॥ પરમાધામિને ભવે, દીધાં નારકી દુઃખ ॥ છેદન ભેદન વેદના, તાડન અતિ તિખ્ખ ॥ તે મુજ૦ ॥ ૧૫ ॥ કુંભારને ભવે મેં કિયા, નીમાહ પચાવ્યા ॥ તેલી ભવે તલ પીલિયા, પાપે પિંડ ભરાવ્યા ॥ તે મુજ૦ ॥ ૧૬ ॥ હાળી ભવે હળ ખેડિયાં, ફોડ્યાં પૃથ્વિનાં પેટ ॥ સૂડ નિદાન કિયાં ઘણાં, દીધા બળદ ચપેટ ॥ તે મુજ૦ ॥ ૧૭ ॥ માળી ભવે રોપ રોપિયા, નાનાવિધ વૃક્ષ ॥ મૂળ પત્ર ફળ ફૂલનાં, લાગ્યાં પાપ અલક્ષ ॥ તે મુજ૦ ॥ ૧૮ ॥ અધોવાઇયાને ભવે, ભર્યા અધિકા ભાર ॥ પોઠી ઊંટ કીડા પડ્યા, દયા નાણી લગાર ॥ તે મુજ૦ ॥ ૧૯ ॥ છીપાને ભવે છેતર્યા, કીધા રંગણ પાસ ॥ અગ્નિ આરંભ કીધા ઘણા, ધાતુર્વાદ અભ્યાસ ॥ તે મુજ૦ ॥ ૨૦ ॥ શૂરપણે રણ ઝુજતાં, માર્યાં માણસ વૃંદ ॥ મદિરા માંસ માખણ ભખ્યાં, ખાધાં મૂળ ને કંદ ॥ તે મુજ૦ ॥ ॥૨૧॥ ખાણ ખણાવી ધાતુની, પાણી ઉલેચ્યાં ॥ આરંભ કીધા અતિ ઘણા, પોતે પાપજ સંચ્યાં ॥ તે મુજ૦ ॥ ૨૨ ॥ અંગારકર્મ કિયાં વળી, ઘરમે દવજ દીધા ॥ સમ ખાધા વિતરાગના, કૂડા કોસજ કીધા

॥ તે મુજ૦ ॥ ૨૩ ॥ બિલ્લી ભવે ઊંદર ગળ્યા, ગિરોળી હત્યારી ॥ મૂઢગમારતણે ભવે, મેં જૂ લીખ મારી ॥ તે મુજ૦ ॥ ૨૪ ॥ ભાડભુંજાતણે ભવે, એકેંદ્રિય જીવ ॥ જાર ચણા ઘઉં શેકિયા, પાડંતા રીવ ॥ તે મુજ૦ ॥ ૨૫ ॥ ખાંડણ પીસણ ગારના, આરંભ અનેક ॥ રાંધણ ઈંધણ અગ્નિનાં, કીધાં પાપ ઉદ્વેગ ॥ તે મુજ૦ ॥ ૨૬ ॥ વિકથા ચાર કીધી વળી, સેવ્યા પંચ પ્રમાદ ॥ ઇષ્ટ વિયોગ પડાવિયા, રૂદન વિષવાદ ॥ તે મુજ૦ ॥ ૨૭ ॥ સાધુ અને શ્રાવકતણાં, વ્રત લેઇને ભાગ્યાં ॥ મૂળ અને ઉત્તરતણાં, મુજ દૂષણ લાગ્યાં ॥ તે મુજ૦ ॥ ૨૮ ॥ સાપ વીંછી સિંહ ચિતરા, શકરાને સમળી ॥ હિંસક જીવતણે ભવે, હિંસા કીધી સબળી ॥ તે મુજ૦ ॥ ૨૯ ॥ સૂવાવડી દૂષણ ઘણાં, વળી ગર્ભ ગળાવ્યા ॥ જીવાણી ઢોળ્યાં ઘણાં, શિળવ્રત ભંજાવ્યાં ॥ તે મુજ૦ ॥ ૩૦ ॥ ભવ અનંત ભમતાં થકાં, કીધો દેહ સંબંધ ॥ ત્રિવિધે વિવિધે કરી વોસિરૂં, કરૂં જન્મ પવિત્ર ॥ તે મુજ૦ ॥ ૩૧ ॥ ભવ અનંત ભમતાં થકાં, કીધા પરિગ્રહ સંબંધ ॥ ત્રિવિધે ત્રિવિધે કરી વોશિરૂં, તિણશું પ્રતિબંધ ॥ તે મુજ૦ ॥ ૩૨ ॥ ભવ અનંત ભમતાં થકાં, કીધા કુટુંબ સંબંધ ॥ ત્રિવિધે ત્રિવિધે કરી વોશિરૂં, તિણશું પ્રતિબંધ ॥ તે મુજ૦ ॥ ૩૩ ॥ ઈણિપરે ઇહભવ પરભવે, કીધાં પાપ અખત્ર ॥ ત્રિવિધે ત્રિવિધે કરી વોશિરૂં, કરૂં જન્મ પવિત્ર ॥ તે મુજ૦ ॥ ૩૪ ॥ એણિ વિધે એ આરાધના, ભાવે કરશે જેહ ॥ સમયસુંદર કહે પાપથી, વળી છૂટશે તેહ ॥ તે મુજ૦ ॥ ૩૫ ॥ રાગ વૈરાડી જે સુણે, એહ ત્રીજી ઢાળ ॥ સમયસુંદર કહે પાપથી, છૂટે તતકાળ ॥ તે મુજ મિચ્છામિદુક્કડં ॥ ૩૬ ॥ ઈતિ ॥

अथ श्री क्षमाछत्रीशीनी सझाय.

આદર જીવ ક્ષમાગુણ આદર, મ કરીશ રાગ ને દ્વેષ જી ॥ સમતાયે શિવસુખ પામીજે, ક્રોધે કુગતિ વિશેષ જી ॥ આદર૦ ॥ ૧ ॥ સમતા સંયમ સાર સુણીજે, વૃહતકલ્પની શાખ જી ॥ ક્રોધે ક્રોડ પૂરવનું સંયમ, બાળીને કરે રાખ જી ॥ આદર૦ ॥ ૨ ॥ કુણ કુણ જીવ તર્યા ઉપશમથી, સાંભળ તું દૃષ્ટાંત જી ॥ કુણ કુણ જીવ ભમ્યા ભવમાંહે, ક્રોધતણે વિરતંત જી ॥ આદર૦ ॥ ૩ ॥ સોમિલ સસરે શિશ પ્રજાળ્યું, બાંધી માટીની પાળ જી ॥ ગજસુકુમાળ ક્ષમા મન ધરતો, મુગતિ ગયો તતકાળ જી ॥ આદર૦ ॥ ૪ ॥ કૂળવાળુઓ સાધુ ક-

હ્યાતો, કીધો ક્રોધ અપાર જી ॥ કોણિકની ગણિકા વશ પડિયો, રડવડિયો સંસાર જી ॥ આદર૦ ॥ ૫ ॥ સોવનકારે કરી અતિ વેદન, વાધ્રશું વીંટિયું શિશ જી ॥ મેતારજઋષિ મુગતે પહોત્યા, ઉપશમ એહ જગીશ જી ॥ આદર૦ ॥ ૬ ॥ કુરૂડ બુરૂડ બે સાધુ કહાતા, રહ્યા કુણાલા ખાળ જી ॥ ક્રોધ કરી તે કૂગતે પહોત્યા, જનમ ગમાયો આળ જી ॥ આદર૦ ॥ ૭ ॥ કર્મ ખપાવી મુગતે પહોત્યા, ખંધકસૂરિના શિષ્ય જી ॥ પાલક પાપીયે ઘાણી પિલ્યા, નાણી મનમાં રીસ જી ॥ આદર૦ ॥ ૮ ॥ અચ્ચંકારી નારી અતિ ચૂકી, તોડયો પિયશું નેહ જી ॥ બબ્બરકૂળ સહ્યાં દુ:ખ બહુલાં, ક્રોધતણાં ફળ એહ જી ॥ આદર૦॥ ॥ ૯ ॥ વાઘણે સર્વ શરીર વલૂર્યું, તતક્ષણ છોડયા પ્રાણ જી ॥ સાધુ સુકોસળ શિવસુખ પામ્યા, એહ ક્ષમાગુણ ખાણ જી ॥ આદર૦ ॥ ॥ ૧૦ ॥ કુણ ચંડાળ કહીજે બિહુમેં, નિરતિ નહીં કહે દેવ જી ॥ ઋષિ ચંડાળ કહીજે વઢતો, ટાળો વેઢની ટેવ જી ॥ આદર૦ ॥ ૧૧ ॥ સાતમી નરક ગયો તે બ્રહ્મદત્ત, કાઢી બ્રાહ્મણે આંખ જી ॥ ક્રોધતણાં ફળ કડુઆં જાણી, રાગ દ્વેષ દો નાંખ જી ॥ આદર૦ ॥ ૧૨ ॥ ખંધકઋષિની ખાલ ઉતારી, સહ્યો પરિસહ જેણ જી ॥ ગર્ભવાસના દુ:ખથી છૂટયો, સબળ ક્ષમા ગુણ તેણ જી ॥ આદર૦ ॥ ૧૩ ॥ ક્રોધ કરી ખંધક આચારજ, હુઆ અગ્નિકુમાર જી ॥ દંડકનૃપનો દેશ પ્રજાળ્યો, ભમશે ભવ મઝાર જી ॥ આદર૦ ॥ ૧૪ ॥ ચંડરૂદ્ર આચારજ ચલતાં, મસ્તક દીધ પ્રહાર જી ॥ ક્ષમા કરંતાં કેવળ પામ્યો, નવદીક્ષિત અણગાર જી ॥ આદર૦ ॥ ૧૫ ॥ પાંચવાર ઋષિને સંતાપ્યો, આણી મનમાં દ્વેષ જી ॥ પંચ ભવ સીમ દહ્યો નંદનાદિક, ક્રોધતણાં ફળ દેખ જી ॥ આદર૦ ॥ ૧૬ ॥ સાગરચંદ્રનું શિષ પ્રજાળ્યું, નિશિ નભસેન નરિંદ જી ॥ સમતાભાવ ધરી સુરલોકે, પહોત્યો પરમાનંદ જી ॥ આદર૦ ॥ ૧૭ ॥ ચંદના ગુરૂણીયે ઘણું નિભ્રંછી, ધિગ્ ધિગ્ તુજ અવતાર જી ॥ મૃગાવતી કેવળસિરિ પામી, એહ ક્ષમા અધિકાર જી ॥ આદર૦ ॥ ૧૮ ॥ શાંબ પ્રદ્યુમ્ન કુમર સંતાપ્યો, કૃષ્ણ દ્વૈપાયન સાહ જી ॥ ક્રોધ કરી તપનું ફળ હાર્યો, કીધો દ્વારિકા દાહ જી ॥ આદર૦ ॥ ॥ ૧૯ ॥ ભરતને મારણ મૂઠી ઉપાડી, બાહુબળિ બળવંત જી ॥ ઉપશમરસ મનમાંહે આણી, સંયમ લે મતિમંદ જી ॥ આદર૦ ॥ ૨૦ ॥ કાઉસ્ગ્ગમાં ચડિયો અતિ ક્રોધે, પ્રસન્નચંદ્ર ઋષિરાય જી ॥ સાતમી નરકતણાં દળ મેળ્યાં, કડુઆ તેણ કષાય જી ॥ આદર૦ ॥ ૨૧ ॥ આ-

હારમાંહે ક્રોધે ઋષિ થૂંકયા, આણ્યો અમૃતભાવ જી ॥ કૂરગડૂયે કેવળ પામ્યું, ક્ષમાતણે પરભાવ જી ॥ આદર૦ ॥ ૨૨ ॥ પાર્શ્વનાથને ઉપસર્ગ કીધા, કમઠ ભવાંતર ધીઠ જી ॥ નરક તિર્યંચતણાં દુઃખ લાધ્યાં, ક્રોધ તણાં ફળ દીઠ જી ॥ આદર૦ ॥ ૨૩ ॥ ક્ષમાવંત દમદંત મુનિશ્વર, વનમાં રહ્યા કાઉસ્સગ્ગ જી ॥ કૌરવ કટક હણ્યો ઇટાળે, તોડ્યા કર્મના વગ્ગ જી ॥ આદર૦ ॥ ૨૪ ॥ સજ્યાપાળક કાને તરૂઓ, નાંખ્યો ક્રોધ ઉદીર જી ॥ બેહુ કાને ખીલા ઠોકાણા, નવિ છૂટ્યા મહાવીર જી ॥ આદર૦ ॥ ૨૫ ॥ ચાર હત્યાનો કારક હુતો, દૃઢપ્રહારી અતિરેક જી ॥ ક્ષમા કરીને મુગતેં પહોત્યો, ઉપસર્ગ સહ્યા અનેક જી ॥ આદર૦ ॥ ॥ ૨૬ ॥ પહોરમાંહે ઉપજતો હાર્યો, ક્રોધે કેવળનાણ જી ॥ દેખો શ્રી દમસાર મુનિસર, સૂત્ર ગુણ્યો ઉઠ્ઠાણ જી ॥ આદર૦ ॥ ૨૭ ॥ સિંહ ગુફાવાસી ઋષિ કીધો, સ્થૂળભદ્ર ઊપર કોપ જી ॥ વેશ્યાવચન ગયો નેપાળે, કીધો સંયમ લોપજી ॥ આદર૦ ॥ ૨૮ ॥ ચંદ્રાવતંસક કાઉસ્સગ્ગ રહિયો, ક્ષમાતણો ભંડાર જી ॥ દાસી તેલભર્યો નિશિ દીવો, સુર પદવી લહે સાર જી ॥ આદર૦ ॥ ૨૯ ॥ એમ અનેક તર્યા ત્રિભુવનમેં, ક્ષમાગુણે ભવિ જીવ જી ॥ ક્રોધ કરી કુગતેં તે પહોત્યા, પાડંતા મુખ રીવ જી ॥ આદર૦ ॥ ૩૦ ॥ વિષ હળાહળ કહીયે વિરૂઓ, તે મારે એક વાર જી ॥ પણ કષાય અનંતિ વેળા, આપે મરણ અપાર જી ॥ આદર૦ ॥ ૩૧ ॥ ક્રોધ કરંતાં તપ જપ કીધાં, ન પડે કાંઈ ઠામ જી ॥ આપ તપે પરને સંતાપે, ક્રોધ શું કેહો કામ જી ॥ આદર૦ ॥ ૩૨ ॥ ક્ષમા કરંતાં ખરચ ન લાગે, ભાંગે ક્રોડ કલેશ જી ॥ અરિહંત દેવ આરાધક થાયે, વ્યાપે સુજસ પ્રદેશ જી ॥ આદર૦ ॥૩૩॥ નગરમાંહે નાગોર નગીનો, જિહાં જિનવર પ્રસાદ જી ॥ શ્રાવક લોક વસે અતિ સુખીયા, ધર્મતણે પરસાદ જી ॥ આદર૦ ॥ ૩૪ ॥ ક્ષમાછત્રીશી ખાંતે કીધી, આતમ પર ઉપગાર જી ॥ સાંભળતાં શ્રાવકપણ સમજ્યા, ઉપશમ ધર્યો અપાર જી ॥ આદર૦ ॥ ૩૫ ॥ જુગપ્રધાન જિણચંદ સૂરિસર, સકળચંદ તસુ શિષ્ય જી ॥ સમયસુંદર તસુ શિષ્ય ભણે ઇમ, ચતુર્વિધ સંઘ જગીશ જી ॥ આદર૦ ॥ ૩૬ ॥ ઈતિ ॥

अथ श्री मूर्खप्रतिबोध सझाय.

જ્ઞાન કદિ નવિ થાય, મૂરખને જ્ઞાન કદિ નવિ થાય ॥ કહેતાં પોતાનું પણ જાય ॥ મૂરખને૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ધ્યાન હોય તે

ગંગાજળમાં, સો વેળા જો ન્હાય ॥ અડશઠ તિરથ ફરિ આવે પણ, શ્વાનપણું નવિ જાય ॥ મૂરખને૦ ॥ કહે૦ ॥ ૨ ॥ કુર સર્પ પયપાન કરંતાં, સંતપણું નવિ થાય ॥ કસ્તૂરિનું ખાતર જો કીજે, વાસ લસણ નવિ જાય ॥ મૂરખને૦ ॥ કહે૦ ॥ ૩ ॥ વૃષા સમે સુગ્રી તે પક્ષી, કાપ ઉપદેશ કરાય ॥ તે કપિને ઉપદેશ ન લાગ્યો, સુગ્રી ગૃહ વિખાય ॥ મૂરખને૦ ॥ કહે૦ ॥ ૪ ॥ નદીમાંહે નિશિદિન રહે પણ, પાષાણપણું નવિ જાય ॥ લોહ ધાતુ ટંકણ જો લાગે, અગ્નિ તુરત ઝરાય ॥ મૂરખને૦ ॥ કહે૦ ॥ ૫ ॥ કાગ કંઠમાં મુક્તાફળની, માળા તે ન ધરાય ॥ ચંદન ચર્ચિત અંગ કરીજે, ગર્ધવ ગાય ન થાય ॥ મૂરખને૦ ॥ કહે૦ ॥ ૬ ॥ સિંહ ચરમ કોઇ શિયાળ સુતને, ધારે વેષ બનાય ॥ શિયાળ સુત પણ સિંહ ન હોવે, શિયાળપણું નવિ જાય ॥ મૂરખને૦ ॥ કહે૦ ॥ ૭ ॥ તે માટે મૂરખથી અળગા, રહે તે સુખીયા થાય ॥ ઊખરભૂમિ બીજ ન હોવે, ઉલટું બીજ તે જાય ॥ મૂરખને૦ ॥ કહે૦ ॥ ૮ ॥ સમકિતધારી સંગ કરીજે, ભવ ભય ભીતિ મિટાય ॥ મયાવિજય સદ્ગુરુ સેવાથી, બોધિબીજ સુખ પાય ॥ મૂરખને૦ ॥ કહે૦ ॥ ૯ ॥ ઇતિ ॥

अथ श्री आठमदनी सझाय.

મદ આઠ મહા મુનિ વારિયે, જે દુર્ગતિના દાતારો રે ॥ શ્રી વીર જિણેસર ઉપદિશે, ભાંખે સોહમ ગણધારો રે ॥ મદ૦ ॥ ૧ ॥ હાં જી જાતિને મદ પહેલો કહ્યો, પૂર્વે હરિકેશીયે કીધો રે ॥ ચંડાળતણે કુળ ઉપન્યો, તપથી સવિ કારજ સીધો રે ॥ મદ૦ ॥ ૨ ॥ હાં જી કુળ મદ બીજો દાખિયો, મરિચી ભવે કીધો પ્રાણિ રે ॥ કોડાકોડિ સાગર ભવમાં ભમ્યો, મદ મ કરો ઈમ મન જાણી રે ॥ મદ૦ ॥ ૩ ॥ હાં જી બળ મદથી દુઃખ પામીયા, શ્રેણિક વસુભૂતિ જીવો રે ॥ જઇ ભોગવ્યાં દુઃખ નરકતણાં, મુખ પાડંતાં નિત રીવો રે ॥ મદ૦ ॥ ૪ ॥ હાં જી સનતકુમાર નરેસરૂ, સુર આગળ રૂપ વખાણ્યું રે ॥ રોમ રોમ કાયા બગડી ગઈ, મદ ચોથાનું એ ટાણું રે ॥ મદ૦ ॥ ૫ ॥ હાં જી મુનિવર સંયમ પાળતાં, તપને મદ મનમાં આયો રે ॥ થયા કૂરગડુ ઋષિરાજીયા, પામ્યા તપને અંતરાયો રે ॥ મદ૦ ॥ ૬ ॥ હાં જી દેશ દશારણને ધણી, રાય દશાર્ણભદ્ર અભિમાની રે ॥ ઈંદ્રની ઋદ્ધિ દેખી બૂઝીયો, સંસાર તજી થયો જ્ઞાની રે ॥ મદ૦ ॥ ૭ ॥ હાં

૭ સ્થૂળભદ્રે વિદ્યાનો કર્યો, મદ સાતમો જે દુઃખદાઇ રે ॥ શ્રુત પૂરણ અર્થ ન પામીયા, જૂઓ માનતણી અધિકાઈ રે ॥ મદ૦ ॥ ૮ ॥ રાય સુભૂમ ષટ્ખંડનો ધણી, લોભનો મદ કીધો અપાર રે ॥ હય ગય રથ સબ સાયર ગળ્યું, ગયો સાતમી નરક મઝાર રે ॥ મદ૦ ॥ ૯ ॥ ઇમ તન ધન જોવન રાજયનો, મ ધરો મનમાં અહંકારો રે ॥ એ અથિર અસત્ય સવિ કારમું, વિણસે ક્ષણમાં બહુ વારો રે ॥ મદ૦॥૧૦॥ મદ આઠ નિવારો વ્રત ધરી, પાળો સંયમ સુખકારી રે ॥ કહે માનવિજય તે પામશે, અવિચળ પદવી નર નારી રે ॥ મદ૦ ॥૧૧॥

अथ श्री क्रोधनी सझाय.

કડૂવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે ॥ રીસતણો રસ જાણીયે, હળાહળ તોલે ॥ કડૂવાં૦ ॥ ૧ ॥ ક્રોધે ક્રોડ પૂરવતણું, સંયમ ફળ જાય ॥ ક્રોધ સહિત તપ જે કરે, તેતો લેખે ન થાય ॥ કડૂવાં૦ ॥ ॥ ૨ ॥ સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ ॥ શિષ્યના ક્રોધ થકી થયો, ચંડકોશિયો નાગ ॥ કડૂવાં૦ ॥ ૩ ॥ આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે ॥ જળનો જોગ જો નવિ મળે, તો પાસેનું પ્રજાળે ॥ કડૂવાં૦ ॥ ૪ ॥ ક્રોધતણી ગતિ એહવી, કહે કેવળનાણિ ॥ હાણ કરે જે હિતની, જાળવજ્યો પ્રાણિ ॥ કડૂવાં૦ ॥ ૫ ॥ ઉદયરતન કહે ક્રોધને, કાઢજ્યો ગળે સાહી ॥ કાયા કરજ્યો નિર્મળી, ઉપશમ રસ નાહી ॥ કડૂવાં૦ ॥ ૬ ॥ ઇતિ ॥

अथ श्री माननी सझाय.

રે જીવ માન ન કીજીયે, માને વિનય ન આવે રે ॥ વિનય વિના વિદ્યા નહિ, તો કિમ સમકિત પાવે રે ॥ રે જીવ૦ ॥ ૧ ॥ સમકિત વિણ ચારિત્ર નહીં, ચારિત્ર વિણ નહીં મુક્તિ રે ॥ મુક્તિવિના સુખ શાશ્વતાં, તે કેમ લહિયે યુક્તિ રે ॥ રે જીવ૦ ॥ ૨ ॥ વિનય વડો સંસારમાં, ગુણમાં અધિકારી રે ॥ ગર્વે ગુણ જાયે ગળી, ચિત્ત જૂઓ વિચારી રે ॥ રે જીવ૦ ॥ ૩ ॥ માન કર્યું જો રાવણે, તેતો રામે માર્યો રે ॥ દુર્યોધન ગર્વે કરી, અંતે સાવ હાર્યો રે ॥ રે જીવ૦॥ ॥૪॥ સૂકાં લાકડાં સારિખો, દુઃખદાયી એ ખોટો રે ॥ ઉદયરતન કહે માનને, દેજ્યો દેશવટો રે ॥ રે જીવ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

अथ मायानी सझाय.

સમકિતનું બીજ જાણીયે જી, સત્ય વચન સાક્ષાત ॥ સાચામાં સમકિત વસે જી, માયામાં મિથ્યાત રે ॥ પ્રાણિ, મ કરો માયા લગાર ॥ ॥ ૧ ॥ એ આંકણી ॥ મુખ મીઠો જૂઠો મને જી, કૂડ કપટનો રે કોટ ॥ જીભે તો જી જી કરે જી, ચિત્તમાં તાકે ચોટ રે ॥ પ્રાણિ૦ ॥ ૨ ॥ આપ ગરજે આઘો પડે જી, પણ ન ધરે વિશ્વાસ ॥ મેલ ન છંડે મન તણો જી, એ માયાનો પાસ રે ॥ પ્રાણિ૦ ॥ ૩ ॥ જેહશું માંડે પ્રિતડી જી, તેહશું રહે પ્રતિકૂળી ॥ નવિ મૂકે મન આમળો જી, એ માયાનું મૂળ રે ॥ પ્રાણિ૦ ॥ ૪ ॥ તપ કીધો માયા કરી જી, મિત્રશું રાખ્યો રે ભેદ ॥ મલ્લિ જિનેશ્વર જાણજ્યો જી, તો પામ્યા સ્ત્રિવેદ રે ॥ પ્રાણિ૦ ॥ ૫ ॥ ઉદયરતન કહે સાંભળો જી, મૂકો માયાની બુદ્ધ ॥ મુક્તિપુરી જાવાતણો જી, એ મારગ છે શુદ્ધ રે ॥ પ્રાણિ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

अथ श्री लोभनी सझाय.

તમે લક્ષણ જોજ્યો લોભનાં રે, લોભે મુનિજન પામે ખોભના રે ॥ લોભે ડાહ્યા મન ડોલ્યા કરે રે, લોભે દુર્ઘટ પંથે સંચરેરે ॥ તમે૦ ॥ ૧ ॥ તજે લોભ તેહનાં લેઉં ભામણાં રે, વળી પાય નમીને કરૂં ખામણાં રે ॥ લોભે મર્યાદા ન રહે કેહની રે, તમે સંગત મૂકો તેહની રે ॥ તમે૦ ॥ ૨ ॥ લોભે ઘર મૂકી રણમાં મરે રે, લોભે ઊંચ તે નિચું આદરે રે ॥ લોભે પાપભણી પગલાં ભરે રે, લોભે અકાર્ય કરતાં ન ઓસરે રે ॥ તમે૦ ॥ ૩ ॥ લોભે મનડું ન રહે નિર્મળું રે, લોભે સગપણ નાસે વેગળું રે ॥ લોભે ન રહે પ્રીતિને પાવડું રે, લોભે ધન મેળે બહુ એકઠું રે ॥ તમે૦ ॥ ૪ ॥ લોભે પુત્ર પ્રત્યે પિતા હણે રે, લોભે હત્યા પાતક નવિ ગણે રે ॥ તેતો દામતણે લોભે કરી રે, ઉપર મણિધર થાયે તે મરી રે ॥ તમે૦ ॥ ૫ ॥ જોતાં લોભનો થોભ દીશે નહીં રે, એવું સૂત્ર સિદ્ધાંતે કહ્યું સહીરે ॥ લોભે ચક્રી સુભૂમ નાસે જૂઓ રે, તેતો સમુદ્રમાંહે ડુબી મૂઓ રે ॥ તમે૦ ॥ ૬ ॥ એમ જાણીને લોભને છંડજ્યો રે, એક ધર્મશું મમતા મંડજ્યો રે ॥ કવિ ઉદયરતન ભાંખે મુદા રે, વંદુ લોભ તજે તેહને સદા રે ॥ તમે૦ ॥ ૭ ॥ ઇતિ ॥

अथ श्री लोभनी सझाय.

(ઇડર આંબા આંબલી રે.—એ દેશી.)

લોભ ન કરીએ પ્રાણિયા રે, લોભ બૂરો સંસાર ॥ લોભ સમો જગમાં નહીં રે, દુર્ગતિનો દાતાર ॥ ભવિકજન, લોક બૂરો રે સંસાર ॥ ૧ ॥ કરજયો તુમે નિરધાર ॥ ભવિક૦ ॥ જિમ પામો ભવ પાર ॥ ભવિક૦ ॥ લોભ બૂરો રે સંસાર ॥ એ આંકણી ॥ અતિ લોભે લક્ષ્મીપતિ રે, સાગર નામે શેઠ ॥ પૂર પયોનિધિમાં પડયો રે, જઈ બેઠો તસ હેઠ ॥ ભવિક૦ ॥ લોભ૦ ॥ ૨ ॥ સોવનમૃગના લોભથી રે, દશરથ સુત શ્રી રામ ॥ સિતા નારી ગમાવીને રે, ભમિયો ઠામો ઠામ ॥ ભવિક૦ ॥ લોભ૦ ॥ ૩ ॥ દશમા ગુણઠાણા લગે રે, લોભતણું છે જોર ॥ શિવપુર જાતાં જીવને રે, એહુજ મ્હોટો ચોર ॥ ભવિક૦ ॥ ॥ લોભ૦ ॥ ૪ ॥ ક્રોધ માન માયા લોભથી રે, દુર્ગતિ પામે જીવ ॥ પરવશ પડિયો બાપડો રે, અહોનિશ પાડે રીવ ॥ ભવિક૦ ॥ લોભ૦ ॥ ॥ ૫ ॥ પરિગ્રહના પરિહારથી રે, લહીયે શિવસુખ સાર ॥ દેવ દાનવ નરપતિ થઇ રે, જોશે મુગતિ મઝાર ॥ ભવિક૦ ॥ લોભ૦ ॥ ૬ ॥ ભાત્રસાગર પંડિત ભણે રે, વિરસાગર બુધ શિષ્ય ॥ લોભતણે ત્યાગે કરી રે, પહોંચે સયળ જગીશ ॥ ભવિક૦ ॥ લોભ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

अथ श्री परस्त्री त्याग करवानी सझाय.

સુણ ચતુરસુજાણ, પરનારીશું પ્રીતિ કબૂ નવ કીજિએ ॥ એ આંકણી ॥ હાં રે જેણે પરનારીશું પ્રીતિ કરી, તેને હેડે રૂંધણ થાય ઘણી ॥ તેણે કૂળ મરજાદા કાંઇ ન ગણી ॥ સુણ૦ ॥ ૧ ॥ ત્હારી લાજ જશે નાતજાતમાં, તું તો હળુઓ પડીશ સહુ સાથમાં ॥ એ ધૂમાડો ન આવે હાથમાં ॥ સુણ૦ ॥ ૨ ॥ હાં રે સાંજ પડે રવિ આથમે, ત્હારો જીવ ભમરાની પેરે ભમે ॥ તને ઘરનો ધંધો કાંઇ ન ગમે ॥ સુણ૦ ॥ ૩ ॥ હાં રે તું જઇને મળીશ ધૂતીને, ત્હારૂં ધન લેશે સવિ ધૂતીને ॥ પછી રહીશ હેડ કૂટીને ॥ સુણ૦ ॥ ૪ ॥ તું તો બેઠો મૂછો મરડીને, ત્હારૂં કાળજું ખાશે કરડીને ॥ ત્હારૂં માંસ લેશે ઉતરડીને ॥ સુણ૦ ॥ ૫ ॥ હાં રે તને પ્રેમના પ્યાલા પાઇને, ત્હારાં વસ્તર લેશે વાઇને ॥ તને કરશે ખોખું ખાઇને ॥ સુણ૦ ॥ ૬ ॥ હાં રે તું તો પરમંદિરમાં પેશીને, તિહાં પારકી સેજે બેશીને ॥ તેં ભોગ કર્યા

ધણું હેંશીને ॥ સુણ૦ ॥ ૭ ॥ હાં રે જેમ ભુયંગથકી ડરતા રહિયે, તેમ પરનારીને પરિહરિયે ॥ હાં રે ભવસાયર ફેરા નવિ ફરિયે ॥ ॥ સુણ૦ ॥ ૮ ॥ વ્હાલા પરણી નારીથી પ્રિત સારી, એ માથું વઢાવે પરનારી ॥ તમે નિશ્ચે જાણજો નિરધારી ॥ સુણ૦ ॥ ૯ ॥ એ સદ્ગુરૂ કહે તે સાચું છે, ત્હારી કાયાનું સરવે કાચું છે ॥ એક નામ પ્રભુનું સાચું છે ॥ સુણ૦ ॥ ૧૦ ॥ ઇતિ ॥

अथ श्री पुण्यफलनी सद्याय.

(સુગ્રિવ નગર સોહામણું જી.—એ દેશી.)

એક ઘર ઘોડા હાથિયા જી, પાયક સંખ્યા ન પાર ॥ ગ્હોટાં મંદિર માળિયાં જી, વિશ્વતણો આધાર રે ॥ જીવડા, દીધાનાં ફળ જોય ॥ વિણ દીધાં કેમ પામીએ જી, હૃદય વિમાસી જોય રે ॥ જી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ભરિયાને સહુકો ભરે જી, વૂઠયા વરસે રે મેહ ॥ સુ-ખીયાના સહુકો સગા જી, દુઃખીયાશું નહીં નેહ રે ॥ જી૦ ॥ ૨ ॥ બેહુ નર સાથે જનમિયા જી, એવડો અંતર આજ ॥ એક માથે *મૂળી વહે જી, એક તણે ઘર રાજ રે ॥ જી૦ ॥ ૩ ॥ એક સુખીયા દીસે સદા જી, દુઃખીયા એકજ જોય ॥ સુખ દુઃખ બેહુ આંતરૂં જી, પુણ્ય તણા ફળ જોય રે ॥ જી૦ ॥ ૪ ॥ શેવસુવાળી લાપશી જી, ભોજન કૂર કપૂર ॥ એકને કૂકશ ઢોકળાં જી, પેટ ન પહોંચે પૂર રે ॥ જી૦ ॥ ॥ ૫ ॥ એક ઘર આંગણ મલપતી જી, મીઠા બોલી રે નાર ॥ એક ઘર કાળી કૂબડી જી, કો ન ચઢે ઘરબાર રે ॥ જી૦ ॥ ૬ ॥ એક ચઢે ઘોડે હાંસલે જી, એક આગળ ઉજાય ॥ એક નર પોઢે પાલખી જી, એક ઉલાસે પાય રે ॥ જી૦ ॥ ૭ ॥ એક ઘર બેટા સુંદરૂ જી, રાખે ઘરનાં રે સૂત્ર ॥ એક નર દીસે વાંઝીયા જી, કૂળખંપણ કુપૂત્ર રે ॥ જી૦ ॥ ॥ ૮ ॥ પાય પટોળી પહેરણે જી, માથે મોળીડા સાર ॥ એકતણે નહીં પહેરવા જી, ઓઢણ અતિ સફાર રે ॥ જી૦ ॥ ૯ ॥ એક ચિહું માંહે જાણિયે જી, વિશ્વમાંહે ચોસાળ ॥ એકનું નામ ન જાણિયે જી, નામ હોયે ધનપાળ રે ॥ જી૦ ॥ ૧૦ ॥ રોષ મ ધજયો માનવી જી, દૈવ મ દેજયો રે ગાળ ॥ જો કર વાવ્યા કોદરા જી, તો કિમ લણશો શાળિ રે ॥ જી૦ ॥ ૧૧ ॥ દત્ત વિણ ગર્વ મ કીજીયે જી, ભોળા મૂરખ લોક ॥ જિમ દીપક તેલજ વિના જી, ક્ષણમાં થાયે ફોક રે ॥ જી૦ ॥ ૧૨ ॥

---

* મૂળી= કાષ્ટનો ભારો.

પાત્ર કૂપાત્રનો આંતરો જી, જોજયો કરીને વિચાર ॥ શાળિભદ્ર સુખ ભોગવે જી, પાત્રતણે અનુંસાર રે ॥ જી૦ ॥ ૧૩ ॥ આણંમ ખંડો જિનતણી જી, શુભ અશુભ ફળ જાણ ॥ મુનિ લાવણ્યસમય ભણે જી, એ પુણ્ય પ્રમાણ રે ॥ જીવડા૦ ॥ ૧૪ ॥ ઇતિ ॥

अथ श्री शीयलनी चूनडीनी सझाय.

(વીર કહે ગૌતમ સુણો.—એ દેશી.)

રે જીવ વિષય નિવારીએ, નાર શિર શ્યો નેહો રે ॥ મુંજ મૃગાલતણી પરે, ઝટક દેખાવે છેહો રે ॥ રે જીવ૦ ॥ ૧ ॥ ષટ્ ખંડ કેરો રાજીયો, આપતણો અંગ જાતો રે ॥ ચૂલણી ચૂકી મારવા, અવર કહું કિસી વાતો રે ॥ રે જીવ૦ ॥ ૨ ॥ જનમ લગે જે વાલહી, સૂરિકંતા નારો રે ॥ કંઠ ઠંપ્યો અંગૂઠડો, માર્યો નિજ ભરતારો રે ॥ રે જીવ૦ ॥ ॥ ૩ ॥ ચંદ્રવદની મૃગલોચની, ચાલંતી ગજગેલો રે ॥ રુપે દીસે રૂ-ચડી, પણ તે વિષની વેલો રે ॥ રે જીવ૦ ॥ ૪ ॥ વિષયારસ વિષ વેલડી, શેલડીં સેવો ચંગો રે ॥ પંડિતજનને ભોળવે, ક્ષણમાં દાખે ભંગો રે ॥ રે જીવ૦ ॥ ૫ ॥ નારી વિષય વિણાસીયો, દશકંધર દશ શિશો રે ॥ રાજરમણી હારી કરી, નરક પડયો નિશ દિશો રે ॥ રે જીવ૦ ॥ ૬ ॥ એક ઈંદ્રિ પરવશપણે, બંધન પામે જીવો રે ॥ મયગળ મોહ્યો હાથણી, બંધ પડયો કરે રીવો રે ॥ રે જીવ૦ ॥ ૭ ॥ મધુકર મોહ્યો માલતી, લેવા પરિમલ પૂરો રે ॥ કમળ મિલંતે માંહિ રહ્યો, જબ આથમિયો સૂરો રે ॥ રે જીવ૦ ॥ ૮ ॥ દીપશિખા દેખી કરી, રૂપે મોહ્યો પતંગો રે ॥ સોના કારણ લોભિયો, હોમે આપણો અંગો રે ॥ રે જીવ૦ ॥ ૯ ॥ નાદ વિનોદે વેંધિયો, હરણ હણ્યો નિજ બાણો રે ॥ રસના ફરસે માંછલો, બાંધ્યો ધિવર જાળો રે ॥ રે જીવ૦ ॥ ૧૦ ॥ પંડિત શીળવિજયતણા, શિષ્ય દીયે આશિષો રે ॥ શિળસુરંગી ચૂનડી, તે સેવો નિશ દિશો રે ॥ રે જીવ૦ ॥ ૧૧ ॥

अथ श्री कलियुगनी सझाय.

સરસતિ સ્વામિની પાય નમીને, ઉલટ મનમાંહે આયો ॥ તિરથ નહિ કોઈ ઇણ સંસારે, તેણે એ કળિયુગ આયો ॥ દેખો બે યારો, કૂડો કળિયુગ આયો ॥ એ આંકણી ॥ બાબો કહે મ્હારી ન્હાનડી બેટી, દિન દિન મૂલ્ય સવાયો ॥ બે યારો, કૂડો કળિયુગ આયો ॥ ૧ ॥ રાજા તે પરજાને પીડે, કૂનર કામ ભળાયો ॥ બોલ બંધ નહીં મંત્રી

ને, ગોચર ક્ષેત્ર ખેડાયો ॥ એ૦ ॥ ૨ ॥ ગુરૂને ગાળ દીયે નિજ ચેલો; વેદ પૂરાણ પઢાયો ॥ સાસુ ચૂલે ને વહુ ખાટલડે, ફુંકે શરિર જલાયો ॥ એ૦ ॥ ૩ ॥ એંશી વર્ષનો હીંડે હાંસે, મૂછે હાથ ઘલાયો ॥ પંચતણી સાખે પરણીને, અબળા અર્થ ગમાયો ॥ એ૦ ॥ ૪ ॥ જોગી જંગમ ને સંન્યાસી, ભાંગે ભખે મદ વ્હાયો ॥ ચોર ચાડ પરધનને ખાયે, સાધુજન સિદાયો ॥ એ૦ ॥ ૫ ॥ નિર્ધનને બહુ બેટા બેટ, ધનવંત એક ન પાયો ॥ નિચતણે ઘર અતિ ઘણી લખમી, ઉત્તમ જન સિદાયો ॥ એ૦ ॥ ૬ ॥ ન મળે બાપ સંઘાથે બેટો, ઘણે રે મનોર્થે જાયો ॥ હાથ ઊપાડે માયને મારે, પરણીશું ઉમાહ્યો ॥ એ૦ ॥ ૭ ॥ ઘરડાને ઘેલો કહે બેટો, આપતણો મદ વાહ્યો ॥ વહુ સૂતીને વર હિંડોળે, સાસરે સૂવાને ધરાયો ॥ એ૦ ॥ ૮ ॥ હળ ખેડે બ્રાહ્મણ ગો જુત્તિ, નિર્દય નાક ફુડાયો ॥ માબાપે બેટી વેચીને, બેટાને પરણાયો ॥ એ૦ ॥ ૯ ॥ રાગતણે વશ ગુરૂ ને ગુરૂણી, કામ કરે પરાયો ॥ કાંગાની પરે કળહો માંડી, કૂળગુરુ નામ ધરાયો ॥ એ૦ ॥ ૧૦ ॥ બૈયર બાર વરસની બેટો, દીઠો ગોદ ખેલાયો ॥ માગ્યા મેહુ ન વરસે મહિચલ, લોભે ધખ્યો સવાયો ॥ એ૦ ॥ ૧૧ ॥ કૂડા કળિયુગની એ માયા, દેખી ગિત ગવાયો ॥ પભણે પ્રીતિવિમળ પરમારથ, જિનવચને સુખ પાયો ॥ એ ચારો, કૂડો કળિયુગ આયો ॥ ૧૨ ॥ ઇતિ ॥

अथ श्री शिखामणनी सद्याय.

શ્રી ગુરૂ ચરણ પસાઉલે, કહિશું શિખામણ સાર ॥ મન સમજાવો રે આપણું, જિમ પામો ભવપાર ॥ ૧ ॥ કહે ભાઈ રૂડું તેં શું કર્યું, આતમને હિતકાર ॥ ઇહભવ પરભવ સુખ ઘણાં, લહિયે જય જયકાર ॥ કહે૦ ॥ ૨ ॥ લાખ ચોરાશી યોનિ તું, ભમિ પામ્યો નર અવતાર ॥ દેવ ગુરૂ ધર્મ ન ઓળખ્યા, ન જપ્યો મન નવકાર ॥ કહે૦ ॥ ॥ ૩ ॥ નવ મસવાડા ઉદર ધર્યો, પાળી પોઢો રે કીધ ॥ માય તાય સેવા કીધી નહીં, ન્યાયે મન નવિ દીધ ॥ કહે૦ ॥ ૪ ॥ ચાડી કીધી રે ચોતરે, દંડાવ્યા ભલા લોક ॥ સાધુ સહુને સંતાપિયા, આળ ચઢાવ્યા તેં ફોક ॥ કહે૦ ॥ ૫ ॥ લોભે લાગ્યો રે પ્રાણિયો, ન ગણે રાત ને દીસ ॥ હા હો કરતાં રે એકલો, જઇને હાથ ઘશીશ ॥ કહે૦ ॥ ॥ ૬ ॥ કપટ છળભેદ તેં કર્યાં, ભાંખ્યા પરના રે મર્મ ॥ સાત વ્યસન ને સેવિયાં, નવિ કીધો જિનધર્મ ॥ કહે૦ ॥ ૭ ॥ ક્ષમા ન કીધી તેં

ખાંતશું, દયા ન કીધી રેખ ॥ પરવેદન તેં જાણી નહીં, તો શું લીધો તેં ભેખ ॥ કહે૦ ॥ ૮ ॥ સંધ્યારંગ સમ આઉખું, જળપરપોટારે જેમ ॥ ડાભઅણિ ઉપર બિંદુઓ, અથિર સંસાર છે એમ ॥ કહે૦ ॥ ૯ ॥ અભક્ષ અનંતકાય વાવર્યાં, પીધાં અણગળ નિર ॥ રાત્રિભોજન તેં કર્યાં, કેમ પામીશ ભવ તિર ॥ કહે૦ ॥ ૧૦ ॥ દાન શિયળ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર ॥ તે તેં ભાવે ન આદર્યા, રઝળીશ અનંતો સંસાર ॥ કહે૦ ॥ ૧૧ ॥ પાંચ ઇંદ્રિ રે પાપિણી, દુર્ગતિ ઘાલે છે જેહ ॥ તેતો મૂકી રે મોકળી, કિમ પામીશ શિવગેહ ॥ કહે૦ ॥ ૧૨ ॥ ક્રોધે વીંટીયો રે પ્રાણિયો, માન ન મૂકે રે કેડ ॥ માયા સાપણીને સંગ્રહી, લોભને લીધો. તેં તેડ ॥ કહે૦ ॥ ૧૩ ॥ પરરમણી રસ મોહિયો, પરનિંદાનો રે ઢાળ ॥ પરદ્રવ્ય તેં નવિ પરિહર્યું, પરને દીધી રે ગાળ ॥ કહે૦ ॥ ૧૪ ॥ ધર્મની વેળા તું આળસુ, પાપ વેળા ઉજમાળ ॥ સંચ્યું ધન કોઇ ખાયશે, જિમ મધમાખી મહુઆળ ॥ કહે૦ ॥ ૧૫ ॥ મેળી મેળી મૂકી ગયા, જે ઉપરાજી રે હાથ ॥ સંચય કીજે રે પુણ્યનો, જે આવે તુજ સાથ ॥ કહે૦ ॥ ૧૬ ॥ શુદ્ધ દેવ ગુરુ ઓળખી, કીજે સમકિત શુદ્ધ ॥ મિથ્યામતી દૂરે કરી, રાખી નિર્મળ બુદ્ધ ॥ કહે૦ ॥ ૧૭ ॥ ગોડીદાસ સંઘવી તણે, આગ્રહે કીધ સજ્ઝાય ॥ શાંતિવિજય ઉવઝાયનો, રૂપવિજય ગુણ ગાય ॥ કહે૦ ॥ ૧૮ ॥ ઇતિ ॥

अथ श्री आपस्वनावनी सघाय.

આપ સ્વભાવમાં રે, અબધૂ સદા મગનમેં રહેના ॥ જગત જીવ હે કરમાધિના, અચરિજ કછુઅ ન લીના ॥ આપ૦ ॥ ૧ ॥ તું નહીં કેરા કોઈ નહીં તેરા, ક્યા કરે મેરા મેરા ॥ તેરા હે સો તેરી પાસે, અવર સબે અનેરા ॥ આપ૦ ॥ ૨ ॥ વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ઇનકું વિલાસી ॥ વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી ॥ આપ૦ ॥૩॥ રાગને રીસા દોય ખવીસા, એ તુમ દુઃખકા દીસા ॥ જબ તુમ ઉનકું દૂર કરીસા, તબ તુમ જગકા ઇસા ॥ આપ૦ ॥ ૪ ॥ પારકી આશા સદા નિરાશા, એ હે જગજન પાસા ॥ તે કાટનકું કરો અભ્યાસા, લહો સદા સુખવાસા ॥ આપ૦ ॥ ॥ ૫ ॥ કબહીક કાજી, કબહીક પાજી, કબહીક હુઆ અપભ્રાજી ॥ કબહીક જગમેં કીર્તિ ગાજી, સબ પુદ્‌ગળકી બાજી ॥ આપ૦ ॥ ૬ ॥ શુદ્ધ ઉપયોગને સમતાધારી, જ્ઞાન ધ્યાન મનોહારી ॥ કર્મ કલંકકું દૂર નિવારી, જીવ વરે શિવનારી ॥ આપ૦ ॥ ૭ ॥ ઇતિ ॥

अथ श्री सामायिकना लाभनी सझाय.

કર પડિક્કમણું રે ભાવશું, દોય ઘડી શુભધ્યાન ॥ લાલ રે ॥ ॥ કર૦ ॥ ૧ ॥ શ્રીમુખ વીર ઇમ ઉચ્ચરે, શ્રેણિકરાય પ્રતે વાણ ॥ લાલ રે ॥ લાખ ખાંડી સોનાતણી, દિયે દિયે દિનપ્રતે દાન ॥ લાલ રે ॥ ॥ કર૦ ॥ ૨ ॥ લાખ વરસ લગે તે વળી, એમ દીયે દ્રવ્ય અપાર ॥ લાલ રે ॥ એક સામાયિકને તોલે, નાવે તેહ લગાર ॥ લાલ રે ॥ કર૦ ॥ ॥ ૩ ॥ સામાયિક ચઉવિસંત્થો, વંદના દોય દોય વાર ॥ લાલ રે ॥ વ્રત સંભારોને આપણાં, પાળો નિરતિચાર ॥ લાલ રે ॥ કર૦ ॥ ૪ ॥ કર કાઉસ્સગ્ગ શુભ ધ્યાનનો, પચ્ચખાણ શુદ્ધ વિચાર ॥ લાલ રે ॥ દોય સંધ્યાયે તે વળી, ટાળો ટાળો અતિચાર ॥ લાલ રે ॥ કર૦ ॥ ૫ ॥ શ્રી સામાયિક પ્રસાદથી, લહીયે અમરવિમાન ॥ લાલ રે ॥ ધર્મસિંહ મુનિ એમ ભણે, એ છે મુક્તિનિદાન ॥ લાલ રે ॥ કર૦ ॥ ૬ ॥

अथ श्री रात्रिभोजननी सझाय.

અવનિતળ વારૂ વસે જી, કુંડનપૂર ઉદાર ॥ શેઠ યશોધન જાણીયે જી, કરે વ્યવસાય અપાર રે ॥ માનવી, રાત્રિભોજન વાર ॥ ૧ ॥ રંભા ઘરણી રૂયડી જી રે, પુત્ર સલૂણા રે દોય ॥ હંસકુમર ભાઇ વડો જી રે, લઘુ ભાઇ કેશવ હોય રે ॥ માનવી, રાત્રિભોજન વાર ॥ ૨ ॥ દોષ અનંતા ઓળખ્યા જી રે, જિમ ન પડે સંસાર રે ॥ માનવી૦ ॥ એ આંકણી ॥ એક દિન રમતાં ભેટીયા જી, સાધુ શિરોમણિ સૂરિ ॥ ધર્મઘોષ નામે નમી જી, આવી આણંદપૂર રે ॥ માનવી૦ ॥ ૩ ॥ સૂરિ ભણે રજનીતણું જી, ભોજન છંડે જેહ ॥ તસ સુર નર સેવા કરે જી, લહે મુક્તિ નિઃસંદેહ રે ॥ માનવી૦ ॥ ૪ ॥ સાંજે રાંધી રાત્રે જમે જી રે, તે ઉત્કૃષ્ટો રે દોષ ॥ દિવસે રાંધી રાતે જમે જી રે, પાપતણો બહુ પોષ રે ॥ માનવી૦ ॥ ૫ ॥ રાતે રાંધિ મુકિયું જી, દિવસે કરે તે આહાર ॥ તે જીવિત પ્રાયે બાહિરા જી રે, અતિ જીવતણો સંહાર રે ॥ માનવી૦ ॥ ૬ ॥ દિવસે રાંધી દિવસે જમે જી, ઘડિય તજે દોય દોષ ॥ પુણ્યવંત તે પૂજીયે જી, જે નર એહવા હોય રે ॥ માનવી૦ ॥ ૭ ॥ ઘેર આવ્યા માતા કને જી, ભોજન માગે રે દીશ ॥ ચાર ઘડિ છે પાછલી જી, પિતા કરે બહુ રીશ રે ॥ માનવી૦ ॥ ૮ ॥ માતા બ્હીતી નવિ દીયે જી, મૌન કરે તે ત્યાંય ॥ લાંઘણ કરતાં દીહડલા જી, પાંચ ઇણિ પરે જાય રે ॥ માનવી૦ ॥ ૯ ॥ છઠ્ઠે દિવસે સ-

હોદરા જી, મળિયા એકણુ ચિત્ત ॥ રાતે જમો કે બાહિર રમો જી, નહીં અમ ઘર એ રીત રે ॥ માનવી૦ ॥ ૧૦ ॥ હંસકુમર તિહાં બોભિયો જી, વાળુ કીધું રે જામ ॥ વિષહર ગરલે મૂકીયું જી, માંહે જમાણું તામ રે ॥ માનવી૦ ॥ ૧૧ ॥ કેશવકુમર વનમાં ગયો જી, તિહાં કીધો વિશ્રામ ॥ યક્ષદેવ તિહાં આવીયો જી, મઢી નિહાળે તામ રે ॥ માનવી૦ ॥ ૧૨ ॥ એહ પુરુષ મ્હોટો અછે જી, વ્રત નવિ ભાંજ્યાં રે જેણ ॥ ભંજાવું હું તેહનાં જી, માયા માંડી તેણ રે ॥ માનવી૦ ॥ ॥ ૧૩ ॥ સૂરજ રચિયો કારમો જી, માણસ રચ્યાં બહુ થોક ॥ કેશવ કુમાર જગાવિયો જી, ઉઠ જમે છે સહુ લોક રે ॥ માનવી૦ ॥ ૧૪ ॥ કેશવ મનમાં ચિંતવે જી, હજીય ન થયો પ્રભાત ॥ એ કાંઇક કૌતુક અછે જી, અમે ન જમશું રાત રે ॥ માનવી૦ ॥ ૧૫ ॥ ત્રણ પ્રદક્ષિણા દેઇ કરી જી, લાગ્યો કેશવને પાય ॥ નાગ વચ્છ તૂઠયો તુને જી, કાંઈક કરૂં પસાય રે ॥ માનવી૦ ॥ ૧૬ ॥ મુજ ભાઇયે વ્રત ભાંગિયું જી, વિષધર ગ્રહીયો જેણ ॥ હું માગું છું તુજ કને જી, જો જીવાડો એણ રે ॥ માનવી૦ ॥ ૧૭ ॥ યક્ષદેવ તિહાં આવીયો જી, લેઈ માણસનું રૂપ ॥ વમન કરીને છાંડિયો જી, ઢાંકી ઉઠયો ભૂપ રે ॥ માનવી૦ ॥ ॥ ૧૮ ॥ રાત્રિભોજન પરિહરી જી, હુઓ સાકેતપુર રાજ ॥ સંયમ લેઇ તપ કરી જી, સાર્યાં આતમ કાજ રે ॥ માનવી૦ ॥ ૧૯ ॥ ઇતિ ॥

अथ भाविभावनी सद्याय.

(રાગ બંગાળી.)

કર્મે લખીયું નિશ્ચય રે હોય, નહીં હુએ જોર ભાવિશું કોય ॥ ભાવિ ના મિટે ॥ ઉદ્યમ હે સો ભાવિકે હાથ, ભાવિશું નહીં કિસ હીકો સાથ ॥ ભાવિ૦ ॥ ૧ ॥ ભાવિ તુંહે આપહી રાજાન, ઉદ્યમ હે રાજાકો દિવાન ॥ ભાવિ૦ ॥ સાહેબકો તબ હુએરે મિલાપ, પહેલાં પ્રધાનને મળિયે આપ ॥ ભાવિ૦ ॥ ૨ ॥ ધર્મ કર્મ ઓર સબ હુએ કામ, નિશ્ચય પૂરે મનકી હામ ॥ ભાવિ૦ ॥ હોણહાર જે હુએ અધિકાર, મતિ ઉપજે તેસી તેણી વાર ॥ ભાવિ૦ ॥ ૩ ॥ કરમે રામ લક્ષમણ વનવાસ, સિતા વચને મતિ ગઈ નાસ ॥ ભાવિ૦ ॥ નિસુણયો કનકે વેદ પૂરાણ, ધાયા મારણ ભાવિ પ્રમાણ ॥ ભાવિ૦ ॥ ૪ ॥ ત્રિકૂટ બેટ લંકાનો રે રાય, રાવણના સુર સેવે પાય ॥ ભાવિ૦ ॥ યોગી વેષ કરી અપહરી સિત, યુદ્ધ કરંતાં નવિ થઈ જીત ॥ ભાવિ૦ ॥

॥૫॥ કૃષ્ણ પુત્ર શાંબાદિ કુમાર, દ્વૈપાયન ઋષિ દૂહવ્યો અપાર ॥ ભાવિ૦॥ દ્વારિકાનો તેણે કીધો રે લોપ, ભાવિથી ન ગયો તસ કોપ ॥ ભાવિ૦ ॥૬ ॥ આઠમો બારમો વળી ચક્રીશ, હણીયા બ્રાહ્મણ આણી રીશ ॥ ભાવિ૦ ॥ બ્રહ્મદત્તની ગઇ દોય આંખ, તમતમાયે ગયો સૂત્ર દે સાખ ॥ ભાવિ૦ ॥ ૭ ॥ કુંભ ઘરે વહ્યું નીર હરિચંદ, રાજ પાળ્યું ભાવિ નવ નંદ ॥ ભાવિ૦॥ વીરતણો હુઓ ગર્ભાપહાર, તે સવિ ભાવિનો અધિકાર ॥ ભાવિ૦ ॥ ૮ ॥ ભરતેશ્વરની ષટ્ખંડ આણ, આરિસાભુવને કહ્યું કેવળનાણ ॥ ભાવિ૦ ॥ તપ જપ કીધો નહીં રે લગાર, ભાવિથકી ગયા મોક્ષ મઝાર ॥ ભાવિ૦ ॥ ૯ ॥ સ્ત્રિને વચને આર્દ્રકુમાર, દિક્ષા તજીને રહ્યો ઘરબાર ॥ ભાવિ૦॥ વરસ ચોવીશ લગેં પાળ્યો રે નેહ, ચરમશરિરી છે પણ તેહ ॥ ભાવિ૦ ॥ ૧૦ ॥ દિક્ષા લેતાં સુર દીયે શિખ, અવસર નહીં તુજ નંદિષેણ દિખ ॥ ભાવિ૦ ॥ બાર વરસ રહ્યો ગણિકા રે ગેહ, ભોગકર્મે દીયો નહીં છેહ ॥ભાવિ૦॥ ૧૧ ॥ ચઉદહસય બાવન ગણધાર, તે માંહે ગૌતમ લબ્ધિ ભંડાર ॥ ભાવિ૦ ॥ જે દિખ્ખે તે પહેલા મુગતિ રે જાય, પછી પોતાને કેવળ થાય ॥ ભાવિ૦ ॥ ૧૨ ॥ એમ અનેક સંબંધ અપાર, સમજો સહુ કોઇ હૈડા મઝાર ॥ ભાવિ૦ ॥ કોડી સયા બુધ્ધે કરજોડ, પણ ભાવિની ન કરે કોઇ હોડ ॥ ભાવિ૦ ॥ ૧૩ ॥ ઉદ્યમ છે ભાવિને આયત્ત, ભાવિ કરે ઉત્તમની જીત ॥ ભાવિ૦ ॥ એણિપરે બોલે મુનિચંદ્ર અણગાર, શાસ્ત્ર ઉપરે કીધો અધિકાર ॥ ભાવિ૦ ॥ ૧૪ ॥ ઇતિ॥

अथ श्री कर्मपचीशीनी सद्याय.

દેવ દાનવ તિર્થંકર ગણધર, હરિ હર નર વર સબળા ॥ કર્મ સંયોગે સુખ દુઃખ પામ્યા, સબસા હુઆ મહા નિબળા રે ॥ પ્રાણિ, કર્મ સમો નહીં કોય ॥ કીધાં કર્મ વિના ભોગવિયાં, છૂટકબારો ન હોય રે ॥ પ્રાણિ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ આદિશ્વરને અંતરાય વિટંબ્યો, વર્ષ દિવસ રહ્યા ભૂખે ॥ વીરને બાર વરસ દુઃખ દીધું, ઉપન્યા બ્રાહ્મણી કૂખે રે ॥ પ્રાણિ૦ ॥ ૨ ॥ સાઠ સહસ સુત એક દિન મૂઆ, સામંત શૂરા જેસા ॥ સગર હુઓ મહાપુત્રે દુઃખિયો, કરમતણાં ફળ એસા રે ॥ પ્રાણિ૦ ॥ ૩ ॥ બત્રિશં સહસ દેશનો સાહેબ, ચક્રિ સનતકુમાર ॥ સોળ રોગ શરીરે ઉપન્યા, કરમે કિયો તસ ખૂવાર રે ॥ પ્રાણિ૦ ॥ ૪ ॥ સુભૂમ નામે આઠમો ચક્રી, કર્મે સાયરમાં નાંખ્યો ॥

સોળ સહસ યક્ષે ઉભાં દીઠો, પણ કિણુહી નવિ રાખ્યો રે ॥ પ્રાણિ૦ ॥ ॥ ૫ ॥ બ્રહ્મદત્ત નામે બારમો ચક્રી, કર્મે કીધોરે અંધો ॥ એમ જાણી પ્રાણિ વિણ કામે, કોઇ મત બંધો રે ॥ પ્રાણિ૦ ॥ ૬ ॥ વીશ ભૂજા દશ મસ્તક હુતાં, લક્ષમણે રાવણ માર્યો ॥ એકલડે જગ સહુને જીત્યો, કર્મથી તે પણ હાર્યો રે ॥ પ્રાણિ૦ ॥ ૭ ॥ લક્ષમણ રામ મહા બળવંતા, વળિ સત્યવંતી સિતા ॥ બાર વરસ લગે વનમાંહે ભમિયા, વિતક તસ બહુ વિત્યાં રે ॥ પ્રાણિ૦ ॥ ૮ ॥ છપ્પનકોડ જાદવનો સાહેબ, કૃષ્ણ મહાબળિ જાણી ॥ અટવી કોશંબિમાં એકલડો મૂઓ, વલવલતો વિણ પાણી રે ॥ પ્રાણિ૦ ॥ ૯ ॥ પાંચ પાંડવ મહા ઝુઝરા, હારી દ્રોપદી નારી ॥ બાર વરસ લગે વન દુઃખ દીઠાં, ભમિયા જેમ ભિખારી રે ॥ પ્રાણિ૦ ॥ ૧૦ ॥ સતિય શિરોમણિ દ્રોપદી કહિયે, પાંચ પુરૂષની નાર ॥ સુકમાળિકા ભવે બાંધ્યું નિયાણું, પામી પાંચ ભરતાર રે ॥ પ્રાણિ૦ ॥ ૧૧ ॥ કર્મે હલકો કીધો હરિચંદને, વેચી તારા રાણી ॥ બાર વરસ લગે માથે આણ્યું, ડુંબતણે ઘર પાણી રે ॥ પ્રાણિ૦ ॥ ૧૨ ॥ દધિવાહન રાજાની બેટી, ચાવી ચંદનબાળા ॥ ચોપદની પરે ચઉટે વેચાણી, કર્મતણા એ ચાળા રે ॥ પ્રાણિ૦ ॥ ૧૩ ॥ સમકિતધારી શ્રેણિકરાજા, બેટે બાંધ્યો મુસકે ॥ ધર્મિ નરપતિ કર્મે દબાણા, કર્મથી જોર ન કિસકે રે ॥ પ્રાણિ૦ ॥ ૧૪ ॥ ઈશ્વરદેવને પાર્વતી રાણી, કર્તા પુરૂષ કહેવાય ॥ અહોનિશ સમશાનમાંહે વાસો, ભિક્ષા ભોજન ખાય રે ॥ પ્રાણિ૦ ॥ ૧૫ ॥ સહસકિરણ સૂરજ પ્રતાપી, રાત દિવસ રહે ભમતો ॥ સોળ કળા સશિહર જગ જાચો, દિન દિન જાયે ઘટતો રે ॥ પ્રાણિ૦ ॥ ૧૬ ॥ નળરાજા પણ જૂવટે રમતાં, અરથ ગરથ રાજ્ય હાર્યો ॥ બાર વરસ લગે વન દુઃખ દીઠાં, તેને પણ કર્મે ભમાડયો રે ॥ પ્રાણિ૦ ॥ ૧૭ ॥ સુદર્શનને શૂળીયે દીધો, મુંજરાયે માગી ભિખ ॥ તમસગુફા મુખ કોણિક બળિયો, માની ન કોઇની શિખ રે ॥ પ્રાણિ૦ ॥ ૧૮ ॥ ગજસુનિના શિરઉપર સઘડી, સાગરદત્ત બળ્યું શિશ ॥ મેતારજ વાધ્રરે વિંટાણા, ક્ષણ ન આણિ રિશ રે ॥ પ્રાણિ૦ ॥ ૧૯ ॥ પાંચશેં સાધુ ઘાણીમાં પિલ્યા, રોશ ન આણ્યો લગાર ॥ પૂરવ કર્મે ઢંઢણઋષિને, ષટ્ માસ ન મળ્યો આહાર રે ॥ પ્રાણિ૦ ॥ ૨૦ ॥ ચૌદ પૂરવધર કર્મતણે વશ, પડયા નિગોદ મઝાર ॥ આર્દ્રકુમાર અને નંદિષેણે, ફરિ વાસ્યો ઘરબાર રે ॥ પ્રાણિ૦ ॥ ૨૧ ॥ કળાવતિના કર છેદાણા, સુભદ્રા પામી કલંક ॥

મહાબળમુનિનું ગાત્ર પ્રજાળ્યું, કર્મતણા એ વંક રે ॥ પ્રાણિ૦ ॥ ૨૨ ॥ દ્રૌપદી હેતે પદ્મનાભનું, ફેડયું કૃષ્ણે ઠામ ॥ વીરને કાને ખીલા ઠોકાણા, પગે રાંધી ખીર તામ રે ॥ પ્રાણિ૦ ॥ ૨૩ ॥ કર્મથી નાઠા જાય પાતાળે, પેસે અગનિ મઝાર ॥ મેરૂશિખર ઉપર ચઢે પણ, કર્મ ન મૂકે લગાર રે ॥ પ્રાણિ૦ ॥ ૨૪ ॥ એવાં કર્મ જીત્યાં નર નારી, તે પહોત્યાં શિવ ઠાય ॥ પ્રભાતે ઉઠી નિત નિત વંદો, ભક્તિએ તેહના પાય રે ॥ પ્રાણિ૦ ॥ ૨૫ ॥ એમ અનેક નર ખંડયા કર્મે, ભલ ભલેરા જે સાજ ॥ ઋષિ હરખ કરજોડીને કહે, નમો નમો કર્મ મહારાજ રે ॥ પ્રાણિ, કર્મ સમો નહીં કોય ॥ ૨૬ ॥ ઇતિ ॥

अथ श्री आत्मशिक्षानी सद्याय.

(કરેલડાં ઘડી દે રે.—એ દેશી.)

ભવિક જન ભજ લે રે, ભજ ભજ ભજ ભગવંત ॥ ભવિ૦ ॥ તું તજી દે મોહ અજ્ઞાન ॥ ભવિ૦ ॥ તું તો દેય સુપાત્રે દાન ॥ ભવિ૦ ॥ સુણ લે સદગુરુ વાણ ॥ ભવિ૦ ॥ ૧ ॥ જો દિન રયણી જાત હે, સો તો ફિર નહીં આય ॥ મૂરખ ચિત્ત ચિંતે નહીં, અંજળી જળકે ન્યાય ॥ ભવિ૦ ॥ ૨ ॥ તેં તો જનમ મરણે કરી, ફરશ્યો સબ સંસાર ॥ અબ તો માનવભવ પાયકે, સફળ કરો અવતાર ॥ ભવિ૦ ॥ ૩ ॥ તન ધન જોવન કારમું, કારમો સબ સંસાર ॥ કારમો સંગ વિચાર કે, માનવ જનમ મ હાર ॥ ભવિ૦ ॥ ૪ ॥ કબહુ સુખી કબહુ દુઃખી, કબ રાજા કબ રંક ॥ કબૂ ન મેટે જગતમેં, કર્મે લખ્યો જે અંક ॥ ભવિ૦ ॥ ૫ ॥ ક્રોધ માન માયા તજો, વર્જો વિષય પ્રસંગ ॥ પાંચ ઈંદ્રિય વશ કરો, જીપો સબળ અનંગ ॥ ભવિ૦ ॥ ૬ ॥ પૂરવ પુણ્યવિના કિયે, કહો કિહાં સુખ હોય ॥ વાવે બીજ બબૂલકે, અંબ કહાંસે હોય ॥ ભવિ૦ ॥ ૭ ॥ એહ માયાકે મામલે, મૂળ રહે હિ ભૂત ॥ દીપ કરેગો તો હિયે, માન વચન તું સૂત ॥ ભવિ૦ ॥ ૮ ॥ મોહ વશે સબ જીઊ રે, મળે બટાઉ આય ॥ હળી મળી શિખ ન કરી શકે, અણબોલ્યા ઊઠ જાય ॥ ભવિ૦ ॥ ॥ ૯ ॥ કહા કરે જ્ઞાની ભલો, કહા કરે અજ્ઞાન ॥ મોહરાયકે રાજમેં, કહેનું ન રહ્યું માન ॥ ભવિ૦ ॥ ૧૦ ॥ સબહુ કરમસેં જિન કહ્યો, મોહકર્મ દુઃખ દંદ ॥ દાર્યો ભરત હનંન ભણી, કીનો મારણ સંદ ॥ ભવિ૦ ॥ ૧૧ ॥ દીર્ઘરાય ચૂલણી મળી, કીનો મારણ સંચ ॥ બ્રહ્મ-

દત્ત ચક્રી ભણી, દેખો મોહ પ્રપંચ ॥ ભવિ૦ ॥ ૧૨ ॥ કૃષ્ણ કલેવર લઇ ભમ્યો, રામ છમાસી વિદીત ॥ વનગિરિ કુંજન કુંજમેં, એસે મોહકી રીત ॥ ભવિ૦ ॥ ૧૩ ॥ ગર્ભવાસમાંહે રહ્યો, લે તવ અસો નિમ ॥ માતા પિતા જબ જીવતે, વ્રત લેવાની સિમ ॥ ભવિ૦ ॥૧૪॥ નમો નમો યા મોહકું, મોહ સબળ કર્મરાય ॥ છિન માંહે મહાવિર કે, દીનો જેહને ઘાય ॥ ભવિ૦ ॥ ૧૫ ॥ મોહકર્મ વત્સ તુમ તજો, જેમ હોયે અશરિર ॥ ઇણવિધ બહુ પરે શિખવી, ગૌતમને મહાવિર ॥ ભવિ૦ ॥ ૧૬ ॥ દિક્ષા લીધી ભાવશું, છોડી સબ ઘરવાસ ॥ વરસ ચોવીશ ઘરે રહ્યો, સો ફિરિ આર્દ્રકુમાર ॥ ભવિ૦ ॥ ૧૭ ॥ થૂલિભદ્રકું દેખકે, મન કરો મત કોય ॥ સિંહગુફાવાસી મુનિ, ચૂકયો વેશ્યા જોય ॥ ભવિ૦ ॥ ૧૮ ॥ પુત્ર મરણ મનક સમે, સિજજંભવ ગણધાર ॥ દુઃખ ધરી નિજ ચિત્તમેં, દુર્જય મોહ વિકાર ॥ ભવિ૦ ॥ ॥૧૯॥ વાત સકળ યા મોહકી, મુખે કહી નવિ જાય ॥ પ્રસન્નચંદ્ર શુભ ધ્યાનથેં, દેવદુંદુભિ ગવાય ॥ ભવિ૦ ॥ ૨૦ ॥ ઋદ્ધિ છાંડી વ્રત આદર્યું, મન વૈરાગ સંભાળ ॥ સો મોહે વળી ભોળવ્યો, વિર જમાઇ જમાળિ ॥ ભવિ૦ ॥ ૨૧ ॥ અબ તો માયામેં પડયો, જાણત નહિ લગાર ॥ પસતાવેગો પ્રાણિયો, વિછડવાની વાર ॥ ભવિ૦ ॥૨૨॥ અરિહંત કિહાં ચક્રવર્તિ કિહાં જામેં બળ અસમાન ॥ ઐસેંભી થિર ના રહે, તુંતો કેહે જ્ઞાન ॥ ભવિ૦ ॥ ૨૩ ॥ સ્વારથકો સબકો સગો, સ્વારથકો સબ નેહ ॥ જો સ્વારથ પૂગે નહીં, છિનમેં દેખાડે છેહ ॥ ભવિ૦ ॥ ૨૪ ॥ જૈસા ચંચળ પવન હે, તૈસી મનકી દોર ॥ ગુરૂકે વચણ વિચારકે, લે રાખો એક ઠોર ॥ ભવિ૦ ॥ ૨૫ ॥ પાંચે ઈંદ્રિય વશ કરો, વારજયો વિષય કષાય ॥ આતમ ઝીપો આપણો, ઇણ વિધ બહુ સમજાય ॥ ભવિ૦ ॥ ૨૬ ॥ એ હિતશીખ વિચારકે, અહો સકળ નર નાર ॥ લાવણ્યકીર્તિ સંપદા, જયું પામો ભવપાર ॥ ભવિ૦ ॥ ૨૭ ॥ ઈતિ ॥

अथ श्री वैरागी सद्याय.

એ સંસાર અસાર છે રે જીવડા, બૂઝે વિરલો કોય ॥ એ સંસાર તજી ગયા રે જીવડા, તે નર સુખિયા હોય ॥ ચતુર નર, ચેતો રે ચિત્તમાંહિ ॥ એ આંકણી ॥ ડાભ અણિ જળબિંદુઓ રે જી૦, જેહવો સંધ્યાનો વાન ॥ ઇણિપરે ચંચળ આઉખું રે જી૦, જાગી શકે

તો જાગ ॥ ચતુર૦ ॥ ૨ ॥ ધન ધન રામા કાંઇ કરે રે જી૦, કારમો એહ સંસાર ॥ સોવનમય નવ ડુંગરી રે જી૦, નંદે તજી નિરધાર ॥ચતુર૦॥ ૩ ॥ માતા મયંગળની પરે રે જી૦, મન્મથ થયો રે અપાર ॥ નરક નિગોદમાં જાયશો રે જી૦, તેહવો જાણી સંસાર ॥ ચતુર૦ ॥ ॥ ૪ ॥ જોવનવય વહી જાયશે રે જી૦, ઘડપણપણાની વાર ॥ ખૂણે ઘાલ્યો ખાટલો રે જી૦, કોઇ ન પૂછે સાર ॥ ચતુર૦ ॥ ૫ ॥ અંગ ગળ્યું ને માથું ફરતું રે જી૦, જાજરી હુએ દેહ ॥ સગાં સણીજાં ઈમ કહે રે જી૦, ડોસો કરાવે વેઠ ॥ ચતુર૦ ॥ ૬ ॥ મગધદેશનો રાજીયો રે જી૦, શ્રેણિક નામે નરેશ ॥ કાષ્ટપિંજરે કોણિક કરીરે જી૦, સાત વૈરી સુવેસ ॥ ચતુર૦ ॥ ૭ ॥ આદિસર અંગજ ઉપન્યા રે જી૦, ભરત બાહુબળ ભાઇ ॥ માંહોમાંહે ઝૂઝિયા રે જી૦, એ સંસારની સગાઇ ॥ ચતુર૦ ॥ ૮ ॥ પરમેશ્વર નિત પૂજીએ રે જી, નિત્ય જપીએ નવકાર ॥ સુગુરૂ શિખામણ મન ધરો રે જી, જિમ પામો ભવપાર ॥ ચતુર૦ ॥ ૯ ॥ અરિહંત નિશદિન ધ્યાઇએ રે જી૦, પૂગે મનનો કોડ ॥ પંડિત શિયળવિજય તણો રે જી૦, શિષ્ય કહે કરજોડ ॥ ચતુર નર, ચેતો રે ચિત્તમાંહિ ॥ ૧૦ ॥ ઇતિ ॥

અથ શ્રી ઉપદેશી સઝાય.

(શ્રી રામજીએ નારી ગમાવી.—એ દેશી.)

મનુષ્યજન્મ પામીને ભાઈ, સુકૃત કાંઇ ન કીધું હો ॥ આમ તેમ ચઉદીશી ફિરિ, આતમ ચિત્ત ન દીધું હો ॥ મનુષ્ય૦ ॥ ૧ ॥ સુક્ષ્મબુદ્ધિ તેં નહિ કીધી, સ્થૂલમાં બુદ્ધિ ચલાઈ હો ॥ નિજગુણ શોધવા આળસ લીધી, પરગુણ રહ્યો ભરાઇ હો ॥ મનુષ્ય૦ ॥ ૨ ॥ રાગ દ્વેષમાંહી તું ભટકયો, છટકયો નિજગુણ બાહિ હો ॥ વિષય કષાયમાંહિ તું રમીઓ, ભમીઓ તેથી પ્રાહી હો ॥ મનુષ્ય૦ ॥ ૩ ॥ કીહાંથી આવ્યો કીહાંહી જાવું, તેહી શુદ્ધ ન પાઇ હો ॥ ગર્વ અહંપદને ધારી, કુમતિ નારી નડાઇ હો ॥ મનુષ્ય૦ ॥ ૪ ॥ દેવ ગુરૂ અને ધર્મની શુદ્ધિ, મનમાંહી ન ધારી હો ॥ નિંદા કરવા તતપર હુઓ, નાઠી સુમતિ નારી હો ॥ મનુષ્ય૦ ॥ ૫ ॥ આતમ આનંદસ્થાન ન જોયું, હુવો નિજગુણ વેરી હો ॥ સંસારે માયા દેખીને મોહ્યો, કાળે લીઓ તુંજ ઘેરી હો ॥ મનુષ્ય૦ ॥ ૬ ॥ કામની રુપ કાનન માંહી, પ્રવેશ કીધો તેં ભાઇ હો ॥ સુખ માનીને ત્યાંહી મુઝાયો, ભિ-

તી ચિત્ત ન લાઈ હો ॥ મનુષ્ય૦ ॥ ૭ ॥ અનંગ રંગમાંહી તું રમીઓ, રમીઓ દીનને રાત હો ॥ શાંત સુધારસ પીવાનું સ્થાન, ભૂલ્યો કેમ તું ભ્રાત હો ॥ મનુષ્ય૦ ॥ ૮ ॥ શુદ્ધ સમકિત ભાઇ તું રાખ, જે છે ભવોદધિ નાવ હો ॥ ઉપશમ થાશે મોહનિદર્શન, મળશે ઈચ્છિત લાવ હો ॥ મનુષ્ય૦ ॥ ૯ ॥ નિજ રત્ન ત્રય સાધને પ્રાણિ, લેવાને નિજ સુખ હો ॥ ઉપશમ કર કષાયતણો, તો મિટશે ભવદુઃખ હો ॥ મનુષ્ય૦ ॥ ૧૦ ॥ હલાહલરૂપ વિષય ગણીને, કર તું મનથી ત્યાગ હો ॥ દૃષ્ટિ સ્નેહ રોષ કથા જે, પામવા ભવ ત્યાગ હો ॥ મનુષ્યં૦ ॥ ૧૧ ॥ દયતા દુષ્ટ ડાકેણ જેવી, જાણીને સાક્ષાત હો ॥ રાગદશા તું તેથી નિવારે, એમ કહે પ્રભુ વાત હો ॥ મનુષ્ય૦ ॥ ૧૨ ॥ સંવેગ નિર્વેગ મનની માંહિ, કર તું પ્રગટ ભાઈ હો ॥ સંસાર સ્વરૂપ દુઃખજરૂપ, જાણી દે છટકાઇ હો ॥ મનુષ્ય૦ ॥ ૧૩ ॥ કષાય ચોકડી ક્ષય થવાથી, ફળશે નિજ આશ હો ॥ રતિ અરતિ ભય ને વેદ, કર તું મૂળથી નાશ હો ॥ મનુષ્ય૦ ॥ ૧૪ ॥ હાશ ને શોગ એહી દુર્ધર, જીતવા કર ચઢાઇ હો ॥ નાશ પામેથી નિજ સ્વરૂપ, આવી મિલશે ધાઇ હો ॥ મનુષ્ય૦ ॥ ૧૫ ॥ ચિદાનંદરૂપ મહેલનીમાંહિ, કર તું ભાઇ મોઝ હો ॥ જ્ઞાન ને દર્શનરૂપજ લક્ષ્મિ, ભોગવ ભાઈ તું રોજ હો ॥ મનુષ્ય૦ ॥ ૧૬ ॥ સિદ્ધ સ્વરૂપ આતમરૂપ, હુવો તે શાશ્વત ભૂપ હો ॥ મુનિ હર્ષની વિનંતી ધરતાં, સોસાસે ભવકૂપ હો ॥ મનુષ્ય૦ ॥ ૧૭ ॥ ઇતિ ॥

અથ શ્રી ઉપદેશી સઝાય.

(ઓધવજી સંદેશો કે'જો શ્યામને.—એ રાગ.)

દિનદયાળ પ્રભુ મુજ એક વિનતી, દિલ ધરો કરજોડી કહું છું આજ જો ॥ અંતરજામિ તુમથી હું અળગો નથી, દાસ જાણીને મ્હેર કરો મહારાજં જો ॥ દિન૦ ॥ ૧ ॥ આપ વિયોગથકી ઓ પ્રભુ માહેરા, પામે દુઃખ સંસારીજીવ અપાર જો ॥ આગમરસ ચાખ્યાવિણ તે પ્રાણિયા, રડવડીયા તે ચઉગતિ મોઝાર જો ॥ દિન૦ ॥ ૨ ॥ જનમ મરણના ભયથકી તે છૂટવા, હિંસા કરતા જીવતણી તે અપાર જો ॥ ધર્મ ગણીને નિજ દેવોના આગળે, કરતા પાપી અનાથનો સંહાર જો ॥ દિન૦ ॥ ૩ ॥ અસાધુ સાધ મુખે એમ બોલતા, અહંમાચારી પાળું છું આચાર જો ॥ પ્રોગટ રે ફુદયા ફરે છે ફુલમાં, પણ તે લેસ

ચાર ગતિનાં દ્વાર જો ॥ દિન૦ ॥ ૪ ॥ અજ્ઞાનપણાના વશ્યથકી કંઇ જીવડા, તરવા માટે કરે અનેક ઉપાય જો ॥ જાણે છે ઉજળું એટલું એ દુધ છે, સારાસાર વિચાર નહીં મનમાંય જો ॥ દિન૦ ॥ ૫ ॥ અસરણ અનાથ કોઈ પ્રાણિયા, પામે દુઃખડાં ચઉગતિ મોઝાર જો ॥ એકેંદ્રિ પચેંદ્રિ કેરા જીવનો, કરે છે અજ્ઞાનપણે સંહાર જો ॥ દિન૦ ॥ ॥ ૬ ॥ ભેદ ન જાણ્યો ધર્મ અધર્મતણો, મત્તામત્ત ખેંચી આપ રહાય જો ॥ ગરધવનું પૂછ પકડયું તે મૂકે નહીં, લાતો બમણિ મુર્ખજન તે ખાય જો ॥ દિન૦ ॥ ૭ ॥ આવી રીતે પ્રભુજી આ વિશ્વમાં, પંથ ઘણા છે જોતાં મન મુઝાય જો ॥ જે મતમાં જઇ પૂછું તે મતમાં કહે, ધરમ અમારો સાચો છે સદાય જો ॥ દિન૦ ॥ ૮ ॥ ચિંતામણિ છાંડિને કર કંકર ગ્રહે, આ કેવું દિલ મધ્યે છે અગનાન જો ॥ દ્રાક્ષ મૂકી મૂખમાં લીંબોળિ લીયે, પક્ષીમાંહી જૂવો તે કાગ હેવાન જો ॥ દિન૦ ॥ ૯ ॥ અરજી આ દિલ ધરજી પ્રભુ માહેરા, કેવળના સ્વામિ છો અતિ કરૂણાળ જો ॥ કૃપાનિધિ કષ્ટ મારાં કાપજો, નિત્ય એવી કરૂણા આણી દયાળ જો ॥ દિન૦ ॥ ૧૦ ॥ ઇતિ ॥

अथ श्री सुगुरुपचीशीनी सज्झाय.

સુગુરૂ પિછાણો એણે આચારે, સમકિત જેહનું શુદ્ધ જી ॥ એ આંકણી ॥ કહેણી કરણી એકજ સરખી, અહનિશિ ધર્મ વિલુદ્ધ જી ॥ સુ૦ ॥ ૧ ॥ નિરતિચારે મહાવ્રત પાળે, ટાળે સઘળા દોષ જી ॥ ચારિત્રશું લયલિન રહે નિત્ય, ચિત્તમાં સદા સંતોષ જી ॥ સુ૦ ॥ ૨ ॥ જીવ સહુના જે છે પીયર, પીડે નહીં ષટ્કાય જી ॥ આપ વેદન પર વેદન સરખી, ન હણે ન કરે ઘાય જી ॥ સુ૦ ॥ ૩ ॥ મોહકર્મને જે વશ ન પડે, નિરાગી નિરમાય જી ॥ જયણા કરતો હળુએ ચાલે, પૂંજી મૂકે પાય જી ॥ સુ૦ ॥ ૪ ॥ અરહો પરહો દૃષ્ટિ ન દેખે, ન કરે ચાલંતાં વાત જી ॥ દૂષણરહિત સૂઝતો દેખે, તો લે પાણી ભાત જી ॥ સુ૦ ॥ ૫ ॥ ભૂખ તૃષા પીડા દુઃખ પીડે, છૂટે જો નિજ પ્રાણ જી ॥ તોપણ અશુદ્ધ આહાર ન લેવે, જિનવર આણ પ્રમાણ જી ॥ સુ૦॥ ॥ ૬ ॥ અરસ નિરસ આહાર ગવેષે, સરસતણી નહીં ચાહ જી ॥ ઇમ કરંતાં જો સરસ મળે તો, હરષ નહીં મનમાંહ જી ॥ સુ૦ ॥ ૭ ॥ શિતકાળે શિતે તનુ સૂકે, ઊનાળે રવિ તાપ જી ॥ વિકટ પરિસહ ઘટ અહીયાસે, નાણે મન સંતાપ જી ॥ સુ૦ ॥ ૮ ॥ મારે કૂટે કરે

ઉપદ્રવ, કોઇ કલંક દ્યે શિશ જી ॥ કર્મતણાં ફળ જાણી ઉદીરે, પણ નાણે મન રીશ જી ॥ સુ૦ ॥ ૯ ॥ મન વચ કાયા જે નવિ દંડે, છંડે પંચ પ્રમાદ જી ॥ પંચ પ્રમાદ સંસાર વધારે, જાણે તે નિસવાદ જી ॥ સુ૦ ॥ ૧૦ ॥ સરળ સ્વભાવ ભાવ મન રૂડો, ન કરે વાદ વિવાદ જી ॥ ચાર કષાય કરમનાં કારણ, વરજે મદ ઉનમાદ જી ॥ સુ૦ ॥ ॥ ૧૧ ॥ પાપસ્થાન અઢારે વરજે, ન કરે તાસ પ્રસંગ જી ॥ વિકથા મુખથી ચાર નિવારે, સમિતિ ગુપ્તિશું રંગ જી ॥ સુ૦ ॥ ૧૨ ॥ અંગ ઉપાંગ સિદ્ધાંત વખાણે, દ્યે શુદ્ધો ઉપદેશ જી ॥ શુદ્ધ મારગે ચાલે ચલાવે, પંચાચાર વિશેષ જી ॥ સુ૦ ॥ ૧૩ ॥ દશવિધ યતિધર્મ જિન ભાંખ્યો, તેહના ધારણહાર જી ॥ ધરમથકી જે કિમહી ન ચૂકે, જો હોય કોડિ પ્રકાર જી ॥ સુ૦ ॥ ૧૪ ॥ જીવતણી હિંસા જે ન કરે, ન વદે મૃષાવાદ જી ॥ તૃણમાત્ર અણદીધું ન લીયે, સેવે નહીં અબ્રહ્મ જી ॥ સુ૦ ॥ ૧૫ ॥ નવવિધ પરિગ્રહ મૂળ ન રાખે, નિશિભોજન પરિહાર જી ॥ ક્રોધ માન માયાને મમતા, ન કરે લોભ લગાર જી ॥ સુ૦ ॥ ૧૬ ॥ જ્યોતિષ આગમ નિમિત્ત ન ભાંખે, ન કરાવે આરંભ જી ॥ ઔષધ ન કરે નાડી ન જૂવે, સદા રહે નિરારંભ જી ॥ સુ૦ ॥ ૧૭ ॥ ડાકણ શાકણ ભૂત ન કાઢે, ન કરે હળવો હાથ જી ॥ મંત્ર યંત્ર ને રાખડી કરી તે, નવિ આપે પરમાર્થ જી ॥ સુ૦ ॥ ૧૮ ॥ વિચરે ગામ નગર પૂર સઘળે, ન રહે એકણ ઠામ જી ॥ ચોમાસા ઉપર ચોમાસુ, ન કરે એકણ આમ જી ॥ સુ૦ ॥ ૧૯ ॥ ચાકર નફર પાસે નવિ રાખે, ન કરાવે કોઇ કાજ જી ॥ ન્હાવણ ધોવણ વેષ બનાવણ, ન કરે શરીરની સાર જી ॥ સુ૦ ॥ ૨૦ ॥ વ્યાજવટાનું નામ ન જાણે, ન કરે વણજ વ્યાપાર જી ॥ ધર્મહાટ માંડીને બેઠા, વણજ છે પરઉપગાર જી ॥ સુ૦ ॥ ૨૧ ॥ તે ગુરૂ તરે અવરાંને તારે, સાયરમાં જિમ ઝાઝ જી ॥ કાષ્ટ પ્રસંગે લોહ તરે જિમ, તેમ ગુરૂ સંગતે પાપી જી ॥ સુ૦ ॥ ૨૨ ॥ સુગુરૂ પ્રકાશક લોચન સારિખા, જ્ઞાનતણા દાતાર જી ॥ સુગુરૂ દિપક ઘટ અંતર કેરા, દૂર કરે અંધકાર જી ॥ સુ૦ ॥ ૨૩ ॥ સુગુરૂ અમૃત સરિખા શિળા, દીયે અમરગતિ વાસ જી ॥ સુગુરૂતણી સેવા નિત્ય કરતાં, છૂટે કર્મનો પાસ જી ॥ સુ૦ ॥ ૨૪ ॥ સુગુરૂપચીશી શ્રવણ સુણીને, કરજ્યો સુગુરૂ પ્રસંગ જી ॥ કહે જિન હર્ષ સુગુરૂ સુપસાયે, જ્ઞાનહર્ષ ઉચ્છરંગ જી ॥ સુ૦ ॥ ૨૫ ॥ ઇતિ ॥

अथ श्री कुगुरुपचीशीनी सद्याय.

(દોહા.)

શ્રી જિનવર પ્રણમું સદા, લહી સદ્ગુરૂ આધાર ॥
કુગુરૂતણાં લક્ષણ કહું, સુણજ્યો સહુ નર નાર ॥ ૧ ॥

ઢાળ ૧ લી.

(દેશી ચોપાઇની.)

મન શુદ્ધે સુણજ્યો નરનાર, રીસ મ ધરજ્યો હૃદય મઝાર ॥ પંચ પ્રમાદ જે નવિ છંડશે, તે કુગુરૂ કિમ તરશે તારશે ॥ ૨ ॥ કંઠ લગેં નિત્ય ભોજન કરે, જે પરલોકથકી નવિ ડરે ॥ સમીસાંઝથી સંથારશે ॥ તે૦ ॥ ૩ ॥ દિન ઉગ્યાવિણ દાતણ કરે, મનમાં સૂગપણું આદરે ॥ ન કરે એક દિન નોકારશી ॥ તે૦ ॥ ૪ ॥ પટીયાં પાડે સમારે કેશ, નિત નિત નવા બનાવે વેષ ॥ મુખ ધોવે જોવે આરશી ॥ તે૦ ॥ ॥ ૫ ॥ હસે ધસે બોલે પારસી, ન્હાઇ ધોઇ જોવાના રસી ॥ વેષ બનાવ કરવાના રસી ॥ તે૦ ॥ ૬ ॥ સાકર દૂધ પીયે પરભાત, ચાવલ દાળ જમે નિત ભાત ॥ સખર શાકવિણ નવિ જિમશે ॥ તે૦ ॥ ૭ ॥ ઊનું નીર ન પીવે કદા, સજળ કુંભ ભરી મૂકે સદા ॥ જરજરીએ પાણી ઠારશે ॥ તે૦ ॥ ૮ ॥ જે નિત્ય રાતે દીવો કરે, પડદા બાંધી ખૂણે ઉતરે ॥ ભક્ષાભક્ષ ન વિચારશે ॥ તે૦ ॥ ૯ ॥ સેવે મૈથુન રાખે દામ, નામ ધરાવે ગૌતમસ્વામ ॥ વિષય કષાય જે નવિ છંડશે ॥ તે૦ ॥ ॥ ૧૦ ॥ ધમધમ મારગ ચાલે જેહ, ઇર્યાસમિતિ ન શોધે તેહ ॥ મનમાં જયણા નવિ ધારશે ॥ તે૦ ॥ ૧૧ ॥ દિવસે જે મુનિ ભમતો ફરે, રાતે સારી પાસે રમે ॥ એક જીતે ને એક હારશે ॥ તે૦ ॥ ૧૨ ॥ જડીબૂટીને જન્મોત્તરી, હળવો હાથ કરે હિત ધરી ॥ સાપ વીંછી જે ઉતારશે ॥ તે૦ ॥ ૧૩ ॥ ભાડે બળદ ચલાવે પંથ, નામ ધરાવે છે નિર્ગ્રંથ ॥ વાટે બળદ પોતે ચારશે ॥ તે૦ ॥ ૧૪ ॥ ગાડે બેઠા કરે વિહાર, ગાડા પાખે ન ચાલે ભાર ॥ ઇર્યાસમિતિ કિસ શોધશે ॥ તે૦ ॥ ૧૫ ॥ ઓછાંને અધિકાં કાટલાં, સાથે રાખે પાટ પાટલા ॥ માનવભવ એળે હારશે ॥ તે૦ ॥ ૧૬ ॥ એકણુ ઘર ખમાસણ દીયે, અશનાદિક ચારે આહાર લીયે ॥ સચિત્ત અચિત્ત ન વિચારશે ॥ તે૦ ॥ ૧૭ ॥ સૂરજ ઉગે કરે સનાન, ધૂપ ઉખેવે બેસે ધ્યાન ॥ મિથ્યા સુર મનમાં ધારશે ॥ તે૦ ॥ ॥ ૧૮ ॥ વૂરથી પંચ મહાવ્રત ધરે, સવ્વં સાવજ્જં ઉચ્ચરે ॥ કુગુરૂ

તણાં લક્ષણ એ હસી ॥ તે૦ ॥૧૯ ॥ મ્હોટી પદવીના જે ધણી, લોક માંહે જસ પ્રભુતા ઘણી ॥ ધર્મરીતિ પણ તે નહીં કિશી ॥ તે૦ ॥ ૨૦ ॥ ગૃહસ્થતણી પરે કરે વ્યાપાર, વેચે પુસ્તક વસ્ત્ર અપાર ॥ પાર પંથ દેખાડે હસી ॥ તે૦ ॥ ૨૧ ॥ ચીપીને શરમાં પાંગરે, વેષ લેઇને તોરાં કરે ॥ મીઠી વાણી કદિ ન બોલીશી ॥ તે૦ ॥ ૨૨ ॥ કાળો સાપ કુગુરૂથી ભલો, એક વાર કરે મામલો ॥ કુગુરૂ ભવોભવ દુઃખ દે હસી ॥ તે૦ ॥ ૨૩ ॥ કુગુરૂતણાં આવાં એ ચરિત્ત, ધર્મવિના બોલે વિપરીત ॥ કુગુરૂતણો સંગ નહીં છાંડશે ॥ તે૦ ॥ ૨૪ ॥ તે શ્રી આણંદ વિમળ ગુરૂરાજ, પંચમ આરે દીઠાં આજ ॥ તે ગુરૂનો પામી સુપસાય, તેજપાળ પભણે સુખદાય ॥ ૨૫ ॥ ઈતિ ॥

अथ श्री तमाकूनी सघाय.

પ્રિતમ સેંતી વિનવે, પ્રેમદા ગુણની ખાણ ॥ મેરે લાલ ॥ મંન મોહન એકણ ચિત્તે, સાંભળો ચતુરજાણ ॥ મેરે૦ ॥ કંત તમાકૂ પરિહરો ॥ ૧ ॥ એ આંકણી ॥ મૂકો એહનો સંગ ॥ મેરે૦ ॥ પંચ માંહે જશ લીજીયે, દીસે વાધે રંગ ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૨ ॥ તમાકૂ તે જાણીયે, ખુરાસાણીની આક ॥ મેરે૦ ॥ ઉત્તમ જન તે ઈમ કહે, પીવાની તલાક ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૩ ॥ દૂધ દહીં તે પીજીયે, વળી પીજિયે સાકર ખાંડ ॥ મેરે૦ ॥ ઘૃત પીયે તન ઉલ્લસે, તમાકૂ પરિ છાંડ ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૪ ॥ મ્હોટા સાથે બોલતાં, મનમાં આવે લાજ ॥ મેરે૦ ॥ દિન પણ એળે નિર્ગમે, વિણસાડે નિજ કાજ ॥ મેરે૦ ॥ ॥ કંત ॥ ૫ ॥ હોઠ લિહાળા સારિખા, શ્વાસ ગંધાયે જેણ ॥ મેરે૦ ॥ દાંત તે દીસે સામળા, હૈડું દાઝે તેણ ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૬ ॥ એક પિયારી આચરે, વિટલાવે નિજ જાત ॥ મેરે૦ ॥ વ્યસની વાર્યો નવિ રહે, ન ગણે જાત પરજાત ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૭ ॥ એક ફૂંકે જેટલા, વાયુકાય હણાય ॥ મેરે૦ ॥ ખસખસ સમ કાયા કરે, તો જંબૂદ્વિપ ન માય ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૮ ॥ ગડાકુ કરી જે પિયે, તે નર મૂઢ ગમાર ॥ મેરે૦ ॥ જળ નાંખે જે જિહાં કને, માખીનો સંહાર ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૯ ॥ ચોમાસાના કુંથુઆ, તે કિમ શુદ્ધજ થાય ॥ મેરે૦ ॥ તમાકૂ પીતાં થકાં, પાપે પિંડ ભરાય ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૧૦ ॥ તલક તમાકૂ વાપરી, પરોણાને ભાગ ॥ મેરે૦ ॥ આગે કરતા લાપશી, હુવે ઠીકરૂં ને આગ ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૧૧ ॥ પાણી એકને બિંદુએ,

જીવ કહ્યા જિનરાય ॥ મેરે૦ ॥ વડબીજ સમ કાયા કરે, જંબૂદ્વિપ ન માય ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૧૨ ॥ અગ્નિ એકને તણખલે, જીવ કહ્યા જિનરાય ॥ મેરે૦ ॥ સરશવ સમ કાયા કરે, જંબૂદ્વિપ ન માય ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૧૩ ॥ થૂંકે સમૂર્છિમ ઉપજે, નર પંચેંદ્રિય જીવ ॥ મેરે૦ ॥ એ પણ અસંખ્યાત કહ્યા, શ્રી જગદીશ સંદીવ ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૧૪ ॥ જળમાં જીવ કહ્યા ઘણા, સંખ્યં અસંખ્ય અનંત ॥ મેરે૦ ॥ લીલફુલ તિહાં ઉપજે, અગ્નિ પ્રજાળે જંત ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૧૫ ॥ તમાકૂ પીતાં થકાં, એ છકાય હણાય ॥ મેરે૦ ॥ જયોતિ ઘટે નયણાંતણી, શ્વાસે પિંડ ભરાય ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૧૬ ॥ ઘડી દોય વ્રત જે કરો, સેવો શ્રી ભગવાન ॥ મેરે૦ ॥ દયાધર્મ જાણી કરી, સેવો ચતુરસુજાણ ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૧૭ ॥ ચતુર વિચારી સમજીયે, ધરીયે ધર્મનું ધ્યાન ॥ મેરે૦ ॥ આનંદમુનિ એમ ઉચ્ચરે, તે લહે કોડિ કલ્યાણ ॥ મેરે૦ ॥ કંત૦ ॥ ૧૮ ॥ ઇતિ ॥

अथ श्री निंदावारकनी सझाय.

નિંદા ન કરશો કોઇની પારકી રે, નિંદાનાં બ્હોળાં મહા પાપ રે ॥ વૈર વિરોધ વાધે ઘણો રે, નિંદા કરતો ન ગણે માયને બાપ રે ॥ નિંદા૦ ॥ ૧ ॥ દૂર બળંતી કાં દેખો તુમે રે, પગમાં બળતી દેખો સહુ કોય રે ॥ પરના મેલમાં ધોયાં લુગડાં રે, કહો કેમ ઉજળાં હોય રે ॥ નિંદા૦ ॥ ૨ ॥ આપ સંભાળો સહુકો આપણો રે, નિંદાની મૂકો પડી ટેવ રે ॥ થોડે ઘણે અવગુણે સહુ ભર્યા રે, કેહનાં નળિયાં ચૂએ કહેનાં નેવ રે ॥ નિંદા૦ ॥ ૩ ॥ નિંદા કરે તે થાયે નારકી રે, તપ જપ કીધું સહુ જાય રે ॥ નિંદા કરો તો કરજયો આપણી રે, જેમ છૂટકબારો થાય રે ॥ નિંદા૦ ॥ ૪ ॥ ગુણ ગ્રહજયો સહુકો તણા રે, જેહમાં દેખો એક વિચાર રે ॥ કૃષ્ણપરે સુખ પામશો રે, સમયસુંદર સુખકાર રે ॥ નિંદા૦ ॥ ૫ ॥ ઇતિ ॥

अथ श्री शीयलविषे पुरुषने शिखामणनी सझाय.

ચાલ—સુણ સુણ કંતા રે, શિખ સોહામણી ॥ પ્રિત ન કીજે રે, પરનારીતણી ॥ ઉથલો—પરનારી સાથે પ્રિત પિયુડા, કહો કિણિપરે કીજીયે ॥ ઉંઘ વેચી આપણી, ઉજાગરો કેમ લીજીયે ॥ કાછડીછૂટો કહે લંપટ, લોકમાંહે લાજીયે ॥ કૂળ વિષય ખંપણ રખે લાગે, સગામાં કેમ ગાજીયે ॥ ૧ ॥ ચાલ—પ્રીતિ કરંતાં રે, પહેલાં બ્હીજીયે ॥ રખે

ક્રોધ જાણુ રે, મનશું ધ્રૂજીયે ॥ ઉથલો-ધ્રૂજીયે મનશું ઝૂરીયે પણ, જોગ મળવો છે નહીં ॥ રાત દિન વિલપંતાં જાયે, અટવાઇ મરવું સહી ॥ નિજ નારીથી સંતોષ ન વળ્યો, પરનારીથી કહો શું હશે ॥ ભરે ભાણે તૃપ્તિ ન વળી, તો એઠ ચાટે શું થશે ॥ ૨ ॥ ચાલ-મૃગતૃષ્ણાથી રે, તૃષ્ણા નવિ ટળે ॥ વેળુ પિલ્યાં રે, તેલ ન નિકળે ॥ ઉથલો-ન નિકળે પાણી વલોવતાં, લવલેશ માખણનો વળી ॥ બૂડતાં બાચકા ભરિયા કેણે, તે તરયા વાત ન સાંભળી ॥ તેમ નારી રમતાં પરતણી, સંતોષ ન વળ્યો એક ઘડી ॥ ચિત્ત ચટપટી ઉચ્ચાટ થાયે, નંયણે નાવે નિંદ્રડી ॥ ૩ ॥ ચાલ-જેવો ખોટો રે, રંગ પતંગનો ॥ તેવો ચટકો રે, પરસ્ત્રી સંગનો ॥ ઉથલો-પરનારી સાથે પ્રેમ પિયુડા, રખે તું જાણે ખરો ॥ દિમ ચાર રંગ સુરંગ રૂડો, પછી નહીં રહે નિર્ધરો ॥ જે ઘણા સાથે નેહ માંડે, છાંડ તેહશું વાતડી ॥ એમ જાણી મ મ, કર નાહલા, પરનારી સાથે પ્રિતડી ॥ ૪ ॥ ચાલ-જે પતિ વ્હાલો રે, વંચે પાપિણી ॥ પરશું પ્રેમે રે, રાચે સાપિણી ॥ ઉથલો-સાપિણી સરખી વેણિ નિરખી, રખે શિળથકી ચળે ॥ આંખને અટકે અંગને લટકે, દેવ દાનવને છળે ॥ મનમાંહે કાળિ અતિ રસાળી, વાણી મિઠી શેલડી ॥ સાંભળી ભોળા રખે ભૂલો, જાણજ્યો વિષવેલડી ॥ ૫ ॥ ચાલ-સંગ નિવારો રે, પર રામાતણો ॥ શોક ન કીજે રે, મન મળવા તણો ॥ ઉથલો-શોક શાને કરો ફોગટ, દેખવું પણ દોહિલું ॥ ક્ષણ મે ડિયે ક્ષણ શેરિયે, ભમતાં ન લાગે સોહિલું ॥ ઉચ્શ્વાસને નિઃશ્વાસ આવે, અંગ ભાંગે મન ભમે ॥ વળિ કામિની દેખી દેહ દાઝે, અન્ન દીઠું નવિ ગમે ॥ ૬ ॥ ચાલ-જાયે કલામી રે, મનશું કળમળે ॥ ઉન્મત્ત થઇને રે, અલલ પલલ લવે ॥ ઉથલો-લવે અલલ પલલ જાણે, મોહઘેલો મન રડે ॥ મહા મદન વેદન કઠિણ જાણી, મરણ વારૂ ત્રેવડે ॥ એ દશ અવસ્થા કામ કેરી, કંત કાયાને દહે ॥ એમ ચિત્ત જાણી તજે રાણી, પારકી તે સુખ લહે ॥ ૭ ॥ ચાલ-પરનારીના રે, પરાભવ સાંભળો ॥ કંતા કીજે રે, ભાવ તે નિર્મળો ॥ ઉથલો-નિર્મળે ભાવે નાહ સમજો, પરવધુ રસ પરિહરો ॥ ચાંપીયો કીચક ભીમસેને, શિલા હેઠળ સાંભળો ॥ રણ પડયાં રાવણ દશ મસ્તક, રડવડ્યાં ગ્રંથે કહ્યાં ॥ તેમ મુંજપતિ દુઃખ પુંજ પામ્યો, અપજસ જગમાંહે લહ્યો ॥ ૮ ॥ ચાલ-શિયળ સલૂણા રે, માણસ સોહીયે ॥ વિણ આભરણે રે, જગ મન મોહીયે ॥ ઉથલો-મોહીયે સુર નર કરે સેવા, વિષ

અમિય થઇ સંચરે ॥ કેશરીસિંહ શિયાળ થાયે, અનળ અતિ શિતળ કરે ॥ સાપ થાયે ફૂલમાળા, લચ્છી ઘર પાણી ભરે ॥ પરનારી પરિહરિ શિયળ મન ધરી, મુક્તિવધુ હેલા વરે ॥ ૯ ॥ ચાલ-તે માટે હું રે, વાલમ વિનવું ॥ પાય લાગીને રે, મધુરં વચણે સ્તવું ॥ ઉથલો-વચણ મ્હારૂં માનીને, પરનારીથી રહો વેગળા ॥ અપવાદ માથે ચઢે મ્હોટા, નરકે થઈએ, દોહિલા ॥ ધન્ય ધન્ય તે નર નારી જે જગ, શિયળ પાળે કુળ તિલો ॥ તે પામશે જસ જગત માંહી, કુમુદચંદ સંમ ઉજળો ॥ ૧૦ ॥ ઇતિ ॥

અથ શ્રી શિયલવિષે સ્ત્રીને શિખામણની સઝાય.

ચાલ—એક અનોપમ રે, શિખામણ ખરી ॥ સમજી લેજયો રે, સઘળી સુંદરી ॥ ઉથલો—સુંદરી સહેજે હ્રદય હેજે, પર સેજે નવિ બેશીયે ॥ ચિત્ત થકી ચૂકી લાજ મૂકી, પરમંદિર નવિ પેસીયે ॥ બહુ ઘેર હીંડે નારી નિર્લજ, શાસ્ત્રે પણ ત્યજવી કહી ॥ જેમ પ્રેત દ્રષ્ટે પડયું ભોજન, જમવું તે જુગતું નહીં ॥ ૧ ॥ ચાલ-પરશું પ્રેમે રે, હસીય ન બોલીયે ॥ દાંત દેખાડી રે, ગુહ્ય ન ખોલીયે ॥ ઉથલો-ગુહ્ય ઘરનું પરની આગે, કહોને કેમ પ્રકાશીયે ॥ વળી વાત જે વિપરીત ભાસે, તેહથી દૂરે નાશીયે ॥ અસુર સવારા અને અગોચર, એકલડાં નવિ જાઇયે ॥ સહસાતકારે વાત કરતાં, સહજે શિયળ ગમાવીયે ॥ ૨ ॥ ચાલ-નટ વિટ નરશું રે, નયણ ન જોડિયે ॥ મારગ જાતાં રે, આઘું ઓઢીયે ॥ ઉથલો-આઘું તે ઓઢી વાત કરતાં, ઘણાંજ રૂડાં શોભીયે ॥ સાસૂ અને માના જણ્યા વિણ, પલક પાસ ન થોભિયે ॥ સુખ દુઃખ સરજયું પામિયે પણ, કૂળાચાર ન મૂકીયે ॥ પર વશ વસતાં પ્રાણ જાતાં, શિયળથી નવિ ચૂકીયે ॥ ૩ ॥ ચાલ-વ્યસની સાથે રે, વાત ન કીજીયે ॥ હાથો હાથે રે, તાળી ન લીજીયે ॥ ઉથલો-તાળી ન લીજે નજર ન દીજે, ચંચળ ચાલ ન ચાલીયે ॥ એક વિષય બુદ્ધે વસ્તુ કેહની, હાથે પણ નવિ ઝાલીયે ॥ કોટી કંદર્પ રૂપ સુંદર, પુરૂષ પેખી ન મોહીયે ॥ તૃણખલા તોલે ગણી તેહને, ક્રિય સામું ન જોઇયે ॥ ૪ ॥ ચાલ-પુરૂપ પિયારો રે, વળિ ન વખાણીયે ॥ વૃદ્ધ-તે પિતા રે, સરખો જાણીયે ॥ ઉથલો-જાણીયે પિયુવિણ પુરૂષ સઘળા, સહોદર સમોવડે ॥ પતિવ્રતાનો ધર્મ જોતાં, નાવે કોઇ તડોવડે ॥ કરૂપ કૂષ્ટિ કૂબડાને, દૂષ્ટ દૂબળ નિર્ગુણો ॥ ભરતાર પા-

મી ભામિની તે, ઈંદ્રથી અધિકો ગુણો ॥ ૫ ॥ ચાલ—અમરકુમારે રે, તજી સુરસુંદરી ॥ પવનજયે રે, અંજના પરિહરી ॥ ઉથલો-પરિહરી સિતા રામે વનમાં, નળે દમયંતી વળી ॥ મહાસતિ માથે કષ્ટ પડ્યાં પણ, શિયળથી તે નવિ ચળી ॥ કસોટીની પરે કસીય જોતાં, કંતશું વિહડે નહીં ॥ તન મન વચને શિયળ રાખે, સતિ તે જાણો સહી ॥ ॥૬॥ ચાલ—રૂપ દેખાડી રે, પુરુષ ન પાડીયે ॥ વ્યાકૂળ થઈને રે, મન ન બગાડીયે ॥ ઉથલો—મન ન બગાડીયે પર પુરુષનું, જોગ જોતાં નવિ મળે ॥ કલંક માથે ચઢે કૂડાં, સગાં સહુ દૂરે ટળે ॥ અણુસરજ્યો ઉચ્ચાર થાયે, પ્રાણ તિહાં લાગી રહે ॥ ઇહલોક પામે આપદા, પરલોક પીડાબહુ સહે ॥ ૭ ॥ ચાલ-રામને રૂપે રે, સુર્પનખા મોહી॥ કાજ ન સિદ્ધું રે, વળિ ઇજત ખોઇ ॥ ઉથલો-ઇજત ખોઇ દેખ અભયા, શેઠ સુદર્શન નવિ ચળ્યો ॥ ભરતાર આગળ પડી ભોંઠી, અપવાદ સઘળે ઉછળ્યો ॥ કામની બુદ્ધે કામિમીયે, વંકચૂળ વાહ્યો ઘણું ॥ પણ શિયળથી ચૂકયો નહીં, દ્રષ્ટાંત એમ કેતા ભણું ॥ ૮ ॥ ચાલ-શિયળ પ્રભાવે રે, જૂઓ સોળે સતિ ॥ ત્રિભુવનમાંહે રે, જે જે થઉ છતી ॥ ઉથલો-છતી થઇને શિયળ રાખ્યું, કલ્પના કીધી નહીં ॥ નામ તેહનાં જગત જાણે, વિશ્વમાં ઊગી રહી ॥ વિવિધ રત્ને જડિત ભૂષણ, રૂપ સુંદર કિન્નરી ॥ એક શિયળવિણ શોભે નહીં, તે સત્ય ગણજો સુંદરી ॥ ૯ ॥ ચાલ-શિયળ પ્રભાવે રે, સહુ સેવા કરે ॥ નવ વાડે રે, જેહ નિર્મળ ધરે ॥ ઉથલો-ધરે નિર્મળ શિયળ ઉજ્વળ, તાસ કીર્તિ ઝળહળે ॥ મનકામના સવિ સિદ્ધિ પામે, અષ્ટ ભય દૂરે ટળે ॥ ધન્ય ધન્ય તે જાણો ધરા જે, શિયળ ચોખું આદરે ॥ આનંદના તે બોધ પામે, ઉદય મહા જસ વિસ્તરે ॥ ૧૦ ॥ ઇતિ ॥

अथ श्री दश श्रावकनी सद्याय.

(સાંહિબા મોતીડા હમારો.— એ દેશી.)

સયળ ઉપાસકમાં શિરદારા, સૂત્ર ઉપાસક મધ્ય વિચારા ॥ નામ સ્તવન મુજ લાગત પ્યારા, તિણે થુણશું દશ સમકિત ધારા ॥ સાહિબા દશ શ્રાવક એહા, મોહના ગુણ ગેહા ॥ ૧ ॥ એ આંકણી ॥ ગાથાપતિ આણંદ વિચારી, ચઉ ગોકુળ શિવાનંદા નારી ॥ દ્વાદશ કોડી હિરણ્ય ધનવંતા, અવધિનાણ કહે ભગવંતા ॥ સા૦ ॥ ૨ ॥ કામદેવ શુભ ભદ્રાં નાર, ષટ્ ગોકુળ ધન કોડી અઢાર ॥ ગોકુળ આઠ સુ-

શામા જોડી, ચુલણિપિયા ધન ચોવીશ કોડી ॥ સા૦ ॥ ૩ ॥ સૂરાદેવ વનિતા જસ ધન્ના, ચુલ્લગશતક બહુળા એક મન્ના ॥ કુંડકોળિક પુંસા સમધર્મે, એ ત્રણ્ય શ્રાવકને અનુંક્રમે ॥ સા૦ ॥ ૪ ॥ કોડી અઢાર હિરણ્ય જસ હર્મે, ષટ્ ગોકુળ અનુકૂળ જિનધર્મે ॥ સકડાળ પુત્ર કહ્યો કુંભકાર, એક ગોકુળ તીનકોડી દિનાર ॥ અગ્નિમિત્રા છે ઘર નાર ॥સા૦॥ ॥ ૫ ॥ મહાશતક અડ ગોકુળ ઘેર, રેવતિ આદે કહી વધુ તેર ॥ ચોવીશકોડી હિરણ્ય પરિમાણ, અંતે પામ્યા અવધિનાણ ॥ સા૦ ॥ ૬ ॥ અશ્વિની નારીને નંદણીપ્રિયા, ફલ્ગુણી વલ્લભ સાલણીપ્રિયા ॥ એ દોઈ શ્રાવકને ઘર બાર, બારકોડી ધન ગોકુળ ચાર ॥ સા૦ ॥ ૭ ॥ ધેનુ દશ હજારજ જાણ, એક ગોકુળનું એ પરિણામ ॥ દંસણવય આદિ અગિંચાર, પડિમા શ્રાવકની વહી સાર ॥ સા૦ ॥ ૮ ॥ વીશ વરસ શ્રાવક ઘર જાય, દશ શ્રાવક સોહમ સુર થાય ॥ જંબૂ સુણે ઇમ સોહમ વાણી, દે શુભ વિરવિજય શિવરાણી ॥ સાહિબા૦ ॥ ૯ ॥ ઇતિ ॥

अथ श्री दश पच्चरकाणना फलनी सद्याय.

પ્રહ ઉઠી દશવિધ પચ્ચખાણ, સુગુરુ સમીપ કરો નિત જાણ ॥ તેહતણાં ફળ જે છે સાર, એકમના થઇ સુણો વિચાર ॥ સો વરસ છૂટે નારકી, કામ અકામા નરકે થકી ॥ નવકારશી તણે પચ્ચખાણ, એટલું ફળ ભવિયણ સહિનાણ ॥ ૨ ॥ બીજું પોરિશીનું પચ્ચખાણ, વરસ સહસ એક તેહનું માન ॥ સાઢપોરિશી દસસહસ વરીસ, એકલાખ પુરિમઢ્ઢ જાણીશ ॥ ૩ ॥ એકાસણે દશલાખ પ્રમાણ, ઇમ જાણી કરવું પચ્ચખાણ ॥ નીવિયે એક કોડિ જાણ, દશકોડી વળિ એકલઠાણ ॥૪॥ વરસ કોડી સો એકલદત્ત, જે ઉત્તમ નર કરે એક ચિત્ત ॥ આંબિલ કરતાં કોડી સહસ્સ, કર્મ ખપાવે સાહુ અવસ્સ ॥ ૫ ॥ વરસ સહસ દશકોડી જાણ, દશમું ઉપવાસનું પચ્ચખાણ ॥ છઠ્ઠતણે પચ્ચખાણે વળી, કોડીલાખ ફળ કહે કેવળી ॥ ૬ ॥ અઠ્ઠમ કરતાં કોડી દસલાખ, શ્રી જિનવરની એહુજ ભાખ ॥ દશમે કોડાકોડી વરસ, જે કરશે ફળ હોશે તસ ॥ ૭ ॥ શાસ્ત્રે કહ્યાં છે એ ફળ સાર, તેહનો બોહયો ટબો વિચાર ॥ ઇમ જાણી કરવું પચ્ચખાણ, જિમ પામો નિશ્ચય નિરવાણ ॥૮॥

॥ ઇતિ સજ્ઝાયોનો સમુદાય. ॥

અથ શ્રી બારભાવનાની ઢાળો.

દોહા.

પાસ જિનેસર પય નમિ, સહગુરુને આધાર ॥ ભવિયણજનને હિત ભણી, ભણશું ભાવના બાર ॥ ૧ ॥ [1]પ્રથમ અનિત્ય [2]અશરણપણું, એહ [3]સંસાર વિચાર ॥ [4]એકલપણું [5]અન્યત્વ તિમ, [6]અશુચિ [7]આશ્રવ સંભાર ॥ ૨ ॥ ॥ [8]સંવર [9]નિર્જરા ભાવના, [10]લોકસ્વરૂપ [11]સુબોધી ॥ દુર્લ્લહ ભાવન[12] જિનધરમ, એણીપરે કર જીવ સોધિં ॥ ૩ ॥ રસકુંપી રસ વેધીયો, લોહથકી હોય હેમ ॥ જીવ ઇણ ભાવન શુદ્ધ હુએ, પરમ રૂપ લહે તેમ ॥ ભવવિના દાનાદિકા, જાણો અલૂણું ધાન ॥ ભાવરસાંગ મળ્યાથકી, ત્રૂટે કરમનિદાન ॥ ૫ ॥

ઢાળ ૧ લી.

(ભાવનાની દેશી.)

પહેલી ભાવના એણીપેરે ભાવીએ જી, અનિત્યપણું સંસાર ॥ ડાભ અણીઉપર જળબિંદુઓ જી, ઇંદ્રધનુષ અનુહાર ॥ સહજ સંવેગી સુંદર આતમા જી ॥ ૧ ॥ એ આંકણી ॥ ધર જિનધર્મશું રંગ ॥ ચંચળ ચપળાની પરે ચિંતવે જી, કૃત્રિમ સવિ હું સંગ ॥ સ૦ ॥ ॥ ૨ ॥ ઇંદ્રિજાળ સુહણાં શુભ અશુભશું જી, કૂડો તોષ ને રોષ ॥ તિમ ભ્રમ ભૂલ્યો અથિર પદારથે જી, શ્યો કીજે મન શોષ ॥ સ૦ ॥ ॥ ૩ ॥ ઠાર ત્રેહ પામરના નેહ જ્યું જી, જો જોવન રંગ રોળ ॥ ધન સંપદ પણ દીસે કારમી જી, જેહવા જળ કલ્લોલ ॥ સ૦ ॥ ૪ ॥ મુંજ સરિખે માગી ભિખડી જી, રામ રહ્યા વનવાસ ॥ એણે સંસારે એ સુખ સંપદા જી, જિમ સંધ્યા રાગ વિલાસ ॥ સ૦ ॥ ૫ ॥ સુંદર એ તનુ શોભા કારમી જી, વિણસતાં નહિ વાર ॥ દેવતણે વચને પ્રતિબૂઝીયો જી, ચક્રી સનતકુમાર ॥ સ૦ ॥ ૬ ॥ સૂરજ રાહુ ગ્રહણે સમજ્યો જી, શ્રી કીર્તિધર રાય ॥ કરકંડૂ પ્રતિબૂઝયો દેખીને જી, વૃષભ જરાકુળ કાય ॥ સ૦ ॥ ૭ ॥ કિહાં લગે ધૂઆ ધવળહરા રહે જી, જળ પરપોટો જોય ॥ આઊખું અથિર તેમ મનુષ્યનું જી, ગર્વ મ કરશો કોય ॥ સ૦ ॥ ૮ ॥ અતુલિબળ સુરવર જિનવર જિશ્યા જી, ચક્રી હરિ બળ જોડી ॥ ન રહ્યા એણે જુગ કોઈ થિર થઇ જી, સુરનર ભૂપતિ કોડી ॥ સ૦ ॥ ૯ ॥ ઇતિ ॥

દોહા.

પળ પળ છીજે આઉખું, અંજળિ જળ જયું એહ ॥ ચલતે સાથે સંબળો, લેઈ શકે તો લેહ ॥ ૧ ॥ લે અચિંત્ય ગલશું અહીં, સમય સીંચાણો આવ ॥ શરણ નહીં જિનવચણ વિણ, તેણે હુવે અશરણ ભાવ ॥ ૨ ॥

ઢાળ ૨ જી.

(રાગ સામેરી.—રામ ભણે હરિ ઉઠીયે.—એ દેશી.)

બીજી અશરણ ભાવના, ભાવો હૃદય મઝાર રે ॥ ધરમવિના પરભવ જતાં, પાપે ન લહીશ પાર રે ॥ જાઈશ નરક દુવાર રે, તિહાં તુજ કવણ આધાર રે ॥ લાલ સુરંગા રે પ્રાણિઆ ॥ ૧ ॥ એ આંકણી ॥ મૂકને મોહ જંજાળ રે, મિથ્યામતિ સવિ ટાળ રે, માયા આળ પંપાળ રે ॥ લા૦ ॥ ૨ ॥ માત પિતા સુત કામિની, ભાઇ ભગિની સહાય રે ॥ મેં મેં કરતાં રે અજ પરે, કર્મે ગ્રહ્યો જીવ જાય રે ॥ તિહાં આડો કો નવિ થાય રે, દુઃખ ન લીયે વહેંચાય રે ॥ લા૦ ॥ ॥ ૩ ॥ નંદની સોવનડુંગરી, આખર નાવિ કો કાજ રે ॥ ચક્રી સુભૂમ તે જળધિમાં, હાર્યો છ ખંડ રાજ રે ॥ બૂડયો ચરમ જહાજ રે, દેવા ગયા સવિ ભાજ રે, લોભે ગઇ તસ લાજ રે ॥ લા૦ ॥ ૪ ॥ દ્વિપાયન દહી દ્વારિકા, બળવંત ગોવિંદ રામ રે ॥ રાખી ન શકયા રે રાજવી, માત પિતા સુત ધામ રે ॥ તિહાં રાખ્યાં જિન નામ રે, શરણ કિયો નેમિસ્વામ રે ॥ વ્રત લેઇ અભિરામ રે, પહોત્યા શિવપુર ઠામ રે ॥ લા૦ ॥ ૫ ॥ નિત્ય મિત્રસમ દેહડી, સયણાં પર્વ સહાય રે ॥ જિનવર ધર્મ ઉગારશે, જિમ તે વંદનિક ભાય રે ॥ રાખે મંત્રિ ઉપાય રે, સંતોષ્યો વળી રાયરે, ટાળ્યા તેહના અપાય રે ॥ લા૦ ॥ ॥ ૬ ॥ જનમ જરા મરણાદિક, વેરી લાગ્યા છે કેડ રે ॥ અરિહંત શરણ તે આદરી, ભવ ભ્રમણ દુઃખ ફેડ રે ॥ શિવસુંદરી ઘર તેડ રે, નેહ નવલરસ રેડ રે, સીંચી સુકૃતતરુ પેડ રે ॥ લા૦ ॥ ૭ ॥ ઇતિ ॥

દોહા.

થાવચ્ચાસુત થરહર્યો, જોર દેખી જમ ધાડ ॥ સંયમ શરણું સંગ્રહ્યું, ધણ કણ કંચણ છાંડ ॥ ૧ ॥ ઇણુ શરણે સુખિયા થયા, શ્રી અનાથી અણગાર ॥ શરણ લહ્યા વિણ જીવડા, ઇણીપરે રુળે સંસાર ॥ ૨ ॥

ઢાળ ૩ જી.

(રાગ મારુણી.)

ત્રીજી ભાવના ઇણી પરે ભાવીયે રે, એહ સરૂપ સંસાર ॥કર્મ વશે જીવ નાચે નવ નવ રંગશું રે, એ એ વિવિધ પ્રકાર ॥ ચેતન ચેતીયે રે ॥ ૧ ॥ એ આંકણી ॥ લહી માનવ અવતાર ॥ ભવનાટકથી જો હુઓ ઉભગા રે, તો છંડો વિષયવિકાર ॥ ચે૦ ॥ ૨ ॥ કબહી ભૂ જળ જલણા નિલતરુમાં ભમ્યો રે, કબહી નરક નિગોદ ॥ બિ તિ ચઉરેંદ્રિયમાંહે કોઇ દિન વસ્યો રે, કબહીક દેવ વિનોદ ॥ ચે૦ ॥ ॥૩॥ કીડી પતંગ હરિ માતંગપણું ભજે રે, કબહી સર્પ શિયાળ ॥ બ્રાહ્મણ ક્ષત્રીય વૈશ્ય કહાવતો રે, હોવે શૂદ્ર ચંડાળ ॥ ચે૦ ॥ ૪ ॥ લખચોરાશી ચઉટે રમતો રંગશું રે, કરિ કરિ નવ નવ વેષ ॥ રૂપ કુરૂપ ધની નિર્દ્રવ્ય સોભાગીયો રે, દુર્ભાગી દરવેષ ॥ ચે૦ ॥ ૫ ॥ દ્રવ્ય ક્ષેત્ર સૂક્ષમને બાદર ભેદશું રે, કાળ ભાવ પણ તેમ ॥ અનંત અનંત પુદ્ગળ પરાવર્ત્તન કર્યાં રે, કહ્યો પન્નવણા એમ ॥ ચે૦ ॥ ૬ ॥ ભાઈ બહિન નારી તાતપણું ભજે રે, માત પિતા હોએ પુત્ર ॥ તેહિજ નારી વૈરીને વળી વાલહો રે, એહ સંસાર સૂત્ર ॥ ચે૦ ॥ ૭ ॥ ભુવનભાનુ જિન ભાખ્યાં ચરિત્ર સુણી ઘણાં રે, સમજ્યા ચતુરસુજાણ ॥કર્મ વિવરવશ મૂકી મોહવિટંબના રે, મળ્યા મુગતિ જિણ ભાણ ॥ ચે૦॥૮॥

દોહા.

ઇમ ભવ ભવ જે દુઃખ સહ્યાં, તે જાણે જગનાથ ॥ ભયભંજણ ભાવઠ હરણ. ન મળ્યો અવિહડ સાથ ॥ ૧ ॥ તિણ કારણ જીવ એકલો, છોડી રાગ ગળપાસ ॥ સવિ સંસારી જીવશું, ધર ચિત્ત ભાવ ઉદાસ ॥૨॥

ઢાળ ૪ થી.

(રાગ ગોડી.—પૂત ન કીજે હો સાધુ વિસાસડો.—એ દેશી.)

ચોથી ભાવના ભવિયણ મન ધરો, ચેતન તું એકાકી રે ॥ આવ્યો તિમ જાઇશ પરભવ વળી, ઇહાં મૂકી સવિ બાકી રે ॥ મ મ કર મમતા રે, સમતા આદરો ॥ ૧ ॥ એ આંકણી ॥ આણો ચિત્ત વિવેકો રે ॥ સ્વારથિયા સજ્જન સહુયે મળ્યાં, સુખ દુઃખ સહશે એકો રે ॥ મ મ૦ ॥ ૨ ॥ વિત્ત વહેંચણ આવી સહુએ મળે, વિપત્તિ સમય જાય નાશી રે ॥ દવ બળતો દેખી દશ દિશે પુગે, જેમ પંખી તરૂવાસી રે ॥ મ મ૦ ॥ ૩ ॥ ષટ્ખંડ નવનિધિ ચૌદરયણ ધણી,

ચોસઠ સહસ્સ સુનારી રે ॥ છેહુડે છોડી ચલ્યા તેમ એકલા, હાર્યો જેમ જૂઆરી રે ॥ મ મ૦ ॥ ૪ ॥ ત્રિભુવન કંટક બિરુદ ધરાવતા, કરતા ગર્વ ગુમાનો રે ॥ ત્રાગા વિણ નાગા તે સહુ ચલ્યા, રાવણ સરિખા રાજનો રે ॥ મ મ૦ ॥ ૫ ॥ માત રહે ઘર સ્ત્રી વિશ્રામિતા, મેતવના લગે લોકો રે ॥ ચય લગે કાયા રે આખર એકલો, પ્રાણિ ચલે પરલોકો રે ॥ મ મ૦ ॥ ૬ ॥ નિત્ય કળહો બહુ મેળે દખીયો, બિહું પણ ખટપટ થાય રે ॥ વલયાની પરે વિહરીશ એકલો, ઇમ બૂઝયો નમિરાય રે ॥ મ મ૦ ॥ ૭ ॥

દોહા.

ભવસાયર બહુ જળધિ દુઃખ, જન્મ મરણ તરંગ ॥ મમતા તંતુ તિણે ગ્રહ્યો, ચેતન ચતુર માતંગ ॥ ૧ ॥ ચાહે જો છોડણ ભણી, તો ભજ ભગવંત મહંત ॥ દૂર કરે પરબંધને, જિમ જળથી જળકંત ॥ ૨ ॥

ઢાળ ૫ મી.

(કપૂર હોયે અતિ ઊજળો રે.— એ દેશી.)

પાંચમી ભાવના ભાવીયે રે, જૂઓ અન્યત્વ વિચાર ॥ આપ સવારથિ એ સહુ રે, મળિયો તુજ પરિવાર ॥ સંવેગી સુંદર, બૂઝ મા બૂઝ ગમાર ॥ ૧ ॥ એ આંકણી ॥ ત્હારૂં કો નહિ ઇણ સંસાર, તું કેહનો નહિ નિરધાર ॥ સં૦ ॥ ૨ ॥ પંથ શિરે પંથી મળ્યા રે, કીજે કિણશું પ્રેમ ॥ રાત્રિ વસે પ્રહ ઉઠે ચલે રે, નેહ નિવાહે કેમ ॥ સં૦ ॥ ૩ ॥ જિમ મેળો તિરથ મળે રે, જન વણજની ચાહ ॥ કે ત્રોટો કે ફાયદો રે, લેઈ લેઇ નિજ ઘર જાહ ॥ સં૦ ॥ ૪ ॥ જિહાં કારજ જેહનાં સરે રે, તિહાં તે દાખે નેહ ॥ સૂરિકંતાની પરે રે, છટક દેખાડે છેહ ॥ સં૦ ॥ ૫ ॥ ચૂલણી અંગજ મારવા રે, કૂડ કરી જતુગેહ ॥ ભરત બાહુબળ ઝુઝીયા રે, જોજ્યો બંધવ નેહ ॥ સં૦ ॥ ॥ ૬ ॥ શ્રેણિક પુત્રે બાંધીઓ રે, લીધું વહેંચી રાજ્ય ॥ દુઃખ દીધું બહુ તાતને રે, દેખો સુતનાં કાજ ॥ સં૦ ॥ ૭ ॥ ઇણ ભાવન શિવપુર લહ્યું રે, શ્રી મરુદેવી માય ॥ વિર શિષ્ય કેવળ લહ્યું રે, શ્રી ગૌતમ ગણ રાય ॥ સંવેગી સુંદર, બૂઝ મા બૂઝ ગમાર ॥ ૮ ॥

દોહા.

મોહ વસુ મન મંત્રવી, ઈંદ્રિય મળ્યા કલાલ ॥ પ્રમાદ મદિરા પાયકે, બાંધ્યો જીવ ભૂપાળ ॥ ૧ ॥ કર્મ જંજીર જડી કરી, સુકૃત માલ

સવિ લીધ ॥ અશુભ વિરસં દુર્ગંધમય, તન ગોત હુરે દીધ ॥ ૨ ॥

ઢાળ ૬ ઠ્ઠી.

(રાગ સિંધુ સામેરી.)

છઠ્ઠી ભાવના મન ધરો, જીવ અશુચિ ભરી એ કાયા રે ॥ શી માયા રે, માંડે કાચા પિંડશું એ ॥ ૧ ॥ નગર ખાળપરે નિત વહે, કફ મળમૂત્ર ભંડારો રે ॥ તિમ દ્વારો રે, નર નવ દ્વાદશ નારીના એ ॥ ૨ ॥ દેખી દુરગંધ દૂરથી, તું મુંહુ મચકોડે માણે રે ॥ નવિ જાણે રે, તિણ પુદ્‌ગળ નિજ તનુ ભર્યું એ ॥ ૩ ॥ માંસ રૂધિર મેદારસે, અસ્થિ મજ્જા નર બીજે રે ॥ શું રીઝે રે, રૂપ દેખી દેખી આપણું એ ॥ ૪ ॥ કૃમિ વાળાદિક કોથળી, મોહરાયની ચેટી રે ॥ એ પેટી રે, ચર્મ જડી ઘણા રોગની એ ॥ ૫ ॥ ગર્ભવાસ નવ માસમાં, કૃમિપરે મળમાં વસિયો રે ॥ તું રસીયો રે, ઉંધે માથે ઈમ રહ્યો એ ॥ ૬ ॥ કનક કુમરી ભોજન ભરી, તિહાં દેખી દુરગંધ બૂઝયા રે ॥ અતિ ઝુઝયા રે, મલ્લિ મિત્ર નિજ કર્મશું એ ॥ ૭ ॥

દોહા.

તન છિલ્લર ઈંદ્રિય મછા, વિષય કલણ જંબાળ ॥ પાપ કલુષ પાણી ભર્યું, આશ્રવ વહે ઘડનાળ ॥ ૧ ॥ નિર્મળ પખ સહજે સુગતિ, નાણ વિન્નાણ રસાળ ॥ શું બગના પરે પંકજળ, ચૂંથે ચતૂર મરાળ ॥ ૨ ॥

ઢાળ ૭ મી.

(રાગ ધોરણી.)

આશ્રવ ભાવના સાતમી રે, સમજો સુગુરૂ સમીપ ॥ ક્રોધાદિક કાંઇ કરે રે, પામી શ્રી જિન દીપો રે ॥ સુણ સુણ પ્રાણિયા, પરિહર આશ્રવ પંચો રે ॥ દશમે અંગે કહ્યા, જેહના દુષ્ટ પ્રપંચો રે ॥સુ૦ ॥ ૧ ॥ હોંશે જે હિંસા કરે રે, લહે કટુક વિપાક ॥ પરિહોંશે ગોત્રાસની રે, જો જો અંગ વિપાકો રે ॥ સુ૦ ॥ ૨ ॥ મિથ્યા વચણે વસુ નડયો રે, મંડિક પરધન લેઇ ॥ ઈણ અબ્રહ્મે રોળાવ્યા રે, ઇંદ્રાદિક સુર કેઇ રે ॥ સુ૦ ॥ ૩ ॥ ॥ મહાઆરંભ પરિગ્રહે રે, બ્રહ્મદત્ત નરક પહુત્ત ॥ સેવ્યા શત્રુપણું ભજે રે, પાંચે દુરગતિ દૂતો રે ॥ સુ૦ ॥ ॥ ૪ ॥ છિદ્ર સહિત નાવા જળે રે, બૂડે નિર ભરાય ॥ તિમ હિંસાદિક આશ્રવે રે, પાપે પિંડ ભરાયો રે ॥ સુ૦ ॥ ૫ ॥ અવિરતિ લાગે એકેંદ્રિયારે, પાપસ્થાન અઢાર ॥ લાગે પાંચેહી ક્રિયારે, પંચમ અંગ વિચારો રે,

॥ સુ૦ ॥ ૬ ॥ કટુક ક્રિયા થાનક ફળાં રે, બોહ્યા બીજે રે અંગ ॥ કહેતાં હિયડું કમકમે રે, વિરૂઓ તાસ પ્રસંગો રે ॥ સુ૦ ॥ ૭ ॥ [1]મૃગ [2]પતંગ [3]અલી [4]માછલો રે, [5] કરિ એક વિષય પ્રપંચ ॥ દુઃખિયા તે કિમ સુખ લહે રે, જસ પરવશ એહ પંચો રે ॥ સુ૦ ॥ ૮ ॥ હાસ્ય નિંદ વિકથા વશે રે, નરક નિગોદે રે જાત ॥ પૂરવધર શ્રુત હારીને રે, અવરાંની શી વાતો રે ॥ સુ૦ ॥ ૯ ॥

દોહા.

શુભ માનસ માનસ કરી, ધ્યાન અમૃત રસ રેલ ॥ નવદળ શ્રી નવકાર પય, કરી કમળાસન કેળિ ॥ ૧ ॥ પાતક પંક પખાળીને, કરી સંવરની પાળ ॥ પરમહંસ પદવી ભજો, છાંડી સકળ જંજાળ ॥ ૨ ॥

ઢાળ ૮ મી.

(શ્રી ગુરૂ પદપંકજ નમી જી.—એ દેશી.)

આઠમી સંવર ભાવના જી, ધરી ચિત્તશું એક તાર ॥ સમિતિ ગુપ્તિ સૂધી ધરો જી, આપો આપ વિચાર ॥ સલૂણા, શાંતિ સુધારસ ચાખ ॥ એ આંકણી ॥ વિરસ વિષય ફળ ફૂલડે જી, અટતો મન અલિ રાખ ॥ સ૦ ॥ ૧ ॥ લાભ અલાભે સુખ દુઃખે જી, જીવિત મરણ સમાન ॥ શત્રુ મિત્ર સમ ભાવતો જી, માન અને અપમાન ॥ સ૦ ॥ ૨ ॥ કહીએ પરિગ્રહ છાંડશું જી, લેશું સંયમભાર ॥ શ્રાવક ચિત્તે હું કદા જી, કરીશ સંથારો સાર ॥ સ૦ ॥ ૩ ॥ સાધુ આસંશા ઇમ કરે જી, સૂત્ર ભણીશ ગુરૂ પાસ ॥ એકલમલ્લ પ્રતિમા રહી જી, કરીશ સંલેષણ ખાસ ॥ સ૦ ॥ ૪ ॥ સર્વ જીવ હિત ચિંતવે જી, વૈર મ કર જગ મિત્ત ॥ સત્ય વચન મુખ ભાંખીયે જી, પરિહરનું પરનું વિત્ત ॥ સ૦ ॥ ૫ ॥ કામ કટક ભેદણ ભણી જી, ધર તું શિળ સન્નાહ ॥ નવ વિધ પરિગ્રહ મૂકતાં જી, લહીયે સુખ અથાહ ॥ સ૦ ॥ ૬ ॥ દેવ મણુઅ ઉપસર્ગશું જી, નિશ્ચળ હોય સથિર ॥ બાવિશ પરિસહ ઝીપીયેજી, જિમ જીત્યા શ્રી વિર ॥ સ૦ ॥ ૭ ॥

દોહા.

દૃઢપ્રહારિ દૃઢ ધ્યાન ધરી, ગુણનિધિ ગજસુકુમાળ ॥ મેતારજ મઢન ભ્રમો, સુકોશળ સુકુમાળ ॥ ૧ ॥ ઇમ અનેક મુનિવર તર્યા, ઉપશમ સંવર ભાવ ॥ કઠિણ કર્મ સવિ નિર્જર્યાં, તેણે નિર્જર પ્રસ્તાવ ॥ ૨ ॥

ઢાળ ૯ મી.

(રાગ ગોડી—મન ભમરા રે.—એ દેશી.)

નવમી નિર્જરા ભાવના ॥ ચિત્ત ચેતો રે ॥ આદરો વ્રત પચ્ચખ્ખાણ ॥ ચતુર ચિત્ત ચેતો રે ॥ પાપ આલોચો ગુરૂ કને ॥ ચિ૦ ॥ ધરિયે વિનય સુજાણ ॥ ચ૦ ॥ ૧ ॥ વૈયાવચ્ચ બહુ વિધ કરો ॥ ચિ૦ ॥ દુર્બળ બાળ ગિલાન ॥ ચ૦ ॥ આચારજ વાચકતણો ॥ ચિ૦ ॥ શિષ્ય સાધર્મિક જાણ ॥ ચ૦ ॥ ૨ ॥ તપસી કૂળ ગણ સંઘનો ॥ ચિ૦ ॥ સ્થવિર પ્રવર્ત્તક વૃદ્ધ ॥ ચ૦ ॥ ચૈત્ય ભક્તિ બહુ નિર્જરા ॥ ચિ૦ ॥ દશમે અંગ પ્રસિદ્ધ ॥ ચ૦ ॥ ૩ ॥ ઉભય ટંક આવશ્યક કરો ॥ ચિ૦ ॥ સુંદર કરી સજ્ઝાય ॥ ચ૦ ॥ પોસહ સામાયિક કરો ॥ ચિ૦ ॥ નિત્ય પ્રત્યે નિયમ મન ભાય ॥ ચ૦ ॥ કર્મસૂદન કનકાવળી ॥ ચિ૦ ॥ સિંહાનિ ક્રીડિત હોય ॥ ચ૦ ॥ શ્રી ગુણરયણ સંવત્સરૂ ॥ ચિ૦ ॥ સાધુ પડિમ દશ હોય ॥ ચ૦ ॥ ૫ ॥ શ્રુત આરાધન સાચવો ॥ ચિ૦ ॥ યોગવહુન ઉપધાન ॥ ચ૦ ॥ શુકલધ્યાન સૂધું ધરો ॥ ચિ૦ ॥ શ્રી આંબિલ વર્દ્ધમાન ॥ ચ૦ ॥ ૬ ॥ ચૌદ સહસ્સ અણગારમાં ॥ ચિ૦ ॥ ધન ધન્નો અણગાર ॥ ચ૦ ॥ સ્તયં મુખે વિરપ્રશંસીયો ॥ ચિ૦ ॥ ખંધક મેઘકુમાર ॥ ચતુર૦ ॥ ॥ ૭ ॥

દોહા.

મન દારૂ તન નાળ કરી, ધ્યાનાનળ સળગાવ ॥ કર્મ કટક ભેદન ભણી, ગોળા જ્ઞાન ચલાવ ॥ ૧ ॥ મોહરાય મારી કરી, ઊંચો ચઢી અવલોય ॥ ત્રિભુવન મંડપ માંડણી, જિમ પરમાનંદ હોય ॥ ૨ ॥

ઢાળ ૧૦ મી.

(રાગ ગોડી.—જંબૂદ્વિપ મઝાર.—એ દેશી.)

દશમ લોકસ્વરૂપ રે, ભાવન ભાવીયે, નિસુણી ગુરુ ઉપદેશથી એ ॥ ૧ ॥ ઉર્ધ્વપુરૂષ આકારરે, પગ પહોળા કરી, કર દોય કટી રાખીયે એ ॥ ૨ ॥ એણે આકારે લોક રે, પુદ્ગળ પૂરીઓ, જિમ કાજળની કૂપલી એ ॥ ૩ ॥ ધર્મ અધર્મ આકાશ રે, દેશ પ્રદેશ એ, જીવ અનંતે પૂરીઓ એ ॥ ૪ ॥ સાત રાજ દેશૂણી રે, ઉર્ધ્વ તિરિયં મળી, અધોલોક સાત સાધિકૂ એ ॥ ૫ ॥ ચૌદરાજ ત્રસનાડી રે, ત્રસ જીવાલંય, એક રજ્જુ દીર્ઘ વિસ્તરૂ એ ॥ ૬ ॥ ઉર્ધ્વ સુરાલય સાર રે, નિરય ભુવન્ નિચે, નાભિ નર તિરિ દો સુરાં એ ॥ ૭ ॥ દ્વિપ સમુદ્ર અસંખ્ય રે, પ્રભુ મુખ સાંભળી, રાયઋષિ શિવ સમજીયો એ

॥ ૮ ॥ લાંબી પહોળી પણયાળ રે, લખજોયણ લહી, સિદ્ધશિલા શિર ઊજળી એ ॥ ૯ ॥ ઊંચા ધનુ સય તીન રે, તેત્રીશ સાધિકે, સિદ્ધ યોજનને છેહડે એ ॥ ૧૦ ॥ અજર અમર નિકલંક રે, નાણ દંસણમય, તે જોવા મન ગહગહે એ ॥ ૧૧ ॥

દોહા.

વાર અનંતિ ફરસીઆ, છાલી વાટક ન્યાય ॥ નાણવિના નવિ સાંભરે, લોક ભ્રમણ ભડવાય ॥ ૧ ॥ રત્નત્રય ત્રિહું ભુયનમેં, દુર્લ્લહ જાણી દયાળ ॥ બોધિરયણ કાજે ચતુર, આગમ ખાણ સંભાળ ॥૨॥

ઢાળ ૧૧ મી.

(રાગ ખંભાતી.)

દશ દૃષ્ટાંતે દોહિલો, લાધ્યો મણુઅ જન્મારો રે ॥ દુર્લ્લહો ઊંબંર ફૂલજ્યું રે, આરજ ઘર અવતારો રે ॥ મોરા જીવન રે ॥ બોધિ ભાવનં ઇગ્યારમી રે, ભાવો હૃદય મઝારો રે ॥ મોરા૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ ઉત્તમ કૂળ તિહાં દોહિલો, સહગુરુ ધર્મ સંયોગો રે ॥ પાંચે ઈંદ્રિય પરવડાં, દુર્લ્લહો દેહ નિરોગો રે ॥ મોરા૦ ॥ ૨ ॥ સાંભળવું સિદ્ધાંતનું રે, દોહિલું તસ ચિત્ત ધરવું રે ॥ સૂધી સદ્દહણા ધરી, દુક્કર અંગે કરવું રે ॥ મોરા૦ ॥ ૩ ॥ સામગ્રી સઘળી લહી રે, મૂઢ મુધા મ મ હારો રે ॥ ચિંતામણી દેવે દિયો, હાર્યો જેમ ગમારો રે ॥ મોરા૦ ॥ ૪ ॥ લોહ કીલકને કારણે, કુણ યાન જળધિમાં ફોડે રે ॥ ગુણ કારણ કોણ નવલખો, હાર હૈયાનો ત્રોડે રે ॥ મોરા૦ ॥ ૫ ॥ બોધિરયણ ઉવેખીને, કોણ વિષયાર્થે દોડે રે ॥ કાંકર મણિ સમોવડ કરે, ગજ વેચે ખડ હોડે રે ॥ મોરા૦ ॥ ૬ ॥ ગિત સુણી નટણી કનેરે, ક્ષુલ્લક ચિત્ત વિચાર્યું રે ॥ કુમરાદિક પણ સમજીયા રે, બોધિરયણ સંભાર્યું રે ॥ મોરા જીવન રે ॥ ૭ ॥

દોહા.

પરિહર હરિહર દેવ સવિ, સેવ સદા અરિહંત ॥ દોષરહિત ગુરૂ ગણધરા, સુવિહિત સાધુ મહંત ॥ ૧ ॥ કુમતિ કદાગ્રહ મૂક તું, શ્રુત ચારિત્ર વિચાર ॥ ભવજળ તારણ પોતસમ, ધર્મ હૈયામાં ધાર ॥ ૨ ॥

ઢાળ ૧૨ મી.

(ચેતન જ્ઞાન અજુઆળિયે.—એ દેશી.)

ધન ધન ધર્મ જગ હિતકરૂ, ભાંખિયો ભલો જિનદેવ રે ॥ ઇહ

પરભવ સુખદાયકો, જીવડા જનમ લગેં સેવ રે ॥ ૧ ॥ ભાવના સરસ સુરવેલડી, રોપ તું હૃદય આરામ રે ॥ સુકૃતતરુ લહિય બહુ પસરશે, સફળ ફળશે અભિમાન રે ॥ ભા૦ ॥ ૨ ॥ ખેત્રશુદ્ધિ કરીય કરૂણા રસેં, કાઢી મિથ્યાદિક સાલ રે ॥ ગુપત્તિ ત્રિહું ગોપી રૂડી કરે, નીક તું સુમતિની વાળ રે ॥ ભા૦ ॥ ૩ ॥ સીંચજ સુગુરૂ વચનામૃતે, કુમતિ કંથેર તજી સંગ રે ॥ ક્રોધ માનાદિક સૂકરા, વારશે વાર અનંગ રે ॥ ભા૦ ॥ ૪ ॥ સેવતા એહુને કેવળી, પન્નરસય તીન અણગાર રે ॥ ગૌતમ શિષ્ય શિવપુર ગયા, ભાવતાં દેવગુરૂ સાર રે ॥ ભા૦ ॥ ॥૫॥ શુક પરિવ્રાજક સિદ્ધલો, અર્જુનમાળી શિવવાસ રે ॥ રાય પરદેશી હુતો પાપીઓ, કાપીઓ તાસ દુઃખ પાસ રે ॥ ભા૦ ॥ ૬ ॥ દુષમ સમય દુપ્પસહ લગેં, અવિચળ શાસન એહ રે ॥ ભાવશું ભવિયણ જે ભજે, તેહ શુભમતિ ગુણ ગેહ રે ॥ ભા૦ ॥ ૭ ॥

દોહા.

તપગચ્છ પતિ વિજયદેવ ગુરૂ, વિજયસિંહ મુનિરાય ॥
શુદ્ધ ધર્મદાયક સદા, પ્રણમો એહના પાય ॥ ૧ ॥

ઢાળ ૧૩ મી.

(રાગ ધન્યાશ્રી.)

તુમે ભાવો રે, ભવિ ઈણિપરે ભાવના ભાવો ॥ તન મન વયણ ધર્મ લય લાવો ॥ જિમ સુખ સંપદ પાવો રે ॥ ભ૦ ॥ ૧ ॥ લલનાં લોચન મન ન ડોલાઓ, ધન કારણ કાંઈ ધાવો ॥ પ્રભુશું તારો તાર મિલાવો, જો હોય શિવપુર જાવો રે ॥ કાંઇ ગર્ભવાસ નવિ આવો રે ॥ ભ૦ ॥ ૨ ॥ જંબૂની પરે જીવ જગાવો, વિષયથકી વિરમાવો ॥ એ હિતશીખ અમારી માની, જગ જસ પડહ વજાવો રે ॥ ભ૦ ॥૩॥ શ્રી જશસોમ વિબુધ વૈરાગી, જગ જસ ચિહું ખંડ ચાવો ॥ તાસ શિષ્ય કહે ભાવન ભણતાં, ઘર ઘર હોયે વધાવો રે ॥ ભ૦ ॥ ૪ ॥

દોહા.

ભોજન નભ ગુણ વરસ શુચિ, સીત તેરશ કુંજવાર ॥ ભગતિ હેતુ ભાવન ભણી, જેસલમેર મઝાર ॥ ભ૦ ॥ ૫ ॥

॥ ઇતિ બારભાવનાની ઢાળો. ॥

अथ श्री दान, शियल तप अने भावनुं पंचढालियुं.

દોહા.

પ્રથમ જિણેસર પય નમી, પામી સુગુરુ પ્રસાદ ॥ દાન શિયળ તપ ભાવનો, બોલીશ બહુ સંવાદ ॥ ૧ ॥ વિરજિણંદ સમોસર્યા, રાજગૃહી ઉદ્યાન ॥ સમવસરણ દેવે રચ્યું, બેઠા શ્રી વર્દ્ધમાન ॥ ૨ ॥ બેઠી બારે પરષદા, સુણવા જિનવર વાણ ॥ દાન કહે પ્રભુ હું વડો, મુજને પ્રથમ વખાણ ॥ ૩ ॥ સાંભળજો સહુકો તુમે, કુણ છે મુજ સમાન ॥ અરિહંત દિક્ષા અવસરે, આપે પહિલું દાન ॥ ૪ ॥ પ્રથમ પહોર દાતારનું, લીયે સહુ કોઇ નામ ॥ દીધાની દેઉળ ચઢે, સિઝે વંછિત કામ ॥ ૫ ॥ તિર્થંકરને પારણે, કુણ કરશે મુજ હોડ ॥ વૃષ્ટિ કરૂં સોવનતણી, સાડીબારહ ક્રોડ ॥ ૬ ॥ હું જગ સઘળું વશ કરૂં, મુજ ગ્હોટી છે વાત ॥ કુણ કુણ દાનથકી તર્યા, તે સુણજો અવદાત ॥૭॥

ઢાળ ૧ લી.

(લલનાની દેશી.)

ધનસારથવાહ સાધુને, દીધું ઘૃતનું દાન ॥ લલના ॥ તિર્થંકરપદ મેં દીયું, તિણ મુજને અભિમાન ॥ લલના ॥ દાન કહે જગ હું વડું ॥ ૧ ॥ એ આંકણી ॥ મુજ સરિખું નહીં કોય ॥ લલના ॥ ઋદ્ધિ સમૃદ્ધિ સુખ સંપદા, દાને દોલત હોય ॥ લ૦ ॥ દાન૦ ॥ ૨ ॥ સુમુખ નામે ગાથાપતિ, પડિલાભ્યો અણગાર ॥ લ૦ ॥ કુમર સુબાહુ સુખ લહ્યું, તેતો મુજ ઉપગાર ॥ લ૦ ॥ દાન૦ ॥ ૩ ॥ પાંચશેં મુનિને પારણું, દેતો વોહરી આણ ॥ લ૦ ॥ ભરત થયો ચક્રવર્ત્તિ ભલો, તે પણ મુજ ફળ જાણ ॥ લ૦ ॥ દાન૦ ॥ ૪ ॥ માસખમણને પારણે, પડિલાભ્યો ઋષિરાય ॥ લ૦ ॥ શાળિભદ્ર સુખ ભોગવે, દાનતણે સુપસાય ॥ લ૦ ॥ દાન૦ ॥ ૫ ॥ આપ્યા અડદના બાકળા, ઉત્તમ પાત્ર વિશેપ ॥ લ૦ ॥ મૂળદેવ રાજા થયો, દાનતણાં ફળ દેખ ॥ લ૦ ॥ દાન૦ ॥ ૬ ॥ પ્રથમ જિણેસર પારણે, શ્રી શ્રેયાંસકુમાર ॥ લ૦ ॥ શેલડીરસ વોહોરાવિયો, પામ્યો ભવનો પાર ॥ લ૦ ॥ દાન૦ ॥ ૭ ॥ ચંદનબાળા બાકુળા, પડિલાભ્યા મહાવિર ॥ લ૦ ॥ પંચ દિવ્ય પ્રગટ થયા, સુંદર રૂપ શરીર ॥ લ૦ ॥ દાન૦ ॥ ૮ ॥ પૂરવભવ પારેવડું, શરણે રાખ્યું શૂર ॥ લ૦ ॥ તિર્થંકર ચક્રવર્ત્તિપણે, પ્રગટયો પુણ્ય પડૂર ॥ લ૦ ॥ દાન૦ ॥ ૯ ॥ ગજભવે સસલો રાખીયો, કરૂણા કીધી સાર

॥ લ૦ ॥ શ્રેણિકને ઘેર અવતર્યો, અંગજ મેઘકુમાર ॥ લ૦ ॥ દાન૦ ॥ ॥૧૦ ॥ એમ અનેક મેં ઉદ્ધર્યા, કહેતાં નાવે પાર ॥ લ૦ ॥ સમયસુંદર પ્રભુ વિરજી, મુજ પહેલો અધિકાર ॥ લ૦ ॥ દાન૦ ॥ ૧૧ ॥

દોહા.

શિયળ કહે સુણ દાન તું, કિશ્યો કરે અહંકાર ॥ આડંબર આઠે પહોર, જાચકશું વ્યવહાર ॥ ૧ ॥ અંતરાય વળિ તાહરે, ભોગકરમ સંસાર ॥ જિનવર કર નિચા કરે, તુજને પડયો ધિક્કાર ॥ ૨॥ ગર્વ મ કર રે દાન તું, મુજ પૂંઠે સહુ કોય ॥ ચાકર ચાલે આગળે, તો શું રાજા હોય ॥ ૩ ॥ જિનમંદિર સોનાતણું, નવું નિપાવે કોય ॥ સોવન કોડિ દાન દે, શિયળ સમું નહિ કોય ॥ ૪ ॥ શિયળે સંકટ સવિ ટળે, શિયળે સુજસ સોભાગ ॥ શિયળે સુર સાનિધ્ય કરે, શિયળ વડો વૈરાગ ॥ ૫ ॥ શિયળે સર્પ ન આભડે, શિયળે શિતળ આગ ॥ શિયળે અરિ કરિ કેશરી, ભય જાવે સવિ ભાગ ॥ ૫ ॥ જન્મ મરણના ભયથકી, મેં છોડાવ્યા અનેક ॥ નામ કહું હવે તેહનાં, સાંભળજો સુવિવેક ॥ ૭.॥

ઢાળ ૨ જી.

(પાસ જિંણંદ જુહારીએ.—એ દેશી.)

શિયળ કહે જગ હું વડું, મુજ વાત સુણો અતિ મીઠી રે ॥ લાલચ લાવે લોકને, મેં દાનતણી વાત દીઠી રે ॥ શિ૦ ॥ ૧ ॥ કળહ કારણ જગ જાણીયે, વળી વિરતિ નહીં પણ કાંઇ રે ॥ તે નારદ મેં સિઝવ્યો, મુજ જૂઓ એ અધિકાઈ રે ॥ શિ૦ ॥ બાંહે પહેર્યા બેરખા, શંખરાજાએ દૂષણ દીધાં રે ॥ કાપ્યા હાથ કળાવતી, તે મેં નવપલ્લવ કીધા રે ॥ શિ૦ ॥ ૩ ॥ રાવણ ઘર સિતા રહી, તો રામચંદ્ર ઘર આણી રે ॥ સિતાનું કલંક ઉતારીયું, મેં પાવક કીધો પાણી રે ॥ શિ૦ ॥ ૪ ॥ ચંપા બાર ઉઘાડિયાં, વળી ચારણિયે કાઢયું નિરો રે ॥ સતિય સુભદ્રા જશ થયો, મેં તસ કીધી ભીરો રે ॥ શિ૦ ॥ ॥ ૫ ॥ રાજા મારણ માંડીયો, રાણી અભયાયે દૂષણ દાખ્યો રે ॥ શૂળિ સિંહાસન મેં કીયો, મેં શેઠ સુદર્શન રાખ્યો રે ॥ શિ૦ ॥ ૬ ॥ શિળ સન્નાહ મંત્રીસરે, આવતો અરિદળ થંભ્યો રે॥ તિહાં પણ સાનિધ્ય મેં કરી, વળિ ધરમ કારજ આરંભ્યો રે ॥ શિ૦ ॥૭ ॥ પહેરણ ચિર પ્રગટ કિયાં, મેં અઠોત્તરશો વારો રે ॥ પાંડવ નારી દ્રૌપદી, મેં

રાખી મામ ઉદ્ધારો રે ॥ શિ૦ ॥ ૮ ॥ બ્રાહ્મી ચંદનબાળિકા, વળી શિળવંતી દમયંતિ રે ॥ ચેડાની સાતે સુતા, રાજિમતી સુંદરિ કુંતિ રે ॥ શિ૦ ॥ ૯ ॥ ઇત્યાદિક મેં ઉદ્ધર્યા, નર નારીના વૃંદો રે ॥ સમયસુંદર પ્રભુ વિરજી, પહેલો મુજ આણંદો રે ॥ શિયળ૦ ॥ ૧૦ ॥

દોહા.

તપ બોલ્યું ત્રટકી કરી, દાનને તું અવહીલ ॥ પણ મુજ આગળ તું કિશું, સાંભળ રે તું શિળ ॥ ૧ ॥ સરસાં ભોજન તેં તજ્યાં, ન ગમે મીઠા નાદ ॥ દેહતણી શોભા તજી, તુજમાં કિશો સવાદ ॥૨॥ નારીથકી ડરતો રહે, કાયર કિશ્યું વખાણ ॥ કૂડ કપટ બહુ કેળવી, જિમ તિમ રાખે પ્રાણ ॥ ૩ ॥ કો વિરલો તુજ આદરે, છંડી સહુ સંસાર ॥ આપ એક તું ભાંજતાં, બીજા ભાંજે ચાર ॥ ૪ ॥ કરમ નિકાચિત ત્રોડવા, ભાંજું ભવ ભય ભીમ ॥ અરિહંત મુજને આદરે, વરસ છમાસી સીમ ॥ ૫ ॥ રૂચક નંદિસર ઉપરે, મુજ લબ્ધે મુનિ જાય ॥ ચૈત્ય જુહારે શાશ્વતાં, આનંદ અંગ ન માય ॥ ૬ ॥ મ્હોટાં જોયણ લાખનાં, લઘુ કુંથુ આકાર ॥ હય ગય રથ પાયકતણાં, રૂપ કરે અણગાર ॥ ૭ ॥ મુજ કર ફરસે ઉપસમે, કુષ્ટાદિકના રોગ ॥ લબ્ધિ અઠ્ઠાવિશ ઊપજે, ઉત્તમ તપ સંજોગ ॥ ૮ ॥ જે મેં તાર્યા તે કહું, સુણજો મન ઉલ્લાસ ॥ ચમત્કાર ચિત્ત પામશો, દેશો મુજ સાબાશ ॥ ૯ ॥

ઢાળ ૩ જી.

(નણદલની દેશી.)

દૃઢપ્રહારી અતિ પાપીયો, હત્યા કીધી ચાર હો ॥ સુંદર ॥ તેં પણ તિણ ભવ ઉદ્ધર્યો, મૂકયો મુક્તિ મઝાર હો ॥ સુંદર, તપ સરિખો જગ કો નહીં ॥ ૧ ॥ એ આંકણી. ॥ તપ કરે કર્મનું સૂડ હો ॥ સુંદર ॥ તપ કરવો અતિ દોહિલો, તપમાં નહીં કો કૂડ હો ॥ સુંદર ॥ તપ૦ ॥ ૨ ॥ સાત માણસ નિત મારતો, કરતો પાપ અઘોર હો ॥ સુંદર ॥ અર્જુનમાળી મેં ઉદ્ધર્યો, છેદ્યાં કર્મ કઠોર હો ॥ સુંદર ॥ તપ૦ ॥ ૩ ॥ નંદિષેણને મેં કિયો, સ્ત્રીવલ્લભ વસુદેવ હો ॥ સુંદર ॥ બહોતેર સહસ અંતેઉરી, સુખ ભોગવે નિત્ય મેવ હો ॥ સુંદર ॥ ॥ તપ૦ ॥ ૪ ॥ રૂપ કુરૂપ કાળો ઘણો, હરિકેશી ચંડાળ હો ॥ સુંદર॥ સુરનર કોડી સેવા કરે, તસ મેં કીધી ચાલ હો ॥ સુંદર ॥ તપ૦ ॥

॥ ૫ ॥ વિષ્ણુકુમરે લબ્ધે કિયું, લાખ જોયણનું રૂપ હો ॥ સુંદર ॥ શ્રી સંઘ કેરે કારણે, એ મુજ શક્તિ અનૂપ હો ॥ સુંદર ॥ તપ૦ ॥ ॥ ૬ ॥ અષ્ટાપદ ગૌતમ ચઢયા, વાંદ્યા જિન ચોવિશ હો ॥ સુંદર ॥ તાપસ પણ પ્રતિબૂઝંવ્યા, તિણ મુજ અધિક જગીશ હો ॥ સુંદર ॥ ॥ તપ૦ ॥ ૭ ॥ ચૌદ સહસ અણગારમાં, શ્રી ધન્નો અણગાર હો ॥ ॥ સુંદર ॥ વિર જિણંદ વખાણિયો, એ પણ મુજ અધિકાર હો ॥ સુંદર. ॥ તપ૦ ॥ ૮ ॥ કૃષ્ણ નરેસર આગળે, દુક્કરકાર કહેહ હો ॥ સુંદર ॥ ઢંઢણ નેમિ પ્રશંસિયો, મુજ મહિમા સવિ તેહ હો ॥ સુંદર ॥ ॥ તપ૦ ॥ ૯ ॥ નંદિષેણ વહોરણ ગયો, ગણિકાયે કીધી હાંસી હો ॥ સુંદર ॥ વૃષ્ટિ કરી સોવનતણી, મેં તસ પૂરી આશ હો ॥ સુંદર ॥ ॥ તપ૦ ॥ ૧૦ ॥ એમ બળભદ્ર પ્રમુખ બહુ, તાર્યા તપસી જીવ હો ॥ સુંદર ॥ સમયસુંદર પ્રભુ વિરજી, પહેલો મુજ પ્રસ્તાવ હો ॥ ॥સુંદર, તપ સરિખો જગ કો નહીં ॥ ૧૧ ॥

દોહા.

ભાવ કહે તપ તું કિશો, છેડયો કરે કષાય ॥ પૂર્વકોડી જો તપ તપે, ક્ષણમાં ખેરૂ થાય ॥ ૧ ॥ ખંધક આચારજ પ્રતે, તેં બાળ્યો સવિ દેશ ॥ અશુભ નિયાણું તું કરે, ક્ષમા નહીં લવલેશ ॥ ૨ ॥ દ્વિપાયનઋષિ દૂહવ્યા, શાંબ પ્રદ્યુમ્નને સાહિ ॥ તે તપ ક્રોધ કરી તિહાં, દીધો દ્વારિકા દાહ ॥ ૩ ॥ દાન શિયળ તપ સાંભળો, મ કરો જૂઠ ગુમાન ॥ લોક સહુકો સાખ દે, ધર્મે ભાવ પ્રધાન ॥ ૪ ॥ આપ નપુંસક છો ત્રણે, ઘે વ્યાકરણ તે સાખ ॥ કામ સરે નહિ કોઈનું, ભાવ ભણે મુજ પાખ ॥ ૫ ॥ રસવિણ કનક ન નિપજે, જળવિણ તરુવર વૃદ્ધિ ॥ રસવતિ રસ નહિ લવણવિણ, તેમ મુજવિણ નહિ સિદ્ધિ ॥ ૬ ॥ મંત્ર જંત્ર મણિ ઓષધિ, દેવ ધર્મ ગુરુ સેવ ॥ ભાવવિના તે સવિ વૃથા, ભાવ ફળે નિતમેવ ॥ ૭ ॥ દાન શિયળ તપ જે તુમે, નિજ નિજ કહ્યાં વૃત્તાંત ॥ તિહાં જો ભાવ ન હોત તો, કોઇ સિદ્ધિ નવિ હુંત ॥ ૮ ॥ ભાવ કહે મેં એકલે, તાર્યા બહુ નર નાર ॥ સાવધાન થઇ સાંભળો, નામ કહું નિરધાર ॥ ૯ ॥

ઢાળ ૪ થી.

(કપૂર હોય અતિ ઊજળો રે.—એ દેશી.)

કાનન માંહે કાઉસ્સગ્ગ રહ્યો રે, પ્રસન્નચંદ્ર ઋષિરાય ॥ તે મેં

કીધો કેવળી રે, તતક્ષણ કર્મ ખપાય ॥ સોભાગી સુંદર, ભાવ વડો સંસાર ॥ ૧ ॥ એ આંકણી ॥ એ તો બીજો મુજ પરિવાર ॥ સો૦ ॥ દાનાદિક વિણ એકલો રે, પહોચાડું ભવપાર ॥ સો૦ ॥ ૨ ॥ વંશ ઉપર ચઢી ખેલતો રે, એલાપુત્ર અપાર ॥ કેવળજ્ઞાની મેં કિયો રે, પ્રતિબોધ્યો પરિવાર ॥ સો૦ ॥ ૩ ॥ ભૂખ તૃષા ખમે અતિ ઘણી રે, કરતો કૂર આહાર ॥ કેવળમહિમા સુર કરે રે, કૂરગડૂ અણગાર ॥ સો૦॥ ॥ ૪ ॥ લાભથી લોભ વાધે ઘણો રે, આણ્યો મન વૈરાગ ॥ કપિલ થયો મુનિ કેવળી રે, તે એ મુજને સોભાગ ॥ સો૦ ॥ ૫ ॥ અર્ણિકા સુત ગચ્છનો ધણી રે, ક્ષિણ જંઘાબળિ જાણ ॥ કીધો અંતગડ કેવળી રે, ગંગાજળ ગુણખાણ ॥ સો૦ ॥ ૬ ॥ પન્નરસેં તાપસ ભણી રે, દીધી ગૌતમે દિખ ॥ તતક્ષણ કીધા કેવળી રે, જો મુજ માની શિખ ॥ સો૦ ॥ ૭ ॥ પાલક પાપીયે પિલીયા રે, ખંધકસૂરિના શિષ્ય ॥ જનમ મરણથી છોડવ્યા રે, આપે મુજ આશિષ ॥ સો૦ ॥ ૮ ॥ ચંડરૂદ્રને ચાલતાં રે, દીધો દંડ પ્રહાર ॥ નવદીક્ષિત થયો કેવળી રે, તે ગુરૂ પણ તિણિવાર ॥ સો૦ ॥ ૯ ॥ ધનરથકારક સાધુને રે, પડિલાભ્યો ઉલ્લાસ ॥ મૃગલો ભાવના ભાવતો રે, પહોત્યો સ્વર્ગ આવાસ ॥ સો૦॥ ॥ ૧૦ ॥ નિજ અપરાધ ખમાવતી રે, મૂક્યું મનથી માન ॥ મૃગાવતીને મેં દીયું રે, નિર્મળ કેવળજ્ઞાન ॥ સો૦ ॥ ૧૧ ॥ મરૂદેવી ગજ ઉપરે રે, દેખી પુત્રની ઋદ્ધિ ॥ મુજને મનમાંહે ધર્યો રે, તતક્ષણ પામી સિદ્ધિ ॥ સો૦ ॥ ૧૨ ॥ વિર વંદન ચલ્યો મારગે રે, ચાંપ્યો ચપળ તુરંગ ॥ દર્દૂર નામે દેવતા રે, તેહ થયો મુજ સંગ ॥ સો૦ ॥ ॥ ૧૩ ॥ પ્રભુ પાય પૂજન નિસરી રે, દુર્ગલા નામે નાર ॥ કાળધરમ વચમાં કરી રે, પહોતી સ્વર્ગ મઝાર ॥ સો૦ ॥ ૧૪ ॥ કાયાથી શોભા કારમી રે, રૂપ કિશો અભિમાન ॥ ભરત આરિસાભુવનમાં રે, પામ્યો કેવળજ્ઞાન ॥સો૦॥ ૧૫ ॥ આષાઢભૂતિ કળા નીલો રે, પ્રગટયો ભરત સરૂપ ॥ નાટક કરતાં પામીયો રે, કેવળજ્ઞાન અનૂપ ॥ સો૦ ॥ ॥ ૧૬ ॥ દિક્ષા દિન કાઉસ્સગ્ગ રહ્યો રે, ગજસુકુમાળ મસાણ ॥ સોમિલે શિશ પ્રજાળિયું રે, સિદ્ધિ ગયો શુભ જાણ ॥ સો૦ ॥ ૧૭ ॥ ગુણસાગર થયો કેવળી રે, સાંભળી પૃથ્વીચંદ ॥ પોતે કેવળ પામીયો રે, સેવ કરે સુર ઇંદ્ર ॥ સો૦ ॥ ૧૮ ॥ એમ અનેક મેં ઉદ્ધર્યા રે, મૂકયા શિવપુર વાસ ॥ સમયસુંદર પ્રભુ વિરજી રે, મુજને પ્રથમ પ્રકાશ ॥ સોભાગી૦ ॥ ૧૯ ॥

દોહા.

વિર કહે તુમે સાંભળો, દાન શિયળ તપ ભાવ ॥ નિંદા છે અતિ પાપિણી, ધર્મ કર્મ પ્રસ્તાવ ॥ ૧ ॥ પરનિંદા કરતાં થકાં, પાપે પિંડ ભરાય ॥ વેઠ રાઠ વાધે ઘણી, દુર્ગતિ પ્રાણિ જાય ॥ ૨ ॥ નિંદક સરખો પાપિયો. ભૂંડો કોઇ ન દીઠ ॥ વળિ ચંડાળ સમો કહ્યો, નિંદક મૂખ અદીઠ ॥ ૩ ॥ આપ પ્રશંસા આપણી, કરતો ઈંદ નરિંદ ॥ લઘુતા પામે લોકમાં, નાસે નિજ ગુણ વૃંદ ॥ ૪ ॥ કો કેહની મ કરો તુમે, નિંદા ને અહંકાર ॥ આપ આપણ ઠામે રહો, સહુકો ભલો સંસાર ॥ ૫ ॥ તોપણ અધિકો ભાવ છે, એકાકી સમરત્થ ॥ દાન શિયળ તપ ત્રણે ભલા, પણ ભાવવિના અકયત્થ ॥ ૬ ॥ અંજન આંખે આજતાં, અધિકો આણી રેખ ॥ રજમાંહી તજ કાઢતાં, અધિકો ભાવ અશેષ ॥ ૭ ॥ ભગવંત હુઠ ભંજન ભણી, ચારે સરિખા ગણંત ॥ ચારે કરી મુખ્ય આપણા, ચઉવિધ ધર્મ ભણંત ॥ ૮ ॥

ઢાળ ૫ મી.

(ચેતન ચેતીએ રે.—એ દેશી.)

વિર જિણેસર એમ ભણે રે, બેઠી પરષદા બાર ॥ ધર્મ કરો તુમે પ્રાણિયા રે, જિમ પામો ભવપાર રે ॥ ધર્મ હૈયે ધરો, ધર્મના ચાર પ્રકારો રે, ભવિયણ સાંભળો ॥ ૧ ॥ એ આંકણી ॥ ધર્મ મુક્તિ સુખકારો રે ॥ ધર્મ૦ ॥ ધર્મથકી ધન સંપજે રે, ધર્મથકી સુખ હોય ॥ ધર્મથકી આરતિ ટળે રે, ધર્મ સમો નહીં કોય રે ॥ ધર્મ૦ ॥ ૨ ॥ દુર્ગતિ પડતાં પ્રાણિયા રે, રાખે શ્રી જિનધર્મ ॥ કુટુંબ સહુકો કારમું રે, મત ભૂલો ભવિ ભર્મ રે ॥ ધર્મ૦ ॥ ૩ ॥ જીવ જિકે સુખીયા હુઆ રે, વળિ હોવે છે જેહ ॥ તે જિનવરના ધર્મથી રે, મત કોઇ કરો સંદેહ રે ॥ ધર્મ૦ ॥ ૪ ॥ સોળસેં ને છાસઠ સમે રે, સાંગાનેર મઝાર ॥ પદ્મપ્રભૂ સુપસાઉલે રે, એહ ભણ્યો અધિકાર રે ॥ ધર્મ૦ ॥ ૫ ॥ સોહમસ્વામિ પરંપરા રે, ખરતરગચ્છ કૂળચંદ ॥ યુગપ્રધાન જગ પરગડો રે, શ્રી જિનચંદસૂરિંદ રે ॥ ધર્મ૦ ॥ ૬ ॥ તાસ શિષ્ય અતિ દિપતો રે, વિનયવંત જસવંત ॥ આચારજ ચઢતી કળા રે, જિનસિંહસૂરિ મહંત રે ॥ ધર્મ૦ ॥ ૭ ॥ પ્રથમ શિષ્ય શ્રીપૂજ્યના રે, સકળચંદ તસ શિષ્ય ॥ સમયસુંદરવાચક ભણે રે, સંઘ સદા સુજગીશ રે ॥ ધર્મ૦ ॥ ૮ ॥ દાન શિયળ તપ ભાવનો રે, સરસ રચ્યો સંવાદ ॥ ભણતાં ગુણતાં ભાવશું રે, ઋદ્ધિ સમૃદ્ધિ શુદ્ધ સુપ્રસાદરે ॥ ધર્મ૦ ॥ ૯ ॥

॥ ઇતિ શ્રી દાન, શિયળ, તપ અને ભાવનું પંચઢાળિયું ॥

અથ શ્રી મહાવીરસ્વામિના સત્તાવીશભવનું પંચઢાલિયું.

દોહા.

શ્રી શુભવિજય સુગુરુ નમી, નમી પદ્માવતી માય ॥ ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય ॥ ૧ ॥ સમકિત પામે જીવને, ભવ ગણતીએ ગણાય ॥ જો વળી સંસારે ભમે, તોપણ મુગતેં જાય ॥ ૨ ॥ વિરજિનેશ્વર સાહિબો, ભમિયો કાળ અનંત ॥ પણ સમકિત પાગ્યા પછી, અંતે થયા અરિહંત ॥ ૩ ॥

ઢાળ ૧ લી.

(કપૂર હોયે અતિ ઊજળો રે.— એ દેશી.)

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર ॥ કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજનવેળા થાય રે ॥ પ્રાણિ, ધરિયે સમકિત રંગ. જિમ પામિયે, સુખ અભંગ રે ॥ પ્રાણિ, ધરિયે૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ મન ચિંત્તે મહિમા નિલો રે, આવે તપસી કોય ॥ દાન દેઈ ભોજન કરૂં રે, તો વંછિતફળ હોય રે ॥ પ્રાણિ૦ ॥ ૨ ॥ મારગ દેખી મુનિવરા રે, વંદે દેઇ ઉપયોગ ॥ પૂછે કેમ ભટકો ઇહાં રે, મુનિ કહે સાથ વિજોગ રે ॥ પ્રાણિ૦ ॥ ૩ ॥ હરખભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ ॥ ભોજન કરી કહે ચાલીએ રે, સાથ ભેળા કરૂં આજ રે ॥ પ્રાણિ૦ ॥ ૪ ॥ પગવટીયે ભેળા કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ ॥ સંસારે ભૂલા ભમો રે, ભાવમારગ અપવર્ગ રે ॥ પ્રાણિ૦ ॥ ૫ ॥ દેવ ગુરૂ ઓળખાવિયા રે, દીધો વિધિ નવકાર ॥ પશ્ચિમ મહાવિદેહમાં રે, પાગ્યો સમકિત સાર રે ॥ પ્રાણિ૦ ॥ ૬ ॥ શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સર્ગ મઝાર ॥ પલ્યોપમ આયુ ચવી રે, ભરત ઘરે અવતાર રે ॥ પ્રાણિ૦ ॥ ૭ ॥ નામે મરિચી જોવને રે, સંયમ લીએ પ્રભુ પાસ ॥ દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડીક શુભ વાસ રે ॥ પ્રાણિ૦ ॥ ૮ ॥

ઢાળ ૨ જી.

(વિવાહુલાની દેશી.)

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદિસર ભેળા ॥ જળ થોડે

સ્નાન વિશેષ, પગે પાવડી ભગવે વેષ ॥ ૧ ॥ ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શિર મૂંડણને ધરે ચોટી ॥ વળી છત્ર વિલેપન અંગે, થૂલથી વ્રત ધરતો રંગે ॥ ૨ ॥ સોનાની જનોઇ રાખે, સહુને મુનિ મારગ ભાંખે ॥ સમોસરણે પૂછે નરેશ, કોઇ આગે હોશે જિનેશ ॥ ૩ ॥ જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરિચી નામ ॥ વિર નામે થશે જિન છેલા, આ ભરતે વાસુદેવ પહેલા ॥ ૪ ॥ ચક્રવર્તિ વિદેહ થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે ॥ મરિચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા ॥૫॥ તમે પુન્યાઇવંત ગણાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો ॥ નવિ વંદુ ત્રિદંડિક વેષ, નમું ભક્તિયે વિર જિનેશ ॥ ૬ ॥ એમ સ્તવના કરી ઘર જાવે, મરિચી મન હર્ષ ન માવે ॥ મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ ॥ ૭ ॥ અમે વાસુદેવ ધુર થઇશું, કૂળ ઉત્તમ મ્હારૂં કહીશું ॥ નાચે કૂળમદશું ભરાણો, નિચગોત્ર તિહાં બંધાણો ॥ ૮ ॥ એક દિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે ॥ ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક ॥ ૯ ॥ દેશના સુણી દિક્ષા વાસે, કહે મરિચી લીયો પ્રભુ પાસે ॥ રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દિક્ષા ઉલ્લાસે ॥ ૧૦ ॥ તુમ દરશને ધરમનો વ્હેમ, સુણી ચિંત્તે મરિચી એમ ॥ મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો ॥ ૧૧ ॥ મરિચી કહે ધર્મ ઉભયમાં, લીએ દિક્ષા જોવનવયમાં ॥ એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર ॥ ૧૨ ॥ લાખ ચોરાશી પૂરવ આય, પાળી પંચમે સર્ગ સધાય ॥ દસ સાગર જીવિત ત્હાંહી, શુભ વિર સદા સુખમાંહી ॥ ૧૩ ॥

ઢાળ ૩ જી.

(ચોપાઇની દેશી.)

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ ॥ એંશીલાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી ॥ ૧ ॥ કાળ બહુ ભમિયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર ॥ બહોતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડીક વેષ ધરાય ॥ ૨ ॥ સૌધર્મે મધ્યસ્થિતિયે થયો, આઠમે ચૈત્યો સન્નિવેશે ગયો ॥ અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુ લખ સાઠે મૂઓ ॥ ૩ ॥ મધ્યસ્થિતિયે સુર સર્ગ ઈશાંન, દસમે મંદિરપુર દ્વિજ ઠાણ ॥ લાખ છપ્પન્ન પૂરવાયુરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી ॥ ૪ ॥ ત્રીજે સરગ મધ્યાયુ ધરી, બારમે ભવ શ્વેતાંબીપુરી ॥

પૂરવ લાખ ચુમ્માલીશ આય, ભારદ્વિજ ત્રિદંડીક થાય ॥ ૫ ॥ તેરમે ચોથે સર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી ॥ ચઊદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીશલાખ પૂરવને આય ॥ ૬ ॥ થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સર્ગ મરીને ગયો ॥ સોળમે ભવ કોડ વરસ સમાય, રાજકુમર વિશ્વભૂતિ થાય ॥ ૭ ॥ સંભૂતિમુનિ પાસે અણગાર, દુક્કર તપ કરી વરસ હજાર ॥ માસખમણ પારણુ ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા ॥૮॥ ગાયે હણ્યા મુનિ પડિયા વશા, વિશાખાનંદી પિતરિયો હશા ॥ ગૌશૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી ॥ ૯ ॥ તપ બળથી હોજ્યો બળધણી, કરી નિયાણું મુનિ અણસણી ॥ સત્તરમે મહાશુક્રે સુરા, શ્રી શુભ વિર સત્તર સાગરા ॥ ૧૦ ॥

ઢાળ ૪ થી.

(નદી યમુનાકે તિર, ઉડે દોય પંખિયાં.—એ દેશી.)

અઢારમે ભવે સાત, સુપને સૂચિત સતિ ॥ પોતનપુરીયે પ્રજાપતિ, રાણી મૃગાવતિ ॥ તસ સુત નામે ત્રિપૃષ્ટ, વાસુદેવ નિપન્યા ॥ પાપ ઘણું કરી સાતમી, નરકે ઉપન્યા ॥ ૧ ॥ વિશમે ભવ થઇ સિંહ, ચોથી નરકે ગયા ॥ તિહાંથી ચવી સંસારે, ભવ બહુળા થયા ॥ બાવીશમે નરભવ લહી, પુણ્યદશા વર્યા ॥ ત્રેવીશમે રાજધાની, મૂકાયે સંચર્યા ॥ ૨ ॥ રાય ધનંજય ધારણિ, રાણીયે જનમિયા ॥ લાખ ચોરાશી પૂરવ, આયુ જીવિયા ॥ પ્રિયમિત્ર નામે ચક્રવર્તિ, દિક્ષા લહી ॥ કોડી વરસ ચારિત્રદશા, પાળી સહી ॥ ૭ ॥ મહાશુક્રે થઇ દેવ, ઇણે ભરતે ચવી ॥ છત્રિકા નગરીયે, જિતશત્રુ રાજવી ॥ ભદ્રા માય લખ પચવીશ, વરસ સ્થિતિ ધરી ॥ નંદન નામે પુત્રે, દિક્ષા આચરી ॥ ૪ ॥ અગીયાર લાખને એંશી, હજાર છસ્સે વળી ॥ ઉપર પિસ્તાલીશ, અધિક પણ દિન રૂળી ॥ વિશસ્થાનક માસખમણે, જાવજ્જીવ સાધતા ॥ તિર્થંકર નામકર્મ, તિહાં નિકાચતા ॥ ૫ ॥ લાખ વરસ દિક્ષા, પર્યાય તે પાળતા ॥ છવ્વીશમે ભવ, પ્રાણતકલ્પે દેવતા ॥ સાગર વિશનું જીવિત, સુખભર ભોગવે ॥ શ્રી શુભ વિરજિનેશ્વર, ભવ સુણજો હવે ॥ ૬ ॥

ઢાળ ૫ મી.

(ગજરામારૂજી ચાલ્યા ચાકરી રે.—એ દેશી.)

નયર માહણકુંડમાં વસે રે, મહાઋદ્ધિ ઋષભદત્ત નામ ॥ દેવા-

નંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામં રે ॥ પેટ લીધો પ્રભુ વિસરામ ॥ ૧ ॥ બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય ॥ સિદ્ધારથરાજા ધરે રે, ત્રિસલા કૂખે છટકાય રે ॥ ત્રિસલા૦ ॥ ૨ ॥ નવ માસાંતરે જનમિયા રે, દેવ દેવિયે ઓચ્છવ કીધ ॥ પરણી યશોદા જોવને રે, નામે મહાવિર પ્રસિદ્ધ રે ॥ નામે૦ ॥ ૩ ॥ સંસાર લિલા ભોગવી રે, ત્રીશ વર્ષે દિક્ષા લીધ ॥ બાર વરસે હુઆ કેવળી રે, શિવવહુનું તિલક શિર દીધ રે ॥ શિવ૦ ॥ ૪ ॥ સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર ॥ સંયમ દેઈ શિવ મોકલ્યાં રે, ભગવતિસૂત્રે અધિકાર રે ॥ ભગવતિ૦ ॥ ૫ ॥ ચોત્રિશ અતિશય શોભતા રે, સાથે ચઉદસહસ અણગાર ॥ છત્રીશસહસ તે સાધવિ રે, બીજો દેવ દેવિ પરિવાર રે ॥ બીજો૦ ॥ ૬ ॥ ત્રીસ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ ॥ બ્હોંતેર વરસનું આઉખું રે, દિવાળીયે શિવપદ લીધ રે ॥ દિવાળીયે૦ ॥ ૭ ॥ અગુરૂ લઘુ અવગાહને રે, કીયો સાદીઅનંત નિવાસ ॥ મોહરાયમલ્લ મૂળશું રે, તન મન સુખનો હોય નાશ રે ॥ તન૦ ॥ ૮ ॥ તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ ॥ તો અમને સુખિયા કરો રે, અમે ધરીયે તુમારી આશ રે ॥ અમે૦ ॥ ૯ ॥ અખય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરૂ ઉપદેશ ॥ લાલચ લાગી સાહેબા રે, નવિ ભજીયે કૂમતિનો લેશ રે ॥ નવિ૦ ॥ ૧૦ ॥ મ્હોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ ॥ દ્રવ્યભાવ શત્રુ હણી રે, શુભવિર સદા સુખવાસ રે ॥ શુભ૦ ॥૧૧॥

કળશ.

ઓગણીશ એકે, વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણવરો ॥ મેં થુણ્યો લાયક વિશ્વનાયક, વર્દ્ધમાન જિનેશ્વરો ॥ સંવેગ રંગ તરંગ ઝીલે, જસવિજય સમતા ધરો ॥ શુભવિજય પંડિત ચરણ સેવક, વિરવિજયો જય કરો ॥ ૧૨ ॥ ઇતિ ॥

अथ श्री महावीरस्वामिनां पंचकल्याणकनुं चोढालियुं.

દોહા.

પ્રેમે પ્રણમું સરસતિ, માગું અવિચળ વાણ ॥ વિરતણા ગુણ ગાયશું, પંચકલ્યાણક જાણ ॥ ૧ ॥ ગુણ ગાતાં જિનજીતણા, લહીએ ભવનો પાર ॥ સુખ સમાધિ હોય જીવને, સુણજો સહુ નર નાર ॥૨॥

ઢાળ ૧ લી.

(ચાલો ગરબે રમીયે રૂડા રાગશું જો.—એ દેશી.)

જંબૂદ્વિપના ભરતમાં જો, રૂડૂ માહાણકુંડ છે ગામ જો ॥ ઋષભદત્ત માહણ તિહાં વસેજો, તસ નારી દેવાનંદા નામ જો ॥ ચરિત્ર સુણો જિનજીતણાં જો ॥ ૧ ॥ એ આંકણી ॥ જેમ સમકિત નિર્મળ થાય જો, અષ્ટ મહાસિદ્ધિ સંપજે જો ॥ વળી પાતક દૂર પલાય જો ॥ ચ૦ ॥ ૨ ॥ ઊજળી છઠ્ઠ આષાઢની જો, યોગે ઉત્તરાફાલ્ગુણી સાર જો ॥ પુષ્પોત્તર સુવિમાનથી જો, ચવિ કૂખે લિયો અવતાર જો ॥ ચ૦ ॥ ॥ ૩ ॥ દેવાનંદા તેણી રયણિએ જો, સૂતાં સુપન લહ્યાં દસ ચાર જો ॥ ફળ પૂછે નિજ કંતને જો, કહે ઋષભદત્ત મન ધાર જો ॥ ચ૦ ॥ ૪ ॥ ભોગ અરથ સુખ પામશું જો, તમે લહેશો પુત્ર રતન્ન જો ॥ દેવાનંદા તે સાંભળી જો, કીધું મનમાં તહત્તિ વચન્ન જો ॥ ચ૦ ॥ ૫ ॥ સંસારિક સુખ ભોગવે જો, સુણો અચરિજ હુઆ તિણિવાર જો ॥ સુધર્મઇંદ્ર તિહાં કણે જો, જોઇ અવધિતણે અનુસાર જો ॥ ચ૦ ॥ ૬ ॥ ચરમ જિણેસર ઉપન્યા જો, દેખી હરખ્યો ઇંદ્ર મહારાજ જો ॥ સાત આઠ પગ સામો જઇ જો, એમ વંદન કરે શુભ સાજ જો, ॥ ચ૦ ॥ ॥ ૭ ॥ શક્રસ્તવ વિધિશું કરી જો, ફરી બેઠો સિંહાસન જામ જો ॥ મન વિમાસણમાં પડયું જો, ચિત્ત ચિંતવે સુરપતિ તામ જો ॥ ચ૦ ॥ ॥ ૮ ॥ જિન ચક્રી હરિ રામજી જો, અંત પ્રાંત માહણકૂળે જોય જો ॥ આવ્યા નહીં નહીં આવશે જો, એતો ઉગ્રભોગ રાજકૂળે હોય જો ॥ ચ૦ ॥ ૯ ॥ અંતિમ જિણેસર આવિયા જો, એતો માહણકૂળમાં જેણ જો ॥ એતો અચ્છેરાભૂત છે જો, થયું હુંડાવસર્પિણી તેણ જો ॥ ચ૦ ॥ ૧૦ ॥ કાળ અનંત જાતે થકે જો, એહવાં દસ અચ્છેરાં થાય જો ॥ ઇણ અવસર્પિણીમાં થયાં જો, તે કહીયે જે ચિત્ત લાય જો ॥ ચ૦ ॥ ૧૧ ॥ ગર્ભહરણ ઉપસર્ગનો જો, મૂળ રૂપે આવ્યા રવિ ચંદ જો ॥ નિષ્ફળ દેશના જે થઇ જો, ગયો સૌધર્મે ચમરેંદ્ર જો ॥ ચ૦ ॥ ૧૨ ॥ એ શ્રી વિરની વારમાં જો, કૃષ્ણ અમરકંકા ગયા જાણ જો ॥ નેમિનાથને વારે સહી જો, સ્ત્રી તિર્થ મલ્લિ ગુણખાણ જો ॥ ॥ ચ૦ ॥ ૧૩ ॥ એકસો આઠ સિધ્યા ઋષભને જો, વારેં સુવિધિને અસંયત્તિ જો ॥ શિતળનાથ વારે થયું જો, કૂળ હરિવંશની ઉત્પત્તિ જો ॥ ચ૦ ॥ ૧૪ ॥ એમ વિચાર કરે ઇંદ્રિલો જો, પ્રભુ નિચ કૂળે અવતાર

જો ॥ તેહનું કારણ શું અછે જો, યમ ચિંતવે હૃદય મઝાર જો ॥ ચ-
રિત્ર સુણો જિનજી તણાં જો ॥ ૧૫ ॥

ઢાળ ૨ જી.

આસો માસે શરદ પુનમની રાત જો.—એ દેશી.)

ભવ મ્હોટા કહીએ પ્રભુના સત્તાવીશ જો, મરિચી ત્રિદંડી તે
માંહે ત્રીજે ભવે રે જો ॥ તિહાં ભરત ચક્રિસર વંદે આવી જોય જો,
કૂળનો મદ કરી નિચગોત્ર બાંધ્યું તેહવે રે જો ॥ ૧ ॥ એતો માહણ
કૂળમાં આવ્યા જિનવર દેવ જો, અતિ અણજુગતું એહ થયું થારો
નહીં રે જો ॥ જે જિનવર ચક્રિ આવે નિચ કૂળમાંય જો, છે આચાર
ધરૂં ઉત્તમ કૂળે સહી રે જો ॥ ૨ ॥ એમ ચિંતી તેડયો હરિણગમેષી
દેવ જો, કહે માહણકુંડે જઈને એ કારજ કરો રે જો ॥ છે દેવાનં-
દાની કૂખે ચરમ જિણંદ જો, હર્ષ ધરીને પ્રભુને તિહાંથી સંહરો રે
જો ॥ ૩ ॥ નયર ક્ષત્રિકુંડ રાય સિદ્ધારથ ગેહ જો, ત્રિસલારાણી તેહ-
ની છે રૂપે ભલી રે જો ॥ તસ કૂખે જઇ સંક્રમાવો પ્રભુને આજ
જો, ત્રિસલાનો જે ગર્ભ છે તે માહણકૂળે રે જો ॥ ૪ ॥ જેમ ઈંદ્રે કહ્યું
તેમ કીધું તતક્ષણ તેણ જો, બ્યાશી રાતને આંતરે પ્રભુને સંહર્યા રે
જો ॥ માહણી સુપનાં જાણે ત્રિસલા હરિને લીધ જો, ત્રિસલા દેખી ચૌદ
સુપન મનમાં ધર્યાં રે જો ॥ ૫ ॥ ગજ વૃષભ અને સિંહ લક્ષ્મિ
ફૂલની માળ જો, ચંદા સૂરજ ધ્વજ કુંભ પદ્મસરોવરૂ રે જો ॥ સાગ-
રને દેવવિમાન ને રત્નની રાશિ જો, ચૌદમે સુપને દેખી અગ્નિ મનો-
હરૂ રે જો ॥ ૬ ॥ શુભ સુહણાં દેખી હરખિ ત્રિસલા નાર જો, પર-
ભાતે ઉઠીને પિયુ આગળ કહે રે જો ॥ તે સાંભળી દિલમાં રાય સિ-
દ્ધારથ નેહ જો, સુપનપાઠકને તેડી પૂછે ફળ લહે રે જો ॥ ૭ ॥ તુમ
હોશે રાજ અરથને સુત સુખ ભોગ જો, સુણી ત્રિસલાદેવી સુખે ગ-
ર્ભ પોષણ કરે રે જો ॥ તવ માતા હેતે પ્રભુજી રહ્યા સંલીન જો, તે
જાણીને ત્રિસલા દુ:ખ દિલમાં ધરે રે જો ॥ ૮ ॥ મેં કીધાં પાપજ ઘોર
ભવોભવ જેહ જો, દૈવ અટારો દોષી દેખિ નવિ શકે રે જો ॥
મુજ ગર્ભ હર્યો જે કિમ પામું હવે તેહ જો, રાંકતણે ઘર રત્નચિંતા-
મણિ કિમ ટકે રે જો ॥ ૯ ॥ પ્રભુજીએ જાણી તતક્ષણ દુ:ખની વાત
જો, મોહ વિટંબન જાલિન જગમાં જે લહું રે જો ॥ જૂઓ દિઠાવિણ
પણ એવડો જાગે મોહ જો, નજરે બાંધ્યા પ્રેમનું કારણ શું કહું રે જો

॥ ૧૦ ॥ પ્રભુ ગર્ભથકી હુવે અભિગ્રહ લીધો એહ જો, માત પિતા જીવતાં સંયમ લેશું નહીં રે જો ॥ એમ કરૂણા આપણી તુરત હલાવ્યું અંગ જો, માતાને મન ઉપન્યો હર્ષ ઘણો સહી રે જો ॥ ૧૧ ॥ અહો ભાગ્ય અમારૂં જાગ્યું સહિયર આજ જો, ગર્ભ અમારો હાલ્યો સહુ ચિંત્તા ગઇ રે જો ॥ એમ સુખભર રહેતાં પૂર્ણ હુવા નવ માસ જો, તે ઉપર વળી સાડીસાત રયણિ થઈ રે જો ॥ ૧૨ ॥ તવ ચૈત્ર તણી શુદિ તેરશ ઉત્તરા જોગ જો, જનમ્યા શ્રી જિન વિર હુઇ વધામણી રે જો ॥ સહુ ધરણી વિકસી જગમાં થયો પ્રકાશ જો, સુર નરપતિ ઘર વૃષ્ટિ કરે સોવનતણી રે જો ॥ ૧૩ ॥

ઢાળ ૩ જી.

(મ્હારી સહી રે સમાણી.—એ દેશી.)

જનમ સમય શ્રી વિરનો જાણી, આવી છપ્પનકુમારી રે ॥ જગજીવન જિનજી ॥ જનમ મહોત્સવ કરી ગીતજી ગાયે, પ્રભુજીને જાઉ બલિહારી રે ॥ જ૦ ॥ ॥ ૧ ॥ તતક્ષણ ઈંદ્ર સિંહાસન હાલ્યું, ઘોષ ઘંટા વજડાવી રે ॥ જ૦ ॥ મળિયા કોડિ સુરાસુર દેવા, મેરૂપર્વતે આવી રે ॥ જ૦ ॥ ૨ ॥ ઈંદ્રો પંચરૂપે પ્રભુજીને, સુરગિરિ ઉપર લાવેરે ॥ જ૦ ॥ યત્ન કરી હિયડામાં રાખે, પ્રભુને શિશ નમાવે રે ॥ જ૦ ॥ ૩ ॥ એક કોડી સાઠલાખ કળશલા, નિર્મળ નિરે ભરિયા રે ॥ જ૦ ॥ ન્હાનો બાળક એ કિમ સહસે, ઈંદ્રે સંશય ધરિયા રે ॥ જ૦ ॥ ॥ ૪ ॥ અતૂલબળિ જિન અવધે જોઇ, મેરૂ અગૂઠે ચાંપ્યો રે ॥ જ૦ ॥ પૃથ્વિ હાલ કહલોલ થઈ તવ, ધરણિધર તિહાં કંપ્યો રે ॥ જ૦ ॥ ॥ ૫ ॥ જિનનું બળ દેખીને સુરપતિ, ભક્તિ કરીને ખમાવે રે ॥ જ૦ ॥ ચાર વૃષભનાં રૂપ ધરીને, જિંનવરને ન્હવરાવે રે ॥ જ૦ ॥ ૬ ॥ અમૃત અંગૂઠે થાપીને, માતા પાસે મેલે રે ॥ જ૦ ॥ દેવ સહુ નંદિસર જાએ, આવતાં પાતક ઠેલે રે ॥ જ૦ ॥ ૭ ॥ હવે પ્રભાતે સિદ્ધારથરાજા, અતિ ઘણા ઓચ્છવ મંડાવે રે ॥ જ૦ ॥ ચકલે ચકલે નાચ કરાવે, જગતનાં દાણ છંડાવે રે ॥ જ૦ ॥ ૮ ॥ બારમે દિવસે સજ્જન સંતોષી, નામ દીધું વર્દ્ધમાન રે ॥ જ૦ ॥ અનુક્રમે વધતા આઠ વરસના, હુઆ શ્રી ભગવાન રે ॥ જ૦ ॥ ૯ ॥ એક દિન પ્રભુજી રમવા ચાલ્યા, તેવ તેવડા સંઘાતી રે ॥ જ૦ ॥ ઈંદ્ર મુખે પરશંસા નિસુણી, આવ્યો સુર મિથ્યાતી રે ॥ જ૦ ॥ ૧૦ ॥ પન્નગરૂપે ઝાડ

વળગ્યો, પ્રભુજીએ નાંખ્યો ઝાલી રે ॥ જ૦ ॥ તાડ સમાન વળી રૂપ કીધું, મૂઠીએ નાંખ્યો ઉછાળી રે ॥ જ૦ ॥ ૧૧ ॥ ચરણે નમીને ખમાવે તે સુર, નામ ધરે મહાવિર રે ॥ જ૦ ॥ જેહવા તુમને ઈંદ્રે વખાણ્યા, તેહવા છો પ્રભુ ધિર રે ॥ જ૦ ॥ ૧૨ ॥ માત પિતા નિશાળે ભણવા, મૂકે બાળક જાણી રે ॥ જ૦ ॥ ઇંદ્રિ આવી તિહાં પ્રશ્નજ પૂછે, પ્રભુ કહે અર્થ વખાણી રે ॥ જ૦ ॥ ૧૩ ॥ જોવનવય જાણી પ્રભુ પરણ્યા, નારી જશોદા નામે રે ॥ જ૦ ॥ અઠ્ઠાવીશે વરષે પ્રભુનાં, માત પિતા સ્વર્ગ પામે રે ॥ જ૦ ॥ ૧૪ ॥ ભાઈતણો અતિ આગ્રહ જાણી, દોય વરસ ઘરવાસી રે ॥ જ૦ ॥ તેહવે લોકાંતિક સુર બોલે, પ્રભુ કહો ધર્મ પ્રકાશી રે ॥ જ૦ ॥ ૧૫ ॥

ઢાળ ૪ થી.

(થારે માથે પચરંગી પાઘ, સોનારો છોગલો મારુજી.—એ દેશી.)

પ્રભુ આપી વરસિદાન, ભલું રવિ ઉગતે ॥ જિનવરજી ॥ એક કોડીને આઠ લાખ, સોનૈયા દિન પ્રતે ॥ જિ૦ ॥ માગસર વદિ દશામી, ઉત્તરાયોગે મન ધરી ॥ જિ૦ ॥ ભાઇની અનુમતિ માગીને દિક્ષા વરી ॥ જિ૦ ॥ ૧ ॥ તેહ દિવસથકી પ્રભુ ચઉનાણી થયા ॥ જિ૦ ॥ સાધિક એક વરસ તે ચિવરધારી રહ્યા ॥ જિ૦ ॥ પછે દીધું બંભણને બે વાર ખંડાખંડ કરી ॥ જિ૦ ॥ પ્રભુ વિહાર કરે એકાકી અભિગ્રહ ચિત્ત ધરી ॥ જિ૦ ॥ ૨ ॥ સાડાબાર વર્ષમાં ઘોર પરિસહ જે સહ્યા ॥ જિ૦ ॥ શૂળપાણિને સંગમ દેવ ગોશાળાના કહ્યા ॥ જિ૦ ॥ ચંડકોશીને ગોવાળે ખિર રાંધી પગ ઉપરે ॥ જિ૦ ॥ કાને ખિલા ખોરયા તે દુષ્ટ સહુ પ્રભુ ઉદ્ધરે ॥ જિ૦ ॥ ૩ ॥ લેઈ અડદના બાકુળા ચંદનબાળા તારિયાં ॥ જિ૦ ॥ પ્રભુ પરઉપગારી સુખ દુઃખ સમ ધારિયા ॥ જિ૦ ॥ છમાસી બે ને નવ ચોમાસી કહીએ રે ॥ જિ૦ ॥ અઢીમાસ ત્રિમાસ દોઢમાસ એ બે બે લહીએ રે ॥ જિ૦ ॥ ॥ ૪ ॥ ષટ્ કીધા બે બે માસ પ્રભુ સોહામણા ॥ જિ૦ ॥ બાર માસને પખ બ્હોંતેર તે રળિયામણા ॥ જિ૦ ॥ છઠ્ઠ બસેં ઓગણત્રીશ બાર અઠ્ઠમ વખાણીયે ॥ જિન૦ ॥ ભદ્રાદિક પ્રતિમા દિન બે ચૌદશ જાણીયે ॥ જિ૦ ॥ ૫ ॥ સાડાબાર વરષે તપ કીધા વિણ પાણીયે ॥ જિ૦ ॥ ૬ ॥ પારણાં ત્રણસેં ઓગણપચાશ તે જાણીયે ॥ જિ૦ ॥ તવ કર્મ ખપાવી ધ્યાન શુક્લ મન ધ્યાવતા ॥ જિ૦ ॥ વૈશાખ શુદિ દશમી ઉત્તરાજોગે

સોહાવતા ॥ જિ૦ ॥ ૬ ॥ શાળિવૃક્ષ તળે પ્રભુ પામ્યા કેવળનાણુ રે ॥ જિ૦ ॥ લોકાલોકતણા પરકાશી થયા પ્રભુ જાણુ રે ॥ જિ૦ ॥ ઈંદ્રભૂતિ પ્રમુખ પ્રતિબોધી ગણધર કીધ રે ॥ જિ૦ ॥ સંઘ થાપના કરીને ધર્મની દેશના દીધ રે ॥ જિ૦ ॥ ૭ ॥ ચૌદસહસ ભલા અણગાર પ્રભુને શોભતા ॥ જિ૦ ॥ વળી સાધવિ સહસછત્રીશ કહી નિર્લોભતા ॥ જિ૦ ॥ ઓગણસાઠ સહસ એકલાખ તે શ્રાવક સંપદા ॥ જિ૦ ॥ તિન લાખને સહસ અઢાર તે શ્રાવિકા સંમુદા ॥ જિ૦ ॥ ૮ ॥ ચૌદપૂરવધારી ત્રણશેં સંખ્યા જાણીયે ॥ જિ૦ ॥ તેરશેં ઉહિનાણી સાતશેં કેવળી વખાણીયે ॥ જિ૦ ॥ લબ્ધિધારી સાતશેં વિપુલમતિ વળી પાંચશેં ॥ જિ૦ ॥ વળી ચારશેં વાદી તે પ્રભુજી પાસે વસે ॥ જિ૦ ॥ ૯ ॥ શિષ્ય સાતશેં ને વળી ચૌદશેં સાધવિ સિદ્ધ થયાં ॥ જિ૦ ॥ એ પ્રભુજીનો પરિવાર કહેતાં મન ગહગહ્યાં ॥ જિ૦ ॥ પ્રભુજીએ ત્રીસ વરસ ઘરવાસે ભોગવ્યાં ॥ જિ૦ ॥ છદ્મસ્થપણામાં બાર વરસ તે જોગવ્યાં ॥ જિ૦ ॥ ૧૦ ॥ ત્રીશ વરસ કેવળ બેતાલીશ વરસ સંયમપણું ॥ જિ૦ ॥ સંપૂર્ણ બહોતેર વરસ આયુ શ્રી વિરતણું ॥ જિ૦ ॥ દિવાળી દિવસે સ્વાતિનક્ષત્ર સોહંકરૂ ॥ જિ૦ ॥ મધ્યરાતે મુગતિ પહોત્યા પ્રભુજી મનોહરૂ ॥ જિ૦ ॥ ૧૧ ॥ એ પાંચકલ્યાણકા ચોવિશમા જિનવરજીતણાં ॥ જિ૦ ॥ તે ભણતાં ગણતાં હરખ હોયે મનમાં ઘણા ॥ જિ૦ ॥ જિનશાસન નાયક ત્રિસલાસુત ચિત્ત રંજણો ॥ જિન૦ ॥ ભવિયણને શિવસુખકારી ભવ ભય ભંજણો ॥ જિ૦ ॥ ૧૨ ॥

॥ કળશ ॥ જય વિર જિનવર, સંઘ સુખકર, થુણ્યો અતિ ઉત્સુક ધરી ॥ સંવત સત્તર એકાશીયે, સુરત ચોમાસુ કરી ॥ શ્રી સહજસુંદરતણો શેવક, ભક્તિશું એણીપરે કહે ॥ પ્રભુજીશું પૂરણ પ્રેમ પામ્યો, નિત્યલાભ વંછિત લહે ॥ ૧૪ ॥ ઇતિ ॥

अथ श्री महाविरस्वामिनुं चोढालियुं.

ઢાળ ૧ લી.

સિદ્ધારથ કૂળે તું ઉપન્યો, ત્રિસલાદે થારી માત જી ॥ વરશીદાન દેઈ કરી, સંયમ લીધો જગનાથ જી ॥ થેં મન મોહ્યું મહાવિર જી ॥ ૧ ॥ કંચનવરણી છે કાય જી ॥ નયણ ન ધ્રાપે જી નિરખતાં,

હિઠે આવે છે દાય જી ॥ થેં મન૦ ॥ ૨ ॥ આપ એકિલા સંયમ આદર્યો, ઉપન્યો ચોથો રે જ્ઞાન જી ॥ ઉત્કૃષ્ટ તપ થેં આદર્યો, ધરતા નિર્મળ ધ્યાન જી ॥ થેં મન૦ ॥ ૩ ॥ ઉગ્રવિહાર થેં આદર્યો, કેઇ વાસ રહ્યા વનવાસ જી ॥ કેઇ વાસા વસ્તિયે રહ્યા, ન રહ્યા એક ઠામે ચોમાસ જી ॥ થેં મન૦ ॥ ૪ ॥ પ્રભુ પહેલો ચોમાસો થેં કિયો, અઠ્ઠીગામ મોઝાર જી ॥ દૂજો વાણિજગામમેં, પંચ ચંપા સુખકાર જી ॥ થેં મન૦ ॥ ૫ ॥ પંચ પૃષ્ટચંપા કર્યાં, વિશાળનગરીમાં તીન જી ॥ રાજગૃહિમાં ચાદે કર્યાં, નાલંદપાડે લયલીન જી ॥ થેં મન૦ ॥ ૬ ॥ છ ચોમાસાં મિથિલા કર્યાં, ભદ્રિકાનગરીમાં દોય જી ॥ એક કર્યો રે આલંભિયા, સાવત્થિનગરી એક હોય જી ॥ થેં મન૦ ॥ ૭ ॥ એક અનારજ દેશમાં, અપાપાનગરી એક જાણ જી ॥ એક કર્યો પાવાપૂરિમેં, જહે પહોત્યા નિરવાણ જી ॥ થેં મન૦ ॥ ૮ ॥ હસ્તિપાળ રાજા ઇમ વિનવે, હું તુમ ચરણાંરો દાસ જી ॥ એક શાળા મ્હારે સૂઝતી, આપ કરોને ચોમાસ જી ॥ થેં મન૦ ॥ ૯ ॥ ચાળીસ ચોમાસાં શેહેરમાં, દાખ્યાં દેશ નગરનાં નામ જી ॥ એક અનારજ દેશમાં, એક ચોમાસુ વળિ ગામ જી ॥ થેં મન૦ ॥ ૧૦ ॥ પ્રભુ ગામ નગર પૂર વિચરિયા, ભવ્ય જીવાંરાં ભાગ્ય જી ॥ મારગ બતાયો મોક્ષનો, કિયો ઉપગાર અથાગ જી ॥ થેં મન૦ ॥ ૧૧ ॥ સાડાબાર વરસાં લગે, ઉપર આધો રે માસ જી ॥ છદ્મસ્થ રહ્યા પ્રભુ એટલું, પછી કર્યો કેવળ જ્ઞાન પ્રકાશ જી ॥ થેં મન૦ ॥ ૧૨ ॥ વર્ષ બયાળીશ પાળિયો, સંયમ સાહસ ધીર જી ॥ ત્રિશ વરસ ઘરમાં રહ્યા, મોક્ષદાયક મહાવીર જી ॥ થેં મન૦ ॥૧૩॥ પાવાપુરીમાં પધારિયા, નર નારી હુઆ ઉલ્લાસ જી ॥ ઋષિ રાયચંદજી ઈમ વિનવે, હું આયો પ્રભુજીને પાસ જી ॥ થેં મન૦ ॥ ૧૪ ॥ સંવત અઠારે ગુણચાલીશમેં, નાગોરશેહેર ચોમાસ જી ॥ પૂજ્ય જેમલજી પ્રસાદથી, એહ કરી અરદાસજી ॥ થેં મન૦ ॥ ૧૫ ॥

ઢાળ ૨ જી.

શાસન નાયક વિરજિણંદ, તિરથનાથ જાણે પૂનમચંદ ॥ ચરણે લાગે જયારે ચોશઠ ઈંદ્રિ, સેવા કરે જયારી સુરનર વૃંદ ॥ થેં અબકો ચોમાંસો સ્વામિજી અઠે કરો જી, થેં પાવાપુરિસેં પગ આધો મતિ ધરો જી ॥ અઠે કરો, અઠે કરો અઠો કરો જી, થેં ચરમ ચોમાસો સ્વામિજી અઠે કરો જી ॥ ૧ ॥ એ આંકણી ॥ હસ્તિપાળરાજા વિન-

વે કર જોડ, પૂરો પ્રભુજી મ્હારા મનના હો કોડ ॥ શિશ નમાય ઉ-ભો જોડી હાથ, કરુણાસાગર વાંજો કૃપાજી નાથ ॥ થેં અબકો૦ ॥ ૨ ॥ રાયની રાણી વિનવે રાજલોક, પુણ્ય જોગે મળ્યો સેવાનો સંજોગ ॥ મનવંછિત સહુ મળિયાંજી કાજ, થેં મયા કરી મુજ સામું જુઓ જિ-નરાજ ॥ થેં અબકો૦ ॥ ૩ ॥ શ્રાવક શ્રાવિકા કઈ નર નાર, મળી મળી વિનતી કરે વારંવાર ॥ પાવાપૂરીમાં પધાર્યા વિતરાગ, પ્રગટી પુણ્યાઈ મ્હારાં મ્હોટાં જી ભાગ્ય ॥ થેં અબકો૦ ॥ ૪ ॥ વળિ હસ્તિ-પાળરાજા વિનવે ભૂપાળ, પ્રભુજી થેં છો દિનદયાળ ॥ સૂઝતી એક મ્હારે મ્હોટી છે શાળ, હવે લાગી ગયો છે વરષા જી કાળ ॥ થેં અ-બકો૦ ॥ ૫ ॥ માની વિનતી પ્રભુ રહ્યા ચોમાસ, પાવાપૂરિમાં હુઓ હરખ ઉલ્લાસ ॥ ગૌતમ ગણધર ગુરાંજીને પાસ, નિશિ દિન જ્ઞાનનો કરે જી અભ્યાસ ॥ થેં અભકો૦ ॥ ૬ ॥ સાધુ અનેક રહ્યા કર જોડ, સેવા કરે સદા હોડાજી હોડ ॥ ચૌદહહજાર ચેલા રત્નારી માળ, દિક્ષા લીધી છોડી માયા જંજાળ ॥ થેં અબકો૦ ॥ ૭ ॥ વડી ચેલી ચંદનબાળ જી જાણ, હુઇ કુમારિ મહાસતિ ચતુર સુજાણ ॥ મોતીની માળા છત્રીશ હજાર, સઘળીમેં વડી સાંધવિ એ શિરદાર ॥ થેં અંબકો૦ ॥ ૮ ॥ ચારૂઈ સંઘ સેવા નિત્ય કરે, પ્રભુજીને દેખિ દેખિ એંખીયાં ઠરે ॥ નવમલ્લિને નવલચ્છિ જી રાય, જયારાં દર્શન કેરી ચિત્તમેં ચાય ॥ થેં અબકો૦ ॥ ૯ ॥ સંઘ સઘળા રે હુઇ મન રંગ રળી, પુણ્ય યોગે પ્ર-ભુજીની સેવા મળી ॥ ઋષિ રાયચંદજી વિનવે જોડી હાથ, થેં કરૂણા-સાગર વાંજો કૃપા જી નાથ ॥ થેં અબકો૦ ॥ ૧૦ ॥ શેહેર નાગોરમેં કિયો જી ચોમાસ, પ્રભુજી દેજ્યો મુને મુગતિનો વાસ ॥ હું સેવક તુમે સાહિબ સ્વામ, મ્હારે અવર દેવાશું નહિ કોઈ કામ ॥ થેં અબકો ચોમાસો સ્વામિજી અઠે કરો જી ॥ ૧૨ ॥

ઢાળ ૩ જી.

શાસનનાયક શ્રી મહાવિર, તિરથનાથ ત્રિભુવન ધણી ॥ પાવા-પુરિમેં કીયો ચરમ ચોમાસ, હુઇ મોક્ષદાયકરી મહિમા ઘણી ॥ ગૌત-મને મેલ દિયો મહાવિર, દેવશર્માને પ્રતિબોધવા ॥ ૧ ॥ ઉત્તરાધ્યયન-નાં અધ્યયન છત્રીશ, કાતક વદિ અમાવાસ્યે કહ્યાં ॥ એકશોને વળિ દશ અધ્યયન, સૂત્ર વિપાકતણાં લહ્યાં ॥ ગૌતમને૦ ॥ ૨ ॥ પોસા કી-ધા શ્રી વિરજીને પાસ, દેશ અઢારના રાજીયા ॥ નવમલ્લિને નવલચ્છિ

જી રાય, વિરના ભગતા વાજીયા ॥ ગૌતમને૦ ॥ ૩ ॥ પ્રભુ સાશનના શિરદાર, સંર્વ સંઘને સંતોષને ॥ સોળ પહોર લગે દેશના દીધ, પછી ફિર બિરાજ્યા મોક્ષમેં ॥ ગૌતમને૦ ॥ ૪ ॥ તિન વરસને સાડાઆઠ માસ, ચોથા આરાના બાકી રહ્યી ॥ દિન દોયતણો સંથાર, *મૌન રહી મુગતે ગયા ॥ ગૌતમને૦ ॥ ૫ ॥ ઇંદ્ર આવ્યા જી ચિત્ત ઉદાસ, દેવ દેવિના સાથમેં ॥ જાણે ઝગમગ લગરહી જ્યોત, અમાવાસ્યાની રાતમેં ॥ ગૌતમને૦ ॥ ૬ ॥ મુગતિ પહોત્યા એકાએક, સાતમે હુવા જ્યારે કેવળી ॥ ચોદસેં સાધ્રવિયાં હુઇ સિદ્ધ, હું સહુને વાંદુ મન રળી ॥ ગૌતમને૦ ॥ ૭ ॥ રહ્યા ત્રિશ વરસ ઘરમાંય, વર્ષ બયાળિ સંયમ પાળીયો ॥ પ્રભુ જગતારણ જગદિશ, દયામારગ અજુવાળીયો ॥ ગૌતમને૦ ॥ ૮ ॥ હોજી દેવ દેવિને વળી ઇંદ્ર, નિર્વાણતણો મહોચ્છવ કિયો ॥ અરિહંતનો પડિયો વિજોગ, સુર નરનો ભરિયો હિયો ॥ ગૌતમને૦ ॥ ૯ ॥ સાધુ સાધવિ કરતા શોક, શ્રાવક શ્રાવિકા પણ ઘણો ॥ ભરતક્ષેત્રમાં પડિયો વિજોગ, આજ પછી અરિહંતતણો ॥ ગૌતમને૦॥ ॥ ૧૦ ॥ પછી બેઠા સુધર્મસ્વામિ પાટ, ચારૂઇ સંઘ ચરણ સેવતા ॥ જયારી પાળતા અખંડિત આણ, સેવા કરે દેવિને દેવતા ॥ ગૌતમને૦ ॥ ૧૧ ॥ મુગતે પહોત્યા શ્રી મહાવિર, પ્રભુ સુખ પામ્યા છે શાશ્વતાં ॥ ઋષિ રાયચંદજી કહે એમ, મ્હારે અરિહંત વચનની આસતા ॥ ગૌતમને૦ ॥ ૧૨ ॥

ઢાળ ૪ થી.

શ્રી મહાવિર પહોત્યા નિર્વાણી, ગૌતમસ્વામિએ વાતજ જાણી ॥ ગૂરાંજી થેં મન ગોડે ન રાખ્યો ॥ ૧ ॥ એ આંકણી ॥ મુગતિ જાવણરો નામ ન દાખ્યો ॥ ગૂરાંજી૦ ॥ ૨ ॥ હું સઘળા પહેલો હુઓ થારો ચેલો, ઇણ અવસર આઘો કિમ મેલ્યો ॥ ગૂરાંજી૦ ॥ ૩ ॥ પ્રભુ તુમ ચરણે મ્હારો ચિત્ત લાગ્યો, પણ થેં મુને મેલ દિયો આગો ॥ ગૂરાંજી૦ ॥ ૪ ॥ મુને દરશન આપરો લાગતો પ્યારો, આપ પહોત્યા નિર્વાણ મુને મેલ ન્યારો ॥ ગૂરાંજી૦ ॥ ૫ ॥ આપે તો મુજશું અંતર રાખ્યો, પિણ મેં મ્હારા મનરો દરદ ન દાખ્યો ॥ ગૂરાંજી૦ ॥ ૬ ॥ હું આડો માંડીને ન ઝાલત પલ્લો, પણ સાહિબ કામ કિયો તુમે ભલ્લો ॥ ગૂરાંજી૦ ॥ ૭ ॥ હું તુમને અંતરાય ન દેતો, મુગતિમેં જગ્યા

* (પાઠાંતરે) મૌન રહી.

વહેંચી ન લેતો ॥ ગૂરાંજી૦ ॥ ૮ ॥ હું સંકડાઈ ન કરતો કાંઇ, આપ.સાથે હું મોક્ષમેં આઈ ॥ ગૂરાંજી૦ ॥ ૯ ॥ અબ હું પૂછા કરશું કિણ આગેં, પ્રભુ મ્હારો મન એક થાશુંજ લાગે ॥ ગૂરાંજી૦ ॥ ૧૦ ॥ મારો સાંસો કહો કુણ ટાળે, આપવિના પાખંડિના મદ કુણ ટાળે ॥ ગૂરાંજી૦ ॥ ૧૧ ॥ હું તો ચૌદપૂરવ ને ચૌનાણી, પણ મોહની કર્મે લપેટયો આણી ॥ ગૂરાંજી૦ ॥ ૧૨ ॥ ઈશા ગૌતમસ્વામિયે કિયા વિલપાત, એ મોહનીકર્મની અચરિજ વાત ॥ ગૂરાંજી૦ ॥ ૧૩ ॥ હુવે મોહનીકર્મ દૂરે ટાળી, ગૌતમસ્વામિયે સુરતિ સંભાળી ॥ વિતરાગ રાગ દ્વેષશું વિત્યા ॥ ૧૪ ॥ એ આંકણી ॥ માહરા ચિત્તમાં આઇ ગઇ ચિત્તા ॥ વિતરાગ૦ ॥ ૧૫ ॥ તિણિ વેળા નિર્મળ ધ્યાનજ ધ્યાયો, કેવળજ્ઞાન ગૌતમસ્વામિયે પાયો ॥ વિતરાગ૦ ॥ ૧૬ ॥ બાર વરસ રહ્યા કેવળજ્ઞાની, વાત જાશું કાંઇ નવિ રહી છાની ॥ વિતરાગ૦ ॥ ૧૭ ॥ ગૌતમે પણ કિયો મુગતિમેં વાસો, સંસારનો સર્વ દેખે તમાસો ॥ વિતરાગ૦ ॥ ૧૮ ॥ જેણિ રાતે મુગતિ ગયા વર્દ્ધમાન, ઈંદ્રિભૂતિને ઉપન્યું કેવળજ્ઞાન ॥ વિતરાગ૦ ॥ ૧૯ ॥ તિણ દિનથી એ વાજી દિવાળી, મ્હોટો દિન એ મંગળમાળી ॥ વિતરાગ૦ ॥ ૨૦ ॥ રાત દિવાળીનો શિયળ થેં પાળો, વળિ રાત્રિભોજન કરવો ટાળો ॥ વિતરાગ૦ ॥ ૨૧ ॥ ઋષિ રાયચંદ કહે સુણો હો સુજ્ઞાની, દયારૂપ દિવાળી થેં લેજ્યો માની ॥ વિતરાગ૦ ॥ ૨૨ ॥

॥ કળશ ॥ શ્રી શાસનનાયક મુગતિદાયક, દયામારગ અજુવાળિયો ॥ શ્રી ગૌતમસ્વામિ મુગતિગામી, કિયો ચિત્ત વલ્લભ ચોઢાળિયો ॥ ૨૩ ॥ સંવત અઢારે ગુણચાળીશે, નાગોર ચોમાસુ નિર્મળ મને ॥ પૂજ્ય જેમલજી પ્રસાદે, સંપૂર્ણ કિયો દિવાળી દિને ॥ ૨૪ ॥

અથ શ્રી ઇલાચીકુમરનું ઢાલિયું.

દોહા.

માત મયા કરો સરસતિ, આપો અવિચળ વાણિ ॥ નિજ ગુરુ ચરણ નમું સદા, આણંદ હિત ચિત આણિ ॥ ૧ ॥ દાન શિયળ તપ ભાવના, ધર્મના ચાર પ્રકાર ॥ તે માંહી શિર સેહરો, ભાવ વડો સંસાર ॥ ૨ ॥ ચારે જીવ તર્યા અછે, ભાવ થકી કહું તેહ ॥ એલાચી ગુણ ગાવતાં, પામીજે શિવગેહ ॥ ૩ ॥

ઢાળ ૧ લી.

(કિસકે ચેલે કિસકે પૂત.—એ દેશી.)

જંબૂદ્વિપના ભરતમાં જાણ, એલાવર્દ્ધનપુર સોહે વખાણ ॥ ભ-
વિ સાંભળો ॥ એ આંકણી ॥ વસે વ્યવહારી અભ્યાસી નામ, તસ
ઘર ભારજાઃધારણિ નામ ॥ ભ૦ ॥ ૧ ॥ તસ સુત એલાચી ગુણવંત,
ભણી ગણી જોવન ઉલસંત ॥ ભ૦ ॥ એક દિન આવ્યા ચણપુરમાંહ,
નાટકીયા ધરી હરખ ઉચ્છાહ ॥ ભ૦ ॥ ૨ ॥ નાટક માંડયો ઢોલ વા-
જંત, લોક મળ્યા જોવાને ખંત ॥ ભ૦ ॥ ઈણ અવસર એલાચીકુ-
માર, નાટક જોવા આવ્યો ઉદાર ॥ ભ૦ ॥ ૩ ॥ નાટકણીનું નાટક પે-
ખ, એલાચી ઉપન્યો રાગ વિશેષ ॥ ભ૦ ॥ નાટકીયાની પુત્રી અનૂપ,
રૂપે રંભા જાણે દેવ સરુપ ॥ ભ૦ ॥ ૪ ॥ ઇંદ્રાણિ સમ એ આકાર,
કે અપસરા ઉર્વસી નાર ॥ ભ૦ ॥ રૂપ સંપદા ચતુરાઈ દેખ, એલા-
કુમર લલચાણો વિશેષ ॥ ભ૦ ॥ ૫ ॥ જો મુજ હોવે એ ઘર નાર,
સફળ હુવે તો એ અવતાર ॥ ભ૦ ॥ નાટકણીશું લોભાણાં નેણ,
વિંધાણો વળી સાંભળી વેણ ॥ ભ૦ ॥ ૬ ॥ તૃપ્તિ ન પામે દેખી રૂપ,
ફરિ ફરિ જોવે અનંગ અનૂપ ॥ ભ૦ ॥ સ્નેહ બંધાણો છે મ્હોટો
વિકાર, નવિ મૂકાએ તેહ લગાર ॥ ભ૦ ॥ ૭ ॥ નાટક જોઈ વળીયા
સહુ તેહ, જિમ તિમ મિત્ર તેડી આવ્યો નિજ ગેહ ॥ ભ૦ ॥ આમણ
દૂમણો જઈ ઘરમાંહ, તૂટે ખાટલે સૂતો તે ત્યાંહ ॥ ભ૦ ॥ ૮ ॥
ભોજનવેળા તાત તેવાર, જાઇ ઉઠાડયો એલાકુમાર ॥ ભ૦ ॥ શું છે
પુત્ર કિમ થયો દિલગીર, લજ્જા મૂકી કહે તાતને ધીર ॥ ભ૦ ॥ ૯ ॥
પરણાવો પુત્રી નટની ઉચ્છાહ, તો અન્ન પાણી લેવું ઘરમાંહ ॥ ભ૦ ॥
અઘટિત કિમ કરો પુત્રજી વાત, પરણાવું ઉત્તમકૂળની સાત ॥ ભ૦ ॥
॥ ૧૦ ॥ પણ નવિ કરૂં હું એવી અનિત, કૂળ મરજાદા ન મૂકું રીત
॥ ભ૦ ॥ ફરી નવિ બોલ્યો એલાકુમાર, છાના તેડયા નાટકિયા તિવાર
॥ ભ૦ ॥ ૧૧ ॥ પુત્રી પરણાવો તુમે મુજ એહ, તો ધન આપું
અસંખ્ય અછેહ ॥ ભ૦ ॥ કહે નાયક સુણો શેઠ સુજાણ, પુત્રી ન લા-
વ્યો વેચવા આણ ॥ ભ૦ ॥ ૧૨ ॥ એ અમ પુત્રી અક્ષય નિધાન,
ધરતીમાં પામીએ એહથી માન ॥ ભ૦ ॥ જો પરણાવું તુમને આજ,
તો અમ કૂળમાં લાગે છે લાજ ॥ ભ૦ ॥ ૧૩ ॥ મુજ પુત્રી વિટલે
તુમ સંગ, એહવી વાત ન કીજે મનરંગ ॥ ભ૦ ॥ સાહસિક કાયર

ન મળે મેળ, ભાત કૂભાત કિમ થાયે ભેળ ॥ ભ૦ ॥ ૧૪ ॥ સાહસિક કહીએ અમચી જાત, તમે વણિક છો ગરિબ નિવાજ ॥ ભ૦ ॥ અમે અમારી નાતમાં એહ, પરણાવશું પુત્રી ગુણગેહ ॥ ભ૦ ॥ ૧૫ ॥ કૂળ રીતે નર ચાલે જેહ, તો જગ જશ બહુ પામે તેહ ॥ ભ૦ ॥ નાટકિયાની સુણી એહવી વાણ, ફરી બોલ્યો એલાકુમાર સુજાણ ॥ ભ૦ ॥ ૧૬ ॥ કોઇ પ્રકારે તુમ પુત્રી એહ, પરણાવો મુજને અધિક સનેહ ॥ ભ૦ ॥ પહેલી ઢાળ એ રંગ રસાળ, માલમુનિ કહે થઇ ઉજમાળ ॥ ભવિ સાંભળો ॥ ૧૭ ॥

દોહા.

નાટકિયો કહે કુમરને, જો અમ પુત્રી આશ ॥ અમ સાથે ચાલો તુમે, નાટક કળા અભ્યાસ ॥ ૧ ॥ નાટક દેખાડી તુમે, રિઝવો કોઇ રાજાન ॥ તેહનું દાન લેઇ કરી, પોખો નાતને માન ॥ ૨ ॥ તો પુત્રી પરણાવીએ, તુમે થાઓ ભરતાર ॥ સંસારિક સુખ ભોગવો, સફળ કરો અવતાર ॥ ૩ ॥

ઢાળ ૨ જી.

(કપૂર હોવે અતિ ઉજળો રે.—એ દેશી.)

કરમવશે જો જીવને રે, બુદ્ધિ પણ ઉપજે તેહ ॥ વિષય વિકારને કારણે રે, મૂકયા માય તાયને ગેહ રે ॥ પ્રાણિ, જૂઓ જૂઓ કર્મની વાત ॥ ૧ ॥ છાનો નિશાએ નિકળ્યો રે, જઈ ભળ્યો ટોળામાંહ ॥ કૂળની લાજ મૂકી કરી રે, થયો નાટકિયો ઉચ્છાહ રે ॥ પ્રાણિ૦ ॥ ॥ ૨ ॥ કૂળ છોડી નિચ કૂળ ગ્રહ્યો રે, કાચ પહેરી થયો સાથ ॥ વાંસ ટોપલામાં કૂકડા રે, લેઈ ચાલ્યો બકરાં હાથ રે ॥ પ્રાણિ૦ ॥ ૩ ॥ પાછળ બાંધી ટોપલી રે, વંશ આગળ બાંધ્યો ઢોલ ॥ કાવડ લેઇને ચાલીયો રે, માગતો ભિખ નિટોલ રે ॥ પ્રાણિ૦ ॥ ૪ ॥ ટોળામાં ફરતાં થકાં રે, નટકળા સવિ લીધ ॥ ઘાત કળા શિખી ઘણી રે, ઉદ્યમે થઇ સહુ સિદ્ધ રે ॥ પ્રાણિ૦ ॥ ૫ ॥ નાયક કહે ટોળું લેઇ રે, વળિ કુમરી લેઇ સાથ ॥ બેનાતટનગરે જઇ રે, રિઝવી કરો તુમે હાથ રે ॥ પ્રાણિ૦ ॥ ૬ ॥ દાન રૂડું લેઇને તમે રે, આવજો વહેલા આંહિ ॥ જમણ જમાડી નાતને રે, પરણાવું પુત્રી ઉચ્છાંહી રે ॥ પ્રાણિ૦ ॥ ૭ ॥ સઘળો સાથ લેઇ કરી રે, બેનાતટપુર થાટ ॥ રાજાને જાઈ મળ્યો રે, એલાકુમાર ગહઘાટ રે ॥ પ્રાણિ૦ ॥ ૮ ॥ નરપતિ નાયકને કહે રે,

ભલે આવ્યા તુમે આંહિ ॥ નામ સુણ્યો હતો તુમતણો રે, કાંઇક મહિયલમાંહિ રે ॥ પ્રાણિ૦ ॥ ૯ ॥ નાટક કરો હવે એહવો રે, નવિ દીઠો કોઇ વાર ॥ મન રિઝવશો જો માહરૂં રે, તો આપું દ્રવ્ય અપાર રે ॥ પ્રાણિ૦ ॥ ૧૦ ॥ ઇમ સાંભળી એલાચીએ રે, નાટક કરવા કાજ ॥ શુદ્ધ કરાવી ભૂમિકા રે, કરી વળી સઘળો સાજ રે ॥ પ્રાણિ૦ ॥ ૧૧ ॥ જુગતે નાટક જોવા ભણી રે, અંતેઉર પરિવાર ॥ નગર લોક સહુ આવીયા રે, વળિ બહુ નરને નાર રે ॥ પ્રાણિ૦ ॥ ૧૨ ॥ અંબર તળ પહોંચે ઇશ્યો રે, વચ્ચે આરોપ્યો વંશ ॥ ચિહું દિશિ બાંધ્યાં દોરડાં રે, ખસે નહીં એક અંશ રે ॥ પ્રાણિ૦ ॥ ૧૩ ॥ વંશ ઉપર એક પાટીયું રે, માંડ્યું તેણી વાર ॥ ઉપર ખીલો રાખીને રે, તે ઉપર પગ સાર રે ॥ પ્રાણિ૦ ॥ ૧૪ ॥ ખડગ ધર્યો જમણી દિશા રે, પાવડી પહેરી પાય ॥ ડાબીકોરે ઢાલજ ગ્રહી રે, દોરે ચાલ્યો જાય રે ॥ પ્રાણિ૦॥ ॥ ૧૫ ॥ અંગૂઠા વચ્ચે ધરી પાવડી રે, વંશ મથાળે આવ્યો તેહ ॥ બીજી ઢાળે રમતો થકો રે, માલમુનિ કહે એહ રે ॥ પ્રાણિ૦ ॥ ૧૬ ॥

દોહા.

દોરથકી અવળો મૂએ, ઉલટી ગુલટી ખાય ॥ પુંગીયે ટૂંટી રાખીને, ધૂમરી ફરતો જાય ॥ ૧ ॥ શસ્ત્રઉપર શિર રાખીને, ઊંધે મસ્તક ઠરાય ॥ કટાર બાંધી પગ તળે, અણિયે ચાલ્યો જાય ॥ ૨ ॥ નાટકણી રંભા જિસી, ઈંદ્રાણી અનુહાર ॥ વંશ તળે ઊભી રહી, કરી સોળે શણગાર ॥ ૩ ॥ વારૂ વજાવે ઢોલકી, ગાહા તે ગોરી ગાય ॥ વંશ પાછળ ફરતી થકી, મનમાં પ્રિતમ ધ્યાય ॥ ૪ ॥

ઢાળ ૩ જી.

(હવે ન જાઉં મહી વેચવા રે લો.—એ દેશી.)

હવે નાટકણી મન ચિંતવે રે લો, પ્રભુ પૂરજ્યો એહની આશ ॥ મ્હારા વ્હાલા જી હો ॥ મહેલ મૂકયા મુજ કારણ રે લો, તે વંશ ચડયો આકાશ ॥ મ્હારા વ્હાલા જી હો, હું તુજ ઉપર વારણે રે લો ॥ ૧ ॥ એ આંકણી ॥ માત પિતા છોડી કરી રે લો, છોડી આવ્યો સહુ સાથ ॥ મ્હારા૦ ॥ દેતો દાન જે બહુ પરે રે લો, તે માગે લાંબો કરી હાથ ॥ મ્હારા૦ ॥ હું૦ ॥ ૨ ॥ બહુ મૂલાં વસ્ત્ર જે પહેરતો રે લો, કાચ પહેરીને નાચે તેહ ॥ મ્હારા૦ ॥ નવિ નવિ રસવંતી જીમતો રે લો, માગે છે ઘરોઘર એહ ॥ મ્હારા૦ ॥ હું૦ ॥ ૩ ॥ જો ના-

ટક કરી ઉતર્યો રે લો, એલાચી ગુણગેહ ॥ મ્હારા૦ ॥ તો મુજ પિતા પરણાવશે રે લો, આણી અધિક સનેહ ॥ મ્હારા૦ ॥ હું૦ ॥ ૪ ॥ હવે મહિપતિ મન ચિંતવે રે લો, નાટકણીને નિહાળ ॥ મ્હારા૦ ॥ એ વિધિયે હાથે ઘડી રે લો, ન ગમે બીજી કો બાળ ॥ મ્હારા૦ ॥ ॥ હું૦ ॥ ૫ ॥ અહો એહની લાવણ્યતા રે લો, અહો અહો એહની ચાલ ॥ મ્હારા૦ ॥ જો વશ્ય આવે માહરે રે લો, તો બીજી મૂકું ટાળ ॥ મ્હારા૦ ॥ હું૦ ॥ ૬ ॥ એ પાખે એકે ઘડી રે લો, જાય છે તે જમવાર ॥ મ્હારા૦ ॥ કૂળદેવીની પૂજા કરૂં રે લો, એ મેળવો કિરતાર ॥ મ્હારા૦ ॥ હું૦ ॥ ૭ ॥ જો નાટકિયો વંશથી રે લો, પડી મરે નિરધાર ॥ મ્હારા૦ ॥ તો પટરાણી એહને રે લો, હું કરૂં પ્રાણ-આધાર ॥ મ્હારા૦ ॥ હું૦ ॥ ૮ ॥ એહવે તે એલાચીઓ રે લો, રમતો હસતો ચડી દોર ॥ મ્હારા૦ ॥ ઉતરી આવી ભૂપાળને રે લો, પ્રણમ્યો ચતુર ચકોર ॥ મ્હારા૦ ॥ હું૦ ॥ ૯ ॥ લોક સહુ રાજા વિના રે લો, પામ્યા કૌતુક પ્રેમ ॥ મ્હારા૦ ॥ એ નાટક એવી કળા રે લો, કિહાં શિખ્યો હશે કેમ ॥ મ્હારા૦ ॥ હું૦ ॥ ૧૦ ॥ તવ નૃપ કહે નાયક સુણો રે લો, તુમે છો ચતુર સુજાણ ॥ મ્હારા૦ ॥ નાટક મેં નિરખ્યો નહીં રે લો, રાજ કાજના ધ્યાન ॥ મ્હારા૦ ॥ હું૦ ॥ ૧૧ ॥ તો નાટક ફરીને કરો રે લો, હવે દેઉં તુમ દાન ॥ મ્હારા૦ ॥ બીજી વાર વંશે ચડયો રે લો, કરવા નાટક તાન ॥ મ્હારા૦ ॥ હું૦ ॥ ૧૨ ॥ ઘાતકળા એસી ઘણી રે લો, વિષયે વ્યાપ્યો કરે કામ ॥ મ્હારા૦ ॥ તિમ બીજીવાર તે ઉતરી રે લો, કરે નૃપને પ્રણામ ॥ મ્હારા૦ ॥ હું૦॥ ॥ ૧૩ ॥ મહિપતિ મનમાં ચિંતવે રે લો, હજી ન થયો મુજ કામ ॥ મ્હારા૦ ॥ ક્ષેમકુશળે કેમ આવીયો રે લો, એકે ન પહોતો હામ ॥ મ્હારા૦ ॥ હું૦ ॥ ૧૪ ॥ એ નાટકણી માહરે રે લો, આવે તે કુણે પ્રકાર ॥ મ્હારા૦ ॥ ઢાળ ત્રીજી કહી ભાવશું રે લો, માલમુનિ સુખકાર ॥ મ્હારા૦ ॥ હું૦ ॥ ૧૫ ॥

દોહા.

નાટક તેં કીધો હશે, મેં નવિ દીઠો લગાર; તે માટે ફરીને કરો, જોઉં હવે ઇણિવાર ॥ ૧ ॥ લોક સહુ મન દુઃખ ધરે, વિષય વિલુદ્ધો રાય ॥ નાટકણી લેવા ભણી, કરવા માંડયો ઉપાય ॥ ૨ ॥ કામાતુર નર જે થયો, ન ગણે કાજ અકાજ ॥ તિમ એ સુંદરી દેખીને, મન ચળિયો મહારાજ ॥ ૩ ॥

ઢાળ ૪ થી.

(ન્હાનો નાહલો રે.—એ દેશી.)

ટોળું નાટકિયાતણું રે, ગાયે કરતો સોર ॥ અચરિજ સાંભળો રે ॥ ઢિંગ ઢિંગ વાજે ઢોલડા રે, ઢમ ઢમ કરીને જોર ॥ અ૦ ॥ ૧ ॥ ઠુમ ઠુમ કરી થેકા દિએ રે, ઊંચા તે અસમાન ॥ અ૦ ॥ કરી ખ્યાલ ગાવે ભલા રે, કદી ન સાંભળ્યા કાન ॥ અ૦ ॥ ૨ ॥ વળી ભલા ભલા મુખ ઉચ્ચરે રે, નાટકણી વારેવાર ॥ અ૦ ॥ નાટકિયા શિર શેહરો રે, તે મુજ પ્રાણ આધાર ॥ અ૦ ॥ ૩ ॥ તુમે મુજ જીવન આતમા રે, પ્યારા વાલમ છો એમ ॥ અ૦ ॥ સાહસધીર તુમે સાહિબા રે, શું હારી બેઠા છો એમ ॥ અ૦ ॥ ૪ ॥ ફરી નાટક દેખાડીને રે, રિઝવો રાય ઉલ્લાસ ॥ અ૦ ॥ દાન આપે જો ભૂપતિ રે, તો સવિ પહોંચે આશ ॥ અ૦ ॥ ૫ ॥ એલાચી મન ઉમહ્યો રે, હરખ ધરીને અપાર ॥ અ૦ ॥ નાટક કરવા કારણે રે, વંશ ચડયો ત્રીજીવાર ॥ અ૦ ॥ ૬ ॥ રમી કરી તિમ ઉતર્યો રે, આવી નમ્યો નૃપ પાય ॥ અ૦ ॥ નાટક મેં નવિ નિરખીયો રે, નાટક હિત ચિત્ત લાય ॥ અ૦ ॥ ૭ ॥ રાણીએ નૃપ વાણી સુણી રે, કોપ ચઢયો તતકાળ ॥ અ૦ ॥ નાટકણી શું મોહીયો રે, ધિક્ ધિક્ એ ભૂપાળ ॥ અ૦ ॥ ૮ ॥ ઢોલ ધમક્કા વાજતે રે, ચઢીયો ચોથીવાર ॥ અ૦ ॥ અનેક કળા ખેલી કરી રે, ઉતરીયો તેણીવાર ॥ અ૦ ॥ ૯ ॥ રાયે ઉત્તર ઇંમ આપીયો રે, દેખું હવે નૃત્ય ફેર ॥ અ૦ ॥ લોભ વશે જે એ થયો રે, મોહ મદન લીયો ઘેર ॥ અ૦ ॥ ૧૦ ॥ નાટકણી વળતું કહે રે, અનોપમ નાટક રીત ॥ અ૦ ॥ દેખાડી હવે ભૂપને રે, રિઝવો એહનું ચિત્ત ॥ અ૦ ॥ ૧૧ ॥ એલાકુમર ચઢીયો ભલો રે, પાંચમીવાર નિરાબાધ ॥ અ૦ ॥ વંશ મથાળે જઇ રહ્યો રે, તવ દીઠો એક સાધ ॥ અ૦ ॥ ૧૨ ॥ એ નગરીમાંહિ આવતો રે, ગોચરીએ અણગાર ॥ અ૦ ॥ બાલમુનિ કહે અતિ ભલી રે, ચોથી ઢાળ ઉદાર ॥ અ૦ ॥ ૧૩ ॥

દોહા.

ફરતો આહારને કારણે, આવ્યો ધનપતિ ગેહ ॥ તસ ઘરણી રૂપસુંદરી, દીઠી એકલી તેહ ॥ ૧ ॥ રૂપે રંભા હરાવતી, ચાલંતી ગજ ગેલ ॥ સોળ શણગાર સજ્યા ભલા, જાણીએ મોહનવેલ ॥ ૨ ॥ અદ્દભૂત રૂપને દેખીને, થોભે શશિને સૂર ॥ સાધુ નારી એ બેહુ જણા,

ચડતે જોવન પૂર ॥ ૩ ॥ સાત આઠ પગ સામા જઈ, જબ દીઠા મુનિરાય ॥ વાંદ્યા બે કર જોડીને, આણંદ અંગ ન માય ॥ ૪ ॥ આજ સફળ દિન માહરો, ચડયો ચિંતામણિ આજ ॥ તુમ દરિસણે પાવન થઇ, તારણ તરણ જીહાજ ॥ ૫ ॥ મોદક લેઇ માનિની, થાળ ભરી મનોહાર ॥ મધૂર વચન મુખ બોલતી, વિનવતી વારંવાર ॥ ૬ ॥ અનુગ્રહ કરો અણગાર જી, મુનિમાંહે શિરદાર ॥ ચતુરા ચોકમાંહે રહી, વોહરાવે તેણિવાર ॥ ૭ ॥ નિચી નજર સાધુતણી, માન્ય કરે મહાનુભાવ ॥ વંશ ઉપરથી નિરખિયો, એલાચી તિણ પ્રસ્તાવ ॥ ૮ ॥

ઢાળ ૫ મી.

(આદિજિણંદ મયા કરો.—એ દેશી.)

એલાચી ચિત્ત ચિંતવે, ઇંદ્રાણિ અવતારો રે ॥ ધન્ય ધન્ય એ મુનિરાયને, નવિ જૂવે નયણ વિકારો રે ॥ એલાચી ચિત્ત ચિંતવે ॥૧॥ ॥ એ આંકણી ॥ અહો અહો સમતા એહની, અહો નિરલોભી નિર્ગ્રંથ રે ॥ નિરખે નહીં એ નારીને, અહો અહો સાધુનો પંથ રે ॥ એ૦ ॥ ૨ ॥ એ કૂળવંતી સુંદરી, કંચનવરણી કાયા રે ॥ અદ્ભૂત રૂપ ઊભી અછે, પણ મુનિ મન ન ડગાયા રે ॥ એ૦ ॥ ૩ ॥ એક માયે એહને જણ્યો, એક જન્મ્યો મુજ માય રે ॥ સરશવ મેરૂનો આંતરો, કિહાં હું એ મુનિરાય રે ॥ એ૦ ॥ ૪ ॥ ભારેકર્મી હું ઘણો, મેલી કૂળ આચાર રે ॥ નિચ નાટકણીને કારણે, છાંડી દીધો વ્યવહાર રે ॥ એ૦ ॥ ૫ ॥ એ નારીના સંગથી, વંશ ચડયો હું આકાશ રે ॥ જો ચવું એહના ધ્યાનથી, તો પહોચું નરકાવાસ રે ॥ એ૦ ॥ ૬ ॥ દાન લેવાને કારણે, ક્રોડ કરૂં ઉપાય રે ॥ તોએ પણ દેતો નથી, પડયો મોહફંદે રાય રે ॥ એ૦ ॥ ૭ ॥ સાધુને આપે શ્રાવિકા, મોદક મનને ઉલ્લાસ રે ॥ લ્યો લ્યો કહે લેતા નથી, તો ધન્ય એહને સાબાશ રે ॥ એ૦ ॥ ૮ ॥ ધન્ય વેળા ધન્ય તે ઘડી, મૂકું મોહની જાળ રે ॥ થઇ એ મુનિવર સારિખો, છાંડી આળ પંપાળ રે ॥ એ૦ ॥ ॥ ૯ ॥ મોહતણે જોરે કરી, નાટક ફરી ફરી કીધ રે ॥ પાંચમી ઢાળ સોહામણી, મુનિ માલે કહી સુપ્રસિદ્ધ રે ॥ એ૦ ॥ ૧૦ ॥

દોહા.

કાયા માયા કારમી, કારમો સહુ પરિવાર ॥ કૂડી રચના મેં કરી, ધિગ્ ધિગ્ વિષય વિકાર ॥ ૧ ॥ સંસારે ભમતાં થકાં, બાંધ્યાં

બહુળાં કર્મ ॥ તે છોડી હુવે ધ્યાયશું, સાચો શ્રી જિનધર્મ ॥ ૨ ॥ અનિત્યભાવના ભાવતો, પામ્યો કેવળનાણ ॥ વંશ ઉપર સિંહાસણે, થઈ બેઠો સુખ જાણ ॥ ૩ ॥

ઢાળ ૬ ઠ્ઠી.

(જીરણશેઠની સજ્ઝાયની દેશી.)

હુવે નરપતિ મન ચિંતવે જી રે, મેં ધ્યાયો માઠો રે ધ્યાન ॥ ધન્ય એલાચીકુમારને જી રે, પામ્યા પરમ નિધાન ॥ સુગુણ નર, ભાવ વડો સંસાર ॥ ૧ ॥ નાટકણીના ધ્યાનથી જી રે, મેં બાંધ્યાં બહુળાં પાપ ॥ કૂડા વ્યાપાર મેં ચિંતવ્યા જી રે, તે કિમ તરશું આપ ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૨ ॥ મેં કૃષ્ણલેશ્યાએ કરી જી રે, રૌદ્રધ્યાન ધર્યો એમ ॥ નરકતણાં ફળ મેળવ્યાં જી રે, હા હા છૂટીશ હવે કેમ ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૩ ॥ અપકિરતી મેં નવિ ગણી જી રે, કૂળની લોપી મેં લાજ ॥ કામેરાગ સ્નેહ બાંધીયો જી રે, કિમ પામીસ ભવ પાર ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૪ ॥ નરકની ખાણ નારી અછે જી રે, નરકની દિવી છે સાર ॥ કૂડ કપટની કોથળી જી રે, મળ મૂત્રની ભંડાર ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૫ ॥ શું મોહ્યો તિણ ઉપરેજીરે, ધિક્ ધિક્ વિષય વિકાર ॥ એમ ચિંતવતાં રાયને જી રે, ઉપન્યું કેવળ સાર ॥ સુ૦ ॥ ॥ ભા૦ ॥ ૬ ॥ પટરાણી હુવે ચિંતવે જી રે, જૂઓ રાજાની વાત ॥ મુજ સરિખી રાણી ઘરે જી રે, તોપણ વિષયને ધ્યાત ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૭ ॥ નાટકણી નિચ જાતની જી રે, રાજાએ કીધો મોહ ॥ વિષય વિકારના ધ્યાનથી જી રે, જાય છે એ ભવ ઓહ ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૮ ॥ વાંક નહીં એ રાયનો જી રે, મોહે વિટંબ્યા નર વૃંદ ॥ નારીએ નર છેતર્યા જી રે, મ્હોટો માયાનો ફંદ ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૯ ॥ મૂરખ જન મ્હારૂં ગણે જી રે, ત્હારૂં નથી જગ કોય ॥ કેહનો રાજા કેહની રાણીયો જી રે, કો કેહનું નવિ હોય ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૧૦ ॥ ધિક્ વિષય ધિક્ મોહની જી રે, ધિક્ સંસાર અસાર ॥ છાંડયો તે સુખિયા થયાજી રે, ધન્ય ધન્ય તસ અવતાર ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૧૧ ॥ હુવે સંયમ આવે ભલો જી રે, તો કારજ હોય સિદ્ધ ॥ ઇમ ધ્યાતાં તિહાં ઉપન્યું જી રે, કેવળજ્ઞાન પ્રસિદ્ધ ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૧૨ ॥ હુવે નાટકણી ચિંતવે જી રે, ધિગ્ ધિગ્ વિષય વિકાર ॥ મુજ કારણ માય તાયને જી રે, તજ્યાં એણે સંસાર ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૧૩ ॥ ધિગ્ મુજ

કાયા કારમી જી રે, જેણે મોહ્યા ભૂપાળ ॥ અનરથકારી એ ભણો જી રે, ધિગ્ રૂપ મોહની જાળ ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૧૪ ॥ તે ધન્ય માનવભવ લહી જી રે, જે કરે જન્મ પ્રમાણ ॥ મૂકી મમતા મોહને જી રેં, સંયમ લીયે ગુણખાણ ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૧૫ ॥ મુજ રૂપે મોહ્યા હુતા જી રે, એલાચી વળી રાય ॥ એ પાતક કેમ છૂટશું જી રે, એમ ઊભી પસ્તાય ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૧૬ ॥ નિજ આતમને નિંદતી જી રે, ધ્યાતી ધર્મનું ધ્યાન ॥ નાટકણીને ઉપન્યું જી રે, ઉત્તમ કેવળજ્ઞાન ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૧૭ ॥ શાસનદેવિ આવીને જી રે, વેષ આપ્યો તેણિવાર ॥ કેવળ મહોત્સવ સુર કરે જી રે, આવીને તેણિવાર ॥ ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૧૮ ॥ કર્મ ખપાવી મુગતે ગયા જી રે, ઉત્તમ જીવ એ ચાર ॥ ઇમ જાણી ભાવે આદરો જી રે, તો પામો ભવ પાર ॥ સુ૦ ॥ ભા૦ ॥ ૧૯ ॥ સંવત અઢાર પંચાવને જી રે, જેઠ માસે સુખકાર ॥ પરૂઢાળે કરી ગાઇયો જી રે, રહી ચોમાસો અંજાર ॥ સુ૦ ॥ ॥ ભા૦ ॥ ૨૦ ॥ શ્રીપૂજ્ય શ્રી ખુબચંદ જી રે, તસ શાસન સુખદાય ॥ પૂજ્ય નાથાજી પસાયથી જી રે, બાલમુનિ ગુણ ગાય ॥ સુગુણ નર, ભાવ વડો સંસાર ॥ ૨૧ ॥ ઇતિ ॥

अथ श्री अइमुत्ताकुमरनुं त्रिढालियुं.

ઢાળ ૧ લી.

(વીરજી આવ્યા રે ચંપાવનકે ઉદ્યાન.—એ દેશી.)

શાસન સ્વામિ રે, નિરમળ નામિ ॥ શિવગતિ ગામિ રે, વિર જિણેસરૂ ॥ ૧ ॥ નગર પોલ્લાસે રે, ભવિક ઉલ્લાસે ॥ શ્રીવન ઉદ્યાને રે, સ્વામિ સમોસર્યા ॥ ૨ ॥ રાજા તિહાં રાજે રે, ચઢત દિવાજે ॥ રાજ સમાજે રે, વિજય નરેસરૂ ॥ ૩ ॥ ગુણમણિ ખાણી રે, શ્રીદવિ રાણી ॥ અઇમુત્તા નામે રે, નંદન તેહને ॥ ૪ ॥ કુમર કુમારી રે, બહુ સુકુમારી ॥ તેહ સંઘાથે રે, નિજ ઉચ્છરંગશું ॥ ૫ ॥ ઇંદ્રધ્વજ ઠામે રે, કોતુક કામે ॥ કુમર અઇમુત્તા રે, રમતો આવીયો ॥ ૬ ॥ પ્રભુ આણા પામી રે, ગૌતમસ્વામિ ॥ ગોચરી આવ્યા રે, તિહાં કણે તે સમે ॥ ૭ ॥ કુમર અઇમુત્તે રે, નિરમળ ચિત્તે ॥ ગૌતમ પાસે રે, આવી ઇમ કહ્યું ॥ ૮ ॥ કુણ તુમે નામે રે, ફરો કિણ કામે ॥ તવ કહે

ગૌતમ રે, વાણી અતિ ભલી ॥ ૯ ॥ સાધુ આચારી રે, અમે બ્રહ્મચારી ॥ ગોચરી ભમીયે રે, દેવાણુપ્પિયા ॥ ૧૦ ॥ મુજ ઘર આવો રે, ભિક્ષા પાવો ॥ ઇમ કહી આંગુળી રે, ઝાલી ગુરુતણી ॥ ૧૧ ॥ નિજ ઘર લાવે રે, દિલ સુખ પાવે ॥ શ્રીદેવિ નિરખી રે, હરખિ અતિ ઘણી ॥ ૧૨ ॥ આસન છોડી રે, બે કર જોડી ॥ વાંદી પડિલાભી રે, ગુરુ બોલાવીયા ॥ ૧૩ ॥

ઢાળ ૨ જી.

(આવી રે પનોતી જરાસંઘને.—એ દેશી.)

તવ કહે કુમર ગૌતમ ભણી, કિહાં વસો છો તુમે સ્વામ રે ॥ ગૌતમ કહે પુર પરિસરે, જિહાં અમ ગુરુ ગુણધામ રે ॥ વિર જિનવર ત્રિભુવન ધણી ॥ ૧ ॥ એ આંકણી ॥ કુમર કહે હું પણ પ્રભુજીને, વાંદિશું આજ તુમ સાથ રે ॥ જિમ સુખ તિમ કરો ગુરુ કહે, આવે તે જિહાં જગનાથ રે ॥ વિર૦ ॥ ૨ ॥ વિનય કરી કુમર બેસે તિહાં, સેવતો પ્રભુતણા પાય રે ॥ ધર્મદેશના જિનવર દિયે, સાંભળી હરખિત થાય રે ॥ વિર૦ ॥ ૩ ॥ કુમર કહે માતા પિતા ભણી, પૂછી લેશું સંયમભાર રે ॥ પ્રભુ કહે જિમ સુખ તિમ કરો, મ કરો પ્રતિબંધ લગાર રે ॥ વિર૦ ॥ ૪ ॥ કુમર ઘર આવી કહે માતજી, તાતજી કરી કૃપા સાર રે ॥ અનુમતિ દીજીયે મુજ ભણી, લેઇશ હું સંયમભાર રે ॥ વિર૦ ॥ ૫ ॥ માત કહે પુત્ર તું બાળ છે, શું સમજે વ્રત વાત રે ॥ કુમર કહે જેહ જાણું અછું, તે નવિ જાણું હું માત રે ॥ વિર૦ ॥ ૬ ॥ જેહ વળિ હું ન જાણું અછું, જાણું હું માતજી તેહ રે ॥ ઇમ સુણી માત પિતા ભણે, કહે કિમ બાળક એહ રે ॥ વિર જિનવર ત્રિભુવન ધણી ॥ ૭ ॥

ઢાળ ૩ જી.

(ધનના લોભી વાણિયા.—એ દેશી.)

કુમર કહે જાણું સહી, જાયે જીવ મરેવો રે ॥ નવિ જાણું કિણ કાળમેં, કિણ ઠામે વળી કેવો રે ॥ માત સુણો મુજ વાતડી ॥ ૧ ॥ ॥ એ આંકણી ॥ નવિ જાણું કિણ કર્મથી, જીવ ભમે સંસારે રે ॥ પણ જાણું નિજ કર્મથી, જીવ ભમે સંસારે રે ॥ માત૦ ॥ ૨ ॥ તિણ કારણ સંયમ ભણી, અનુમતિ મુજને દીજે રે ॥ આતમ કારજ સાધતાં, મુજને વિલંબ ન કીજે રે ॥ માત૦ ॥ ૩ ॥ વિવિધ વચને કરી બો-

જાણ્યો, પણ નિજ ભાવ ન છંડે રે ॥ માત પિતા તવ વેગશું, ઓચ્છવ કરવા મંડે રે ॥ માત૦ ॥ ૪ ॥ કુમર અઈમુત્તે આદરી, પ્રભુ પાસે જઇ દિક્ષા રે ॥ ગુણરયણાદિક તપ કર્યા, અંગ અગિયારે શિખ્યા રે ॥ માત૦ ॥ ૫ ॥ સિદ્ધ થયા વિપુલાચળે, અઈમુત્તો મુનિરાયા રે ॥અઠ્ઠમ અંગથી ઉદ્ધરી, લેશે મુનિ ગુણ ગાયા રે ॥ માત૦ ॥ ૬ ॥ એહવા શ્રી મુનિરાયનો, અમૃત ધર્મ ઉદારો રે ॥ શિષ્ય ક્ષમાકલ્યાણની, વંદના વારંવારો રે ॥ માત સુણો મુજ માવડી ॥ ૭ ॥ ઇતિ ॥

અથ શ્રી ઝાંઝરિયામુનિનું ચોઢાળિયું.

ઢાળ ૧ લી.

(સુણ બહેની પિયુડો પરદેશી.—એ દેશી.)

સરસતિ ચરણે શિષ નમાવી, પ્રણમી સદ્ગુરુ પાયા રે ॥ ઝાંઝરિયા ઋષિના ગુણ ગાતાં, ઊલટ અંગ સવાયા રે ॥ ભવિજન વંદો મુનિ ઝાંઝરિયો ॥ ૧ ॥ એ આંકણી ॥ સંસારસમુદ્ર જે તરીયો રે ॥ શિયળ સન્નાહ પહેરી મનશુદ્ધે, શિયળ રયણે કરી ભરિયો રે ॥ ॥ ભવિ૦ ॥ ૨ ॥ પઇઠાણપુરે મકરધ્વજરાજા, મદનસેના તસ રાણી રે ॥ સુત મદનબ્રહ્મ બાલૂડો, કીર્તિ જાસ કહેવાણી રે ॥ ભવિ૦ ॥ ૩ ॥ બત્રીસ નારી સુકોમળ પરણ્યો, ભરજોવન રસ લીનો રે ॥ ઇંદ્ર મહોત્સવે ઉદ્યાને પહોત્યો, મુનિ દેખી મન ભીનો રે ॥ ભવિ૦ ॥ ૪ ॥ ચરણકમળ પ્રણમી સાધુના, વિનય કરીને બેઠો રે ॥ દેશના ધર્મની દે સાધુજી, વૈરાગે મન પેઠો રે ॥ ભવિ૦ ॥ ૫ ॥ માત પિતાની અનુમતિ માગી, સંસાર સુખ સવિ છંડી રે ॥ સંયમમારગ સુધો લીધો, મિથ્યામતિ સવિ છંડી રે ॥ ભવિ૦ ॥ ૬ ॥ એકલડો વસુધાતળ વિચરે, તપ તેજે કરી દીપે રે ॥ જોવનવય જોગીસર બળિયો, કર્મ કટકને જીપે રે ॥ ભવિ૦ ॥ ૭ ॥ શિયળ સન્નાહ પહેરી જેણે સબળી, સુમતિ ગુપતિ ચિત્ત ધરતો રે ॥ આપ તરે ને પરને તારે, દરિસણે દુર્ગતિ હરતો રે ॥ ભવિ૦ ॥ ૮ ॥ ત્રંબાવતીનગરી મુનિ પહોત્યો, ઉગ્રવિહાર કરંતો રે ॥ મધ્યાને ગોચરી સંચરતો, નગરીમાં મુનિ ભમતો રે ॥ ભવિજન વંદો મુનિ ઝાંઝરિયો ॥ ૯ ॥

ઢાળ ૨ જી.

(આધા આમ પધારો પૂજ્ય, અમ ઘર વહોરણ વેળા.—એ દેશી.)

એણે અવસર તરુણિ તાતરણી, ગોરડી ગોખે બેઠી ॥ નિજ પતિ ચાલ્યો છે પરદેશે, વિષયસમુદ્રમાં પેઠી ॥ વિરૂઈ મદન ચઢાઈ રાજ, જેણે તેણે જીતી ન જાવે ॥ ૧ ॥ એ આંકણી ॥ શોળ શૃંગાર સજી સા સુંદરી, ભરજોવન મદમાતી ॥ ચપળ નયણ ચિહું દિશિ ફેરવતી, વિષયારસ રંગ રાતી ॥ વિ૦ ॥ ૨ ॥ ચાઆરે ચોવટે ચિહું દિશિ જોતાં, આવંતો ઋષિ દીઠો ॥ મલપંતો ને મોહનગારો, મનશું લાગ્યો મીઠો ॥ વિ૦ ॥ ૩ ॥ રાજકુમર કોઈક છે રૂડો, રૂપે અનોપમ દીશે ॥ જોવનવય મલપતો જોગીસર, તે દેખી ચિત્ત હીસે ॥ વિ૦ ॥ ૪ ॥ તવ દાસી ખાસી તેડાવી, લાવો એહને બોલાવી ॥ શેઠાણીનાં વયણ સુણીને, દાસી તેડણ આવી ॥ વિ૦ ॥ ૫ ॥ એણે ઘરે આવોને સાધુ જી, વોહરણ કાજે વેળા ॥ ભોળેભાવે મુનિવર આવે, શું જાણે મન મેલા ॥ વિ૦ ॥ ૬ ॥ થાળ ભરી મોદક મિઠાઈ, મુનિવરને કહે વોહરે ॥ મેલાં કપડાં ઉતારીને, આછા વાધા પહેરો ॥ વિ૦ ॥ ૭ ॥ આ મંદિર માળિયાં મ્હોટાં, સુંદર સેજ બિછાઇ ॥ ચતુર નારી મુજ સાથે મુનિવર, સુખ વિલસો લય લાઈ ॥ વિ૦ ॥ ૮ ॥ વિરહ અગ્નિયે કરી હું દાઝી, પરમ સુધારસ સીંચો ॥ મ્હારાં વયણ સુણિને મુનિવર, વાત આધી મત ખીંચો ॥ વિ૦ ॥ ૯ ॥ વિષયવયણ સુણી વનિતાનાં, સમતા રસમાં બોલે ॥ ચંદનથી પણ શિતળ વાણી, મુનિ અંતરથી ખોલે ॥ વિ૦ ॥ ૧૦ ॥ તું બાળક દીસે છે ભોળી, બોલતાં નવિ લાજે ॥ ઉત્તમકૂળમાં જેહ ઉપન્યા, તેહને એ નવિ છાજે ॥ વિ૦ ॥ ૧૧ ॥ એ આચાર નહીં અમ કૂળમાં, કૂળ દૂષણ કેમ દીજે ॥ નિજ કૂળ આચારે ચાલીજે, તો જગમાં જસ લીજે ॥ વિ૦ ॥ ૧૨ ॥ વાત અછે જગમાં બે મ્હોટી, જારી ને એક ચોરી ॥ એણે ભવ અપજશ બહુ પામે, પરભવ દુઃખ અઘોરી ॥ વિ૦ ॥ ૧૩ ॥ શિયળ ચિંતામણિ સરિખું છંડી, વિષયારસ કોણ રીઝે ॥ વર્ષાકાળે મંદિર પામી, ઉઘાડો કોણ ભીંજે ॥ વિ૦ ॥ ૧૪ ॥ મન વચન કાયાએ કરીને, વ્રત લીધું નવિ ખંડૂ ॥ ધ્રુઅતણી પરે અવિચળ પાળું, અમે ઘરવાસ ન મંડૂ ॥ વિરૂઈ૦ ॥ ૧૫ ॥

ઢાળ ૩ જી.

(વિંછીયાની દેશી.)

હાં રે લાલ શિખ સાધુની અવગુણી, જાણે વહીગઈ ઘડનાળ રે લાલ ॥ કામવશે થઈ આંધળી, કરે સાધુતણી તે આળ રે લાલ ॥ મુનિ પાયે ઝાંઝર રણઝણે ॥ ૧ ॥ એ આંકણી ॥ આવી પેઠું સાધુને પાય રે લાલ ॥ વેલતણી પરે સુંદરી, વળગે સાધુને બાંહ રે લાલ ॥ મુનિ૦ ॥ ૨ ॥ હાં રે લાલ જોર કરી જોરાવરે, નિકળ્યો તિહાંથી મુનિરાય રે લાલ ॥ તવ પોકાર પૂંઠે સુણ્યો. ધાઓ એણે કીધો અન્યાય રે લાલ ॥ મુનિ૦ ॥ ૩ ॥ હાં રે લાલ તિહાંથી મુનિવર ચાલીયો, પાયે ઝાંઝરનો ઝમકાર રે લાલ ॥ લોક બહુ નિંદા કરે, માઠો છે એ અણગાર રે લાલ ॥ મુનિ૦ ॥ ૪ ॥ હાં રે લાલ ચોબારે બેઠો રાજવી, નજરે જોવે અવદાત રે લાલ ॥ દીધો દેશવટો નારીને, મુનિ જસતણી થઇ વાત રે લાલ ॥ મુનિ૦ ॥ ૫ ॥ હાં રે લાલ તિહાંથી મુનિવર ચાલીયા, આવ્યા કંચનપુર ગામ રે લાલ ॥ રાજા રાણી બે પ્રેમશું, બેઠા ગોખે આરામ રે લાલ ॥ મુનિ૦ ॥ ૬ ॥ હાં રે લાલ રાણી મુનિવર દેખીને, આંસુડે વૂઠી ધાર રે લાલ ॥ રાજા દેખી મન કોપિયો, સહી એહનો પૂરવ જાર રે લાલ ॥ મુનિ૦ ॥ ૭ ॥ હાં રે લાલ રાજા ગયો રયવાડીયે, તેડાવ્યો ઋષિને ત્યાંહિ રે લાલ ॥ ખાડ ખણી ઊંડી ઘણી, બેસાડ્યો ઋષિને માંહિ રે લાલ ॥ મુનિ૦ ॥ ૮ ॥

ઢાળ ૪ થી.

(દેવતણી ઋદ્ધિ ભોગવી આવ્યો.—એ દેશી.)

અણસણ ખામણ કરે મુનિ તિહાં કણે, સમતા સાયરમાં ઝીલે ॥ ચોરાશી જીવાયોની ખમાવે, પાપકર્મને પીલે રે ॥ મુનિવર તું મોરે મન વસિયો ॥ ૧ ॥ એ આંકણી ॥ ઉદય આવ્યાં નિજ કર્મ આળોઈ, ધ્યાન જિનેશ્વર ધ્યાવે ॥ ખડગ હણંતાં કેવળ પામી, અવિચળ ઠામે જાવે રે ॥ મુનિ૦ ॥ ૨ ॥ શરીર સાધુનું અસિયે હણ્યાથી, હાહાકાર ત્યાં પડિયો ॥ ઓઘો વસ્ત્ર લોહીએ રંગાણાં, અતિ અન્યાય રાયે કરીયો રે ॥ મુનિ૦ ॥ ૩ ॥ સમળિ ઓઘો લેઇ ઊડંતી, રાણી આગળ પડિયો ॥ બંધવ કેરો ઓઘો દેખીને, હૃદયકમળ થરહરીયો રે ॥ મુનિ૦ ॥ ॥ ૪ ॥ અતિ અન્યાય જાણીને રાણી, અણસણ પોતે લીધો ॥ પરમાર્થ જાણ્યો રાજાએ, હા! હા! એ શું મેં કીધો રે ॥ મુનિ૦ ॥ ૫ ॥ ઋષિ

હત્યાનું પાતક લાગ્યું, તે કેમ છૂટયું જાવે ॥ આંસૂડાં નાંખંતો રાજા, મુનિ કળેવર ખમાવે રે ॥ મુનિ૦ ॥ ૬ ॥ ગદ્દ ગદ્દ સ્વરે રોવંતો રાજા, મુનિવર આગળ બેઠો ॥ માન મેલીને ખમાવે રે ભૂપતિ, સમતા સાયરમાં પેઠો રે ॥ મુનિ૦ ॥ ૭ ॥ ફરી ફરી ઉઠીને પાયેજ લાગે, આંસૂડે પાપ પખાળે ॥ ભૂપતિ ઉગ્ર ભાવના ભાવતો, કર્મપડળ સવિ ટાળે રે ॥ મુનિ૦ ॥ ૮ ॥ કેવળજ્ઞાન લહ્યું રાજાએ, ભવોભવ વેર ખમાવે ॥ ઝાંઝરિયાઋષિના ગુણ ગાતાં, પાપ કરમને સમાવે રે ॥ મુનિ૦ ॥ ॥ ૯ ॥ સંવત સત્તર છપ્પન કેરા, આષાઢ શુદ બીજ સોહે ॥ સોમવારે સજઝાય એ કીધી, સાંભળતાં મન મોહે રે ॥ મુનિ૦ ॥ ૧૦ ॥ શ્રી પૂનમગચ્છ ગુરુ વિરાજે, મહિમા પ્રભુ સુરિંદા ॥ ભાવરત્ન સુશિષ્ય એમ પભણે, સાંભળજો સહુ વૃંદા રે ॥ મુનિ૦ ॥ ૧૧ ॥ ઇતિ ॥

अथ श्री कळावतिनुं चोढालियुं.

ઢાળ ૧ લી.

(બન્યો રે કુંઅરજીનો સેહરો.—એ દેશી.)

માળવ દેશ મનોહરૂ, તિહાં નયરી ઉજ્જેણી નામ હો ॥ નરિંદ ॥ શંખરાજા તિહાં શોભતો, સહુ શુભ ગુણકેરો ધામ હો ॥ નરિંદ ॥ શિયળતણા ગુણ સાંભળો ॥ ૧ ॥ એ આંકણી ॥ શિયળે લહિયે બહુ માન હો ॥ નરિંદ ॥ શિયળે સતિય કળાવતિ, જેમ પામી સુખ પ્રધાન હો ॥ ન૦ ॥ શિ૦ ॥ ૨ ॥ ત્રણસો સાઠમાંહે વડી, લીલાવતી પટરાણી કહાય હો ॥ નં૦ ॥ નેપાળ દેશનો નરપતિ, નામે જિતશત્રુરાય હો ॥ ન૦ ॥ શિ૦ ॥ ૩ ॥ જયસેન વિજયસેન સુત ભલા, કળાવત્તિ પુત્રી ઉદાર હો ॥ નં૦ ॥ માળવપતિ શંખરાયને, પરણાવી પ્રેમ અપાર હો ॥ ન૦ ॥ શિ૦ ॥ ૪ ॥ પંચ વિષયસુખ વિલસતાં, કળાવતિ રાય સંઘાત હો ॥ નં૦ ॥ ગર્ભ રહ્યો પુણ્ય યોગથી, હરખ્યો નૃપ સાતે ધાત હો ॥ નં૦ ॥ શિ૦ ॥ ૫ ॥ અધરણી ઓચ્છવ માંડિયો, ગિત ગાવે બહુ મળી નાર હો ॥ નં૦ ॥ પેટી આવી પિયર થકી, કળાવતિને તેણિવાર હો ॥ નં૦ ॥ શિ૦ ॥ ૬ ॥ શંકાતી બહુ શોકયથી, લેઇ ગોપવી ગોઠણ હેઠ હો ॥ ન૦ ॥ એકાંતે ઉકેલતાં, દોય બેરખા દીઠા દૃષ્ટ હો ॥ ન૦ ॥ શિ૦ ॥ ૭ ॥ નંગ જડયાં માંહે નિર્મળાં, અંધારે કરે ઉજવાસ હો ॥ નં૦ ॥ નામાંકિત બેહું ભ્રાતના,

પ્હેરીને પામી ઉલ્લાસ હો ॥ ન૦ ॥ શિ૦ ॥ ૮ ॥ ખાટ હિંડોળે હીંચતાં, બેરખા ઝબૂકે જેમ વિજ હો ॥ ન૦ ॥ દાસી લીલાવતીતણી, દેખી ધરે દિલમાં ખીજ હો ॥ ન૦ ॥ શિ૦ ॥ ૯ ॥ કહો બાઇ એ કેણે દીયાં, આભૂષણ દોય અમૂલ્ય હો ॥ ન૦ ॥ મુજને જે ઘણો વાલહો, તેણે દીધા બહુ મૂલ હો ॥ ન૦ ॥ શિ૦ ॥ ૧૦ ॥ દાસી લીલાવતી ભણી, ભાંખ્યો તે સઘળો ભેદ હો ॥ ન૦ ॥ સાંભળી ક્રોધાતુર થઇ, ઉપન્યો ચિત્તમાં બહુ ખેદ હો ॥ ન૦ ॥ શિ૦ ॥ ૧૧ ॥ રાણી પ્રતે મહીપતિ કહે, કેણે દૂહવ્યાં તુમને આજ હો ॥ ન૦ ॥ બહુ મૂલા તમે બેરખા, કેમ કીધા કળાવતિ કાજ હો ॥ ન૦ ॥ શિ૦ ॥ ૧૨ ॥ મેં ન ઘડાવ્યા બેરખા, તસ ખબર નહીં મુજ કાંય હો ॥ ન૦ ॥ પૂછી નિરતિ કરો તુમે, સુણી લીલાવતી તિહાં જાય હો ॥ ન૦ ॥ શિ૦ ॥ ૧૩॥ રાય છાનો ઉભો રહ્યો, તવ પૂછે લીલાવતી તેહ હો ॥ ન૦ ॥ સાચું કહો બાઈ કળાવતિ, કેણે દીધા બેરખા એહ હો ॥ ન૦ ॥ શિ૦ ॥ ॥ ૧૪ ॥ હું ઘણી જેહને વાલહી, તેણે મોકલ્યા મુજને એહ હો ॥ન૦॥ રાત દિવસ મુજ સાંભરે, પણ ભાઇ ન કહ્યો તેહ હો ॥ ન૦ ॥ ॥ શિ૦ ॥ ૧૫ ॥ રાજા ક્રોધાતુર થયો, સુણી કળાવતિનાં વચન્ન હો ॥ ન૦ ॥ પ્રીતિ પૂરવલા પુરૂષશું, મૂકયા એ તેણે પ્રચ્છન્ન હો ॥ ન૦ ॥ ॥ શિ૦ ॥ ૧૬ ॥ કોલ દિયો લીલાવતી ભણી, દોય બેરખા સેંતી બાંહ હો ॥ ન૦ ॥ છેદાવી તુજને દેઊં, સુણી પામી પરમ ઉત્સાહ હો ॥ નરિંદ ॥ શિયળતણા ગુણ સાંભળો ॥ ૧૭ ॥

ઢાળ ૨ જી.

(સુણ સુણ રે ગૌતમ, સમય મ કરીશ પ્રમાદ.—એ દેશી.)

રાયે હુકમ એહવો કર્યો જી, ચંડાળને તેણી વાર ॥ કળાવતિ કર કાપીને જી, આણી દ્યો એણીવાર ॥ સુણ સુણ રે પ્રાણિ, કર્મતણાં ફળ એહ ॥ ૧ ॥ એ આંકણી ॥ જન્માંતર જીવે કિયાં જી, આવે ઉદય સહી તેહ ॥ સુણ સુણ રે પ્રાણિ ॥ કર્મ૦ ॥ ૨ ॥ સાંભળી અંત્યજ થરહર્યો જી, ચંડાળીને કહે તેહ ॥ રાય હુકમ રૂડો નહીં જી, મૂકીયે નગરી એહ ॥ સુણ૦ ॥ કર્મ૦ ॥ ૩ ॥ પાપિણી કહે તું શું બિહે જી, એ છે માહરૂં કામ ॥ શિર નામી ઊભી રહી જી, રાયે ખડ્ગ દીયો તામ ॥ સુણ૦ ॥ કર્મ૦ ॥ ૪ ॥ રથ જોડી રંડા કહે જી, બેસો બાઇ ઇણ માંહ ॥ પિયર તુજને મોકલે જી, રાય ધરી બહુ

ચાહ ॥ સુણ૦ ॥ કર્મ૦ ॥ ૫ ॥ ગળીચલ માફા કેહુવા જી, શ્યામ વૃષભ વળિ કેમ ॥ પુત્ર રહે નહીં રાયને જી, કીધો કારણ એમ ॥ સુણ૦ ॥ કર્મ૦ ॥ ૬ ॥ રથ બેસારી રાનમાં જી, ચાલી ઉજડ વાટ ॥ સૂકે વને રથ છોડીયો જી, રાણી પામી ઉચાટ ॥ સુણ૦ ॥ કર્મ૦ ॥ ૭ ॥ પિયર મારગ એ નહીં જી, ચંડાળી કહે તામ ॥ રાયે મુજને મોકલી જી, કર કાપણને કામ ॥ સુણ૦ ॥ કર્મ૦ ॥ ૮ ॥ જમણો પોતે છેદીયો જી, ડાબો ચંડાળિયે લીધ ॥ બેરખાસહિત બેહુ કર ગ્રહી જી, આણી રાયને દીધ ॥ સુણ૦ ॥ કર્મ૦ ॥ ૯ ॥ નારી ભ્રાત નામ નિરખતાં જી, મૂર્છાણો તતકાળ ॥ શિતળ વાયે સજ્જ કર્યો જી, રોવે તવ મહિપાળ ॥ સુણ૦ ॥ કર્મ૦ ॥ ૧૦ ॥ કિસી કુમતિ મુજ ઉપની જી, કીધો સબળ અન્યાય ॥ એ જીવ્યું કોણ કામનું જી, રાજ રમણી ન સુહાય ॥ સુણ૦ ॥ કર્મ૦ ॥ ૧૧ ॥ ચય રચાવી ચંદને જી, બળવાને તિહાં જાય ॥ લોક મળી વારે ઘણું જી, વચન ન માને રાય ॥ સુણ સુણ રે પ્રાણિ, કર્મતણાં ફળ એહ ॥ ૧૨ ॥

ઢાળ ૩ જી.

(વામાજીનો કુંઅર લાડણો.—એ દેશી.)

કળાવતિને જે થયો, તે સુણજો પ્રતિકાર ॥ ભવિ પ્રાણિ ॥ કર છેદન વેદનથકી, સુત જનમ્યો તેણિવાર ॥ ભવિ પ્રાણિ ॥ ૧ ॥ શિયળનો મહિમા જાણીયે, શિયળે સંપત્તિ થાય ॥ ભવિ૦ ॥ એ આંકણી ॥ વિઘન વિષમ દૂરે ટળે, સુર નર પ્રણમે પાય ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ॥ ૨ ॥ પુત્રપ્રત્યે કહે પદમિણી, શું કરૂં તાહરી સાર ॥ ભવિ૦ ॥ માહરી કૂખે અવતર્યો, તું નિર્ભાગ્ય કુમાર ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૩ ॥ અશુચિપણું કેમ ટાળશું, પાળશું એ કેમ બાળ ॥ ભવિ૦ ॥ શોચ કરે રોવે વળી, વન ગ્હોર્યો તતકાળ ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૪ ॥ શિયળે સૂકી નદી વહી, પાણી આવ્યું નજીક ॥ ભવિ૦ ॥ જાણે કે જળ લેઈ જાયશે, વચ્ચે બેઠી નિર્ભીક ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૫ ॥ આંટો દેઈ ચિહું દિશે, નદી વહી દોય ધાર ॥ ભવિ૦ ॥ બોળે બાંહ નિચી કરી, જળમાંહે તેણીવાર ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૬ ॥ નવપલ્લવ નવલી થઇ, બેરખા સંતી બાંહું ॥ ભવિ૦ ॥ બીજી પણ તિમહિજ થઈ, પામી પરમ ઉત્સાહ ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૭ ॥ અચરિજ દેખી આવીયો, તાપસ એક તેણીવાર ॥ ભવિ૦ ॥ જનકનો મિત્ર જાણી કરી,

બોલાવે સુવિચાર ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૮ ॥ રે પુત્રી! તાપસ કહે, એકલી અટવી મઝાર ॥ ભવિ૦ ॥ કેમ આવી મુજને કહે, તવ ભાંખ્યો સઘળો વિચાર ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૯ ॥ કોપ્યો તાપસ એમ કહે, રાજને કરૂં ઉતપાત ॥ ભવિ૦ ॥ કળાવતિ તવ વિનવે, કોપ મ કરો મુજ તાત ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૧૦ ॥ તાપસે તિહાં વિદ્યા બળે, અવલ રચ્યો આવાસ ॥ ભવિ૦ ॥ કળાવતી સુતશું તિહાં, અહોનિશ રહે ઉલ્લાસ ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૧૧ ॥ કઠિયારા તેણે અવસરે, દેખી એહ વિચાર ॥ ભવિ૦ ॥ દોડયા દેવા વધામણી, રાજાને તેણીવાર ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૧૨ ॥ મંત્રી અરજ કરે તિસે, સુણો રાજન સુકુમાળ ॥ ભવિ૦ ॥ અવાધ દીયો એક માસની, ખબર કરૂં તતકાળ ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૧૩ ॥ એમ કહી શોધકરણ ચલે, એહવે આવ્યા કઠિયાર ॥ ભવિ૦ ॥ રાણીની વિગત કહી સવે, હરખ્યો ચિત્ત મઝાર ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૧૪ ॥ સૂકું વન સવિ મોરિયું, સૂકી નદી વહે પૂર ॥ ભવિ૦ ॥ રાણીયે સુત તિહાં જનમિયો, કર ઊગ્યા સસનૂર ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૧૫ ॥ રાજાને જઇ વિનવ્યો, પામ્યો હરખ વિશાળ ॥ ભવિ૦ ॥ રાણીને તેડવા મોકલ્યો, મંત્રીને તતકાળ ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૧૬ ॥ રાય રાણી મન રંગશું, આવ્યાં નગર મઝાર ॥ ભવિ૦ ॥ ઉચ્છવ રંગ વધામણાં, હુવો તે જય જયકાર ॥ ભવિ૦ ॥ શિ૦ ॥ ૧૭ ॥

ઢાળ ૪ થી.

(આદર જીવ ક્ષમાગુણ આદર.—એ દેશી.)

એક દિન રાય રાણી મન રંગ, વનમાં ખેલણ જાવે જી ॥ તવ તિહાં સાધુ ધર્મધુરંધર, તેહનો દરશણ પાવે જી ॥ ૧ ॥ ભવિયણ ધર્મ કરો મન શુદ્ધે, ધરમે સંપત્તિ થાય જી ॥ એ આંકણી ॥ ધરમે મનવંછિત સવિ હોવે, ધર્મે પાપ પલાય જી ॥ ભવિ૦ ॥ ૨ ॥ પય પ્રણમી સાધુને પૂછે, ભગવંત મુજને ભાંખો જી ॥ રાણી કર છેદ્યા કિણ કારણ, તેહનો ઉત્તર દાખો જી ॥ ભવિ૦ ॥ ૩ ॥ સાધુ જ્ઞાની એણીપરે બોલે, મહાવિદેહમાં રહેતાં જી, માહેંદ્રપુરી નયરી નૃપ વિક્રમ, લીલાવતી વિલસંતાં જી ॥ ભવિ૦ ॥ ૪ ॥ પુત્રી પ્રસવી રૂપ અનોપમ, સુલોચના ગુણખાણી જી ॥ વિદ્યાવંત વિદેશી સૂડો, વદતો અમૃત વાણી જી ॥ ભવિ૦ ॥ ૫ ॥ સુલોચના સોવન પિંજરમાં, સૂડો વ્હાલી રાખે જી ॥ ગાડા ગૂઢા નવલા ગાવે, મનોહર મેવા ચાખે જી ॥

॥ ભવિ૦ ॥ ૬ ॥ મનમાં કિર વિમાસે એહવું, પિંજર બંધન રહેવા જી ॥ આશ પરાઇ કરવી અહોનિશ, પરવશ સુખ ન લહેવો જી ॥ ॥ ભવિ૦ ॥ ૭ ॥ એક દિન પિંજર બાર ઉઘડિયો, પોપટ તવ નિકળીયો જી ॥ વનમાં તરુશાખાયે બેઠો, મનવંછિત સવિ ફળિયો જી ॥ ભવિ૦ ॥ ૮ ॥ સુલોચના સૂડાને વિરહે, તત્ક્ષણ મૂચ્છિત થાવે જી ॥ રાજા પાસ નખાવી સૂડો, બંધાવીને લાવેજી ॥ ભવિ૦ ॥ ૯ ॥ રીસાણી સૂડાશું કુંમરી, પાંખો બેહુ તસ છેદે જી ॥ સૂડો પણ તનુ મોહ તજીને, ભૂખ તૃષા બહુ વેદે જી ॥ ભવિ૦ ॥ ૧૦ ॥ શુભ પરિણામે સૂડો ચવિ ને, સુરલોકે સુર થાવે જી ॥ કુમરી તસ વિરહે તનુ તજીને, દેવાંગના પદ પાવે જી ॥ ભવિ૦ ॥ ૧૧ ॥ સુરલોકે સુર સુખ વિલસીને, ઈહાં કણે રાજા હુવો જી ॥ દેવિ પણ તે ત્યાંથી ચવિને, હુઇ કળાવતિ જૂઓ જી ॥ ભવિ૦ ॥ ૧૨ ॥ પૂરવ વૈર ઇહાં તુજ પ્રગટયો, તિણ કારણ કર છેદ્યા જી ॥ જન્માંતર કીધાં જે જીવે, નવિ છૂટે વિણ વેદ્યાં જી ॥ ભવિ૦ ॥ ૧૩ ॥ રાજા રાણી સુણીને તતક્ષણ, જાતિસમરણ જ્ઞાને જી ॥ પૂરવભવ સંપૂરણ પેખે, તહત્તિ કરીને માને જી ॥ ભવિ૦ ॥ ૧૪ ॥ કરમતણી ગતિ વિરૂઇ જાણી, વૈરાગે મન ભિનો જી ॥ રાજા રાણી નિર્મળ ભાવે, સંયમ મારગ લિનો જી ॥ ॥ ભવિ૦ ॥ ૧૫ ॥ તપ બળ ધ્યાન શુકલ આરાધિ, ભવબંધન સવિ છેડયાં જી ॥ રાજા રાણી કેવળ પામી, શિવરમણી સુખ જોડયાં જી ॥ ભવિયણ ધર્મ કરો મન શુદ્ધે ॥ ૧૬ ॥

કળશ.—ઈમ દુરિત ખંડળ શિયળ મંડણ, આરાધિ શિવપદ લહ્યો ॥ સંવત અઢાર પાંત્રિશ શ્રાવણ, શુકલ પંચમિ દિન કહ્યો ॥ લોંકા ઋષિ શ્રી કરમશી તસ, શિષ્ય રંગે ઉચ્ચરે ॥ ભુજનગર ભાવે રહી ચોમાસુ, માનસિંહ જય જય વરે ॥ ૧ ॥ ઇતિ ॥

अथ श्री इषुकार कमलावतिनुं षट् ढालियुं.

દોહા.

ચોવિશે જિનવર નમું, સમરી સરસતિ માય ॥ સાધુતણા ગુણ ગાયવા, મુજ મન આણંદ થાય ॥ ૧ ॥ છ જીવ સંયમ પાળીને, પહોત્યા મુગતિ મઝાર ॥ સંક્ષેપે કરી વર્ણવું, સૂત્રતણે અનુસાર ॥ ૨ ॥ સાધુ મારગે ચાલતાં, ભૂલા પડયા વનમાંહ ॥ ભૂખ તૃષાયે પીડિયા,

ગોવાળ મળ્યા ઉત્સાહ ॥ ૩ ॥ આગત સ્વાગત બહુ કરી, લેઇ ગયા નિજ ગેહ ॥ ભાત પાણી પ્રતિલાભિયા, આણી અધિક સનેહ ॥ ૪ ॥ તિહાં મુનિ દીધી દેશના, ભાંખ્યો અથિર સંસાર ॥ વાણી સુણી છએ સમજિયાં, લીધો સંયમ ભાર ॥ ૫ ॥ ગોવાળિએ તે છએ જણા, પાળી સંયમ સાર ॥ દેવલોકે જઇ ઉપન્યા, એક વિમાન મઝાર ॥ ૬ ॥ તિણમેં ચાર જીવે મળી, આરાધી જિન આણ ॥ દોયે સ્રીવેદ બાંધીયો, કાંઇક માયા પ્રમાણ ॥ ૭ ॥ દેવતણાં સુખ ભોગવી, પુણ્યતણે સુપસાય॥ ઉત્તમ કૂળે ઇહાં ઉપન્યા, તે સુણજો હિત લાય ॥ ૮ ॥

ઢાળ ૧ લી.

જંબૂદ્વિપના ભરતમાં, નગરી નામે ઇષુકાર રે ॥ ઋદ્ધિ સમૃદ્ધિ કરી શોભતિ, સ્વર્ગપુરી અનુહાર રે ॥ પુણ્યતણાં ફળ જાણીયે, પુણ્યે સવિ સુખ થાય રે ॥ પુણ્ય૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ પુણ્યથકી સંપત્તિ મળે, પુણ્યે વંછિત હોય રે ॥ પરભવ જાતાં જીવને, પુણ્ય સખાઇ જોય રે ॥ પુણ્ય૦ ॥ ૨ ॥ તિણ નગરે રાજા હુતો, ગુણવંતી તસ નાર રે ॥ તસ કુખે આવી ઉપન્યો, જનમ્યો શુભ તિથિ વાર રે ॥ પુણ્ય૦ ॥ ॥ ૩ ॥ માત પિતાએ થાપિયું, નામ ભલું ઇષુકાર રે ॥ પંચ ધાવે કરી ઊછર્યો, ભણ્યો કળા બહુ પ્રકાર રે ॥ પુણ્ય૦ ॥ ૪ ॥ બીજો જીવ વળિ ઉપન્યો, કોઇક નગરી મઝાર રે ॥ કમળાવતિ રૂપે રૂયડી, શિ-ળાદિક ગુણ ધાર રે ॥ પુણ્ય૦ ॥ ૫ ॥ જોવનવય દોય પામિયાં, પૂરવ કર્મ વિકાર રે ॥ માત પિતાયે પરણાવિયાં, સુખ ભોગવે સંસાર રે ॥ પુણ્ય૦ ॥ ૬ ॥ પુરોહિત હુતો રાયનો, નારી હુતી ગુણ ખાણ રે ॥ તસ ઉદરે આવી ઊપન્યો, ત્રીજો પુણ્ય પ્રમાણ રે ॥ પુણ્ય૦ ॥ ૭ ॥ પૂરે માસે જનમિયો, ભૃગુ દીધો વળી નામ રે ॥ ભણી ગણી પંડિત થયો, જોવનવય પામ્યો તામ રે ॥ પુણ્ય૦ ॥ ૮ ॥ ચોથો જીવ પુત્રિપણે, બ્રાહ્મણ કૂળે અવતાર રે ॥ જસાપત્ની નામે ભલી, તે ભૃગુ પુરોહિત થઇ નાર રે ॥ પુણ્ય૦ ॥ ૯ ॥ હવે ઇષુકાર રાજા થયો, રાજ્ય પાળે સુખકાર રે ॥ પુરોહિતપદ ભૃગુને દિયો, જગ જસ તેહનો વિસ્તાર રે ॥ પુણ્ય૦ ॥ ૧૦ ॥ ઇષુકારને કમળાવતિ, ભૃગુને જસાપત્નિ નાર રે ॥ સુખ ભોગવે સંસારનાં, ચારે જીવ ઉદાર રે ॥ પુણ્ય૦ ॥ ૧૧ ॥ સોના રૂપા આદે કરી, ધનનો કાંઇ નહીં પાર રે ॥ પણ પુરોહિતને પુત્ર જ નહીં, દુઃખ ધરે સ્રી ભરતાર રે ॥ પુણ્ય૦ ॥ ૧૨ ॥ દિશા સૂની

વિણુ બંધવા, ઘર સૂનું વિણુ પુત્ર રે ॥ તે કારણ બહુ વિધ ઘણા, ઉપાય કરે અદ્ભૂત રે ॥ પુણ્ય૦ ॥ ૧૩ ॥ સંબંધ હુવે જેહ જીવથી, તે મેળવિયા જગમાંહે રે ॥ પહેલી ઢાળ કહી ભલી, માલમુનિ ઉત્સાહે રે ॥ પુણ્યતણાં૦ ॥ ૧૪ ॥

દોહા.

સુખ ભોગવતાં સ્વર્ગનાં, તબ તે દોનું દેવ ॥ ચ્યવનચિન્હ જાણી કરી, અવધિ જોઇ તતખેવ ॥ ૧ ॥ અમે ઉપજશું બિહું જણા, પુરોહિત સુત સુખકાર ॥ નિમિત્ત રૂપ લેઇ આવિયા, તિણ નગરીને બહાર ॥ ૨ ॥ નિમિત્ત ભાંખે બહુ જન પ્રતે, જશ વાધ્યો પુરમાંહ ॥ તે સાંભળી પ્રશ્ન પૂછવા, આવ્યા પુરોહિત સ્ત્રી ત્યાંહ ॥ ૩ ॥ પુરોહિત કહે રે નિમિત્તિઆ, જો મુજ પુત્રજ હોય ॥ તમે કહો તે હું કરૂં, તવ બોલ્યા નિમિત્તક દોય ॥ ૪ ॥ પુત્ર હોશે દોય તુમ સહી, પણ લેશે સંયમભાર ॥ નાકારો કરવો નહીં, તેણે માન્યું વચન તે વાર ॥ ૫ ॥ કોલ દેઇને દેવતા, ગયા પોતાને ઠામ ॥ કાળ માસે દેવથી ચવિ, ઉપન્યા યુગલપણે તામ ॥ ૬ ॥

ઢાળ ૨ જી.

(દાન કહે જગ હું વડો.—એ દેશી.)

માત પિતા તવ હરખિયા, જનમ્યા પૂરે માસ હો ॥ ભવિજન ॥ મહા મહોચ્છવે નામ થાપિયું, દેવભદ્ર જસોભદ્ર તાસ હો ॥ ભવિજન, એક ચિત્તે કરી સાંભળો ॥ ૧ ॥ એ આંકણી ॥ અનુક્રમે તે મ્હોટા થયા, ભણ્યા શાસ્ત્ર વિચાર હો ॥ ભ૦ ॥ માત પિતા મન ચિંતવે, હવે કેમ રાખશું કુમાર હો ॥ ભ૦ ॥ ૨ ॥ બ્રહ્મપુરી વાસી નવી, વસિયા તિણહિજ ઠામ હો ॥ ભ૦ ॥ સાધુ બિહુકે નગરી તજી, વળિ પુત્ર તેડી કહે આમ હો ॥ ભ૦ ॥ ૩ ॥ મોકળા કેશને મુહપત્તિ, મેલાં વસ્ત્રને મેલાં ગાત્ર હો ॥ ભ૦ ॥ હાથમાં ઝોળી રાખે વળી, માંહે ફાંસી પાળી કાત્ર હો ॥ ભ૦ ॥ ૪ ॥ મુખ મિઠા ધીઠા ઘણા, વસ્ત્ર વીંટીને રાખે શસ્ત્ર હો ॥ ભ૦ ॥ હળવે જોઇ પગલાં ભરે, પણ છે તેહ કૂપાત્ર હો ॥ ભ૦ ॥ ૫ ॥ રંગ રંગીલાં પાતરાં, હાથ અમૂલક લોટ હો ॥ ભ૦ ॥ નામ ધરાવે સાધુ જી, હિયામાં રાખે ચોટ હો ॥ ભ૦ ॥ ૬ ॥ દિન દિન દયામણા, પણ માયાના પાસ હો ॥ ભ૦ ॥ હિસંતા અતિ દુબળા, મ કરશો તેહનો વિશ્વાસ હો ॥ ભ૦ ॥

॥ ૭ ॥ તે દેખી તુમે નાસજયો, આવજયો આપણે ગેહ હો ॥ ભ૦ ॥ નહીં કાં તુમને મારશે, કાપશે કાન નાક તેહ હો ॥ ભ૦ ॥ ૮ ॥ ઇત્યાદિક બંધે કરી, ભોળવ્યા તે દોય બાળ હો ॥ ભ૦ ॥ જેમ પશુ પંખી શિખવ્યા, શિખે તેહજ ચાલ હો ॥ ભ૦ ॥ ૯ ॥ ચરમશરિરી જીવડા, મોહતણે વશ હોય હો ॥ ભ૦ ॥ તરણ તારણ સાધુ નાવને, ફાંસીયા કહ્યા તે સોય હો ॥ ભ૦ ॥ ૧૦ ॥ ધિક્ ધિક્ મોહ વિટંબના, જેહની અવળી નીતિ હો ॥ ભ૦ ॥ માત પિતા જિમ ભોળવ્યા, કુંમર ચાલે તેહ રીત હો ॥ ભ૦ ॥ ૧૧ ॥ નગર જોવાને નિકળ્યા, તવ દીઠા અણગાર હો ॥ ભ૦ ॥ બ્હીકે નાશી તરુ ચઢયા, પેખે સયળ વિચાર હો ॥ ભ૦ ॥ ૧૨ ॥ મુનિ પણ તરુ તળે આવીને, સાચવે સાધુની રીત હો ॥ ભ૦ ॥ તે દેખી વૈરાગિયા, તવ મન આવી પ્રિત હો ॥ ભ૦ ॥ ૧૩ ॥ અહો એ જીવ જયણા કરે, તે કેમ કરે પરઘાત હો ॥ ભ૦ ॥ અમને પિતાયે ભોળવ્યા, મોહતણે અવદાત હો ॥ ભ૦ ॥ ૧૪ ॥ ઉહાપોહ કરતાં થકાં, જાતિસ્મરણ લાધ હો ॥ ભ૦ ॥ પૂરવભવ દેખી કરી, ઉતરી વાંધા સાધ હો ॥ ભ૦ ॥ ૧૫ ॥ સફળ થયો દિન આજનો, ભેટયા મહા મુનિરાય હો ॥ ભ૦ ॥ બીજી ઢાળે એહવા, બાલમુનિ નમે પાય હો ॥ ભ૦ ॥ ૧૬ ॥

દોહા.

જાતિસમરણ ઉપન્યો, જાણ્યો સરવ વિચાર ॥ તપ સંયમ પાળ્યાં હતાં, તે દીઠાં તેણીવાર ॥ ૧ ॥ કામભોગથી ઊભગ્યા, સંસારિક સુખ જેહ ॥ શિવસુખ અભિલાષી થયા, ઉપની શ્રદ્ધા એહ ॥ ૨ ॥ વૈરાગે મન વાળિયું, જાણ્યો અથિર સંસાર ॥ પરભવ જાતાં જીવને, એક જિનધર્મ આધાર ॥ ૩ ॥ માત પિતા એ કેહનાં, કેહનાં ધન પરિવાર ॥ સ્વારથનાં સહુકો સગાં, નાવે જીવની લાર ॥ ૪ ॥ ઘર આવી કહે માતને, અનુમતિ દ્યો શ્રીકાર ॥ ધર્મરત્ન પામ્યા અમે, લેશું સંયમભાર ॥ ૫ ॥ કુમરતણાં વયણાં સુણી, માત તાત તેણિ વાર ॥ મોહતણે વશ જે પડ્યા, તે સુણજો અધિકાર ॥ ૬ ॥ માય કહે સુણો નાનડા, એમ કેમ બોલો વાણ ॥ અમ મન આશા છે ઘણી, તુમે દોય જીવનપ્રાણ ॥ ૭ ॥ પુરોહિત આમણ દૂમણો, થયું થઇ દિલગીર ॥ ઉત્તર પ્રત્યુત્તર ઘણા, નયણે ઝરંતે નીર ॥ ૮ ॥

ઢાળ ૩ જી.

(આછે લાલની દેશી.)

સુણો વચ્છ માહરી વાત, વેદ વાણી સાક્ષાત ॥ આછે લાલ ॥ અપુત્રીયાને સ્વર્ગ છે નહીં જી ॥ ૧ ॥ વેદ ભણી કૂળ સૂત, હોમ જગન કરી પૂત્ર ॥ આછે૦ ॥ વિપ્ર જમાડો તમે વેગશું જી ॥ ૨ ॥ પરણી વિલસો ભોગ, મળિયો સર્વ સંયોગ ॥ આછે૦ ॥ પુત્ર થયાં સંયમ ગ્રહો જી ॥ ૩ ॥ સુખ વિલાસો હિ નાર, ટાળી વિષય વિકાર ॥ આછે૦ ॥ ઘરભાર સોંપી પૂત્રને જી ॥ ૪ ॥ વળતા દોનું કુમાર, તાત ને કહે સુવિચાર ॥ આછે૦ ॥ મિથ્યા વાણીએ કોઈ નવિતર્યો જી ॥ ૫ ॥ ભણે વેદ અપાર, ન કરે કરણી લગાર ॥ આછે૦ ॥ વેદન તારે કોઇ જીવને જી ॥ ૬ ॥ કરે બહુ જીવ સંહાર, તે જાય નરક મઝાર, ॥ આછે૦ ॥ હિંસાએ ધર્મ ભાંખે સહી જી ॥ ૭ ॥ તેહુને ગુરુ બુદ્ધિ આણ, કોઇ જમાડે અજાણ ॥ આછે૦ ॥ માઠી ગતિ પામે સહીજી ॥ ૮ ॥ દુઃખ આવે જેણીવાર, ટાળે ન કોઇ લગાર ॥ આછે૦ ॥ સગાં સંબંધી ટગમગ જૂએ જી ॥ ૭ ॥ હોમ જગન વળિ જેહ, નવિ તારે જીવને તેહ ॥ આછે૦ ॥ દયામેં આત્મહોમ યજ્ઞ છે જી ॥ ૧૦ ॥ એ દેહ અનિત્ય સંસાર, ભોગ અશુચિ ભંડાર ॥ આછે૦ ॥ કિંપાકફળની છે ઉપમા જી ॥ ૧૧ ॥ ક્ષણમાત્રનાં છે સુખ, તે પામે બહુળાં દુઃખ ॥ આછે૦ ॥ ભોગ અનર્થની ખાણ છે જી ॥ ૧૨ ॥ કાયા માયા પરિવાર, સુપનાગત સંસાર ॥ આછે૦ ॥ રમત બાજીગર સમ અછે જી ॥ ૧૩ ॥ વચ્છ વિચારી જોય, જીવ શરીર એક હોય ॥ આછે૦ ॥ પરભવ ફળ કોણ ભોગવે જી ॥ ૧૪ ॥ અરણિમાં અગ્નિ જેમ, જીવ કાયામાંહિ તેમ ॥ આછે૦ ॥ દેહ વિલસે જીવ વિણસે સહી જી ॥ ૧૫ ॥ વર્ણાદિસહિત જે હોય, પુદ્ગળ વિણસે સોય ॥ આછે૦ ॥ જીવ અરૂપી વર્ણાદિક નહીં જી ॥ ૧૬ ॥ હોમ યજ્ઞાદિક વાત, તો કિમ કસ્યા અવદાત ॥ આછે૦ ॥ જીવ કાયા તે જૂદાં અછે જી ॥ ૧૭ ॥ જબ અમે હુતા અજાણ, તબ માની તુમ આણ ॥ આછે૦ ॥ વાત ખોટી ન સમાચરૂં જી ॥ ૧૮ ॥ જન્મ મરણ જરા રોગ, દુઃખતણાં છે સંયોગ ॥ આછે૦ ॥ રતન પામ્યું ગૃહાવાસમાં જી ॥ ૧૯ ॥ રાત દિવસ જે જાય, તેતો લેખે ન થાય ॥ આછે૦ ॥ ધર્મ વિહુણા જાણો સહી જી ॥ ૨૦ ॥ એહ સંસાર અસાર, ભોગ અશુચિ ભંડાર ॥ આ-

છે૦ ॥ કાયા માયા સવિ કારમી જી ॥ ૨૧ ॥ નર સુખ બિંદુ સમાન, દેવ સુખ ઉદધિ પિછાન ॥ આછે૦ ॥ અલ્પ સુખે કોણ હારશે જી ॥ ૨૨ ॥ અમે જાણ્યાં સર્વ અસાર, લેશું સંયમભાર ॥ આછે૦ ॥ અનુમતિ દીયો માત તાતજી ॥ ૨૩ ॥ શાશ્વતાં સુખની ચાહ, હવે મન એહ ન સુહાય ॥ આછે૦ ॥ જન્મ મરણથકી ઉભગ્યા જી ॥ ૨૪ ॥ તે માટે મૂકું સંસાર, ઢાળ ત્રીજી સુખકાર ॥ આછે લાલ ॥ માલમુનિ કહે ભાવશું જી ॥ ૨૫ ॥

દોહા.

સાચી વાત તેં સુત કહી, સમજયો ધર્મ વિચાર ॥ જીવ કાયા જૂદાં સહી, પણ મુજ વિનતી અવધાર ॥ ૧ ॥ હમણાં આપણ એહુ જણા, એકઠા વસિય સંસાર ॥ પછી સંયમ લેશું સહી, કરશું ઉગ્ર વિહાર ॥ ૨ ॥ મિત્રાઇ હોવે મરણશું, જમ આવે ફરી જાય ॥ ખબર પડે જો મરણની, તો મુજથી રહેવાય ॥ ૩ ॥ અમર છાપ લખી નાવિયા, તો કેમ રહું સંસાર ॥ સાચો ધર્મ પામ્યા પછી, ન કરૂં ઢીલ લગાર ॥ ૪ ॥ પુત્ર વચણ એહવાં સુણી, પુરોહિત પામ્યો વૈરાગ ॥ નારી પ્રત્યે આવી કહે, તે સુણજો વડભાગ ॥ ૫ ॥

ઢાળ ૪ થી.

(જીરણશેઠની સજ્ઝાયની દેશી.)

પુરોહિત કહે નારી સુણો જી રે, પુત્ર પામ્યા રે વૈરાગ ॥ દિક્ષા લેશે તે સહી જી રે, કરશે સંસારનો ત્યાગ ॥ નારી જી રે, સાંભળો માહરી વાત ॥ ૧ ॥ એ આંકણી ॥ પુત્રવિના જુગતું નહીં જી રે, રહેવું આપણને સંસાર ॥ યોગ વેળા છે આપણી જી રે, તજીયે મોહ વિકાર ॥ નારી જી૦ ॥ ૨ ॥ તરુ શોભે શાખે કરી જી રે, શાખવિણ ઠુંઠ અસાર ॥ પંખી શોભે પાંખે કરી જી રે, પંખવિણ દુઃખ અપાર ॥ નારી જી૦ ॥ ૩ ॥ વહાણ વેપારી ધને કરી જી રે, ધનવિણ શોચ વિચાર ॥ રાજા શોભે સૈને કરી જી રે, સૈનવિણ ન શોભે લિગાર ॥ નારી જી૦ ॥ ૪ ॥ તિમ પુત્રવિણ હું શોભું નહીં જી રે, અમે લેશું સંયમભાર ॥ તવ નારી કહે સાંભળો જી રે, પ્રિતમ પ્રાણ આધાર ॥ પ્રિતમજી સાંભળો. ॥ ૫ ॥ પુત્ર જાય તો જાવા દીયો જી રે, આપણ રહેશું ઘરવાસ ॥ જોગવાઈ સરવે ઘણી જી રે, વિલસીએ લીલ વિલાસ ॥ પ્રિતમજી૦ ॥ ૬ ॥ સંસાર સુખ રૂડાં મળ્યાં જી રે,

ભોગવિયે આપણે ભોગ ॥ ભુક્તભોગી થયા પછે જી રે, લેશું સંયમનો યોગ ॥ પ્રિતમજી૦ ॥ ૭ ॥ ભોગ બહુળા મેં ભોગવ્યાં જી રે, લાધ્યા અનંતિવાર ॥ તૃપ્તિ ન પામ્યો એ જીવડો જી રે, અમે લેશું સંયમભાર ॥ નારી જી૦ ॥ ૮ ॥ આર્યદેશ ઉત્તમ કૂળે જી રે, પામ્યા નર અવતાર ॥ તપ સંયમ પાળ્યા વિના જી રે, કેમ પામિયે ભવપાર ॥ નારી જી૦ ॥ ૯ ॥ આપણે તો સુખ ભોગવ્યાં જી રે, ધન્ય એહનો અવતાર ॥ હજીય લગણ ન્હાના બાલુડા જી રે, લિયે છે સંયમભાર ॥ નારી જી૦ ॥ ૧૦ ॥ તો કેમ રહેવું માહરે જી રે, ઇણ અવસર સંસાર ॥ ચોથી ઢાળ સોહામણી જીરે, માલમુનિ હિતકાર ॥ નારી જી રે, સાંભળો માહરી વાત ॥ ૧૧ ॥

દોહા.

કર્મવશે સુખ દુઃખ સહાં, તે પણ કહ્યાં ન જાય ॥ કે જાણે, નિજ આતમા, કે જાણે જિનરાય ॥ ૧ ॥ સંપદા સહુ જીવે લહી, ન લહ્યો ધર્મ પ્રસંગ ॥ તે યોજવાઈ મળી હવે, નવિ મુકું સુત સંગ ॥ ૨ ॥ નિજ નિજ સહુ સ્વારથ જૂએ, પર ન જૂએ પરમાર્થ ॥ પરભવ જાતાં જીવને, કોઇ રાખવા ન સમર્થ ॥ ૩ ॥ પુત્રવિના સંસારમાં, કેમ રહે સ્ત્રી સુજાણ ॥ જસાપત્નિ વળતું કહે, સાંભળો જીવનપ્રાણ ॥ ૪ ॥

ઢાળ ૫ મી.

(હરિયાં મન લાગ્યો.—એ દેશી.)

સંયમ મારગ દોહિલો, દોહિલો સાધુ આચાર રે ॥ પ્રિતમ સાંભળો ॥ જૂના હંસની પરે સંભારશો, ઝૂરશો હૃદય મઝાર રે ॥ ॥પ્રિતમ૦ ॥ ૧ ॥ રોહિત મત્સ્યતણી પરે, પુત્ર છેદી મોહજાળ રે ॥ નારી જી સાંભળો ॥ દિક્ષા લે દોય બાલુડા, તો હું લેશું સંયમ વિશાળ રે ॥ નારી૦ ॥ ૨ ॥ સેવક કહે રાણી સુણો, નથી કોપ્યો મહારાજ રે ॥ નારી૦ ॥ પુરોહિત દિક્ષા લીએ અછે, તે ધન લાવે છે આજ રે ॥ પ્રિતમ૦ ॥ ૩ ॥ તવ રાણી પૂછે વળી, તસ નારી અને પુત્ર દોય રે ॥ તે પણ ચારિત્ર આદરે, રાણી વિમાસે સોય રે ॥ પ્રિતમ૦ ॥ ૪ ॥ મિત્રાઈ હતી માહરે, પણ નવિ દાખ્યો તેણ રે ॥ કોઈ કેહનું જગમાં નહિ, કૂડું સગપણ સેણ રે ॥ પ્રિતમ૦ ॥ ૫ ॥ અનિત્યપણું એમ ધ્યાવતાં, રાણીને ઊપન્યું જ્ઞાન રે ॥ વૈરાગે મન વાળિયું, તવ સમજાવે રાજાન રે ॥ પ્રિતમ સાંભળો ॥ ૬ ॥

ઢાળ ૬ ઠ્ઠી.

(વીરો સાંભર્યો.—એ દેશી.)

કહે રાણી કમળાવતિ રે, સુણો રાજા ઇષુકાર ॥ ધન પરિવાર તજી કરી રે, પુરોહિત લીએ સંયમભાર રે ॥ કહે કમળાવતિ ॥ ૧॥ કમળા કહે નરપતિ સુણો રે, પૂછું પ્રશ્નજ એક ॥ ઉત્તર દેજો તેહનો રે, આણી મનશું વિવેક રે ॥ કહે૦ ॥ ૨ ॥ વમ્યા આહારને કોઇ ઇ-ચ્છે રે, દાખો સુજને રે તેહ ॥ પ્રશંસા ન હોએ તેહની રે, રાય કહે કાગ શ્વાન જેહ રે ॥ કહે૦ ॥ ૩ ॥ એ ધન સુવર્ણ રયણનો રે, પુરોહિત કરે પરિહાર ॥ તમે પૃથ્વિપતિ રાજીયા રે, કેમ લેશો વમ્યો આહાર રે ॥ કહે૦ ॥ ૪ ॥ સર્વ જગ હોવે તુમ ઘરે રે, જો સર્વ ધન તુમ હોય ॥ તૃપતિ ન પામે તોહિ જીવડો રે, ત્રાણ શરણ નવિ કોય રે ॥ કહે૦ ॥ ૫ ॥ પરભવ ચાલે તુમ તણે રે, તો લીયો પુરોહિત વિ-ત્ત ॥ તેતો રાણી ધન ઇહાં રહે રે, તો કેમ કરો અનિત રે ॥ કહે૦॥ ॥ ૬ ॥ એક દિન મરવું છે સહી રે, છાંડી સર્વે રે સાથ ॥ પરભવ જાતાં જીવને રે, એક ધરમ સખાયો સાથ રે ॥ કહે૦ ॥ ૭ ॥ વિલંબ ન કીજે ધરમનો રે, ક્ષણ ક્ષણ ખૂટે રે આય ॥ ધર્મ વિહુણી જે ઘડી રે, તેતો નિષ્ફળ જાય રે ॥ કહે૦ ॥ ૮ ॥ દશ દૃષ્ટાંતે દોહિલો રે, લાધ્યો નર અવતાર ॥ પામીને કેમ હારિયે રે, જેહથી મુક્તિ દ્વાર રે ॥ કહે૦ ॥ ૯ ॥ કામભોગ મેં ભોગવ્યા રે, લાધ્યા વાર અનંત ॥ તૃપ્તિ ન પામ્યો જીવડો રે, ચેતો બહુ ગુણવંત રે ॥ કહે૦ ॥ ૧૦ ॥ આમિષ સહિત જેમ પંખણી રે, પિડા સહેરે અપાર ॥ તે હું નરપતિ કેમ રહું રે, જાણ્યો અથિર સંસાર ॥ કહે૦ ॥ ૧૧ ॥ દવ બળતો જીવ દેખીને રે, બીજા હર્ષિત હોય ॥ જાણે ન હોશે અમારડે રે, પણ બ-ળશે અંતે સોય રે ॥ કહે૦ ॥ ૧૨ ॥ એમ જગ બળતાં દેખીને રે, સ્વામિ નવિ બૂઝે રે જીવ ॥ મરણ તો એક દિન આવશે રે, તવ મૂ-કાવશે ધનાદિ સદૈવ રે ॥ કહે૦ ॥ ૧૩ ॥ જેમ પંખિ પિંજર પડયો રે, દેખે દુઃખ અપાર ॥ તેમ માયા બંધનમાં પડી રે, નવિ પામું રતિ લગાર રે ॥ કહે૦ ॥ ૧૪ ॥ કમળાવતિને વચણલે રે, બૂઝયો રાય ઇષુકાર ॥ નગર રાજ શ્રી પરિહરી રે, ધન સોવન રયણ ભંડાર રે ॥ કહે૦ ॥ ૧૫ ॥ પુરોહિત પુત્ર કલત્રશું રે, રાય રાણી તેણીવાર ॥ સુગુરૂ મુખે વ્રત ઉચ્ચર્યાં રે, લેઈ સંયમ કરે વિહાર રે ॥ કહે૦ ॥

॥ ૧૬ ॥ તપ જપ સંયમ પાળીને રે, ઉપન્યું કેવળજ્ઞાન ॥ કર્મ ખપાવી મુગતે ગયા રે, છએ જીવ સુગુણ નિધાન રે ॥ ભવિયણ સાંભળો ॥ ॥ ૧૭ ॥ ઉત્તરાધ્યયન એ સૂત્રમેં રે, ચઉદમે છે વિસ્તાર ॥ તેહ થકી મેં વર્ણવ્યો રે, ષટ્ ઢાળે કરી સાર રે ॥ ભવિ૦ ॥ ૧૮ ॥ સંવત અઢાર પંચાવને રે, જયેષ્ટ વદી ત્રીજ ગુરૂવાર ॥ અંજાર શેહેર સોહામણું રે, લોંકાગચ્છ સુખકાર રે ॥ ભવિ૦ ॥ ૧૯ ॥ ગચ્છપતિ શ્રી ખૂબચંદજી રે, તસ શાસન સુખદાય ॥ પૂજ્ય નાથાજી પસાયથી રે, માલમુનિ ગુણ ગાય રે ॥ ભવિયણ સાંભળો ॥ ૨૦ ॥ ઇતિ ॥

अथ श्री पांचसमवायनुं षट्ढालियुं.

દોહા.

સિદ્ધારથ સુત વંદીયે, જગદિપક જિનરાજ, વસ્તુ તત્વ સર્વિ જાણીએ, જસ આગમથી આજ ॥ ૧ ॥ સ્યાદવાદથી સંપજે, સકળ વસ્તુ વિખ્યાત ॥ સપ્તભંગ રચના વિના, બંધ ન બેસે વાત ॥ ૨ ॥ વાદ વદે નય જૂજવા, આપ આપણે ઠામ ॥ પૂરણ વસ્તુ વિચારતાં, કોઇ ન આવે કામ ॥ ૩ ॥ અંધ પુરૂષે એહ ગજ, ગ્રહી અવયવ એકેક ॥ દૃષ્ટિવંત લહે પૂર્ણ ગજ, અવયવ મિળી અનેક ॥ ૪ ॥ સંગતિ સકળ નયે કરી, જુગતિ યોગ શુદ્ધ બોધ ॥ ધન્ય જિનશાસન જગ જયો, જિહાં નહિ કાંઇ વિરોધ ॥ ૫ ॥

ઢાળ ૧ લી.

શ્રી જિનશાસન જગ જયકારી, સ્યાદ્વાદ શુદ્ધ રૂપ રે ॥ નય એકાંત મિથ્યાત નિરવાણ, અકળ અભંગ અનૂપ રે ॥ શ્રી૦ ॥ ૧ ॥ ॥ એ આંકણી ॥ કોઇ કહે એક કાળતણે વશ, સકળ જગત ગતિ હોય રે ॥ કાળે ઉપજે કાળે વિણસે, અવર ન કારણ કોઇ રે ॥ શ્રી૦ ॥ ॥ ૨ ॥ કાળે ગર્ભ ધરે જગ વનિતા, કાળે જનમે પૂત રે ॥ કાળે બોલે કાળે ચાલે, કાળે ચાલે ઘરસૂત રે ॥ શ્રી૦ ॥ ૩ ॥ કાળે દૂધથકી દહીં થાયે, કાળે ફળ પરિપાક રે ॥ વિવિધ પદારથ કાળ ઉપાએ, કાળે સહુ થાયે ખાખ રે ॥ શ્રી૦ ॥ ૪ ॥ જિન ચોવીશે બારે ચક્રવર્તિ, વાસુદેવ બળદેવ રે ॥ કાળે કવલિત કોઇ નવ દીસે, જસુ કરતા સુર સેવ રે ॥ શ્રી૦ ॥ ૫ ॥ ઉત્સર્પિણી અવસર્પિણી આરા, છએ જુદા જુદા

ભાત રે ॥ ષટ્ ઋતુકાળ વિશેષ વિચારો, ભિન્ન ભિન્ન દિન રાત રે ॥ શ્રી૦ ॥ ૬ ॥ કાળે બાળ વિલાસ મનોહર, જોવન કાળા કેશ રે ॥ વૃદ્ધા પણ પળી વપુ અતિ દુર્બળ, શક્તિ નહીં લવલેશ રે ॥ શ્રી૦ ॥ ૭ ॥

દોહા.

સભા સમક્ષે તવ તિહાં, બોલે વાદી સ્વભાવ ॥ કાળ બાળ એ મુજ થકી, કહો કિમ મંડે દાવ ॥ ૧ ॥ તિન લોકમાંહી કહ્યો, અધિકો મુજ ઉપગાર ॥ કોઇ ન જીતે જુગતિશું, નિસુણો તે અધિકાર ॥ ૨ ॥

ઢાળ ૨ જી.

(ગિરૂઆ ગુણ વિરજી.--એ દેશી.)

તવ સ્વભાવ વાદી વદે જી, કાળ કિશું કરે રંક ॥ વસ્તુ સ્વભાવે નિપજે જી, વિણસે તિમજ નિઃશંક ॥ સુવિવેક વિચારી, જૂઓ જૂઓ વસ્તુ સ્વભાવ ॥ ૧ ॥ એ આંકણી ॥ છતે યોગ જોવનવતિ જી, વાંઝણી ન જણે બાળ ॥ મૂછ નહિ મહિલા મૂખે જી, કર તળ ઊગે ન વાળ ॥ સુ૦ ॥ ૨ ॥ વિણ સ્વભાવ નવિ નિપજે જી, કેમ પદારથ કોય ॥ અંબ ન લાગે લીંબડે જી, વાય વસંતે જોય ॥ સુ૦ ॥ ૩ ॥ મોરપીંછ કુણ ચિતરે જી, કુણ કરે સંધ્યા રંગ ॥ અંગ વિવિધ સવિ જીવનાં જી, સુંદર નયન કુરંગ ॥ સુ૦ ॥ ૪ ॥ કાંટા બોર બબૂલના જી, કોણે અણિયાળા કીધ ॥ રૂપ રંગ ગુણ જૂજુઆ જી, તરૂફળ ફૂલ પ્રસિદ્ધ ॥ સુ૦ ॥ ૫ ॥ વિષધર મસ્તક નિત્ય વસે જી, મણી હરે વિષ તતકાળ ॥ પર્વત થિર ચળ વાયરો જી, ઉર્દ્ધ્વ અગ્નિની ઝાળ ॥ સુ૦ ॥ ૬ ॥ મચ્છ તુંબ જળમાં તરે જી, બૂડે કાગ પાષાણ ॥ પંખી જાત ગયણે ફિરે જી, ઇણિ પરે સયળ વિન્નાણ ॥ સુ૦ ॥ ૭ ॥ વાયુ સૂંઠથી ઉપશમે જી, હરડે કરે વિરેચ ॥ સીઝે નહીં કણ ગાંગડુ જી, શક્તિ સ્વભાવ અનેક ॥ સુ૦ ॥ ૮ ॥ દેશ વિદેશે કાષ્ઠનું જી, ભૂંયમાં થાય પાષાણ ॥ શંખ અસ્થિનો નિપજે જી, ક્ષેત્ર સ્વભાવ પ્રમાણ ॥ સુ૦ ॥ ૯ ॥ રવિ તાતો શશિ શીતળો જી, ભવ્યાદિક બહુ ભાવ ॥ છએ દ્રવ્ય આપ આપણા જી, ન તજે કોય સ્વભાવ ॥ સુવિવેક વિચારી, જૂઓ જૂઓ વસ્તુ સ્વભાવ ॥ ૧૦ ॥

દોહા.

કાળ સ્વભાવ કહ્યા પછી, ભવિતવ્યતા બહુ કોડ ॥ બોલે મુછ મરોડને, કુણ છે માહારી જોડ ॥ ૧ ॥ અવનિ તળે અવલોકતાં, માહરે

વશે સહુ કોય ॥ ઇંદ્ર ચંદ્રને ચક્રવર્તી, મુજ પૂંઠે સહુ કોય ॥ ૨ ॥

ઢાળ ૩ જી.

(કપૂર હોય અતિ ઉજળો રે.—એ દેશી.)

કાળ કિશ્યું કરે બાપડો જી, વસ્તુ સ્વભાવ અકજ્જ ॥ જો નવિ હોએ ભવિતવ્યતા જી, તો કેમ સિઝે કજ્જ રે ॥ પ્રાણિ, મ કરો મન જંજાળ ॥ ભાવિભાવ નિહાળ રે ॥ પ્રાણિ મ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ જળનિધિ તરે જંગલ ફરે જી, કોડ જતન કરે કોય ॥ અણુભાવી હોવે નહીં જી, ભાવી હોય તે હોય રે ॥ પ્રાણિ મ૦ ॥ ૨ ॥ આંબે મ્હોર વસંતમાં જી, ડાળે ડાળે કેઈ લાખ ॥ કેઈ ખરયાં કેઇ ખાખટી જી, કેઇ આંબા કેઈ સાખ રે ॥ પ્રાણિ મ૦ ॥ ૩ ॥ વાઉલ જિમ ભવિતવ્યતા જી, જિણ જિણ દિશિ ઉજાય ॥ પરવશ મન માણુસતણું જી, તૃણ જિમ પૂંઠે ધાય રે ॥ પ્રાણિ મ૦ ॥ ૪ ॥ નિયતવશે વિણુ ચિંતવ્યું જી, આવી મળે તતકાળ ॥ વરસા સોનું ચિંતવ્યું જી, નિયતિ કરે વિસરાળ રે ॥ પ્રાણિ મ૦ ॥ ૫ ॥ બ્રહ્મદત્ત ચક્રીતણાં જી, નયણ હરે ગોવાળ ॥ દોય સહસ જસ દેવતા જી, દેહતણા રખવાળ રે ॥ પ્રાણિ મ૦ ॥ ૬ ॥ કોકૂહો કોયલ કહે જી, કિમ રાખીશ તું પ્રાણ ॥ આહેડી શર તાકીયો જી, ઉપર ભમે સીંચાણ રે ॥ પ્રાણિ મ૦ ॥ ૭ ॥ આહેડી નાગે ડશ્યો જી, બાલ લાગ્યો સીંચાણ ॥ કોકૂહો ઊડી ગયો જી, જૂઓ જૂઓ નિયતિ પ્રમાણ રે ॥ પ્રાણિ મ૦ ॥ ૮ ॥ શસ્ત્રે હણ્યા સંગ્રામમાં જી, રાને પડ્યા જીવંત ॥ મંદિરમાંથી માનવી જી, રાખ્યા હી ન રહંત રે ॥ પ્રાણિ મ૦ ॥ ૯ ॥

દોહા.

ચોથો વાદી કહે ચતુર, કર્મ બાધક સંસાર ॥ જિમ રળાવે તિમ રળે, કોણ પુરૂષ કોણ નાર ॥ ૧ ॥ સુખ દુઃખ સઘળા જીવને, કર્મ પ્રમાણ કહાય ॥ જગતિ તળ જોતાં થકાં, ગજ સમવડ કુણ થાય ॥ ૨ ॥

ઢાળ ૪ થી.

(રાગ મારૂણી.—મનોહર વીરજી રે.—એ દેશી.)

કાળ સ્વભાવ નિયત મતિ કૂડી, કર્મ કરે તે થાય ॥ કર્મે નરય તિરિય નર સુર ગતિ, જીવ ભવાંતરે જાય ॥ ચેતન ચેતો રે, કર્મ સમો નહીં કોઇ ॥ ૧ ॥ એ આંકણી ॥ કર્મે રામ વશ્યા વનવાસે, સિતા પામી આળ ॥ કર્મે લંકાપતિ રાવણનું, રાજ થયું વિસરાળ ॥ ચે૦ ॥

॥ ૨ ॥ કર્મે કિડી કર્મે કુંજર, કર્મે નર ગુણવંત ॥ કર્મે રોગ શોગ દુઃખ પીડિત, જનમ જાય વિલપંત ॥ ચે૦ ॥ ૩ ॥ કર્મે વરસ લગે ઋષભેશ્વર, ઉદક ન પામે અન્ન ॥ કર્મે વીરને જૂઓ ગોવાળે, ખિલા રોપ્યા કન્ન ॥ ચે૦ ॥ ૪ ॥ કર્મે એક સુખપાળે બેસે, સેવક સેવે પાય ॥ એક હય ગય રથ ચઢયા ચતુર નર, એક આગળ ઉજાય ॥ ચે૦ ॥ ॥ ૫ ॥ ઉદ્યમ માની અંધતણી પરે, જગ હીંડે હાહુતો ॥ કરમબળી તે લહે સકળ ફળ, સુખભર સેજે સૂતો ॥ ચે૦ ॥ ૬ ॥ ઉંદર એકે કીધો ઉદ્યમ, કરંડીયો કરકોલે ॥ માંહે ઘણા દિવસનો ભૂખ્યો, નાગ રહ્યો દુઃખ ડોલે ॥ ચે૦ ॥ ૭ ॥ વિવર કરી મૂષક તસ મૂખમાં, દિયે આપણો દેહ ॥ માગ લહી વન નાગ પધાર્યા, કર્મ મર્મ જૂઓ એહ ॥ ચેતન ચેતો રે, કર્મ સમો નહીં કોઈ ॥ ૮ ॥

દોહા.

ઉદ્યમ અતિ આનંદથી, બોલે બોલ વિચાર ॥ મુજ સહાયથી મુનિવરા, પામે ભવનો પાર ॥ ૧ ॥ તિણ કારણ મ્હારે વશે, સકળ જગત વ્યવહાર ॥ ગર્વ કરો ગહિલા થકા, ચારે હિ અવિચાર ॥ ૨ ॥

ઢાળ ૫ મી.

હવે ઉદ્યમવાદી ભણે એ, એ ચારે અસમર્થ તો ॥ સકળ પદારથ સાધવા એ, એક ઉદ્યમ સમરથ તો ॥ ૧ ॥ ઉદ્યમ કરતાં માનવી એ, શું નવિ સિઝે કાજ તો ॥ રામે રયણાયર તરી એ, લીધું લંકાં રાજ તો ॥ ૨ ॥ કરમ નિયત તે અનુસરે એ, જેહમાં શક્તિ ન હોય તો ॥ દેઉળ વાઘ મુખે પંખીયાં એ, પિઉ પેસંતાં જોય તો ॥ ૩ ॥ વિણ ઉદ્યમ કિમ નિકળે એ, તિલમાંહેથી તેલ તો ॥ ઉદ્યમથી ઊંચી ચઢે એ, જૂઓ એકેંદ્રિય વેલ તો ॥ ૪ ॥ ઉદ્યમ કરતાં એક સમે એ, જેહ નવિ સિઝે કાજ તો ॥ તે ફરી ઉદ્યમથી હુવે એ, જો નવિ આવે વાજ તો ॥ ૫ ॥ ઉદ્યમ કરી ઓરયા વિના એ, નવિ રંધાએ અન્ન તો ॥ આવી ન પડે કોળિયો એ, મુખમાં પ્રક્ષેપે જતન્ન તો ॥ ૬ ॥ કર્મ પુત્ર ઉદ્યમ પિતા એ, ઉદ્યમે કીધાં કર્મ તો ॥ ઉદ્યમથી દૂરે ટળે એ, જૂઓ કર્મનો મર્મ તો ॥ ૭ ॥ દૃઢપ્રહારી હત્યા કરી એ, કીધાં પાપ અનંત તો ॥ ઉદ્યમથી ષટ્ માસમાં એ, આપ થયા અરિહંત તો ॥ ૮ ॥ ટીંપે ટીંપે સર ભરે એ, કાંકરે કાંકરે પાળ તો ॥ ગિરિ જેહવા ગઢ નિપજે એ, ઉદ્યમ શક્તિ નિહાળ તો ॥ ૯ ॥ ઉદ્ય-

મથી જળ બિંદુઓ એ, કરે પાષાણમાં ઠામ તો ॥ ઉદ્યમથી વિદ્યા ભણે એ, ઉદ્યમ જોડે દામ તો ॥ ૧૦ ॥

દોહા.

ઇમ પાંચમે એ પરસ્પરે, વિધ વિધ કરતા વાદ ॥ રાત દિવસ રોતા રહે, મન ધરિ અતિ ઉનમાદ ॥ ૧ ॥ એક દિન વીર સમોસર્યા, રાજગૃહી ઉદ્યાન ॥ નિસુણી નિજ નય થાપવા, આવે ધરી અભિમાન ॥૨॥

ઢાળ ૬ ઠી.

(એ છીંડી કિહાં રાખી.—એ દેશી.)

ઇમ પાંચે નય વાદ કરંતા, શ્રી જિન ચરણે આવે ॥ અમિય સરસ જિનવાણી સુણીને, આનંદ અંગ ન ભાવે રે ॥ પ્રાણિ, સમકિતમતિ મન આણો, નય એકાંત મ તાણો રે ॥ પ્રાણિ, તે મિથ્યામતિ જાણો રે ॥ પ્રાણિ સ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ એ પાંચે સમુદાય મળ્યા વિણ, કોઇ કાજ ન સિઝે ॥ અંગૂળિ યોગે કરતણી પરે, જે બૂઝે તે રિઝે રે ॥ પ્રાણિ સ૦ ॥ ૨ ॥ આગ્રહ આણી કોઇ એકને, એહમાં દીજે વડાઇ ॥ પિણ સેના મિળિ સકળ રણાંગણ, જીતે સુભટ લડાઇ રે ॥ પ્રાણિ સ૦ ॥ ૩ ॥ તંતુ સ્વભાવે પટ ઉપજાવે, કાળ ક્રમે રે વણાએ ॥ ભવિતવ્યતા હોય તો નિપજે, નહીં તો વિઘન ઘણાંએ રે ॥ પ્રાણિ સ૦ ॥ ૪ ॥ તંતુવાય ઉદ્યમ ભોક્તાદિક, ભાગ્ય સકળ સહકારી ॥ ઇમ પાંચે મિળી સકળ પદારથ, ઉત્પતિ જૂઓ વિચારી રે ॥ પ્રાણિ સ૦ ॥ ૫ ॥ નિયતિવશે હળુકરમો થઇને, નિગોદથકી નિકળીયો ॥ પુણ્યે મનુષભાવાદિક પામી, સદ્ગુરુને જઇ મળિયો રે ॥ ॥ પ્રાણિ સ૦ ॥ ૬ ॥ ભવતિથિનો પરિપાક થયો તવ, પંડિત વિર્ય ઉલ્લસિયો ॥ ભવ્ય સ્વભાવે શિવગતિ પામી, શિવપુર જઇને વસીયો રે ॥ પ્રાણી સ૦ ॥ ૭ ॥ વર્દ્ધમાન જિન ઇણિપરે વિનયે, શાસન નાયક ગાયો ॥ સંઘ સકળ સુખ હોયે જેહથી, સ્યાદ્વાદ રસ પાયો રે ॥ પ્રાણિ, સમકિતમતિ મન આણો ॥ ૮ ॥

॥ કળશ ॥ ઇમ ધર્મનાયક, મુક્તિદાયક, વીર જિનવર સંથુણ્યો ॥ સય સત્તર સંવત વન્હિ લોચન, વર્ષ હર્ષ ધરી ઘણો ॥ શ્રી વિજય દેવસૂરિંદ પટધર, શ્રી વિજયપ્રભ મુણિંદ એ ॥ શ્રી કીર્તિવિજય વાચક શિષ્ય ઇણિપરે, નિયમ કહે આણંદ એ ॥ ૯ ॥ ઇતિ ॥

अथ श्री महावीरस्वामिनुं पारणुं.

માતા ત્રિસલાયે પુત્ર રત્ન જાઇઓ, ચોશઠ ઇંદ્રિનાં આસન કંપે સાર ॥ અવધિજ્ઞાને જોઇ ધાયો શ્રી જિન વીરને, આવે ક્ષત્રિયકુંડ નયર મઝાર ॥ માતા૦ ॥ ૧ ॥ વીર પ્રતિબિંબ મૂકી માતા કને, અવસર્પિણી નિદ્રા દીએ સાર ॥ એમ મેરુશિખરે જિનને લાવે ભક્તિશું, હરિ પંચરુપ કરી મનોહાર ॥ માતા૦ ॥ ૨ ॥ એમ અસંખ્ય કોડા કોડી મળી દેવતા, પ્રભુને ઓચ્છવમંડાણે લેઇ જાય ॥ પાંડુકવન શિલાયે જિનને લાવે ભક્તિશું, હરિ અંગે થાપે ઇંદ્ર ઘણું ઉચ્છાય ॥ માતા૦ ॥ ૩ ॥ એક કોડી આઠ લાખ કળશે કરી, વીરનો સ્નાત્ર મહોચ્છવ કરે સાર ॥ અનુક્રમે વીરકુંવરને લાવે જનની મંદિરે, દાસી પ્રિયવંદા જાએ તેણીવાર ॥ માતા૦ ॥ ૪ ॥ રાજા સિદ્ધારથને દીધી વધામણી, દાસીને દાનને માન દિયે મનોહાર ॥ ક્ષત્રિકુંડમાંહે ઓચ્છવ મંડાવિઓ, પ્રજા લોકને હરખ અપાર ॥ માતા૦ ॥ ૫ ॥ ઘર ઘર શ્રીફળ તોરણ ત્રારજ બાંધિયાં, ગોરી ગાવે મંગલ ગિત રસાળ ॥ રાજા સિદ્ધારથે જન્મ મહોત્સવ કર્યો, માતા ત્રિસલા થઇ ઉજમાળ ॥ માતા૦ ॥ ૬ ॥ માતા ત્રિસલા ઝૂલાવે પુત્ર પારણે, ઝુલે લાડકડા પ્રભુજી આનંદભેર ॥ હરખિ નિરખિને ઇંદ્રાણીયો જાએ વારણે, આજ આનંદ શ્રી વીરકુમરને ઘેર ॥ માતા૦ ॥ ૭ ॥ વીરના મુખડાઉપર વારૂં કોટી ચંદ્રમા, પંકજ લોચન સુંદર વિશાલ કપોલ ॥ શુક ચંચૂ સરિખી દીસે નિર્મળ નાસિકા, કોમળ અધર અરુણ રંગ રોલ ॥ માતા૦ ॥ ૮ ॥ ઓર્ષાધ્ર સોવન મઢી રે શોભે હાલરે, નાજૂક આભરણ સઘળાં કંચન મોતી હાર ॥ કર અંગુઠો ધાવે વીરકુમર હર્ષે કરી, કાંઇ બોલાવતાં કરે કિલ કિલાકાર ॥ માતા૦ ॥ ૯ ॥ વીરને નિલાડે કીધો છે કુંકુમ ચાંદલો, શોભે જડિત મરકત મણિમાં દીસે લાલ ॥ ત્રિસલાયે જુગતે આંજી અણિયાળી બેહુ આંખડી, સુંદર કસ્તૂરિનું ટપકું કીધું ગાલ ॥ માતા૦ ॥ ૧૦ ॥ કંચન સોલે જાતનાં રત્ને જડિયું પારણું, ઝૂલાવતી વેળા થાયે ઘૂઘરનો ઘમકાર ॥ ત્રિસલા વિવિધ વચને હરખિ ગાયે હાલરૂં, ખેંચે કુમતિઆણી કંચનદોરી સાર ॥ માતા૦ ॥ ૧૧ ॥ મારો લાડકવાયો સખા સંગે રમવા જશે, મનોહર સુખડલી હું આપીશ એહને હાથ ॥ ભોજનવેળા રમઝમ રમઝમ કરતો આવશે, હું તો ધાઇને ભિડાવીશ હૃદયા સાથ ॥ માતા૦ ॥ ૧૨ ॥ હંસ કારંડવ કો-

કિલ પોપટ પારેવડાં, માંહી બપૈયાને સારસ ચકોર ॥ મેના મોર મેહ્યાં છે રમકડાં રમવાતણાં, ધમ ધમ ઘૂઘરા બજાવે ત્રિસલા કિશોર ॥ માતા૦ ॥ ૧૩ ॥ મારો વીરકુમર નિશાળે ભણવા જાયશે, સાથે સજ્જન કુટુંબ પરિવાર ॥ હાથી રથ ઘોડા પાલાયે ભલું શોભતું, કરી નિશાળગરણું અતિ મનોહર ॥ માતા૦ ॥ ૧૪ ॥ મારા વીર સમાણી કન્યા સારી લાવશું, મારા કુંમરને પરણાવીશ મહોટે ઘેર ॥ મારો લાડકડો વરરાજા ઘોડે બેસશે, મારો વીર કરશે સદાય લીલા લહેર ॥ માતા૦ ॥ ૧૫ ॥ માતા ત્રિસલા ગાવે વીરકુમરનું હાલરું, મારો નંદન જીવજો કોડા કોડી વરસ ॥ એતો રાજરાજેસર થાશે ભલો દિપતો, મારા મનના મનોરથ પૂરશે જગીશ ॥ માતા૦ ॥ ૧૬ ॥ ધન્ય ધન્ય ક્ષત્રિકુંડ ગામ મનોહરુ, જિહાં વીરકુમરનો જનમ ગવાય ॥ રાજા સિદ્ધારથના કૂલમાંહે દિનમણી, ધન્ય ધન્ય ત્રિસલા રાણી જેહની માય ॥ માતા૦ ॥ ૧૭ ॥ એમ સૈયર ટોળી ભેળી ગાવે હાલરું, થાશે મનના મનોરથ તેહને ઘેર ॥ અનુક્રમે મહોદય પદવી રૂપવિજય પદ પામશે, ગાયે અમિયવિજય કહે થાશે લીલા લહેર ॥ માતા૦ ॥ ૧૮ ॥

अथ श्री महावीरस्वामिनुं हालरियुं.

માતા ત્રિસલા ઝૂલાવે પુત્ર પારણે, ગાવે હાલો હાલો હાલરૂવાનાં ગીત ॥ સોના રૂપાને વળી રત્ને જડિયું પારણું, રેશમ દોરી ઘૂઘરી વાગે છૂમ છૂમ રીત ॥ હાલો હાલો હાલો હાલો મારા નંદને ॥ ૧ ॥ જિનજી પાસપ્રભુથી વરસ અઢીસેં અંતરે, હોશે ચોવીશમો તિર્થંકર જિત પરિમાણ ॥ કેશીસ્વામિ મુખથી એવી વાણી સાંભળી, સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ ॥ હાલો૦ ॥ ૨ ॥ ચૌદ સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજજી, વિત્યા બારે ચક્રી નહિં હવે ચક્રી રાજ ॥ જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર, તેહને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ ॥ મારી કૂખે આવ્યા તારણ તરણ ઝહાજ, મારી કૂખે આવ્યા ત્રણભુવન શિરતાજ ॥ મારી કૂખે આવ્યા સંઘ તિરથની લાજ, હુંતો પુણ્ય પનોતી ઈંદ્રાણી થઇ આજ ॥ હાલો૦ ॥ ૩ ॥ મુજને દોહોલો ઉપન્યો જે બેસું ગજ અંબાડિયે, સિંહાસનપર બેસું ચામર છત્ર ધરાય ॥ એ સહુ લક્ષણ મુજને નંદન તાહરા તેજનાં, તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય ॥ હાલો૦ ॥ ૪ ॥ કરતલ પગતલ લક્ષણ એક હજારને આઠ છે, તેથી નિશ્ચય જાણ્યા જિનવર

શ્રી જગદીશ ॥ નંદન જમણી જંગે લંછન સિંહ બિરાજતો, મેં પહેલે સુપને દીઠો વિશવાવીશ ॥ હાલો૦ ॥ ૫ ॥ નંદન નવલા બંધવ નંદિવર્દ્ધનના તમે, નંદન ભોજાઇયોના દેયર છો સુકુમાલ ॥ હસશે ભોજાઇયો કહી દીયર મહારા લાડકા, હસશે રમશે ને વળી ચૂંટી ખણશે ગાલ, હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ ॥ હાલો૦ ॥ ॥ ૬ ॥ નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો, નંદન નવલી પાંચશેં મામીના ભાણેજ છો ॥ નંદન મામલીયાના ભાણેજા સુકુમાળ ॥ હસશે હાથે ઉચ્છાળી કહીને નાહાના ભાણેજા, આંખ્યો આંજીને વળી ટબકું કરશે ગાલ ॥ હાલો૦ ॥ ૭ ॥ નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં, રતને જડીયાં ઝાલર મોતી કસબી કોર ॥ નીલાં પીળાંને વળી રાતાં સરવે જાતનાં, પહેરાવશે મામી મારા નંદ કિશોર ॥ હાલો૦॥ ॥ ૮ ॥ નંદન મામા મામી સૂખડલી સહુ લાવશે, નંદન ગજુવે ભરશે લાડુ મોતીચૂર ॥ નંદન મુખડાં જોઇને લેશે મામી ભામણાં, નંદન મામી કહેશે જીવો સુખ ભરપૂર ॥ હાલો૦ ॥ ૯ ॥ નંદન નવલા ચેડા મામાની સાતે સતિ, મારી ભત્રીજી ને બેન તમારી નંદ ॥ તે પણ ગુંજે ભરવા લાખણસાઇ લાવશે, તુમને જોઇ જોઇ હોશે અધિકો પરમાનંદ ॥ હાલો૦ ॥ ૧૦ ॥ રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો, વળી શૂડા મેના પોપટ ને ગજરાજ ॥ સારસ હંસ કોયલ તિત્તર ને વળી મોર જી, મામી લાવશે રમવા નંદ તમારે કાજ ॥ હાલો૦ ॥૧૧॥ છપ્પન કુમરી અમરી જળકળશેં નવરાવીયા, નંદન તમને અમને કેલીઘરની માંહે ॥ ફુલની વૃષ્ટિ કીધી યોજન એકને મંડલે, બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહે ॥ હાલો૦ ॥ ૧૨ ॥ તમને મેરુ ગિરિપર સુરપતિયે નવરાવિયા, નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય ॥ મુખડા ઉપર વારું કોડી કોટી ચંદ્રમા, વળી તનપર વારું ગ્રહગણનો સમુદાય ॥ હાલો૦ ॥ ૧૩ ॥ નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું, ગજપર અંબાડી બેસાડી મહોટે સાજ, પસલી ભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું ॥ સૂખડલી લેશું નિશાળીઆને કાજ ॥ હાલો૦ ॥ ૧૪ ॥ નંદન નવલા મોહોટા થાશોને પરણાવશું, વહુવર સરખી જોડી લાવશું રાજકુંમાર ॥ સરખા વેવાઇ વેવાણોને પધરાવશું, વરવહુ પોંખી લેશું જોઇ જોઇને દેદાર ॥ હાલો૦ ॥ ૧૫ ॥ પિઅર સાસર મારા બેહુ પક્ષ નંદન ઊજળા, માહારી કુખે આવ્યા તાત પનોતા નંદ ॥ માહારે આંગણ વૂઠા અમૃત દૂધે મેહુલા, માહારે આંગણે

ફળિઆ સુરતરુ સુખના કંદ ॥ હાલો૦ ॥ ૧૬ ॥ ઇણિ પરે ગાયું માતા ત્રિસલા સુતનું પારણું, જે કોઈ ગાશે લેશે પુત્રતણા સામ્રાજ ॥ બિલા-મોરાનગરે વરણવ્યું વીરનું હાલરું, જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ ॥ હાલો હાલો હાલો હાલો મારા નંદને ॥ ૧૭ ॥ ઇતિ ॥

अथ श्री शियळनी नववमो.

દોહા.

શ્રી સરસતિ સમરૂં સદા, પભણું તસુ સુપસાય ॥ સુવચન આપો સારદા, મહેર કરી મુજ માય ॥ ૧ ॥ વાણી વીર જિણંદની, સાંભળી શાસ્ત્ર મઝાર ॥ વાડ શિયળની નવ કહું, સુણજો સહુ નર નાર ॥ ૨ ॥ સીંચો અંબ અંગ શિળનો, સમતારસ ભરી નિર ॥ સાચવજો યતને કરી, ધરી દૃઢતા મન ધિર ॥ ૩ ॥ જાળવજો યતને કરી, નવવાડો ધરી નેહ ॥ ઉત્તમ ફળ શિળ અંબતણાં, વાડ વિગતે સુણો તેહ ॥ ૪ ॥ પ્રથમ સ્ત્રી સંગ ન કીજીયે, બીજે ન કરવી વાત ॥ ત્રીજે આસન સ્ત્રીતણે, બેસવું બે ઘડી જાત ॥ ૫ ॥ ચોથે રૂપ ન નિરખવું, ન કરે નારીશું નેહ ॥ પાંચમે ભિંત્યંતર ત્રિયા, મુનિ ન રહે તસ ગેહ ॥ ૬ ॥ છઠ્ઠે સુખ સંસારનાં, વળિ વિલસ્યાં હોય જેહ ॥ સિદ્ધારથ સુત ઇમ કહે, મુનિ ન સંભારે તેહ ॥ ૭ ॥ સાતમે સરસ આહારની, લાલચ ન કરે લગાર ॥ આઠમી વાડમાં ઇમ કહ્યું, અધિક ન કરવો આહાર ॥ ૮ ॥ નવમે વિલેપન નવિ કરે, ન કરે વળી શણગાર ॥ ત્રિકરણ શુદ્ધ આરાધતાં, પામે ભવનો પાર ॥ ૯ ॥

ઢાળ ૧ લી.

(કપૂર હોય અતિ ઉજળો રે.—એ દેશી.)

વાડ પહેલી જિનવર કહી જી, સિદ્ધારથ સુત ચંદ ॥ વીર જિણંદ એમ ઉચ્ચરે જી, ત્રિસલાદેવીનો નંદ ॥ સાધુજી, ન કરો નારીનો સંગ ॥ ૧ ॥ સંગથકી વ્રત ભંગ ॥ સાધુજી, ન કરો૦ ॥ એ આંકણી ॥ સ્ત્રી પશુ વાસો વશે જી, પંડગ પણ જિહાં વાસ ॥ તિહાં વસતાં બ્રહ્મચારીને જી, શિળતણો હોય નાશ ॥ સાધુજી૦ ॥ ૨ ॥ અગ્નિ આગળ દારૂ રહે જી, ઉડે ઓચિંતો સહુ ॥ એમ મુનિ માનની આગળે જી, થિર નહીં શિળથી નેહ ॥ સાધુજી૦ ॥ ૩ ॥ મંજારી મૂખ આ-

ગળે જી, ઊંદરની શી આશ ॥ તેણુ સ્ત્રી મૂખ આગળે જી, પડે તે પ્રેમને પાસ ॥ સાધુજી૦ ॥ ૪ ॥ પોપટ બિહે પાંજરે જી, દૂરથી દેખી મંજાર ॥ તેમ મુનિ બિહે માનની થકી જી, દુર્ગતિની દાતાર ॥ સાધુજી૦ ॥ ૫ ॥ સુંદરી શિર જળ બેડલુ જી, જાળવી રાખે જેમ ॥ માનની મુખ મુનિ પેખતાં જી, ચિત્ત નવિ ચાળવે તેમ ॥ સાધુજી૦ ॥ ॥ ૬ ॥ વંશ ઉપર જેમ ખેલતાં જી, ગોપવી રાખે મન્ન ॥ તેમ મુનિ મનને ગોપવે જી, રાખવા શિયળ રત્ન ॥ સાધુજી૦ ॥ ૭ ॥ ભાવે નહીં સાત ભાતની જી, સુખડી સંગ બરાસ ॥ તેમ મુનિ માનની સંગથી જી, નિગમે શિળની બિહાશ ॥ સાધુજી૦ ॥ ૮ ॥ મનશું બિહે ભૂંડ પડું જી, વાનર ચઢીયો વન ॥ તેમ મુનિ ગામમાં ગોચરીજી, ત્રિકરણ રાખી મન ॥ સાધુજી૦ ॥ ૯ ॥ ॥

કળશ—એમ વાડ પહેલી વીર જિનવર, કહી વ્રત હિત કારણે ॥ વાડ વિધિશું જેહ પાળે, જાઉં તેહને વારણે ॥ ૧ ॥

ઢાળ ૨ જી.

(વીરે વખાણી રાણી ચેલણા જી.—એ દેશી.)

વાડ બીજી કહી વીરજી જી, સાંભળો સહુ નર નાર ॥ શિળવ્રત શુદ્ધ મને પાળજો જી, જેમ પામો ભવ પાર ॥ વાત ન કીજે વનિતાતણી જી ॥ ૧ ॥ એ આંકણી ॥ વાતથી ઉત્પાત ઉપજે જી, વાતથી વિરતિની ઘાત ॥ ક્ષણ એકમાંહે ખરી પડે જી, પવનથી જેમ તરૂપાત ॥ વાત૦ ॥ ૨ ॥ દૂરથી દેખી દાઢયો ગળે જી, લીંબુતણી રે ખટાશ ॥ મન ચળે તેમ મુનિવરતણું જી, સાંભળી વચન વિલાસ ॥ વાત૦ ॥ ૩ ॥ હુડકવા હુલે ને ટળવળે જી, ગગન ગુંજારવ જેમ ॥ તેમ મુનિનું ચિત્ત ટળવળે જી, વાધે તિહાં વિષયશું પ્રેમ ॥ વાત૦ ॥ ॥ ૪ ॥ વિણ જીભે જે વાતો કરે જી, સ્વર તે સારંગી જેહ ॥ વચન જીભે વનિતાતણાં જી, એણીપરે અધિક સનેહ ॥ વાત૦ ॥ ૫ ॥ મધુરે સ્વરે મોહ્યો મરગલો જી, પડિયો તે પાસમાં જેમ ॥ વિષય વચણ વનિતાતણાં જી, પાડે તે પાસમાં તેમ ॥ વાત૦ ॥ ૬ ॥

ઢાળ ૩ જી.

(નિદ્રડી વેરણ હુઈ રહી.—એ દેશી.)

ત્રીજી વાડે ત્રિભુવન ધણી, ભલી ભાંખે હો વાણી ભગવાન કે ॥ શિયળ પાળો સાચે મને, મ મ કરજો હો મનશું અભિમાન કે ॥

નારી આસન નવિ બેસીયે, આસનથી હો વળી વાધે પ્રેમ કે ॥ નારી૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ સિંહાસન પાટ પાટલા, વળી બેસણું હો હોય નારીનું જેહ કે ॥ તિહાં બેસવું બ્રહ્મચારીને, નવિ ભાંખ્યું હો ભગવંતે તેહ કે ॥ નારી૦ ॥ ૨ ॥ આસન નાસણ વ્રતતણું, આસનથી હો વળી વાધે પ્રેમ કે ॥ બેસવું તે બે ઘડી પછી, એમ ભાંખ્યું હો ભગવંતે તેમ કે ॥ નારી૦ ॥ ૩ ॥ ચમકપાણ પાસે રહે, જગ જાણે હો લોહ ગળતો જેમ કે ॥ શિયળ ગળે સાધુતણાં, આસનથી હો તરુણીને તેમ કે ॥ નારી૦ ॥ ૪ ॥ લસણ કળીના સંગથી, જેમ જાયે હો કસ્તૂરીનો વાસ કે ॥ તેમ સ્ત્રીને આસને બેસતાં, થાય નિશ્ચે હો શિયળનો વિનાશ કે ॥ નારી૦ ॥ ૫ ॥ જીવિત પારાના યોગથી, ભેળો ભળતો હો ગળતો હોય જેમ કે ॥ યુવતિને આસને જાણજો, ગુણ ગળતો હો શિયળતણો તેમ કે ॥ નારી૦ ॥ ૬ ॥ કોળા કેરી ગંધથી, જેમ વિણસે હો કણકનો વાક કે ॥ તેમ સ્ત્રીનું આસન સેવતાં, વળી વિણસે હો શિયળ સંપાક કે ॥ નારી૦ ॥ ૭ ॥ ચિત્ત ચોખું રાખી કરી, નિત્ય પાળો હો શિયળ નર નાર કે ॥ હું બલિહારી હો તેહતણી, વળી વારણે હો જાઉં વાર હજાર કે ॥ નારી આસન નવિ બેસીયે ॥ ૮ ॥

ઢાળ ૪ થી.

(આજ હજારી ઢોલો પ્રાહુણો.—એ દેશી.)

ચોથી વાડે એમ ચિત્ત ધરો, મુનિ વાણી કહી જિન વીર ॥ મુનિરાયા હે ॥ મનને ન મૂકશો મોકળું, મુનિ નિરખતાં નારી શરીર ॥ મુનિરાયા હે ॥ રમણીને રૂપે ન રાચીયે ॥ ૧ ॥ એ આંકણી ॥ ચિત્રે લખી જે પૂતળી, જેમ નિરખતાં નેહ અપાર ॥ મુનિ૦ ॥ તેમ તરુણી તન પેખતાં, એમ વાધે તે વિષય વિકાર ॥ મુનિ૦ ॥ રમણી૦ ॥ ॥ ૨ ॥ દિપક રૂપ દેખી કરી, જેમ પડીયો તે માંહી પતંગ ॥ મુનિ૦ ॥ નારીનું રૂપ નિહાળતાં, રઢ લાગે તે રમણીને રંગ ॥ મુનિ૦ ॥ ॥ રમણી૦ ॥ ૩ ॥ કાગળ હાથણી દેખી કરી, મદ વાધે તે મયગળને જેમ ॥ મુનિ૦ ॥ મદ વાધે મુનિવરતણો, નેહે નિરખતાં નારીને તેમ ॥ મુનિ૦ ॥ રમણી૦ ॥ ૪ ॥ શશિ દર્શન દેખી કરી, વેલ વાધે સાયરની જેહ ॥ મુનિ૦ ॥ ચિત્ત ચોરણ ચંદ્રામુખી, નિરખી વાધે તે નવલો નેહ ॥ મુનિ૦ ॥ રમણી૦ ॥ ૫ ॥ રૂપ દેખી રાજુલતણું, મુનિ ધ્યાન

ચૂકો રહેનેમિ ॥ મુનિ૦ ॥ અબળા ઈંદ્રિય નિહાળતાં, એમ વાધે તે વિષયશું પ્રેમ ॥ મુનિ૦ ॥ રમણી૦ ॥ ૬ ॥ જિનરક્ષિત પરે જાણજો, જોયું રયણાદેવિનું રૂપ ॥ મુનિ૦ ॥ જક્ષે નાંખ્યો જળ ભણી, નારી નેહથી ભવજળ કૂપ ॥ મુનિ૦ ॥ રમણી૦ ॥ ૭ ॥ દિનકર સામું દેખતાં, જેમ નયણે હીણું હોય તેજ ॥ મુનિ૦ ॥ તેમ મહિલા મુખડું નિહાળતાં, હીણો હોય તે શિયળનો હેજ ॥ મુનિ૦ ॥ રમણી૦ ॥ ૮ ॥ જોવી નહીં જિનવરે કહી, અંગે ગલિત પલિત પણ નાર ॥ મુનિ૦ ॥ ભરજોવન જે ભામિની, કેમ જોવી કહી અણગાર ॥ મુનિ૦॥ રમણી૦॥ ॥૯॥ ધ્યાન ચોથું જે કોઇ ધરે, મુનિ જે કરે ચોથો ધર્મ ॥ મુનિ૦ ॥ કમ ચોથું વ્રત આદરે, ત્રિકરણથી ત્રોડે આઠે કર્મ ॥ મુનિ૦ ॥ રમણી૦ ॥૧૦॥

ઢાળ ૫ મી.

(પરિગ્રહ મમતા પરિહરો.—એ દેશી.)

પાંચમી વાડ પ્રતિબોધની, શિખામણ કહી વીર ॥ સાધુજી ॥ ભીંત અંતર રહેતાં થકાં, મન ન રહે તિહાં થીર ॥ સાધુજી ॥ ભીંતનો અંતર પરિહરો ॥ ૧ ॥ એ આંકણી ॥ કોકિલ કંઠે કામિની, ગાવે મધુરા ગીત ॥ સાધુ૦ ॥ સ્વર કંકણાદિકનો સુણી, પ્રેમે વાધે પ્રિત ॥ સાધુ૦ ॥ ભીંત૦ ॥ ૨ ॥ વાજાં વાજે વેગળાં, તે સુણી ઉપજે તાન ॥ સાધુ૦ ॥ વચન વાજાં વનિતાતણાં, મોડે તે શિયળનું માન ॥ સાધુ૦ ॥ ભીંત૦ ॥ ૩ ॥ મોર નાચે મહીમંડળે, ગગને સુણી ગુંજાર ॥ સાધુ૦ ॥ મન નાચે તેમ મુનિતણું, શબ્દ સુણી શણગાર ॥ સાધુ૦ ॥ ॥ ભીંત૦ ॥ ૪ ॥ અત્તર કુંપામાં અંતરે, પ્રેરથી પ્રેરવે મન્ન ॥ સાધુ૦ ॥ મન પ્રેરવે મુનિવરતણું, સાંભળી સરસ વચન્ન ॥ સાધુ૦ ॥ ભીંત૦ ॥ ॥ ૫ ॥ અગ્નિ પાસે જાય ઓગળી, ભાજન ભરીયું જેમ ॥ સાધુ૦ ॥ લાખ મીણ ઘૃત ઓગળે, શિયળ પણ બિગડે તેમ ॥ સાધુ૦ ॥ ભીંત૦ ॥ ॥ ૬ ॥ પત્ર આવે પરદેશથી, વ્હાલા વિછોહ્યાનો જેમ ॥ સાધુ૦ ॥ વાંચતાં નેહ વાધે ઘણો, ભીંત અંતર તેમ પ્રેમ ॥ સાધુ૦ ॥ ભીંત૦ ॥ ૭ ॥ જાગે મદન જિનવર કહે, લાગે લંછન ડાઘ ॥ સાધુ૦ ॥ ભાંગે વાડ ભીંતે રહ્યાં, વારૂ કહે વિતરાગ ॥ સાધુજી૦ ॥ ભીંતનો૦ ॥ ૮ ॥

ઢાળ ૬ ઠ્ઠી.

(કટર આંબા આંબલી રે.—એ દેશી.)

વાડ છઠ્ઠી કહે વીરજી રે, છોડી સકળ સંસાર ॥ પંચ મહાવ્રત

પાળવાં રે, ભાવથી સંયમ ભાર ॥ સાધુજી ॥ સુખ ન સંભારીયે ગેહ ॥ પંચ આચારને પાળીયે રે, ટાળીયે વિષયશું નેહ ॥ સાધુજી ॥ સુખ ન સંભારીયે ગેહ ॥ ૧ ॥ એ આંકણી ॥ અગ્નિ ભાસ્યા ઉપરે રે, પૂળો પરજળે જેહ ॥ વિષયઅગ્નિ વ્યાપે ઘણી રે, દાઝે એણીપરે દેહ ॥ સાધુજી ॥ સુખ૦ ॥ ૨ ॥ અવિરતિપણે જે આપણે રે, ઘર સુખ ભોગવ્યાં જેહ ॥ તે વળી વ્રત લીધા પછી રે, મુનિ ન સંભારે તેહ ॥ સાધુજી ॥ સુખ૦ ॥ ૩ ॥ શંકાએ વિષ સંક્રમ્યો રે, વરસે વિષધર જેમ ॥ વિષયઝેર વ્યાપી રહ્યું રે, અંગે પ્રગમે એમ ॥ સાધુજી ॥ સુખ૦ ॥ ૪ ॥ વર્ષે વસ્તુ સાંભરે રે, ઉપજે હરખ અપાર ॥ તેમ તરુણી સુખ સાંભરે રે, વાધે વિષય વિકાર ॥ સાધુજી ॥ સુખ૦ ॥ ૫ ॥ મહાવ્રત પાંચમાં મોટકો રે, સકળ ધરમમાંહે સાર ॥ એ વ્રત એકને ભાંજતાં રે, બીજાં ભાગે ચાર ॥ સાધુજી ॥ સુખ૦ ॥ ૬ ॥ વિલશાં સુખ વનિતાતણાં રે. મુનિ ન વિચારે મન્ન ॥ રલકંબળ એક કારણે રે, પરિહર્યાં પાંચ રતન્ન ॥ સાધુજી ॥ સુખ૦ ॥ ૭ ॥ મણિધર મૂકે કાંચળી રે, ફરી ન ઇચ્છે જેમ ॥ મુનિ પણ મનથી તેણીપરે રે, વળીય ન વંછે પ્રેમ ॥ સાધુજી૦ ॥ સુખ૦ ॥ ૮ ॥

ઢાળ ૭ મી.

(અરણિક મુનિવર ચાલ્યા ગોચરી.—એ. દેશી.)

સાતમી ઢાળે રે શિખામણ સુણો, વીર પ્રભુની વાણ જી ॥ શિયળ સુરતરુ રે સુધો સાચવો, પાળજો શ્રી જિન આણ જી ॥ આહાર સરસ અણગાર ન કીજીએ ॥ ૧ ॥ એ આંકણી ॥ લાલચ ન કરે લગાર જી ॥ આહાર સરસ અણગાર કરતાં થકાં, વાધે વિષય વિકાર જી ॥ આહાર૦ ॥ ૨ ॥ વિગય તે થોડું રે વાવરવું કહ્યું, મોદક ન વંછે મન્ન જી ॥ તેમ તેજાના આહાર તે પરિહરો, રાખણ શિયળ રતન્ન જી ॥ આહાર૦ ॥ ૩ ॥ સરસ આહારે રે શિયળ સંયમ ધણી, વાધે દેહનો વાન જી ॥ વિષય અગ્નિ રે તેણે વાધે ઘણો, નવિ રહે ધર્મનું ધ્યાન જી ॥ આહાર૦ ॥ ૪ ॥ આહાર લાલચથી રે જળજર જીવડા, મીન પડે જેમ જાળ જી ॥ તેમ સંયમીને રે આહાર લાલચ ધર્યાં, મુનિ પડે મોહની જાળ જી ॥ આહાર૦ ॥ ૬ ॥ આહાર લાલચથી રે આષાઢો પડયો, દેખી મદિરાપાન જી ॥ મુનિ મનબળિયો રે વળિયો વચન ગુરુ, પામ્યો કેવળજ્ઞાન જી ॥ આહાર૦ ॥ ૭ ॥ સન્નિપાત જેમ

ઘૃતના યોગથી, અધિક કરે ઉલાળા જી ॥ પાંચે ઇંદ્રિય અતિ સરસે પોષતાં, ચારિત્રમાં કરે ચાળા જી ॥ આહાર૦ ॥ ૮ ॥

ઢાળ ૮ મી.

આઠમી વાડે કહ્યું વીર જી હો રાજ, સુણો સાધુ અણગાર રે ॥ વૈરાગી સુધા સાધુ જી ॥ શિયળ સંયમનો જો ખપ કરો હો રાજ, અધિક મ કરશો આહાર રે ॥ વૈરાગી૦ ॥ ૧ ॥ આહાર અધિક કરતાં થકાં હો રાજ, આળસ આવે અંગ રે ॥ વૈરાગી૦ ॥ ઉંઘ પણ આવે અતિ ઘણી હો રાજ, સુપનામાં શિયળનો ભંગ રે ॥ વૈરાગી૦ ॥ ॥ ૨ ॥ અધિક આહાર કરે મુનિ હો રાજ, હોય મદવંતી દેહ રે ॥ વૈરાગી૦ ॥ વિષય અગ્નિ વ્યાપે ઘણો હો રાજ, નવિ રહે શિયળશું નેહ રે ॥ વૈરાગી૦ ॥ ૩ ॥ દોહો દારૂ ભરતાં થકાં હો રાજ, બગડે જેમ બંદુક રે ॥ વૈરાગી૦ ॥ તેમ અતિ આહાર કર્યા થકી હો રાજ, ચારિત્રમાં પડે ચૂક રે ॥ વૈરાગી૦ ॥ ૪ ॥ બમણું લૂણ પડ્યા થકી હો રાજ, ન ગમે ભોજન મન્ન રે ॥ વૈરાગી૦ ॥ તેમ અતિ આહાર કર્યા થકી હો રાજ, વિણસે શિયળ રતન્ન રે ॥ વૈરાગી૦ ॥ ૫ ॥ ફાટે તોલડી એરૂ ખીચડી હો રાજ, ઓરીએ નવમાં તેર રે ॥ વૈરાગી૦ ॥ તેમ અતિ આહાર કર્યાં મુનિ હો રાજ, બગડે વ્રત નહીં ફેર રે ॥ વૈરાગી સૂધા. સાધુ જી ॥ ૬ ॥

ઢાળ ૯ મી.

(ધન્ય ધન્ય શાળિભદ્ર મુનિવરૂ જી.—એ દેશી.)

વીરે વારૂ કહ્યું નવમી વાડમાં જો, મુનિવર ધરજો તેણીપરે મન્ન જો ॥ શરીર શણગાર સાધુ નવિ કીજીયે જો, રાચો જો રાખણ શિયળ રતન્ન જો ॥ શરીર શોભા સાધુ નવિ કીજીયે જો ॥ ૧ ॥ એ આંકણી ॥ સ્નાન વિલેપન વળી શણગારને જો, ન કરે નિત શિળવંત નર નાર જો ॥ શિળ ન રહે નિત્ય શોભા કરે જો, કહો કેમ કરવું કહ્યું અણગાર જો ॥ શરીર૦ ॥ ૨ ॥ ભ્રમર મૂઝાણો રે કમળમાંહે રહ્યો જો, લુબ્ધાણો લેતાં પરિમલ વાસ જો ॥ તેલ ફૂલેલ કુસુમની વાસથી જો, સાધુ શિયળમાં એમ વિનાશ જો ॥ શરીર૦ ॥ ૩ ॥ સ્નાન વિલેપન વળી શણગારથી જો, કરતી કોશ્યા મન વિષયવિકાર જો ॥ તેમ શરીર શણગાર કરતાં થકાં જો, ન રહે શિયળથી નેહ નિરધાર જો ॥ શરીર૦ ॥ ૪ ॥ ઉજવળ બગ જળમાં ઊભો રહ્યો જો, ધરતો

કપટે એકણ પગ ધ્યાન જો ॥ એમ અંગ ઉપર ઉજ્વળ પહેરતાં જો, સાધુજી શિયળમાં તેમ વિજ્ઞાન જો ॥ શરીર૦ ॥ ૫ ॥ ઉજ્વળ હંસ મન માનસરોવરે જો, આહાર એહુને મુક્તાફળ દૂધ જો ॥ એમ અંગ ઉજ્વળ અણગારનું જો, સંયમી શિયળ પાળે મન શુદ્ધ જો ॥ શરીર૦ ॥ ૬ ॥ ધોઇને ધરણી ઉપરે ધર્યો જો, જેહ હાર્યો રતન કુંભાર જો ॥ તેમ શિયળવ્રતને હારશો જો, કરતાં કાંઈ શરીરતણો શણગાર જો ॥ શરીર શોભા સાધુ નવિ કીજીયે જો ॥ ૭ ॥

દોહા.

વાડ કહી નવ શિયળની, વિવરી વિવિધ વિચાર ॥
એણી વિધિશું જે આદરે, તે પામે ભવપાર ॥ ૧ ॥

॥ કળશ ॥

ધન્ય ધન્ય શિયળ સોહામણું ॥ એ આંકણી ॥ ઉત્તરાધ્યયનને સોળમે, વીર પ્રભુજીની વાણી જી ॥ વળી શિળતણા ગુણ વર્ણવ્યું, સુણજો તે સહુ પ્રાણિ જી ॥ ધન્ય ધન્ય૦ ॥ ૧ ॥ શિયળ સાચે મને પાળતાં, નવિ બેસે કાંઇ નાણું જી ॥ જગમાં જશ વાધે ઘણો, તેહનો જન્મ સફળ વખાણું જી ॥ ધન્ય૦ ॥ ૨ ॥ શિયળથી સિતાને સુણો, અગ્નિ થયો તિહાં પાણી જી ॥ પુષ્પવૃષ્ટિ દેવે કરી, ત્રણ લોકે સતિય વખાણી જી ॥ ધન્ય૦ ॥ ૩ ॥ પટરાણી પાંચ પુરુષની, શિયળ ધર્મે મન ધીર જી ॥ નગન તે નવિ હુઈ દ્રૌપદી, કૈરવે કાઢયાં ચીર જી ॥ ધન્ય૦ ॥ ૪ ॥ કાપ્યા હાથ કળાવતિ, રોષ ધરી શંખરાયે જી ॥ સૂરજની સાખે થયા, નવપલ્લવ શિયળ પસાયે જી ॥ ધન્ય૦ ॥ ૫ ॥ શેઠ સુદર્શનને સુણયો, શૂળી સિંઘાસણ હોય જી ॥ સાખ પૂરે સહુ સુરનરા, મહિમા તે શિયળનો સોય જી ॥ ધન્ય૦ ॥ ૬ ॥ શિયળતણા ગુણ એહુવા, સાંભળી સહુ નર નાર જી ॥ શિયળ પાળે સાચે મને, ધન્ય ધન્ય તસ અવતાર જી ॥ ધન્ય૦ ॥ ૭ ॥ સાત વરસનો સુત થયો, ન સૂવારે નિજ માત જી ॥ સાડા છ વર્ષની સુતા, તે ન સૂવારે નિજ તાત જી ॥ ધન્ય૦ ॥ ૮ ॥ નવલાખ પ્રાણિની કહી, હાણ નારી સંગે હોય જી ॥ અસંખ્યાત સ્ત્રી સંગટે, હાણ સમૂર્ચ્છિમ જોય જી ॥ ધન્ય૦ ॥ ૯ ॥ ઘાત કહી ઘણા જીવની, વિષયથી જૂઓ વિચારીજી ॥ પાળો શિયળ ધરી પ્રિતશું, સાંભળો સહુ નર નારી જી ॥ ધન્ય૦ ॥ ॥ ૧૦ ॥ એકલી નારી આગળે, જાવું નહીં નરને જાણી જી ॥ આળ

આવે અણુચિંતવ્યાં, પરિઆનું ઉતરે પાણી જી ॥ ધન્ય૦ ॥ ૧૧ ॥ એક સેજે નર હોય જાણુ, શિયળવંત ન સૂએ પ્રાણિ જી ॥ હાંસી ન કરવી હેતશું, કહ્યું એમ કેવળનાણી જી ॥ ધન્ય૦ ॥ ૧૨ ॥ લક્ષ્મિવંત નરપતિ લાખનું, દેતો દિનપ્રત્યે દાન જી ॥ ભગવંત કહે ભવિ સાંભળો, નાવે શિયળ સમાન જી ॥ ધન્ય૦ ॥ ૧૩ ॥ શિયળે સંકટ સવિ ટળે, શિયળે શિવગતિ હોય જી ॥ શિયળે સુર સાન્નિધ્ય કરે, શિયળ સમું નહિ કોય જી ॥ ધન્ય૦ ॥ ૧૪ ॥ શ્રી વિજયધર્મસૂરિતણો, રાજવિજય ઉવઝાય જી ॥ સાચો શ્રાવક તેહતણો, પામી ગુરુ સુપસાયજી ॥ ધન્ય૦ ॥ ૧૫ ॥ વાડ કહી શિયળવ્રતતણી, મિઠી અમિય સમાણી જી ॥ શિખામણ સહુકો ભણી, કહે મુકુંદ મોનાણી જી ॥ ધન્ય૦ ॥ ૧૬ ॥ એમ શિયળવ્રત આદરે, તે પામે પદ નિર્વાણ જી ॥ ભણે ગણે શિખ સાંભળે, તેહનાં કોડિ કલ્યાણ જી ॥ ધન્ય૦ ॥ ૧૭ ॥ આણંદપુરમાં એ રચી, સંવત સોહે અઢાર જી ॥ ચિત્ત ચોખે ચાળીશમાં, શ્રાવણ શુદિ ગુરુવાર જી ॥ ધન્ય૦ ॥ ૧૮ ॥ નવ વાડે નામે કરી, શાસ્ત્રે સાંભળી સોય જી ॥ અધિકો ઓછો જે કહ્યો, તે મિચ્છાદુક્કડં મોય જી ॥ ધન્ય ધન્ય શિયળ સોહામણું ॥ ૧૯ ॥

अथ श्री राजीमति अने रहेनेमीनो संवाद.

(વાયા વાયા ઉત્તર દિશિના વાય જો.--એ દેશી.)

રહેનેમી અંબર વિણુ રાજુલ દેખી જો, મદનોદય મોહ્યા મુનિ ચિત્ત ગવેષી જો ॥ કહે સુંદરિ સુંદર મેળા સંસારમાં જો ॥ ૧ ॥

સંસારે મેળા આવે શે કાજ જો, ચિર ધરી કહે રાજુલ તુમે મુનિરાજ જો ॥ આજ કિશું સંભારો મેળા વિસર્યા જો ॥ ૨ ॥

વિસરે નહીં રાગીને પૂરવ પ્રિત જો, પ્રિત કરી રહે દૂર એ મૂરખ રીત જો ॥ ચતુરશું ચિત્તમેળાવો ચતુરને સાંભરે જો ॥ ૩ ॥

સાંભરે પણ હમશું તુમ શો મેળાપ જો, દિયર ભોજાઈપણાની જગમાં છાપ જો ॥ તેમાં શો ચિત્તમેળો ફોગટ રાગનો જો ॥ ૪ ॥

ફોગટ રાગે રોતાં તુમે ઘરમાંહી જો, તજિ તુમને મુજ ભાઈ ગયા વનમાંહી જો ॥ અમે તુમ ઘેર નિત વાત વિસામે આવતા જો ॥ ૫ ॥

આવતા તો હું દેતી આદરમાન જો, પ્રિતમ લઘુબંધવ મુજ ભાઇ સમાન જો, કંત વિયોગે તુમશું વાત વિસામતી જો ॥ ૬ ॥

વિસામા વનિતાને વલ્લભ કેરા જો, અણુપરણી કન્યાને કંત ઘણેરા જો ॥ એક પખો જે રાગ તે ધરવો નવિ ઘટે જો ॥ ૭ ॥
નવિ ધરે સતિયો જે નામ ધરાવે જો, બીજો વર વરવા ઇચ્છા નવિ ભાવે જો ॥ ન ફરે પંચની સાખે જે તિલક ધર્યો જો ॥ ૮ ॥
તિલક ધરે તે તો સામાન્ય ઠરાય જો, મંગળ વરત્યે કર મેળાપક થાય જો ॥ માય પછી વોળાવે કન્યા સાસરે જો ॥ ૯ ॥
સાસરિયે કુંવારી જમવા જાય જો, વસ્તુ સામાન્ય વિશેષે લઇ સમવાય જો ॥ કર મેળાવા પહેલાં મનમેળા કરે જો ॥ ૧૦ ॥
મેળા કરવા અમે તુમ ઘેર આવંતા જો, ભૂષણ ચિવર મેવા ફળ લાવંતા જો ॥ તુમ લેતાં અમને થઇ આશા મોટકી જો ॥ ૧૧ ॥
મ્હોટી આશા શી થઇ તુમ દિલમાંહી જો, દેવર જાણી હું લેતી ઉચ્છાંહી જો ॥ સસરાનું ઘર લહિ ન ધરી શંકા અમે જો ॥ ૧૨ ॥
અમે જાણ્યું પતિવિણ રાજુલ ઓશિયાળી જો, એહને પરણી સુખભર પ્રિતડી પાળી જો ॥ દંપતિ દિક્ષા લેશું જોવનમાં નહીં જો ॥૧૩॥
નહિ ઓશિયાળી હું જગમાં કહેવાણી જો, ત્રણ્ય જગતના રાજાની હું રાણી જો ॥ ભૂતળ સરગે ગવાણી પ્રભુ ચરણે રહી જો ॥ ૧૪ ॥
રહી ચરણે તો સુખસંસાર ઠગાણી જો, ચંપકવરણી તુજ કાયા સોસાણી જો ॥ તપ જપ કષ્ટ જે કરવું તે વૃદ્ધાપણે જો ॥ ૧૫ ॥
વૃદ્ધાપણે મુનિને નવિ થાય વિહાર જો, થિરવાસે એક ઠામે રહે અણગાર જો ॥ જે જે કારજ સાધવું તે જોવનવયે જો ॥ ૧૬ ॥
જોવનવય ઝગમગતી તુમ હુમ જોગ જો, ચાલો ઘેર જઈ વિલસિયે સુખ ભોગ જો ॥ વાત બની એકાંતે ગુફામાં પુણ્યથી જો ॥ ૧૭ ॥
પુણ્યે દિક્ષા લીધી પ્રભુની પાસ જો, સંયમથી સુર મુગતિતણાં સુખવાસ જો ॥ વિરચ્યાં વિષફળ ખાવા ઇચ્છા શી કરો જો ॥ ૧૮ ॥
શી કરો તો પાસ પ્રભુ અણગાર જો, ઉપદેશે ઘર છંડી થશે મુનિ ચાર જો ॥ તે ભવ મોક્ષ સુણીને કિમ જઇ ઘેર વશ્યા જો ॥ ૧૯ ॥
ઘેર વશ્યા પણ મુનિ દીઠા તપ કરતા જો, પશ્ચાત્તાપ કરી ફરિ સંયમ ધરતા જો ॥ પરિશાટન કરી પરમાતમ પદવી વર્યા જો ॥ ૨૦ ॥
વરી પદવી પણ ભુક્તભોગી થઇ તેહ જો, તુમ ઉપર અમને પૂરવનો નેહ જો ॥ અધુરાને દુક્કર સંયમ સાધન વિધિ જો ॥ ૨૧ ॥
વિધિયે વ્રત ધરી થાવચ્ચાકુમાર જો, સિદ્ધગિરિ સિધ્યા સાથે સાધુ હજાર જો ॥ વીરને વારે અઇમુત્તો મુગતે જશે જો ॥ ૨૨ ॥

જશે ખરા પણ બાળપણામાં જોગી જો, વાત ન જાણે સા સં-
સારિક ભોગી જો ॥ ભુગતભોગી થઈ અંતે સંયમ સાધશું જો ॥૨૩॥
સાધશું અંતે સંયમ તે સવિ ખોટું જો, જરાપણાનું દુઃખ સં-
સારે મ્હોટું જો ॥ વ્રત ભાગીને જીવ્યા તે નરકે ગયા જો ॥ ૨૪ ॥
ગયા નરકે તે જેણે ફરિ વ્રત નવિ ધરિયાં જો, ભાગે પરિણામે
સંયમ આચરિયાં જો ॥ ચારિત્રે ચિત્ત ઠરશે ઇચ્છા પૂરણે જો ॥ ૨૫ ॥
ઇચ્છા પૂરણ કોઇ કાળે નવિ થાવે જો, સ્વર્ગતણાં સુખ વાર અ
નંતિ પાવે જો ॥ ભવ ભય પામી પંડિત દિક્ષા નવિ તજે જો ॥ ૨૬ ॥
નવિ તજે તો પૂરવધર કિમ ચૂકયા જો, રહી ઘરવાસે તપ જપ
વેષજ મૂકયા જો ॥ અરિહા વાત એકાંતે શાસન નવિ કહે જો ॥૨૭॥
કહે એકાંતે બ્રહ્મચર્ય જિન વરિયાજો, વ્રત તજિ પૂરવધર નિ-
ગોદે પડિયા જો ॥ વિષ ખાતાં સંસારે કુણ સુખિયા થયા જો ॥૨૮॥
થયા જિનેશ્વર સુખ વિલસી સંસારે જો, કેવળ પામી પછી જ-
ગતને તારે જો ॥ દિક્ષા લેશું આપણે સુખ લીલા કરી જો ॥ ૨૯ ॥
કિરિયા સંયમ જિન આણા શિર ધારો જો, ચળ ચિત્ત કરીને ચ-
રણતણું ફળ હારો જો ॥ વમન ભખંતાં શ્વાનપરે વાંછા કરે જો ॥૩૦॥
કર્યો અમને તુમે શ્વાન બરોબર સાચો જો, તો તુમશું હવે રાગ
તે શરવો કાચો જો ॥ લાગ્યો તમાચો શિક્ષાનો મુજને ઘણો જો ॥ ૩૧ ॥
મુજને ઘણો છે દીયરિયાનો રાગ જો, તેણે કહું છું અગંધન કૂ-
ળના નાગ જો ॥ અગનિ પડે પણ વિષ વમિયું ચૂસે નહીં જો ॥૩૨॥
ચૂસે નહીં તિર્યંચ પશુ વિખ્યાત જો, તેથી ભૂંડો હું નર ક્ષત્રિ
જાત જો ॥ તું ગુરૂમાતા વાત કિહાં કરશો નહીં જો ॥ ૩૩ ॥
કરશો નહીં પણ જાણે જિનવર જ્ઞાની જો, જ્ઞાની આગળ વાત
ન જગતમાં છાની જો ॥ પ્રભુ પાસે આલોયણ લેઇ નિર્મળ થવું જો ॥૩૪॥
નિર્મળ થાવા જઇશું પ્રભુની પાસે જો, મિચ્છામિદુક્કડં તુમશું
શુભ વાસે જો ॥ કૂપ પડંતાં તુમે કર ઝાલિ રાખિયો જો ॥ ૩૫ ॥
રાખે આતમ પોતાનો મુનિરાયા જો, સ્વામિ સહોદર માત શિ-
વાના જાયા જો ॥ રહેનેમી સંયમે ઠરિયા ઇમ સાંભળી જો ॥ ૩૬ ॥
સાંભળી જઈ પ્રભુ ચરણે શિશ નમાવી જો, આલોચણ લેઈ ઉજવળ
ભાવના ભાવી જો ॥ કેવળ પામી શિવપદવી વરિયા સુખે જો ॥ ૩૭ ॥
સુખે રહી ઘરમાં શત વરસ ને ચાર જો, એક વરસ છદ્મસ્થે
રાજુલ નાર જો ॥ એક વિહૂણાં પાંચશેં વરસજ કેવળી જો ॥ ૩૮ ॥

કેવળી થઈને વિચરયા દેશ વિદેશ જો, બહુ જન તાર્યા દેઈ વર ઉપદેશ જો ॥ શિવસુખ સજ્જાયે પોહચા અગુરૂ લઘુ ગુણે જો ॥ ૩૯ ॥ ગુણે કરી દોઇ ગાથા સુણજ્યો સચણાં જો, એક એક ગાથા અંતર બેહુનાં વચણાં જો ॥ શ્રી શુભવિર વિવેકી નિત્ય વંદન કરે જો ॥ ૪૦ ॥

अथ श्री मुनिगुणमंगलमाला.

(આદર જીવ ક્ષમાગુણ આદર.—એ દેશી.)

સમરૂં શ્રી અરિહંત સિદ્ધ સાધુ, ધર્મ જિન આણા મઝાર જી ॥ ચારહિ મંગળ ઉત્તમ શરણા, હોજ્યો સદા સુખકાર જી ॥ પ્રણમું તે ગુણવંત ત્રિકાળે, ત્રિકરણ મન વચ કાય જી ॥ ઋદ્ધિ સિદ્ધિ સુખ સંપતિ શાતા, નિત નિત હેવે સવાય જી ॥ પ્ર૦ ॥ ૨ ॥ અતિત અનંત ચોવિશી વંદૂં, કેવળી અનંત અપાર જી ॥ વર્ત્તમાન ચોવિશી સાહેબ, નામ કહું સુવિચાર જી ॥ પ્ર૦ ॥ ૩ ॥ ઋષભ અજિત સંભવ અભિનંદન, સુમતિ પદ્મ સુપાસ જી ॥ ચંદ્રપ્રભજી ને સુવિધિ જિનેશ્વર, શિતળ ચો શિવવાસ જી ॥ પ્ર૦ ॥ ૪ ॥ શ્રી શ્રેયાંસ વાસુપૂજ્ય વંદૂ, વિમળ અનંત ધર્મદેવ જી ॥ શાંતિ કુંથુ અર મલ્લિ મુનિસુવ્રત, નમિ નેમી કરૂં સેવ જી ॥ પ્ર૦ ॥ ૫ ॥ પારસ અને વર્દ્ધમાન જિનેશ્વર, એ ચોવિશ જિનરાય જી ॥ કર્મ ખપાઇ કેવળ પાઇ, મુક્તિ વિરાજ્યા જાય જી ॥ પ્ર૦ ॥ ૬ ॥ જયવંતા સીમંધરસ્વામિ, યુગમંધર સુખકાર જી ॥ બાહુ સુબાહુ એ સઉ વિચરે, જંબૂદ્વિપ મઝાર જી ॥ પ્ર૦ ॥ ૭ ॥ સુજાત સ્વયંપ્રભ ને ઋષભાનન, અનંતવીરજ જગભાણ જી ॥ શૂરપ્રભ વિશાળ વજ્રધર, ચંદ્રાનન ગુણખાણ જી ॥ પ્ર૦ ॥ ૮ ॥ પૂરવ પશ્ચિમ ચાર ચાર જિન, ઘાતકીખંડ મઝાર જી ॥ વિચરે ગામ નગર પુર પાટણ, કરતા પર ઉપકાર જી ॥ પ્ર૦ ॥ ૯ ॥ ચંદ્રબાહુ ભુજંગ ઇશ્વર જી, નેમિશ્વર શિવકંત જી ॥ વીરસેનને શ્રી મહાભદ્રજી, દેવજશાજી જશવંત જી ॥ પ્ર૦ ॥ ૧૦ ॥ વીશમા અજિત વિરજ જગનાયક, ચાર ચાર જિનરાય જી ॥ પુષ્કરાર્દ્ધમેં વિચરે સાહિબ, નામે નવનિધિ થાય જી ॥ પ્ર૦ ॥ ૧૧ ॥ ઉત્કૃષ્ટપદે એકસો શિત્તેર, જઘન્યકેવળી કોડિ દોય જી ॥ ઉત્કૃષ્ટપદે પૃથકત્વ કોડિ તિનમેં, વર્ત્તમાન જે હોય જી ॥ પ્ર૦ ॥ ૧૨ ॥ અષ્ટ ગુણાતમ પંદર ભેદે, સિદ્ધ સકલ સુખકાર જી ॥ અલખ નિરંજન ભવદુઃખ ભજન, સમ-

રંતા સુખકાર જી ॥ પ્ર૦ ॥ ૧૩ ॥ આચારજ અષ્ટ સંપદાધારક, વારક મિથ્યા ભર્મ જી ॥ ગુણ છત્રીશ દશ ચઉ તિરથ, દિપાવે જિનધર્મ જી ॥ પ્ર૦ ॥ ૧૪ ॥ ઈંદ્રિભૂતિ અગ્નિભૂતિ વંદૂ, વાયુભૂતિ ગુણવંતજી ॥ ચોથા વ્યક્ત સુધર્મા સ્વામિ, મંડિતજી જશવંત જી ॥ પ્ર૦ ॥ ૧૫ ॥ મૌર્યપુત્ર અકંપિત અચળ જી, મેતારજ ગુણધાર જી ॥ ઇગ્યારમા પ્રભાસજી વંદૂ, ચુમ્માળિસશેં પરિવાર જી ॥ પ્ર૦ ॥ ૧૬ ॥ ચોવિશ જિનના ગણધર વંદુ, ચૌદશે બાવન જાણ જી ॥ ચૌદ પૂરવના ધારક સારા, પહોત્યા સહુ નિર્વાણ જી ॥ પ્ર૦ ॥ ૧૭ ॥ ઋષભસેનાદિક સહસ્ત્ર ચોરાશી, મુનિવર ગુણ ભંડાર જી॥ ધીર વીર ગંભિર ગુણાતમ, નમતાં જય જયકાર જી ॥ પ્ર૦ ॥ ૧૮ ॥ આરિસાભુવનમેં શ્રી ભરતેશ્વર, પાયા કેવળનાણ જી ॥ અનુક્રમે આઠ પટોધર ઇણ વિધ, પાયા પદ નિરવાણ જી ॥ પ્ર૦ ॥ ૧૯ ॥ બાહુબળિ મુનિવર મહાબળિયા, બારમાસી તપ ધ્યાન જી ॥ માન મેલિને પગ ઊઠાયો, પાયો કેવળજ્ઞાન જી ॥ પ્ર૦ ॥ ૨૦ ॥ જૂઝ કરંતાં પુત્ર અઠ્ઠાણું, શ્રી આદિશ્વરસ્વામિ જી ॥ સમજાઇ દિયો સંયમ તેહને, પહોત્યા તે શિવધામ જી॥ પ્ર૦ ॥ ॥ ૨૧ ॥ સગર મઘવા ષટ્ખંડ ત્યાગી, ચક્રી સનતકુમાર જી ॥ રૂપ દેખવા સુર છળ કીધો, લીધો સંયમભાર જી ॥ પ્ર૦ ॥ ૨૨ ॥ પદ્માહરિષેણ જય નામે ઋષિ, ચક્રી દસ ઋદ્ધિ છોડ જી ॥ સમ દમ ઉપશામ ધીર ગુણાગર, કર્મબંધન દિયા તોડ જી ॥ પ્ર૦ ॥ ૨૩ ॥ અચળ વિજય ભદ્ર ઋષિ વંદુ, સુભદ્ર મુનિ ઋષિરાય જી ॥ સુદર્શન આનંદન નંદન, રામ ગયા શિવમાંય જી ॥ પ્ર૦ ॥ ૨૪ હળધરને બળભદ્રજી પહોત્યા, પંચમ સ્વર્ગ મઝાર જી ॥ ઉત્તમ પુરુષ એ પુણ્ય પ્રતાપી, વળી કહું અંગડનુસાર જી ॥ પ્ર૦ ॥ ૨૫ ॥ આર્દ્રકુમાર મહા બુદ્ધિવંતા, જીત્યા મહા પંચવાદ જી ॥ સંયમ પાળી શિવપદ પાયા, જિન આણા મરજાદ જી ॥ પ્ર૦ ॥ ૨૬ ॥ ઉદયપેઢાળ પુત્રે કરી ચર્ચા, ગૌતમસ્વામિશું જાય જી ॥ કુમારપુત્તિયા નામ લેઇને, સૂત્ર સૂયગડાંગની માંય જી ॥ પ્ર૦ ॥ ૨૭ ॥ દશ દશાંગ ત્રીજે અંગ ચાલ્યા, કહ્યા તિહાં મુનિવર નામ જી ॥ તે સહુ શિવગામી ગુણધામી, કીધાં ઉત્તમ કામ જી ॥ પ્ર૦ ॥ ૨૮ ॥ સૂત્ર સમવાયાંગમાંહી પ્રકાશ્યાં, નામ કેઇ પ્રસિદ્ધ જી ॥ ગણધર મુનિવર ચૌદ પુરવધર, નામ લિયાં ઋદ્ધિ સિદ્ધિ જી ॥ પ્ર૦ ॥ ૨૯ ॥ પિંગળ નામ નિયંઠે પૂછયાં, પ્રશ્નજ પંચ રસાળ જી ॥ ખંધક સંન્યાસી સુણિ તતક્ષણ, વીર પાસે ગયા ચાલ જી ॥ પ્ર૦ ॥

॥ ૩૦ ॥ સંશય નિવર્ત્યા સંયમ લીધો, કીધો તપ શ્રીકાર જી ॥ અણુસણધારી સ્વર્ગ બારમે, થયા એક અવતારિ જી ॥ પ્ર૦ ॥ ૩૧ ॥ વીર જિનેશ્વર તાત વખાણું, ઋષભદત્ત ગુણધાર જી ॥ શેઠ સુદર્શન રાજઋષિશ્વર, ધન્ય ગાંગેય અણગાર જી ॥ પ્ર૦ ॥ ૩૨ ॥ એ ચારે ઋષિ મુગતેં પહોત્યા, ધન ધન ભગવંત માત જી ॥ દેવાનંદા ધન સતિ જયંતી, પૂછયાં પ્રશ્ન વિખ્યાત જી ॥ પ્ર૦ ॥ ૩૩ ॥ વીર પ્રભુજીની નંદની વંદુ, સતિ સુદર્શના જાણ જી ॥ દિક્ષાધારી કર્મ નિવારી, પાઇ પદ નિર્વાણ જી ॥ પ્ર૦ ॥ ૩૪ ॥ પંચમી પડિમા કાર્તિક શેઠે, ધારી તિણ સો વાર જી ॥ તાપસ ખીર જમ્યો મ્હોરાપર, જાણ્યો અથિર સંસાર જી ॥ પ્ર૦ ॥ ૩૫ ॥ સહસ્ત્ર અષ્ટોત્તર ગુમાસ્તા સાથે, આદર્યો સંયમભાર જી ॥ શેઠ થયા શક્રેંદ્ર સૌધર્મે, જાશે મોક્ષ મઝાર જી ॥ પ્ર૦ ॥ ॥ ૩૬ ॥ સોળા દેશ તજી સંયમ લીધો, દિયો ભાણેજને રાજ જી ॥ કરી ક્ષમા ધન્ય રાય ઉદાઇ, સાર્યાં આતમ કાજ જી ॥ પ્ર૦ ॥ ૩૭ ॥ ગંગદત્ત આણંદ કોસળઋષિ રોહા, સુનક્ષત્ર નામ અણગાર જી ॥ સર્વાનુભૂતિ આરાધક થઇને, પહોત્યા સ્વર્ગ મઝાર જી ॥ પ્ર૦ ॥ ૩૮ ॥ તિહાંથી ચવિને મુક્તિ સિધાશે, ઇત્યાદિક અણગાર જી ॥ નામ ઠામ તપ જપનો વર્ણન, વિવાહુપન્નતિ મઝાર જી ॥ પ્ર૦ ॥ ૩૯ ॥ ધારણિ સુત શ્રેણિક નૃપ નંદન, ધન ધન મેઘકુમાર જી ॥ આઠ અંતેઉરિ છિનમેં છોડી, ત્યાગ દિયો સંસાર જી ॥ પ્ર૦ ॥ ૪૦ ॥ ગુણરત્ન ભિક્ષુ પડિમા તપ, અંતે અણસણ કીધ જી ॥ વિજય વિમાનમેં જાઇ બિરાજ્યા, હોશે વિદેહમેં સિદ્ધ જી ॥ પ્ર૦ ॥ ૪૧ ॥ બત્રીશ નારી તજી રંભાશી, ધન થાવચ્ચા કુમાર જી ॥ નેમિ પ્રભુપેં સંયમ લીધો, સહસ્ત્ર પુરૂષ પરિવાર જી ॥ પ્ર૦ ॥ ૪૨ ॥ થાવચ્ચા મુનિશું ચર્ચા કીધી, શુકદેવ સંન્યાસી જાણ જી ॥ એક સહસ શિષ્ય સાથે સંયમ, લીધો ગુણનિધિ ખાણ જી ॥ પ્ર૦ ॥ ૪૩ ॥ પંથકાદિક પરધાન પાંચશેં, શેલક રાયની લાર જી ॥ અઢાઇ સહસ્ત્ર પુંડરગિરિ સિદ્ધા, ધન્ય જેહના અવતાર જી ॥ પ્ર૦ ॥ ૪૪ ॥ રયણાદેવીની શિખ ન માની, રત્નદ્વિપશું આય જી ॥ સંયમ લીધો ચંપાનગરી, જિનપાલિત મુનિરાય જી ॥ પ્ર૦ ॥ ૪૫ ॥ તીન વજાયે ધાર્યો સંયમ, સુગુરુ સ્થિવરની પાસ જી ॥ તીનું પ્રથમ સ્વર્ગે સિધાયા, મહાવિદેહ શિવવાસ જી ॥ પ્ર૦ ॥ ૪૬ ॥ છએ મિત્ર મલ્લિ જિનવરના, મહાબળાદિક ગુણવંત જી ॥ ગણધર પદ લહી મુક્તિ બિરાજ્યા, થયા સિદ્ધ ભગવંત જી ॥ પ્ર૦ ॥ ૪૭ ॥

સુબુદ્ધિ પ્રધાનજીયે ભલિ વિધે, પાણી પરચો બતાય જી ॥ જિતશત્રુ નૃપનો ભર્મ મિટાયો, હોઈ ગયા શિવમાંય જી ॥ પ્ર૦ ॥ ૪૮ ॥ તેતળી મુનિવર ગુણના દરિયા, પોટિલા દિયો પ્રતિબોધ જી ॥ કેવળ પામી મુક્તિ બિરાજ્યા, તજિયો સકળ વિરોધ જી ॥ પ્ર૦ ॥ ૪૮ ॥ યુધિષ્ઠિર અર્જુન ને ભીમજી, સહદેવ નકુલ અણગાર જી ॥ માસ માસ તપ અભિગ્રહ કીધો, નેમિ વંદન સુવિચાર જી ॥ પ્ર૦ ॥ ૫૦ ॥ હસ્તિનાપુર ગોચરી કરતાં, નેમિતણું નિર્વાણ જી ॥ સુણિને પાંડવ પાંચ સેત્રુંજે, સંથારો કિયો જાણ જી ॥ પ્ર૦ ॥ ૫૧ ॥ દોય માસ સંલેખણા સિદ્ધા, શ્રમણી દ્રૌપદી સોય જી ॥ સંયમ પાળી સ્વર્ગ પંચમે, એકાવતારી હોય જી ॥ પ્ર૦ ॥ ૫૨ ॥ ધર્મઘોષ શિષ્ય ધર્મરુચિ જી, કિઢિયો પર કરુણા આણ જી ॥ કડવા તુંબાનો આહારજ કીધો, ખીર ખાંડ સમ જાણ જી ॥ પ્ર૦ ॥ ૫૩ ॥ ક્ષણ અંતરમેં વેદના પ્રગટી, ઋષિ સમતા મન ધાર જી ॥ સર્વાર્થસિદ્ધમેં જાય બિરાજ્યા, ચ્યવિ ગયા મુક્તિ મઝાર જી ॥ પ્ર૦ ॥ ૫૪ ॥ કુંડરિક ભાઈને ડગિયો જાણી, પુંડરિક સંયમ ધાર જી ॥ સર્વાર્થસિદ્ધ લિયો તીન દિવસમેં, ધન્ય જેહનો અવતાર જી ॥ પ્ર૦ ॥ ૫૫ ॥ સુવ્રતાદિક શ્રમણી મહાસતિયો, પાળી પ્રભુની આણ જી ॥ તે વર્ણન ભિન્ન ભિન્ન કરી દેખો, જ્ઞાતા અંગ પ્રમાણ જી ॥ પ્ર૦ ॥ ૫૬ ॥ ગૌતમ સમુદ્ર સાગર અને ગંભિર, થિમિતને અચળકુમાર જી ॥ કપિલ અક્ષોભ પ્રશ્નસેન ને વિષ્ણુ, અક્ષોભ સાગર જશધાર જી ॥ પ્ર૦ ॥ ૫૭ ॥ સાગર સમુદ્ર હેમવંત નામે, અચળ ધરણ ગુણવંત જી ॥ પૂરણ અભિચંદ્ર એહ અઢારો, ભ્રાતા જાણો સંત જી ॥ પ્ર૦ ॥ ૫૮ ॥ અંધકવિષ્ણુ સુત ધારણિ અંગજ, આઠ અંતેઉરિ મેલ જી ॥ નેમિ સમીપે લીધો સંયમ, કરી મુગતિમેં સેહેલ જી ॥ પ્ર૦ ॥ ૫૯ ॥ વસુદેવ સુત દેવકી જાયા, અનેકસેન અનંતસેનજી ॥ અજિતસેન અણિહયરિપુ નામે, દેવસેન શત્રુસેન જી ॥ પ્ર૦ ॥ ૬૦ ॥ સુલસા ઘર વધિયા છ બંધવ, બત્રીશ બત્રીશ નારી જી ॥ તજિને નેમિ પ્રભુપેં સંયમ, લેઇને છઠ્ઠ છઠ્ઠ ધાર જી ॥ પ્ર૦ ॥ ૬૧ ॥ પૂરવધારી કર્મ નિવારી, પહોત્યા મોક્ષ મઝાર જી ॥ વસુદેવ સુત ધારણિ અંગજ, સારણ થયા અવિકાર જી ॥ પ્ર૦ ॥ ૬૨ ॥ ગજતાળવ જિમ કોમળ કાયા, ધન ધન ગજસુકુમાળ જી ॥ વસુદેવ સુત દેવકી અંગજ, છોડ્યો જગ જંજાળ જી ॥ પ્ર૦ ॥ ૬૩ ॥ એકાકી સમશાનમાં જાઇ, ઊભા ધ્યાન લગાય જી ॥ સસરો દેખી રીસે ભરાણો, માટીની પાળ બ-

નાય જી ॥ પ્ર૦ ॥ ૬૪ ॥ ધગધગતા બહુ એરના ખીરા, મેલ્યા ઋષિને શિશ જી ॥ મહા વેદના સહિ સમપરિણામે, મુકિત ગયા તજિ રીસ જી ॥ પ્ર૦ ॥ ૬૫ ॥ સુમુખ દુમુખ વળી ઉવયકુમર, દારૂણ અનાદૃષ્ટિ જાણ જી ॥ જાળી મયાળી ઉવયાળી ઋષિ, પુરુષસેન વખાણ જી ॥ પ્ર૦ ॥ ૬૬ ॥ વારિષેણ પ્રદ્યુમ્ન ઋષિ શાંબ, અનિરુદ્ધ વેદર્ભિ નંદ જી ॥ સત્યનેમિ દૃઢનેમિ એ સબ, પામ્યા શિવસુખ કંદ જી ॥ પ્ર૦ ॥ ૬૭ ॥ પદ્માવતી ગૌરી ગંધારી, લક્ષ્મણા સુસુમા નાર જી॥ જાંબુવતી સત્યભામા રુકિમણિ, કૃષ્ણ રામા સુવિચાર જી ॥ પ્ર૦ ॥૬૮॥ મૂળસિરિ મૂળદત્તા શ્રમણી, શાંબકુમારી નાર જી ॥ દશે સંયમ કેવળ લેઇ, પેહોત્યાં મુક્તિ મઝાર જી ॥ પ્ર૦ ॥ ૬૯ ॥ મકાઇ કિંકમ ઋષિ મ્હોટા, ધન્ય અર્જુન અણગાર જી ॥ સંયમ લેઈ ક્ષમા હૃદ ધારી, છઠ્ઠ છઠ્ઠ તપ લિયો ધાર જી ॥ પ્ર૦ ॥ ૭૦ ॥ ૭ માસામેં કર્મ ખપાઈ, મુકિત ગયા ગુણવંત જી ॥ કાસવ ક્ષેમ ધ્રિતિધર હિતકર, કૈલાસ હરિચંદ સંત જી ॥ પ્ર૦ ॥ ૭૧ ॥ વારત સુદંસણ પરણભદ્ર, સુમનભદ્ર સુપ્રતિષ્ટ જી ॥ મેઘ અઇમુત્તા અલખ એ સોળા, પાયા પદવી શ્રેષ્ઠજી ॥ પ્ર૦ ॥ ૭૨ ॥ નંદાદિક તેરે પટરાણી, વીર જિણંદ ઉપદેશ જી ॥ કેવળ પાઇ મુક્તિ સિધાઈ, પાઇ અવિચળ યશ જી ॥ પ્ર૦ ॥ ૭૩ ॥ કાળિયાદિક દશ શ્રેણિક રાણી, સુણિયો પુત્ર વિયોગ જી ॥ મહા તપધારી કર્મ નિવારી, મેટ દિયા સબ રોગ જી ॥ પ્ર૦ ॥ ૭૪ ॥ એ નેવું સહુ અંતગડ સિદ્ધા, અંતસમે કેવળ પાય જી ॥ અંતગડસૂત્રમેં વર્ણન જાણો, જપતાં સુખ સવાય જી ॥ પ્ર૦ ॥ ૭૫ ॥ શ્રેણિક સુત ધન જાળી મયાળી, ઉવયાળી પુરુષસેન જી ॥ વારિષેણ દીર્ઘષેણ લઠ્ઠદંત, ગૂઢદંત સબ જગસેન જી ॥ પ્ર૦ ॥ ૭૬ ॥ વિહુલકુમર અભયાદિક ત્રેવિશ, શ્રેણિક સુત ગુણધામ જી ॥ અનુત્તરવિમાન ગયા સહુ ઋષિ જી, ચવિ જાશે શિવઠામ જી ॥ પ્ર૦ ॥ ૭૭ ॥ બત્રીશ રંભા તજિ ધન કોડિ, ધન ધન્ના અણગાર જી ॥ છઠ્ઠ છઠ્ઠ તપ નિરંતર કરણી, આયંબિલ ઉચ્છિત આહાર જી ॥ પ્ર૦ ॥ ૭૮ ॥ ચાૈદ સહસ્ર મુનિશ્વરમાંહી, શ્રેણિક આગેં સ્વામિ જી ॥ કહે દુક્કર દુક્કર તપધારી, શમ દમ ઉપશમ ધામ જી ॥ પ્ર૦ ॥ ૭૯ ॥ સુનક્ષત્ર ઋષિદાસજી પેઢગ, રામપુત ચંદિમા નામ જી ॥ મૂઢમાષ્ટ પેઢાળપુત્ર ઋષિ, પોટિલ વિહુલ અભિરામ જી ॥ પ્ર૦ ॥ ૮૦ ॥ ધન્નાની રીતે એ નવ હી, કરી કરણી શ્રીકાર જી ॥ અનુત્તરોવવાઇ સૂત્રની માંહી, દાખ્યો છે વિસ્તાર જી

॥ પ્ર૦ ॥ ૮૧ ॥ ધન્ય સુબાહુ ભદ્રનંદી ઋષિ, સુજાત સુવાસવ ધીરજી ॥ જિનદાસ ધનપતિ મહાબળજી, ભદ્રનંદી ગંભિર જી ॥ પ્ર૦ ॥ ૮૨ ॥ મહુચંદ વરદત્ત એ દશ મુનિવર, પૂરવ દાન પ્રભાવ જી ॥ ઋદ્ધિ સંપતિ પાયા અતિસુંદર, સંયમ લીયો ચિત્ત ચાવ જી ॥ પ્ર૦ ॥ ૮૩॥ કેઇક તિણ ભવ મુગતિ સિધાયા, કેઈ પંદર ભવ ધારજી ॥ મુગતિસિરિ વરશે વડભાગી, સુખવિપાક અધિકાર જી ॥ પ્ર૦ ॥ ૮૪ ॥ પઉમાદિક દશ શ્રેણિક પૌત્રો, વીર જિનેશ્વર પાસ જી ॥ દિક્ષા લેઈ સ્વર્ગ સિધાયા, પામશે અવિચળ વાસ જી ॥ પ્ર૦ ॥ ૮૫ ॥ નિષધાદિક બળભદ્રના નંદન, બારે હી ગુણવંત જી ॥ પચાસ પચાસ ત્યાગી અંતેઉરિ, સર્વાર્થસિદ્ધ પહુંત જી ॥ પ્ર૦ ॥ ૮૬ ॥ સૂત્ર નિરયાવળિકાની માંહી, ભાખ્યા ભાવ જિણંદ જી ॥ એકાવતારી છે ઋષિ સારા, ટાળશે ભવદુઃખ ફંદ જી ॥ પ્ર૦ ॥ ૮૭ ॥ દો માસા સુવર્ણકી ઇચ્છા, આઇ તૃષ્ણા અપાર જી ॥ સમતાથી કેવળપદ પાયા, ધન્ય કપિલ અણગાર જી ॥ પ્ર૦ ॥ ૮૮ ॥ ધન્ય વળિ નમિરાજ ઋષિશ્વર, ત્યાગી રમણી હજાર જી ॥ ઇંદ્રિશું પ્રતિઉત્તર કીધા, પાયા ભવજળ પાર જી ॥ પ્ર૦ ॥ ॥ ૮૯ ॥ હરિકેશી ચિત્તમુનિ ગુણસાગર, સંજયતિ ઋષિરાય જી ॥ ગર્દભાળી ક્ષત્રીરાજઋષિ ધન્ય, દશાર્ણભદ્ર કહાય જી ॥ પ્ર૦ ॥ ૯૦ ॥ કરકંડુ દુમુહ નમિરાજા, નિગ્ગઇ રાય એહ ચાર જી ॥ એક સમય ચઉ સંયમ ધાર્યો, એક સમય ભવપાર જી ॥ પ્ર૦ ॥ ૯૧ ॥ મહાબળ મૃગાપુત્ર મુનિશ્વર, મુનિ અનાથી જાણ જી ॥ સમુદ્રપાળ પ્રતિપાળ દયા નિધિ, રહેનેમી ઉજમાળ જી ॥ પ્ર૦ ॥ ૯૨ ॥ કેશી ગૌતમ ચર્ચા કીધી, જય વિજયઘોષ રસાળ જી ॥ ગર્ગાચારજ ઉત્તરાધ્યયને, મેટયો શિષ્ય જંજાળ જી ॥ પ્ર૦ ॥ ૯૩ ॥ ધન્ના શાળિભદ્ર ઋષિ જોડી, તડાકે તોડયો નેહ જી ॥ માસ માસ તપ ધારણ કીધો, ત્યાગી મમતા દેહ જી ॥ પ્ર૦ ॥ ૯૪ ॥ આઠ અંતેઉરિ રાતે પરણ્યા, સોનૈયા નવાણું કોડ જી ॥ દિન ઉગ્યે લિયો સંયમ ભાવે, પાંચશેં સત્તાવીશ જોડ જી ॥ પ્ર૦ ॥ ૯૫ ॥ ઢંઢણઋષિ લિયો અભિગ્રહ દુક્કર, ચૂરયાં કર્મ કરૂરજી ॥ ખંધકઋષિની ખાલ ઉતારી, ક્ષમા કરી ભરપૂર જી ॥ પ્ર૦ ॥ ૯૬ ॥ ખંધકઋષિના શિષ્ય પાંચશેં, પિલ્યા ઘાણીમાંય જી ॥ ક્ષમા કરી કેવળપદ પાયા, મુગતિ ગયા મુનિરાય જી ॥ પ્ર૦ ॥ ૯૭ ॥ સ્થૂળભદ્ર અરણિક સિજ્જંભવ, શ્રી જિન આજ્ઞામાંય જી ॥ વરત્યા વરતે તે સહુ મુનિવર, શુણતાં પાતક જાય જી ॥ પ્ર૦ ॥ ૯૮ ॥ મરુદેવી ગજહોદે

પામ્યાં, નિર્મળ કેવળજ્ઞાન જી ॥ બ્રાહ્મી સુંદરી ચંદનબાળા, ધ્યાયું શુકલધ્યાન જી ॥ પ્ર૦ ॥ ૯૯ ॥ રાજિમતી દ્રૌપદી સુભદ્રા, સિતા કૌશલ્યા જાણુ જી ॥ મૃગાવતી અંજના મૃગલેખા, મલયા શિળની ખાણ જી ॥ પ્ર૦ ॥ ૧૦૦ ॥ ચેલણા સુજયેષ્ટા શિવા કુંતિ, મયણરેહાદિક જેહ જી ॥ સંકટ પડતાં શિળજ રાખ્યું, આણ્યો સંયમ નેહ જી ॥ પ્ર૦ ॥ ૧૦૧ ॥ ઇણ ચોવીશીમાંહી જિનના, મુનિવરને પરિવાર જી ॥ લાખ અઠ્ઠાવીશ ઉપર જાણો, અડતાળીશ હજાર જી ॥ પ્ર૦ ॥ ૧૦૨ ॥ શ્રી જિનવરના શાસનમાંહી, કેવળી થયા અપાર જી ॥ સાધુ સાધ્વિ થયા અસંખ્યા, નામથકી જયકાર જી ॥ પ્ર૦ ॥ ૧૦૩ ॥ જઘન્યપદે દોય સહસ્ત્ર કોડી, ઉત્કૃષ્ટ પૃથક્ સહસ્ત્ર કોડ જી ॥ વર્તમાન જે વર્તે મુનિવર, જગ માયા સબ છોડ જી ॥ પ્ર૦ ॥ ૧૦૪ ॥ પંચ ભરત પંચ ઐરાવ્રત જાણો, પંચ મહાવિદેહ મઝાર જી ॥ અઢીદ્વિપમાંહી જે વર્ત્તે, સત્તાવિશ ગુણ ધાર જી ॥ પ્ર૦ ॥ ૧૦૫ ॥ તપ જપ સાધે કર્મ આરાધે, બાળક વળી વૃદ્ધ સંત જી ॥ મમતા ટાળે સમતા ઝાલે, પાળે સંયમ ખંત જી ॥ પ્ર૦ ॥ ૧૦૬ ॥ એહવા મુનિના જે ગુણ ગાવે, મુખ જયણા સુવિચાર જી ॥ પાપ પલાવે સંપતિ આવે, કાટે કર્મનો ખાર જી ॥ પ્ર૦ ॥ ૧૦૭ ॥ ઇમ જાણી ભવિયણ નિત ભણજ્યો, ભાવે શુદ્ધ પરિણામ જી ॥ ઓગણીસે સાડત્રીશ મહા વદિ આઠમ, તિલોકઋષિ કિયા ગુણગ્રામ જી ॥ પ્ર૦ ॥ ૧૦૮ ॥ અધિકો ઓછો જે જોડાણો, મિચ્છામિદુક્કડ મોય જી ॥ પંચ પરમેષ્ટિ શરણો મુજને, મન વંછિત ફળ જોય જી ॥ પ્રણમું તે ગુણવંત ત્રિકાળે ॥ ૧૦૯ ॥

॥ કળશ ॥

અરિહંત સિદ્ધ આચાર્ય ત્રીજા, ઉપાધ્યાય અણગાર એ ॥ મતિ શ્રુત ઋષિ અવધિજ્ઞાની, મનઃપર્યવ સુખકાર એ ॥ કેવળજ્ઞાની લબ્ધિધારક, ચારિત્ર પંચ પ્રકાર એ ॥ તિલોકઋષિ કહે વર્ત્યા વર્ત્તે, વંદું વારંવાર એ ॥ સદા દેજ્યો શિવસુખ સાર એ ॥ ૧૧૦ ॥ ઇતિ ॥

अथ श्री भरत बाहुबलनो सलोको.

પ્રથમ પ્રણમું માતા બ્રહ્માણી, તૂઠી આપે જે અવિરલ વાણી ॥ ભરત બાહુબળ ભાઈ સજોડે, કહીશું સલોકો મનને કોડે ॥ ૧ ॥ નાભિરાજાને કૂળે નગીનો, પ્રથમ તિર્થંકર ઋષભ ઉપન્યો ॥ સો પુત્ર તેહના સમરથ જાણું, ભરત બાહુબળ ભલા વખાણું ॥ ૨ ॥ આયુધશાળાયે ચક્ર ઉપન્યું, મન તે હરખિયું ભરત ભૂપનું ॥ ચક્ર પૂજીને

કરી ચઢાઈ, દીધા ડેરા જંગલમાં જાઇ ॥ ૩ ॥ સેના લેઇને સબળ દીવાજે, વિવિધ જાત તિહાં રણતૂર વાજે ॥ ચક્ર અતુલબળ આકાશે હાલે, ભરત સૈન્યશું પૂંઠે તે ચાલે ॥ ૪ ॥ પૂરવ આદિને ઉત્તર અંતે, આણ મનાવી ચક્રી બળવંતે ॥ સાધ્યા ષટ્ ખંડ કમળા અપાર, વરસ તે વોળ્યાં સાઠ હજાર ॥ ૫ ॥ ગંગા સિંધુને સાધી સરિતા, પછી મલેચ્છના દેશ તે જીત્યા ॥ સેના લેઇને ભરત સધાવ્યા, સાધી ષટ્ખંડ અયોધ્યાયે આવ્યા ॥ ૬ ॥ નયરીના લોક સામા તે આવે, મોતીય થાળી ભરીને વધાવે ॥ વાજે વાજિંત્ર ભૂંગળ ભેરી, શેરિયે ફૂલડાં નાંખે છે વેરી ॥ ૭ ॥ યાચકજન તો કિરતી બોલે, કોઇ ન આવે શ્રી ભરતને તોલે ॥ દિન દિન દોલત વાધે સવાઇ, બીજાની નહિ તેવી અધિકાઇ ॥ ૮ ॥ અનુંક્રમે કીધો નગર પ્રવેશ, ચક્રનો ઓચ્છવ માંડયો નરેશ ॥ ચક્ર તે રહ્યું આકાશે ભમે, આયુદ્ધશાળાયે આવે નહિ કિમે ॥ ૯ ॥ સહુ મળીને મનમાં વિમાસે, શામાટે રહ્યું ચક્ર આકાશે ॥ સુણો સાહિબ કહે સેનાની, ભાઈ તુમારો એક ગુમાની ॥ ૧૦ ॥ બાહુબળ નામે મહાબળ ધારી, તેહ ન માને આણ તુમારી ॥ હઠ માંડીને રહ્યો હઠીલો, છત્રપતિ છોગાળો છેલ છબીલો ॥ ૧૧ ॥ અવળો એ મહા અભિમાની, સેવા કીધી છે સાધુની સમાની ॥ અજિત અતુલબળ તેણ તે બળિયો, જાલમ જોદ્ધાને સંગ્રામે કળીયો ॥ ૧૨ ॥ અનમી તે તેહની આણ ન માને, પરાક્રમે પૂરો તે પ્રજાને પાળે ॥ એહવી તે સુણી વાત અદ્‌ભૂત, લેખ લખીને મોકલ્યો દૂત ॥ ૧૩ ॥ દૂત તેહવે ભરત આદેશે, વેગે તે પહોત્યો બાહુબળ દેશે ॥ કાગળ આપીને કહે કરજોડી, વેગે તેડ્યા છે ચાલો તેણ દોડી ॥ ૧૪ ॥ કાગળ વાંચીને ચઢયો છે ક્રોધે, દૂત પ્રત્યે કહે વચન વિરોધ ॥ કોણ ભરત જે તેડે છે અમને, નથી ઓળખતો પૂછું છું તમને ॥ ૧૫ ॥ દૂત કહે છે ભાઇ તુમારો, ભરત ચક્રવર્ત્તિ સાહેબ હમારો ॥ આયુદ્ધશાળાયે ચક્ર ન આવે, તેણ કરીને તમને બોલાવે ॥ ૧૬ ॥ કરી અસવારી વેગ સધાવો, તિહાં આવીને શિશ નમાવો ॥ નાવો તો કરો યુદ્ધ સજાઇ, માંહોમાંહે મળી સમજો બે ભાઇ ॥ ૧૭ ॥ ભરત ચક્રવર્ત્તિ ષટ્ ખંડ ભોગી, અભિમાન સહુનાં રહ્યો આરોગી ॥ તેહ આગળ શું ગજું તમારૂં, તે માટે કહ્યું માનો અમારૂં ॥ ૧૮ ॥ ઇમ નિસુણીને બાહુબળ જંપે, મુજ આગળ તો ત્રિભુવન કંપે ॥ ચઢયો ક્રોધને દંતજ કરડે, હોઠ કરડે ને મૂછજ મરડે ॥ ૧૯ ॥ એહવો તે કોણ પૃથ્વિ મઝાર, જેહ

તડોવડી કરે હમારી ॥ ક્રહે બાહુબળ ચઢાવી રિશ, કરૂં યુદ્ધ પણ ન નામું શિશ ॥ ૨૦ ॥ વેગા ખીજીને દૂત તે વળીઓ, અનુક્રમે ભરતને આવી તે મળીઓ ॥ ભરતને જઇ દૂત તે ભાંખે, આણ ન માને કટ કાઇ પાંખે ॥ ૨૧ ॥ સુણી વાતને માની તે સાચી, ચઢાઇ કરવાને ભેરી તે વાજી ॥ હાથી ઘોડાને રથ નિશાણ, લાખ ચોરાશી તેહનું પરિમાણ ॥ ૨૨ ॥ રથ લેઇને શસ્ત્ર તે ભરિયાં, ધવળા ધોરીડા શ્રિંગ જોતરિયા ॥ સાથે છન્નુ ક્રોડ પાળા પરવરિયા, નેજા પંચરંગી દશક્રોડ ધરિયા ॥ ૨૩ ॥ પૂરા પાંચ લાખ દિવી ધરનાર, મહીપતિ મુગટાળા બત્રીશ હજાર ॥ શેષ તુરંગમાં ક્રોડ અઢાર, સાથે વ્યાપારી સંખ્ય ન પાર ॥ ૨૪ ॥ સવાક્રોડ તે સાથે પરધાન, મ્હોટી નાળનું તેરલાખ માન ॥ સાથે રસોઇઆ સહસ બત્રીશ, લશકર લઇને ભરત ચક્રીશ ॥ ૨૫ ॥ લશકર લઇને ચક્રવર્ત્તિ ચઢીયો, સાહમા આવીને બાહુબળ અડિયો ॥ તેના કટકનો પાર ન જાણું, યમ રૂપી તે યોદ્ધા વખાણું ॥ ૨૬ ॥ નિશાણે ઘાવ દેઈ પરવરિયો, સૈન્ય લેઇને સાહમા ઉતરિયો ॥ કહે બાહુબળ ભરતને જઇ, તાહરી તો શુદ્ધિ શામાટે ગઇ ॥ ૨૭ ॥ સગા ભાઈશું એમ ન કીજે, ઋદ્ધિ પામીને છેહ ન દીજે ॥ જાતે દહાડે તું જોને વિમાસી, પર પોતાનો ન હોવે સહુવાસી ॥ ૨૮ ॥ અંગવિના તે ડાંગ ન વાજે, ભાડુતે રાખી ભિડ ન ભાંજે ॥ ઘેર નવરો પુત્રપિયારે, સુખ ન લહીયે ભૂત હિયારે ॥ ૨૯ ॥ તેં તો અવગણ્યા ભાઇ અઠ્ઠાણું, યતિ થયા છે તજિ તે આણું ॥ તાતે લોભિયો તુજને વિચારી, તેણે તે લીધું સંયમ ભારી ॥ ૩૦ ॥ ત્હારે પાપે તે નાશીને છૂટયા, ઘણું અઘટતું કીધું તેં જૂઠા ॥ કરતુક ત્હારાં કહેતાં હું લાજું, ભુજવડે ષટખંડજ ગાજું ॥ ૩૧ ॥ તુજને જોઊં નજરે જો ફેરી, વાર ન લાગે નાંખતાં વેરી ॥ ફૂલ દડો લઇ કોમળ હાથે, વઢવું સોહેલું ચૂંડાળી સાથે ॥ ૩૨ ॥ એ નહીં એહવા છાકમ છોળા, ચાહે ચિત્તથી ભૂલ મ ભોળા ॥ હાક મારૂં તો પર્વત ફાટે, લાજ રાખું છું બંધવ માટે ॥ ૩૩ ॥ ટચ્ચી આંગળીયે મેરૂને તોળું, ત્હારૂં કટક લઈ સમુદ્રમાં બોળું ॥ પણ રાખું છું લાજ પિતાની, વાત વળી કહુ બાળપણાની ॥ ૩૪ ॥ ગગને ઉછાળ્યો ગિંદુક રીતે, પાછો પડતો તું ધર્યો મેં પ્રિતે ॥ ચરણે ઝાલીને ફેરવ્યો તુજને, પવને જિમ ફરે દેઊળ ધ્વજની ॥ ૩૫ ॥ વળી ફેરવ્યો પાવક વનમેં, જિમ નળરાજાને જૂવટે જગમેં ॥ બાળપણાને રૂડાં સંભારી, ગર્વ તે કરજો પછી વિચારી ॥

॥ ૩૬ ॥ ભરત સાંભળજે સાચું હું ભાખું, હવે કેહની લાજ ન રાખું ॥ બાળપણાની રમત નાઠી, હવે બાંધી છે બાકરી કાઠી ॥ ૩૭ ॥ એમ કહીને રણવટ રસીયો, ધનુષ લઇને સાહમો તે ધસીયો ॥ ઉમટયો ધૂમાડો પ્રગટી ઝાળ, બાહુબળે તિહાં ઝાલી કરવાળ ॥ ૩૮ ॥ બાંધી હથિયાર સાહમો તે આવ્યો, પ્રથમ ટુંકારે ભરત બોલાવ્યો ॥ કાંઈ હણાવે સુભટ નીઘાટા, આપણે કીજે યુદ્ધ બે કાટા ॥ ૩૯ ॥ કોઇ બીજાનું ઇહાં નહીં કામ, ફોકટ બીજાનાં ફોડો કાં ઠામ ॥ ચઢીયે આપણે અવધજ રાખી, સુરનર કોટી કરયા તિહાં સાખી ॥ ૪૦ ॥ બેહુને શરીરે રહ્યા બેહુ પાસા, તિહાં સુરનર જોવે તમાસા ॥ ભરત બાહુબળ અધિક દીવાજે, બેહુને શિર છત્ર મુકુટ બિરાજે ॥ ૪૧ ॥ ભરત બાહુબળ સામા બે ભાઇ, શશિ રવિ સરિખા રહે થિર થાઇ ॥ નિરખી સુરનર રહે સહુ અળગા, દૃષ્ટિયુદ્ધમાં પ્રથમજ વળગ્યા ॥૪૨॥ નયણાંશું નયણાં મેળીને જૂએ, ભરતની આંખે આંસૂ તે ચૂએ ॥ જિમ ભાદરવે જળધર ધારા, જાણે કે ત્રૂટયા મોતીના હારા ॥ ૪૩॥ હાર્યો ભરતને બાહુબળ જીત્યો, ત્રિભુવનમાંહે થયો વદિતો ॥ ॥ બોલે બાહુબળ બંધવ પ્રિતે, બીજું યુદ્ધ કીજે શાસ્ત્રની રીતે ॥ ૪૪ ॥ નરહરિ નાદ ભરતે તિહાં કીધો, શબ્દ તે સઘળે થયો પ્રસિદ્ધો ॥ રણની ભૂમિ લગે રહ્યો તે ગાજી, ગયવર ગહગહ્યા હણહણ્યા વાજી ॥ ૪૫ ॥ ગડ ગડ ગાજે બાહુબળ વેગે, હરિનાદ તેણે કીધો તિહાં તેગે ॥ દશો દિશ પૂરી નાદને છંદે, જાણે ત્રિભુવન કંપે તેહને છંદે ॥ ૪૬ ॥ સમુદ્ર જળ હલ કલ્લોલે ચડિયાં, જાણે ત્રિભુવન એકઠા મળિયા ॥ હાથી હળહળિયા હયવર હણહણિયા, નાદ સુણીને સુરનર રણજણીયા ॥ ૪૭ ॥ ભીમ ભુવન થયું તે જ્યારે, ભરત વિમાસે મનમાંહે ત્યારે ॥ એહ અતૂલીબળ મહાબળ પૂરો, એહ સમોવડ બીજો નહીં શૂરો ॥ ૪૮ ॥ જાતે દહાડે દેશવટો દેશે, ઋદ્ધિ અમારી ઊલાળી લેશે ॥ ભરતને મોઢે ઢળી તિહાં શાઇ, બોલે બાહુબળ સાંભળો ભાઇ ॥ ૪૯ ॥ ભુજાયુદ્ધ કીજે હવે ભારી, અમે નમાવું બાંહ તુમારી ॥ એમ સુણીને ભરત ભુનાથ, વેગે પસાર્યો પોતાનો હાથ ॥ ૫૦ ॥ બાહુ બળવંતો ભુજબળ બાંહ, ષટ્ખંડ પૃથ્વિ ઝાલે ઉચ્છાહ ॥ કમળતણી પરે બાહુબળ વાળે, તસ ભુજ ન વળ્યો ભરત ભૂપાળે ॥ ૫૧ ॥ વારૂ હૈયામાંહે મત રાખો બાકી, ચોથું મુષ્ટિયુદ્ધ કીજે હવે તાકી ॥ મહાકમ મુઠી તવ ભરતે ઉપાડી, બાહુબળ માથે દીધી પછાડી ॥ ૫૨ ॥

મૂઠીને મારે શિથિળ થયું અંગ, ભરતના મનમાં વાધ્યો ઉછરંગ ॥ બાહુબળે મન સાથે વિચારી, મૂઠી ઉપાડી હૈયામાં મારી ॥ ૫૩ ॥ મૂઠીને મારે ભરત લડથડિયો, ભમરી ખાઇને ભૂંયે તે પડિયો ॥ ચઢી રીશ ને મૂઠ ચમચમે, જેમ દુહવાણો વિષધર ધમધમે ॥ ૫૪ ॥ ઠામે થઇ ભરતે હાથ ઉપાડયો, મારી મૂઠ ને ભૂંયે તે પાડયો ॥ ઢીંચણ લગે ઘાલ્યો ધરતિમાંહિ, જાણે આરાપ્યો ખીલો જગમાંહિ ॥ ૫૫ ॥ સુરને ઉઠયો તે આપ સંભાળી, ભરતને રીસે માર્યો દંડ ઉલાળી ॥ ઘાલ્યો ધરતીમાં કંઠ પ્રમાણ, કાયર કંપે ને પડયું ભંગાણ ॥ ૫૬ ॥ ગાડીનુ સૈન્ય થયું તે ઝાંખું, ભરત વિમાસે ભાગ્ય છે વાંકું ॥ બાહુબળ કટકે વાજિંત્ર વાજે, વીતશોકા થઈ સુભટ વિરાજે ॥ ૫૭ ॥ અઠયો ભરત તે ધરા ધંધોળી, ક્રોધે તે રહ્યો ચક્રને તોળી ॥ ભરતે ચક્રને આગના આપી, બાહુબળ માથું તું લાવજે કાપી ॥ ૫૮ ॥ બાહુબળ મનમાં એમ વિમાસે, ધિગ્ બોલીને પછી વિમાસે ॥ કૂખે કાં આવ્યો ભરત એ પાપી, ન્યાયની રીત તો નાંખી ઉથાપી ॥ ૫૯ ॥ મૂઠી તોળીને રહ્યો તે જેહવે, જળહળ ચક્ર પણ આવ્યું તેહવે ॥ વેગે વળિયું તે વાંદીને પાય, ગોત્રમેં ચક્ર ન ચાલે કયાંય ॥ ૬૦ ॥ ચઢયું કલંક ચિંતે ઇમ ચક્રી, મુજથી ન્હાનો પણ મ્હોટો એ ચક્રી ॥ ભરત રહ્યો હવે હાથ ખંખેરી, એહની મુઠીની ગત અનેરી ॥ ૬૧ ॥ દિનહીણો તે ભરતને જાણી, બાહુબળ બોલે તે એહવી વાણી ॥ ભરત ન મારૂં ભાઇ સલુણો, માનવ માથું તે કોઇ મ ધુણો ॥ ૬૨ ॥ મુઠીનો મનમાં આંણી આલોચ, મસ્તકે લઇ કીધો તે લોચ ॥ બાહુબળ થયો તે સાધુ વૈરાગી, સુર નર પૂજે પાય તે લાગી ॥ ૬૩ ॥ દેવદુંદભી વાજી આકાશે, ફુલની વૃષ્ટિ થઈ ચિહું પાસે ॥ મનથી મ્હેલી વિષય વિકાર, ધન ધન જંપે સુરનર નાર ॥ ૬૪ ॥ કર્મ ખપાવી કેવળ પામું, લઘુ ભાઇને શિશ ન નામું ॥ કાઉસ્સગ્ગ કરી કર્મ નિકંદુ, પછી જઇને જિનવર વંદુ ॥ ૬૫ ॥ એમ ધારી મનમાં કાઉસ્સગ્ગે રહે, વર્ષાકાળે તે કર્મને દહે ॥ કુંજર ચઢી કેવળ કેમ.લહિયે, બ્હેનને વચને બૂઝયો તે હૈયે ॥ ૬૬ ॥ પગ ઉપાડયો કેવળ પામ્યું, જઇને જિનવરને મસ્તક નામ્યું ॥ ભાઇ નવાણું એકઠા મળિયા, મનના મનોરથ સઘળા તે ફળિયા ॥ ૬૭ ॥ એક વર્ષલગેં કાઉસ્સગ્ગ રહ્યા, વાચા પાળીને મુગતેં તે ગયા ॥ ઉદયરતન કહે વચન વિલાસ, બાહુબળ નામે લીલ વિલાસ ॥ ૬૮ ॥ ઈતિ ॥

લાવણીઓનો સમુદાય.

अथ श्री सोलस्वप्नांनी लावणी.

દોહા.

શાસન નાયક સુરતરુ, ભયભંજન ભગવંત ॥ ત્રિસલાનંદ દિણંદ સમ, પ્રણમું મન ધરી ખંત ॥ ૧ ॥ વળી પ્રણમું ગૌતમ ગુરૂ, તપ સંયમ દાતાર ॥ તાસ પ્રસાદે વર્ણવું, સુપન સોળ અધિકાર ॥ ૨ ॥ પાડલિપૂર નગર વિષે, ચંદ્રગુપ્ત રાજીંદ ॥ બારે વ્રતધારક ગુણી, પરજાને સુખકંદ ॥ ૩ ॥ ચઉદે પૂરવજ્ઞાન શુદ્ધ, ભદ્રબાહુ મુનિરાજ ॥ સમવસર્યા ઉદ્યાનમેં, તારણ તરણ જિહાજ ॥ ૪ ॥ પાખી પોસાને વિષે, દેખ્યાં સ્વપ્નાં સોળ ॥ પૂછે નૃપ કરજોડિને, અર્થ કહો મુનિ બોલ ॥ ૫ ॥

(અગડદમ બગડદમ બાજે.—એ દેશી.)

કલ્પવૃક્ષકી શાખા ત્રૂટી, અર્થ સુણો યહ સ્વપનેકા ॥ અબ જો રાજા હોવેગા કોઇ, સંયમ વો નહિ લેનેકા ॥ દુજે અસ્ત ભયા સૂર્ય અકાળે, ભેદ સુણો અબ ઇસકા સહી ॥ પંચમ આરે જન્મ લિયા હે, ઉનકું કેવળજ્ઞાન નહીં ॥ નહિ મનપરજવ અવધિ પૂરણ, એ અંધકાર ભયા ભારી ॥ ભદ્રબાહુ મુનિ કહે ભૂપશું, પંચમ આરો દુઃખકારી ॥ ૧ ॥ ચાંદ દેખા તુમ ચાલણી જેસા, તિસરે સુપનાકે માંઇ ॥ અલગ અલગ સમાચારી હોયગી, બોલ ફરક કુછ દરસાઇ ॥ ભૂત ભૂતણી નચતે હિલમિલ, દેખા ચોથે સુપન માંઇ ॥ દેવ ગુરૂ ધર્મ ખોટા જનકું, લોક માનેગા અધિકાઇ ॥ દયાધરમપર બહોત જલેંગે, થોડે જૈનધરમ ધારી ॥ ભદ્ર૦ ॥ ૨ ॥ પાંચમે દેખા સર્પ ભયંકર, બારે ફણકર ફુંકારે ॥ કિતિલ સાલ પિછે કાળ પડેગા, બારે બરસલગ ભયંકારે ॥ ઉત્તમ સાધુ કરી સંથારા, આતમ કાજ સારેગા ॥ કાયર સાધુ સો ઢીલે પડેંગે, હિંસાધર્મ વિસ્તારેગા ॥ ખોટા દે ઉપદેશ લોકકું, હોવેગા કેઇ ઘરબારી ॥ ભદ્ર૦ ॥ ૩ ॥ છઠ્ઠે સ્વપને દેવ વિમાનકું, આતા સો દેખ્યા ફિરતા ॥ જિસકા અર્થ સુણો તુમ રાજિંદ, દિલ અંદર આણિ થિરતા ॥ જંઘાચારણ લબ્ધિધારક, ઔર વિદ્યાચા-

રણ જાણો ॥ એ દો લબ્ધિકે હે ધારક, ઐસે મુનિવરકી હાણો ॥ વૈક્રિય ઔર આહારકકી લબ્ધિ, એ બી વિચ્છેદગા સારી ॥ ભદ્ર૦ ॥૪॥ વિકશા કમળ ઉકરડા ઉપર, જિસકા ભેદ સુણો ભાઈ ॥ ચાર વર્ણ મેં મહાજનકે ઘર, ધરમ રહેવેગા અધિકાઇ ॥ શાસ્તરકી રુચિ રહેગી થોડી, સુણતાં નિંદ્રા લેવેગા ॥ સ્તવન સઝાય ઔર ઢાળ ચોપાઇ, જિસમેં બહુત ખુશ રહેવેગા ॥ પ્રતિબોધ પણ ઇસમેં પાકે, હોવેગા સંયમધારી ॥ ભદ્ર૦ ॥ ૫ ॥ અગિયાકા ચમત્કાર આઠમે, ભેદ સુણો ઈસકા નીકા ॥ ઉદ્યોત હોયગા મિથ્યામતકા, જૈનધર્મ હોયગા ફીકા ॥ સમુદર સૂકા તિન દિશાપર, દક્ષિણ દિશ ડોહોળો પાણી ॥ દક્ષિણ દિશાપર ધરમ રહેગા, તિન દિશા રહેગી હાણી ॥ પંચકલ્યાણક ભયે જિણ પુરમેં, ધરમ હાનિ તિહાં ઉચ્ચારી ॥ ભદ્ર૦ ॥ ૬ ॥ દશમે સોનેકી થાળી જિસમેં, કુત્તા દેખા ખીર ખાતા ॥ ઉત્તમ કૂળકી દોલત હે સો, જાવેગી મધ્યમ હાતા ॥ નટ ખટ સોદા ચોર ઠગારા, સૂરત હોયગા ધનવાળા ॥ શાહુકાર સો ઝુરેગા દિલમેં, કહી ન શકે મનકી જ્વાળા ॥ ધન સંપત સજ્જનકી હાણી, સત્યવાદી કમ નર નારી ॥ ભદ્ર૦ ॥ ૭ ॥ હસ્તીકેપર ડગ્યારમેં સ્વપને, દેખા બંદરકું બેઠા ॥ નિચ રાજા સો માલિક હોયગા, ઊંચ રાજા રહેગા હેઠા ॥ બારમે સ્વપને દેખા તુમને, દરિયે મરજાદા છોડી ॥ બેટા બેટી માત પિતાકી, મરજાદા રાખે થોડી ॥ વહુ સાસુકા ન કરેગી કહેણા, ઉલટી દુઃખ દેગી ભારી ॥ ભદ્ર૦ ॥ ૮ ॥ લાંચ ગ્રાહી સો ક્ષત્રિ હોયગા, વચન દેકે નઠ જાવેગા ॥ દગાદાર વિશ્વાસઘાતી નર, સચ્ચે નરકું હઠાવેગા ॥ ભલા સખ્સકા આદર કમતી, પાપી આદર પાવેગા ॥ ગુરુ ગુરાણીકે ચેલા ચેલી, સેવા ભક્તિ કમ રહાવેગા ॥ અપની બડાઈ કરેગા મુખસેં, ગુરુકું હોયગા દુઃખકારી ॥ ભદ્ર૦ ॥ ૯ ॥ જોડ્યા દેખ્યા સ્વપને તેરમેં, વાછરેકે મહારથ માંઇ ॥ નાદાન ઉમરકા ધરમ કરેગા, સંયમ લેગા ઉલસાઈ ॥ લજ્યાશું તપ સંયમ પાળી, તપ જપમેં ચિત્ત દેવેગા ॥ બુઢ્ઢા ઢિઢ્ઢા હોયગા ધર્મમેં, આળસ અધિકી રહેવેગા ॥ સરખા નહીં સબ લડકા બુઢ્ઢા, સમુચ્ચય ભાવ કહ્યા જાહારી ॥ ભદ્ર૦ ॥ ૧૦ ॥ રત્નકી કાંતિ મંદી દેખી, ચઉદમા સ્વપનામેં જાણો ॥ ભરતક્ષેત્રકા સંત સાધકે, હેત ઈકલાસ થોડા માનો ॥ ક્રોધી કલેશી અરુ અભિમાની, આપની બાત જમાવેગા ॥ ભલી શિખ જો દેગા કોઇ, ઉસકા ઓ ગુણ ગાવેગા ॥ અદપ હોયગા સંયમવંતા, હોયગા બહોતસા લિંગધારી ॥

॥ भद्र० ॥ ११ ॥ राजकुमर सो चढ्या पोठीपर, देखा स्वपने पंदरमे ॥ राजा जैनधर्म तज देगा, राचेगा मिथ्याधरमे ॥ बात करे जो सच्चावटकी, उस्की थोडा मानेगा ॥ जूठेकी परतीत करेगा, खोटेका पक्ष ताणेगा ॥ धर्मी पुरुषका करेगा ठठ्ठा, पापीका आदर भारी ॥ भद्र० ॥१२॥ हस्ति बाळक लढता देख्या, बिन मावत आपसमांही ॥ वार वार दुष्काळ पडेगा, मनच्हाया वर्षेगा नांही ॥ मात पिता गुरु बातके करता, बिच बिच बात करे छोटा ॥ भाइ भाईमें संपत ओछी, बोलेगा निर्थक खोटा ॥ पिता पक्षको आदर ओछो, त्रिय पक्षकी करेगा यारी ॥ भद्र० ॥ १३ ॥ कायदावाळा प्रमाणिक न्यायी, गुणीजन थोडा होवेगा ॥ झघडा टंटा निर्थक करके, राजमांही धन खोवेगा ॥ केणु न माने भला सज्जनकी, फिर पाछा परतावेगा ॥ एकविश हजार वरस लगें राजिंद, ऐसी रीत कर जावेगा ॥ अरथ सुणी सोळे स्वपनोका, राय भया संयमधारी ॥ भद्र० ॥१४॥ संवत ओगणीशें साल सेंतिसकी, फागण वदि ड्ग्यारस आइ ॥ तिलोकऋषि कहे स्वपन लावणी, गाम कहामें बणाइ ॥ पंचमआरो दुःखम नामे, दुःख हे ईणमें अधिकाइ ॥ धरमध्यान और समता राखे, उनकुं सुख समजो भाइ ॥ ऐसा जाणके करजो सुकृत, उतरोगे भवजळ पारी ॥ भद्रबाहु मुनि कहे भूपशुं, पंचम आरो दुःखकारी ॥ १५ ॥ ईति ॥

अथ श्री शिखामणनी लावणी.

तुम भजो जिनेसर देव, मुगति पद पाइ ॥ मुगति० ॥ अब अचळ अखंडित ज्योत, सदा सुखदाइ ॥ ए आंकणी ॥ में रुल्यो चोराशीमांहे, भूल्यो में भरम ॥ भूल्यो० ॥ म्हारे उदये अनंतां दुःख, बांध्यां जब करम ॥ में कदिएक हुओ रंक, फिर्यो तजि शरम ॥ फिर्यो० ॥ अरु कदिएक राजा भयो, गरथको गरम ॥ जब गरव आणकर बोल्यो, पारका मरम ॥ पारका० ॥ पण निरमळ जुगमें जैन, कीयो नहीं धरम ॥ अब मनुष जनममें चेत, घडी शुभ आइ ॥ घडी० ॥ अब० ॥ १ ॥ में सुरनरका सुख वार, अनंति पाया ॥ अनंति० ॥ म्हारे शिव समताका सुख, हाथ नहीं आया ॥ में कुगुरुने कुदेव, भला कर ध्याया ॥ भला० ॥ में उलज्यो अनादि अज्ञान, विषयभोग भाया ॥ में पड्यो लोभके फंद, जोडतो माया ॥ जोडतो० ॥ पण लग्यो अंत जब आय, काळ मुज खाया ॥ अब प-

રિહર સબ પરમાદ, ધર્મ કર ભાઇ ॥ ધર્મ૦ ॥ અબ૦ ॥ ૨ ॥ અબ દુર્લભ અવસર લહી, તું સુકૃત કર રે ॥ તું સુકૃત૦ ॥ અબ દાન શિયળ તપ ભાવ, હિયામેં ધર રે ॥ તું કરમકી માળા કાટ, પાપ પરિહર રે ॥ પાપ૦ ॥ અબ વાર વાર કહું તોહે, જગતસેં તર રે ॥ તું નિર્મળ નયણે દેખ, નરકશું ડર રે ॥ નર૦ ॥ તું શિખ સુગુરુકી માન, અગ્યાની નર રે ॥ અબ પરત્રિયા કરી જાન, બેનને માઇ ॥ ॥ બેન૦ ॥ અબ૦ ॥ ૩ ॥ અબ જિનવર મુજ મન ભાયો, સદાગુણ ગાઊં ॥ સદા૦ ॥ અબ ઇતની કિરપા કરો, નરક નહીં જાઊં૦ ॥ અબ ભવ ભવમાંહી દેવ, જિનેસર પાઊં૦ ॥ જિનેસર૦ ॥ મેં મન વચ કાયા કરી, ચરણ ચિત્ત લાઊં ॥ એ દયાધરમ હિતકાર, સદા મેં ચાઊં ॥ સદા૦ ॥ એ ચોરાશીકે માંહ, ફેર નહીં આઊં ॥ યું અરજ કરે જિનદાસ, કિરત એ ગાઇ ॥ કિરત૦ ॥ અબ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

अथ श्री शिखामणनी लावणी.

એક જિનવરકા નિજ નામ, હિયામેં લેના ॥ હિયા૦ ॥ અબ લગી લગન જિનવરસેં, આપ ખુશ રહેના ॥ સદા ખુશ રહેના ॥ એ આંકણી ॥ અબ નિરખું જિન દેદાર, દરસ કબ પાઉં ॥ દરસ૦॥ જગમેં જિનવર નિજ નામ, નિરંજન ધ્યાઉં ॥ અબ રહે નયન લોભાય, હિયો નિત ફરકે ॥ હિયો૦ ॥ માહે જિનદર્શનકી આશ, પાપ સબ સરકે ॥ અબ સુરપતિ નિરખત રૂપ, નજર ભર નેનાં ॥ નજર૦ ॥ અબ૦ ॥ ૧ ॥ અબ મિટયો મરણ ભવ ભવકો, આશ મુજ પૂરો ॥ આશ૦ ॥ મેં જપું જિણંદકો નામ, મેલું નહીં દૂરો ॥ એ ઘનઘાતિ ઘાલે ઘેર, કરમ સબ ચૂરો ॥ કરમ૦ ॥ મેં દુર્ગતિ ભમતાં આયો, આપ હજૂરો ॥ અબ શુભ નજરાં મુજ નિરખ, મુગતિપદ દેનાં ॥ મુગતિ૦ ॥ અબ૦ ॥ ૨ ॥ અબ હે હીરાકી ખાન, ગ્યાન નિજ કરણિ ॥ ગ્યાન૦ ॥ એ મુગતિ પંથ દાતાર, સુમતિકી ઘરણિ ॥ અબ શુકલધ્યાનકી પેડી, ચઢો નિસરણી ॥ ચઢો૦ ॥ એસા જગમેં સંત સુજાન, મુક્તિપદ વરણી ॥ અબ આપો મયા કર કરકે, અમર સુખ ચેનાં ॥ અમર૦ ॥ અબ૦ ॥ ૩ ॥ અબ બેઠ કરૂં મેં મોજ, આનંદકે ઘરમેં ॥ આ૦ ॥ મેં પરખ્યા શ્રી જિનરાજ, જગત ફુણ ભરમે ॥ મે દુઃખ ભોગતાહું અનંત, કરે કુણ લેખો ॥ કરે૦ ॥ મેં અરજ કરૂં તનમનસેં, નજર ભર દેખો ॥ અબ બોલત યું જિનદાસ, સરવ રસ બેનાં ॥ સરવ૦ ॥ અબ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

अथ श्री उपदेशी लावणी.

સુગુરુ બડા હે ઉપગારી રે, *(૨) દેવ ગુરુ શુદ્ધ ધર્મ બતાવે, શિખ દેત સારી ॥ પંચેંદ્રિય નિરોગ દેહ હોઈ રે, (૨) આર્યક્ષેત્ર ઉત્તર કૂળ મળિયો, આયુ દીર્ઘ જોઇ ॥ મનુષ્યભવ દુર્લભ યો પામી રે, (૨) ઇણ અવસરમેં સુકૃત કરતાં, મત રાખો ખામી ॥ સેવો તમે સુગુરુકા ચરણા રે, (૨) "અમરાપુરિકો પંથ સદા શ્રી જૈનધર્મ કરણા" ॥ ૧ ॥ એ આંકણી ॥ મેરો મેરો કરે જગમેં ઘેલો રે, (૨) માત પિતા સુત ભ્રાત ત્રિયા, સ્નેહી હુઓ ભેળો ॥ સબે જુગ સ્વારથને દાવે રે, (૨) સ્વારથ ન સરે તબ હિ સજ્જન, કોય ન બોલાવે ॥ કુટુંબ કાજ માયા તેં જોડી રે, (૨) પાપ કરીને પરભવ જીવે, પાયાં દુઃખ કોડી ॥ ધર્મ બિન કોય નહીં શરણા રે, (૨) અમરાપુરિકો૦ ॥૨॥ જાણે તું ધન સંપત મેરી રે, (૨) ગામ નગર પુર પાટણ દેશ, વિલાયત ઘર શેરી ॥ રથ હય હાથી સૈન મેળી રે, (૨) પણ પાયક અરુ રાજ્ય ઋદ્ધિ, રતિ ન ચલે ભેળી ॥ વાસુદેવ ચક્રિ ઇંદ્ર જેવા રે, (૨) દેવ દાનવ માનવ ધન પામી, છંડિ ગયા તેવા ॥ જીવ અબ લોભ પરિહરણા રે, (૨) અમરાપુરિકો૦ ॥ ૩ ॥ મિથ્યામતમાંહી મત રાચો રે, (૨) કુગુરુ કુદેવ કુધર્મ તજી, જિનમત જાણો સાચો ॥ શ્રદ્ધા બિન અનંત કાળ ભટકયો રે, (૨) દ્રવ્ય સંયમસેં ગ્રૈવેક પાયો, ફેર નિચો પટકયો ॥ સમકિતસેં સંયમ ગુણ ભાવે રે, (૨) સંયમસેંતી જનમ મરણ દુઃખ, કર્મ પરાં જાવે ॥ સમકિત ગુણ આતમમેં ભરણા રે, (૨) અમરાપુરિકો૦ ॥ ૪ ॥ હિંસા સબ દુઃખનકી ખાણી રે, (૨) હિંસાહીથી પાવે પ્રાણિ, નરકકી ઠાણી ॥ હિંસા સમ અનરથ નહીં જગમેં રે, (૨) સબ જંતુને વલ્લભ જીવન, ઇમ ધારી મનમેં ॥ દયા સમ અવર નહીં કરણી રે, (૨) ભવસાગર તારેવા ભવ્યને, એહ ઉત્તમ તરણી ॥ દયાસેં ભવસાગર તરણા રે, (૨) અમરાપુરિકો૦ ॥૫॥ સંતોષ કર તૃષ્ણાને ગાળી રે, (૨) તૃષ્ણા અનંતિ એક જીવને, નવિ ટળેહી ટાળી ॥ સબે જુગ તૃષ્ણાયે વ્યાપ્યો રે, (૨) ધન્ય કપિલમુનિ કેવળ પાયો, સંતોષી ચિત્ત થાપ્યો ॥ સંતોષી સુખિયાહી બાજેરે, (૨) બહુળા જીવ દુઃખિયા ચિહું ગતિમેં, વિષયસુખ કાજે ॥ સંતોષસેં ચિહુ

* જ્યાં (૨) આવી નિશાની કરી છે, તેનું પાછલું પદ ફરીને બે વાર બોલવું, પરંતુ 'રે' તો એકજવાર બોલવો.

ગતિ દુઃખ ખરણા રે, (૨) અમરાપુરિકો૦ ॥ ૬ ॥ ક્ષમા ક્રોધ ટાળીને ધરજયો રે, (૨) વૈર વિરોધ દુશ્મન સવિ જાયે, સમતા ગુણ વર જયો ॥ ગજસુકૂમાળ ક્ષમા કિની રે, (૨) સમ પરિણામે પરિસહ ખમીને, સિદ્ધપુરી લીની ॥ રાય પરદેશી ધન કહિએ રે, (૨) પાવ્યા સ્વર્ગ ક્ષમાએ એકહિ, અવતારી લહીએ ॥ ક્ષમાસેં સબ દુઃખ દૂર રળણા રે, (૨) અમરાપુરિકો૦ ॥ ૭ ॥ દાનસેં દારિદ્રપણું જાએ રે, (૨) સુખ સંપદની કોડિ મિળે, વળિ જશ કિરતિ થાએ ॥ દાનસેં વ્યાધિ નહીં આવે રે, (૨) શુભ પરિણામે સુપાત્ર દિયાથી, ભવ છેડો પાવે ॥ શેઠાણીયે રત્નકંબળ દિનો રે, (૨) મરુદેવી હુઇને મુગતેં પહોતી, મુનિને સુખ કિનો ॥ દાનસેં ભવમાં નહીં ફિરણા રે, (૨) અમરાપુરિકો૦ ॥ ૮ ॥ શિળવ્રત સબ વ્રતમેં મ્હોટો રે, (૨) ઉદધિમાંહી જેમ સ્વયંભુ,–રમણ નહિ છોટો ॥ દાનમાં અભયદાન દાખ્યો રે, (૨) મુનિવર કેવળી પરષદમાંહી, જિનવરજી ભાંખ્યો ॥ શિયળ સવિ સંકટને ટાળે રે, (૨) ધન ધન તે નર નારી, જે કોઈ શિયળકું પાળે ॥ શિયળસેં શિવરમણી વરણા રે, (૨) અમરાપુરિકો૦ ॥ ૯ ॥ તપસ્યા સુલ્લભ નહીં કરવી રે, (૨) કર્મરૂપ વન બાળેવાને, પાવક સમ ગણવી ॥ તપહિસેં વંછિત ફળ ગાયો રે, (૨) દૃઢપ્રહારી અરજુનમાળી, તપસેં શિવ પાયો ॥ મુનિશ્વર ધન્નો ગુણે પૂરા રે, (૨) વીરે વખાણ્યા દુક્કર તપ કરી, હુવા અનુત્તર સૂરા ॥ તપહીસેં કર્મ દૂર ઝરણા રે, (૨) અમરાપુરિકો૦ ॥ ૧૦ ॥ ભાવ હે સબ ગુણમેં સારો રે, (૨) દાન શિયળ તપ સંયમ સેવન, ભાવે ભવ પારો ॥ ભાવ બિન સબ વ્રત હે ફિકો રે, (૨) ભાવે ચક્રી ભરતેશ્વરજી, પાયો કેવળ નિકો ॥ ભાવ હે મુક્તિકો દાતા રે, (૨) હસ્તિ બેઠાં કેવળ પાયા, મરુદેવી માતા ॥ સદા શુભ ભાવ ચિત્ત ધરણા રે, (૨) અમરાપુરિકો૦ ॥ ૧૧ ॥ જિનેશ્વર વાણી એ ધારો રે, (૨) આળસ નિદ્રા વિકથા તજીને, મમતા દૂર ડારો ॥ ધર્મ દુર્લભ હે ચેતનકું રે, (૨) ગુરુભક્તિ જિન આણા સેવી, પાવન કર તનકું ॥ કાળ જબ લગેં નાંહિ આયો રે, (૨) તબ લગ દયાધર્મ આરાધી, નિશ્ચળ પદ જાઓ ॥ ઇણ વિધ મિટે જન્મ મરણા રે, (૨) અમરાપુરિકો૦ ॥ ૧૨ ॥ *શશી નગ ગજ નયન લીધો રે, (૨) સંવત માસ આશ્વિન પક્ષ કૃષ્ણ, વિધુ વાસર સિધો ॥ યોગ શિવ તિથિ પંચમિ દાઇ રે, (૨) નક્ષત્ર મૃગશાર ટંક-

---

* સંવત ૧૮૮૨ ના આસો વદી ૫ ને સોમવારે,

શાળી, યા લાવણી ગાઈ ॥ પિચુમંદાભિધપુરિ માંહે રે, (૨) અમરાભિધજી ઋષિ પૂજ્ય પ્રતાપે, ભાંખે ઉચ્છાહે ॥ મેરો મન સિદ્ધપદમેં ઠરણા રે, (૨) અમરાપુરિકો૦ ॥ ૧૩ ॥ ઇતિ ॥

અથ શ્રી ઉપદેશી લાવણી.

ખબર નહીં આ જગમેં પલકી રે ॥ ખબર૦ ॥ સુકૃત કરના હોય સો કર લે, કોણ જાણે કલકી ॥ એ આંકણી ॥ યા દોરિત હે જગતવાસકી, કાયા મંડલકી ॥ કાયા૦ ॥ સાસ ઉસાસ સમર લે સાહિબ, આયુ ઘટે પલકી ॥ ખબર૦ ॥ ૧ ॥ તારા મંડલ રવિ ચંદ્રમા, સબ હે ચલનેકી ॥ સબ૦ ॥ દિવસ ચારકા ચમત્કાર જ્યું, વિજલી આભલકી ॥ ખબર૦ ॥ ૨ ॥ કૂડ કપટ કર માયા જોડી, કરી બાતાં છલકી ॥ કરી૦ ॥ પાપકી પોટલી બાંધી શિરપર, કૈસેં હોય હલકી ॥ ખબર૦ ॥ ૩ ॥ યા જુગ હે સુપનેકી માયા, જૈસેં બુંદ જલકી ॥ જૈસેં૦ ॥ વિણસંતાં તો વાર ન લાગે, દુનિયાં જાય ખલકી ॥ ખબર૦ ॥ ॥ ૪ ॥ માત તાત ત્રિયા સુત બંધવ, સબ જગ મતલબકી ॥ સબ૦ ॥ કાયા માયા નાર હવેલી, એ તેરી કબકી ॥ ખબર૦ ॥ ૫ ॥ મન માનવ તન ચંચલ હસ્તિ, મસ્તિ હે બલકી ॥ મસ્તિ૦ ॥ સતગુરુ અંકુશ ધરો શિશપર, ચલ મારગ સતકી ॥ ખબર૦ ॥ ૬ ॥ જબલગ હંસા રહે દેહમેં, ખુશીયાં મંગલકી ॥ ખુશીયાં૦ ॥ હંસા છોડ ચલ્યા જબ દેહી, મટિયાં જંગલકી ॥ ખબર૦ ॥ ૭ ॥ પર ઉપકાર સમો નહીં સુકૃત, ધર સમતા સુખકી ॥ ધર૦ ॥ પાપ નહીં પર પ્રાણિ પિડન, હર હિંસા દુઃખકી ॥ ખબર૦ ॥ ૮ ॥ કોઇ ગોરા કોઇ કાળા પીળા, નયણે નિરખનકી ॥ નયણે૦ ॥ એ દેખી મત રાચો પ્રાણિ, રચના પુદ્ગલકી ॥ ખબર૦ ॥ ૯ ॥ અનુભવજ્ઞાને આતમ બૂઝી, કર બાતાં ઘરકી ॥ કર૦ ॥ અમરપદ અરિહંતકું ધ્યાયાં, પદવી અવિચળકી ॥ ખબર૦ ॥ ૧૦ ॥ દયાધરમ સાહિબકા સમરન, એ બાતાં સતકી ॥ એ૦ ॥ રાગ દ્વેષ ઉપજે નહીં જિનકું, બિનતી અખપતકી ॥ ખબર નહીં આ જુગમાં પલકી રે ॥ ૧૧ ॥ ઇતિ

અથ શ્રી ઉપદેશી લાવણી.

તુમ તજો જગતકા ખ્યાલ, ઈશકકા ગાનાં ॥ ઇશ૦ ॥ તેરી અલ્પ ઉમર ખૂટ જાય, નરક ઉઠ જાનાં ॥ તેં દિનાં ચાર જુગ બિચ, લિયા હે વાસા ॥ લિયા૦ ॥ તેરે શિરપર બેઠો કાળ, કરત હે હાંસા ॥

મેં બોલું સાચી બાત, જૂઠ નહીં માસા ॥ જૂઠ૦ ॥ તું સૂતા હે કુણ નિંદ, કિસી કર આસા ॥ અબ સેવ દેવ જિનરાજ, ખલકમેં ખાસા ॥ ખલ૦ ॥ તેરા જોવન પતંગકા રંગ, જૂઠ સબ આસા ॥ અબ હીયે ધરો મેરી શિખ, સમજ દિવાના ॥ સમજ૦ ॥ તુમ૦ ॥ ૧ ॥ અબ બૂરી ભલી સુણ બાત, મૈન કર રિજે ॥ મૈન૦ ॥ એ મુખમિઠા સંસાર, ભેદ નહીં દિજે ॥ કર વિતરાગ વિશવાસ, હિયે ધર લિજે ॥ હિયે૦ ॥ પણ નિચ નારકા સંગ, કબૂ નહીં કિજે ॥ અબ સાત વ્યસનકો સંગ, પ્રિતમ કિજે ॥ પ્રિત૦ ॥ તોહે દુરગત દે પહોચાય, તેરો તન છિજે ॥ તું સુખ દુઃખકા સિરદાર, રંક નહીં રાણા ॥ રંક૦ ॥ તુમ૦ ॥ ૨ ॥ તું બિસર ગયા જુગ બિચ, નામ જિનવરકા ॥ નામ૦ ॥ પચ રહ્યા કુટુંબકે કાજ, કિયા ફંદ ઘરકા ॥ તેં દયાધરમ બિન ખોયા, જનમ સબ નરકા ॥ જનમ૦ ॥ તેં પહલે બાંધ્યાં પાપ, કસાઇ સરખાં ॥ અબ લીયા નહીં તેં લાભ, બખતરપર કરકા ॥ બખત૦ ॥ તેરી વીતિ બાત સબ જાય, જનમ જયું ખરકા ॥ અબ સુણો શિખ સૂતરકી, સુલટ હોય શાણા ॥ સુલટ૦ ॥ તુમ૦ ॥ ૩ ॥ તેરી સરણ સેજપર પોઢયા, આનંદ દિલ આયા ॥ આનંદ૦ ॥ મેરી ભગી ભૂખ સબ પ્યાસ, સુધારસ પાયા ॥ મેરે શિરપર તુમ શિરદાર, જિનેસર રાયા ॥ જિને૦ ॥ મેં ચાહું ચરણકી સેવ, સફળ કર કાયા ॥ અબ દો દોલત દરસનકી, મેરે એહી માયા ॥ મેરે૦ ॥ યું અરજ કરે જિનદાસ, અલપ ગુણ ગાયા ॥ અબ બૂરા કુગુરુ ઉપદેશ, ધરો મત કાના ॥ ધરો૦ ॥ તુમ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

अथ श्री उपदेशी लावणी.

સુગુરુકી શિખ હીયે ધરણા રે ॥ સુગુરુકી૦ ॥ અમરાપુરિકો પંથ સદા, શ્રી જૈનધર્મ કરણા ॥ સુ૦ ॥ પરમ પરમારથ તેં ટાળ્યો રે ॥ પરમ૦ ॥ સાર જગતમેં જૈનધરમ, જુગતિસેં નહીં પાળ્યો ॥ પ્રભુકો નામ નહીં લિનો રે ॥ પ્રભુકો૦ ॥ મહા હળાહળ વિષય વિકટ, મિથ્યામતિસેં ભિનો ॥ ચેતન યું બહુવિધ દુઃખ પાવે રે ॥ ચેતન૦ ॥ લપટયો લાલચમાંહે, પંચઇંદ્રિકે સુખ ચાવે ॥ જીવ અબ પાપ પરિહરણા રે ॥ જીવ૦ ॥ અમરા૦ ॥ ૧ ॥ દયા ચૈતનકું સુખકારી રે ॥ દયા૦ ॥ શ્રી જિનરાજ પ્રરૂપી, જૈસી કેસરકી કયારી ॥ જગત મેં તિરથ હે ચારી રે ॥ જગ૦ ॥ સાધુ સાધવિ શ્રાવક શ્રાવિકા, કુ-

આ વ્રતધારી ॥ ઇનકું કહિયે બ્રહ્મચારી કે ॥ ઇનકું૦ ॥ સમતા સંયમ સાર કરીને, કર્મ હણ્યાં ભારી ॥ ઈનુંને મેટયા જન્મ મરણા રે ॥ ઇનુંને૦ ॥ અમરા૦ ॥ ૨ ॥ પંચ ઈંદ્રિયસેં લપટાયો રે ॥ પંચ૦ ॥ દુઃખ અનંતાં સહ્યાં રે બહુળાં, પ્રાણિ પસ્તાયો ॥ બહુ દુર્ગતિમેં ભમિ આયો રે ॥ બહુ૦ ॥ શુભ મંત્ર નવકાર સાર, દુર્લભ અબ મેં પાયો ॥ મેરો મન જિનવરશું ભાયો રે ॥ મેરો૦ ॥ કુગુરુ કેરો સંગ મિથ્યામત, સબહી છટકાયો ॥ ઇણ વિધ ભવજળસેં તરણારે ॥ ઈણ૦ ॥ અમરા૦ ॥ ૩ ॥ રહો જિનવાણીમેં રાતા રે ॥ રહો૦ ॥ અનંત સુખોકી ખાણ, સદા શિવ મંગળકી દાતા ॥ સદા જિનવર ભક્તિ કરજયો રે ॥ સદા૦ ॥ શુદ્ધ સમકિત ચિત્ત ધાર હૈયામેં, પાપ પરાં હરજો ॥ અલ્પ જિનવરકા ગુણ ગાયા રે ॥ અલ્પ૦ ॥ કરજોડી જિનદાસ કહે, જિન ભક્તિસેં ન્હાયા ॥ સદા મેં ચાહું જિન શરણા રે ॥ સદા૦ ॥ અમરાપુરિકો૦ ॥ ૪ ॥ ઇતિ ॥

अथ श्री उपदेशी लावणी.

તું ઉલજયો હે જંજાળ જગતમેં, વિકળ ભઇ સબ તેરી મતિ ॥ આપ મુવા અભિમાની જીવડા, આગેં કિણવિધ હોય ગતિ ॥ તું૦ ॥ એ આંકણી ॥ સુલજ સીતાબિ સાચ સમકિતકું, સુગુરુ શિખ દિલમેં આણો ॥ તજો સકળ મિથ્યાત બાતકું, કુગુરુતણો પખ મત તાણો ॥ ખાયક સમકિત ખરા ખજાના, સો અપના કર કર જાણો ॥ કઠણ પુણ્યસેં આય મિલ્યો તોહે, દુર્લભ નરભવકો ટાણો ॥ ગ્યાન નજર કર દેખ જીવડા, જીત ગયા હે સાધુ સતિ ॥ તું૦ ॥ ૧ ॥ બેર બેર નરભવકો અવસર, ફિર ફિર હાથ નહીં આવે ॥ બાત બિત ગઇ ખાલી મૂઠી રહી, જબ પરભવમેં પસતાવે ॥ દાન શિયળ તપ ભાવ ભૂલકર, નહીં પીવ પાણી પાવે ॥ સતગુરુકી સુણી શિખ માનવી, મનમેં રિશ અધિકી લાવે ॥ ઐસા કરમ કર દુર્ગતિ પહોંચે, વાંકી વખત જબ આન ખતી ॥ તું૦ ॥ ૨ ॥ ઐસા જાનકર સમજ જીવડા, સમક્તિ અમૃતરસ પિજે ॥ નરભવ હે નિરવાણકો મારગ, નિષ્ફળ ઉનકું મત કિજે ॥ તુચ્છ જિંદગાની સુણ અભિમાની, જગત જાળમેં કયોં રિજે ॥ સુકૃત હે સરગકો મારગ, બનિ આવે તો કર લિજે ॥ તજ ભક્તિ સબ ઓર દેવકી, કર શિરપર જિનરાજ પતિ ॥ તું૦ ॥ ૩ ॥ જિન આગમકી શિખ સુની તોહે, ગણધર સૂતરમેં અટકે ॥

વાંકો વાંકો કયું ફિરે જીવડા, જુવાની જોવનકે મટકે ॥ પરખે નહીં પરભવકું પ્રાણિ, કાળ આન પલમેં ઘટકે ॥ શિખ દેત જિનદાસ ઔરકું, આપ પથ્થરપર પગ પટકે ॥ મેં આપનો પિંડ ભર્યો પાપસેં, પુણ્ય કિયો નહીં એક રતિ ॥ તું૦ ॥ ૪ ॥ ઇતિ ॥

अथ श्री उपदेशी लावणी.

સુકૃતકી બાત તેરે હાથ, રતિ ના રહી રે ॥ રતિ૦ ॥ પુદ્ગળમેં માન્યો સુખ, કલ્પના કહીં રે ॥ સુકૃતકી૦ ॥ જુગમાંહે જૈન જિન સાર, સંઘાથે આવે ॥ સંઘાથે૦ ॥ ઇનકું તજ કર કયું બેઠો, વિષય ગુણ ગાવે ॥ અમૃતકું અળગો ઢોળ, વ્યસન વિષ ખાવે ॥ વ્યસન૦ ॥ મુગતિકા મારગ મેટ, ઉવટમેં જાવે ॥ ત્હારી તુચ્છ જિંદગાની માંહે, વિકળ બુદ્ધિ ભઇ રે ॥ વિકળ૦ ॥ પુદ્૦ ॥ ૧ ॥ ત્હારે ધન દોલત ભંડાર, ભરયા હે મોતી ॥ ભરયા૦ ॥ શત્રુ સજ્જન સબ બને, જગત હોય ગોતી ॥ કોઇ મસળે તેલ ફુલેલ, ધોવે કોઇ ધોતી ॥ ધોવે૦ ॥ સન્મુખ ઉઠ આવે અબળા, તેરો મુખ જોતી ॥ એસી સંપત એક છિનમાંહે, સરવ ક્ષય ભઇ રે ॥ સરવ૦ ॥ પુદ્૦ ॥ ૨ ॥ ખટરસ ખાયા ખૂબ, ખજાના ખોયા ॥ ખજાના૦ ॥ નિશિદિન સુખભર સુંદરિકી, સેજમેં સોયા ॥ સજિયા સોળ શણગાર, નારસેં મોહ્યા ॥ ॥ નારસેં૦ ॥ તેં અંતર ઘટકા મેલ, રતિ નહિ ધોયા ॥ યા નરક નિગોદકી વાટ, પકડ કર લહી રે ॥ પકડ૦ ॥ પુદ્૦ ॥ ૩ ॥ મન માતો આઠ મદમાંહે, ગરવસેં બોલે ॥ ગરવસેં૦ ॥ મેં સુખ સંપતકો નાથ, મેરી કુણ તોલે ॥ દુર્બળ કરતા પોકાર, પલક નહીં ખોલે ॥ પલક૦ ॥ ચાકર હોઇ રહ્યા હજૂર, ચમર શિર ઢોળે ॥ અબ અવસર આયો હાથ, ચેત તું સહી રે ॥ ચેત૦ ॥ પુદ્૦ ॥ ૪ ॥ કાયાસેં કિયો લાડ, બનાઇ ચંગી ॥ બનાઇ૦ ॥ પળભર પરવાર્યો, પુન્યતણો તિહાં ભંગી ॥ પકડી પરભવકી વાટ, હોય કુણ સંગી ॥ હોય૦ ॥ તેરો હંસ ગયો આકાશ, કાયા પડી નંગી ॥ જિનદાસ કહે કરમાંશું, જોર તેરો નહીં રે ॥ જોર૦ ॥ પુદ્ગળમેં૦ ॥ ૫ ॥ ઇતિ ॥

अथ श्री उपदेशी लावणी.

મન સુણ રે તેરી સફળ ઘડી શ્રાવકકી, હાથસેં જાવે ॥ હાથ૦ ॥ સુગુરુકી ન માને શિખ, પિછે પસતાવે ॥ એ આંકણી ॥ તું પરભ-

વકો ડર રાખ, પ્રાણ મત લૂંટે ॥ પ્રાણ૦ ॥ તું કુગુરુસેં કરે હેત, સુગુરુસેં રૂઠે ॥ ત્હારી જોવનીયાંકી છાલ, છિનક નહીં છૂટે ॥ છિનક૦ ॥ ઈંદ્રિયશું લગાયા તાર, કહો કેમ ત્રૂટે ॥ ત્હારે હિયે વધિ વિષવેલ, નહીં કુમળાવે ॥ નહીં કુમ૦ ॥ સૂત્રકી૦ ॥ ૧ ॥ તેં સુણી શિખ સુતરકી, હિયે નહીં આણી ॥ હિયે૦ ॥ ત્હારો ખરો ખજાનો ખાય. કુગુરુકી વાણી ॥ ત્હારી કુમતિ કલેસણ નાર, લીયો તોહે તાણી ॥ લીયો૦ ॥ દુર્ગતિકી બિછાઇ સેજ, બની પટરાણી ॥ તું સુતો કુમતિકી સેજ, પાર નહીં પાવે ॥ પાર૦ ॥ સૂત્રકી૦ ॥ ૨ ॥ ત્હારા ગફલતમેં દિન ગયા, ગરવ તેં રાખ્યો ॥ ગરવ૦ ॥ કીધી જિનવાણી દૂર, વ્યસન રસ ચાખ્યો ॥ તેં ગ્યાન ગાંઠકો ખોયો, રતન કયું નાંખ્યો ॥ રતન૦ ॥ સત્યવચન દીયો તેં છોડ, જૂઠ મુખ ભાંખ્યો ॥ એસા વાર વાર નરભવ, હાથ નહીં આવે ॥ હાથ૦ ॥ સૂત્રકી૦ ॥ ૩ ॥ પોશાક પારકી પેહેર, માનતો ખૂબી ॥ માનતો૦ ॥ ત્હારે મદ મોતિકી માળ, શિશપર લૂંબી ॥ ત્હારે હરામ હુરતમાં હસી, હજૂરી ઉભી ॥ હજૂરી૦ ॥ શિર બાંધ્યો મિથ્યા મોડ, બાત તેરી ડૂબી ॥ ત્હારે હિંસા હિયાકો હાર, ઝેર કયું ખાવે ॥ ઝેર૦ ॥ સૂત્રકી૦ ॥ ૪ ॥ સુકૃત સંપત સુપનમેં, રતિ નહીં સૂઝે ॥ રતિ૦ ॥ મેરો કોણ ગતિકો જીવ, દાઝ કુણ બૂઝે ॥ મેરે ઘર ખૂટે દુર્ગતિ, કામ નહીં દુજે ॥ કામ૦ ॥ અલપ દુનિયા મહોબત, મુજેકું પજે ॥ જિનદાસ કપટીકી ખાણ, માન નહીં આવે ॥ માન૦ ॥ સૂત્રકી૦ ॥ ૪ ॥ ઇતિ ॥

अथ श्री उपदेशी लावणी.

આપ સમજકા ઘર નહીં પાયા, દુજાકું કયા સમજાવે ॥ બાંકા ફિરે જિનદાસ જગતમેં, હિયો હાથમેં નહીં આવે ॥ એ આંકણી ॥ દરસ સવાસ ચાહુનકી ચિત્તમેં, ચાનક અધિકી આય લગે ॥ ઈંદ્રિકા પરવશમેં પડિયો, ગ્યાન કળા કહો કેસેં જગે ॥ તૃષ્ણાને જગ લૂંટ લિયો હે, કપટ કરી પરધનકું ઠગે ॥ ખાય ખાય લોહી માંસ વધાર્યો, પ્રાણિ કિસ વિધ ચાલે પગે ॥ વિષય વિપતકી કરે ગૂંથણી, ચરચાશું ચિત્ત નહીં લાવે ॥ આપ૦ ॥ ૧ ॥ અપને અવગુણકું નહીં દેખે, દુજાકા અવગુણ ભાંખે ॥ હિંસાહીમેં હુઆ હજૂરી, દયા દૂર દિલસેં નાંખે ॥ ગુણવંતકા ગુણ લોપે મેરો મન, અવગુણકે રસકું ચાખે ॥ તિણંહી પ્રણમેં રાગધરાસેં, શરણે જિનવર કિમ રાખે ॥ ઠગ ફાંસીગર

ચોર અન્યાઇ, ધન મીસે ઇનકું ધ્યાવે ॥ આપ૦ ॥ ૨ ॥ અવગુણકી મેરી ખાન આતમા, અજાણ હોય સો મોહે પૂજે ॥ નહીં ગામમેં રુખ અંબકો, એરંડ અબ સરિખો સૂજે ॥ પારખ નહીં હે હીયે ગ્યાનકી, ગુણ અવગુણકું કુણ બૂઝે ॥ ગાડર દેખ કહે મુજ ઘરમેં, કામધેનુ ઇતની દુઝે ॥ એસો મેરો અવિનીત આતમા, અવગુણ કિમ ગાયા જાવે ॥ આપ૦ ॥ ૩ ॥ ક્રોધ માન માયામેં માતો, લોભમાંહે લપટયો રહેતો ॥ ગરથ ગુમાવી ગમકો ગરજી, પીડ પારકી નહીં સહેતો ॥ ભગતિ નહીં ગુરુ દેવ ધરમકી, કઠણ વચન મુખસેં કહેતો ॥ અંતર આંટ ન ખૂલે હીયાકી, પૂંઠ પરમપદકું દેતો ॥ સ્વાંગ સજી જિનદાસ જૈનકો, માલ મુલકકો, ઠગ ખાવે ॥ આપ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

अथ श्री उपदेशी लावणी.

ચેત ચતુર નર કહત સદ્ગુરુ, કીસિ વિધસેં લલચાના હે ॥ તન ધન જોવન સયળ કુટુંબા, એક દિવસ તુજ જાના હે ॥ એ આંકણી ॥ મોહ માયાકી બહી જાળમેં, જિસમેં તું ઉલજાણા હે ॥ કાળ આહેડી ચોટ આકરી, તાક રહ્યા નિશાના હે ॥ ચેત૦ ॥ ૧ ॥ ચિહું ગતિમેં તો ભટકત ભટકત, તોહિ અંત ન આના હે ॥ ચાર દિનોકી દેખ ચાંદની, તાહીમેં લોભાણા હે ॥ ચેત૦ ॥ ૨ ॥ પૂરવભવકે પુણ્ય સંયોગસેં, નરકી દેહી પાના હે ॥ નવ મહિના તું રહ્યો ઉદરમેં, દુઃખ દેખ્યા અસમાના હે ॥ ચેત૦ ॥ ૩ ॥ મળ મૂત્રકી અશુભ કોથળી, તે માંહે સંકટ ભિના હે ॥ રૂધિર સુકાયા આહારજ કીના, પ્રથમપણેતો લિના હે ॥ ચેત૦ ॥ ૪ ॥ જનમ સમય તો કોડ ગુણેરી, વેદન તેં દેખાણા હે ॥ અબતો ભૂલ ગયો તું પ્રાણિ, એસા મૂઢ અજાણા હે ॥ ॥ ચેત૦ ॥ ૫ ॥ ઉઠ કોડ તે સુઇયાં સરખી, નાતિ કર ચોબાણા હે ॥ તેથી વેદન અનંત ગુણેરી, ઊંધે મુખ ઝુલાણા હે ॥ ચેત૦ ॥ ૬ ॥ બાળપણો તેં ખેલ ગમાયો, જોવનમેં ગરવાણા હે ॥ આઠ પહોર કીની મદમસ્તી, ખોટી લગન લગાના હે ॥ ચેત૦ ॥ ૭ ॥ રંગી ચંગી દેહી રાખે, ટહેડી ચાલ ચલાના હે ॥ આઠ પહોર કીયો ઘર ધંધો, લગ રહ્યા આરતધ્યાના હે ॥ ચેત૦ ॥ ૮ ॥ સાધુ સંતકી સુની નહીં બાની, દાન સુપાત્ર ન દીના હે ॥ તપ જપ કરણી કછુઅ ન કીની, નરભવ સફળ ન કીના હે ॥ ચેત૦ ॥ ૯ ॥ માત પિતા સુત બેન ભાનેજી, ત્રિયાશું બહુ લલચાના હે ॥ તું નહીં કિસકા એ

નહીં તેરા, સ્વારથ લગે આધિના હે ॥ ચેત૦ ॥ ૧૦ ॥ કૃત અકૃત કર ધનકું મેળયા, ઘણાશું વેર બંધાના હે ॥ માયા તો કછુ લાર ન ચાલે, જહાંકી જહાં રહાના હે ॥ ચેત૦ ॥ ૧૧ ॥ ઉંચાં ઊંચાં મંદિર ચણાયાં, કીયાં ઘણાં કારખાનાં હે ॥ ઘડી એક નહીં રાખત ઘરમેં, જાલત જાઈ મસાના હે ॥ ચેત૦ ॥ ૧૨ ॥ છિન છિનમાંહે આયુ છીજે, અંજળી જેસા જરના હે ॥ કોડ જતન કર એહુ જીવકા, તોપણ આખર મરના હે ॥ ચેત૦ ॥ ૧૩ ॥ ચક્રી કેશવ મંડળિક રાજા, ઇંદ્ર ચંદ સુર દાના હે ॥ કાળ આહેડી હે સરવ જગતકો, તો કયું ધરે ગુમાના હે ॥ ચેત૦ ॥ ૧૪ ॥ ક્રોધ માન માયા મદ માતો, પારકી પીઠ ન જાના હે ॥ આશા તૃષ્ણા ચડત ચઉગણી, કરતા જન્મ મરાના હે ॥ ચેત૦ ॥ ૧૫ ॥ જોવન ગમાયા બુઢ્ઢો હોઇ બેઠો, તોહી સમજ ન લીના હે ॥ ધરમરતન કછુ હાથ ન લીનો, પરભવમેં પછતાના હે ॥ ॥ ચેત૦ ॥ ૧૬ ॥ સુખાનંદજી સુખકે દાતા, હીરાનંદ ગુનઠાના હે ॥ રામકૃષ્ણ ઉપદેશ સુનાયા, ભવ્યજીવ સમજાના હે ॥ ચેત૦ ॥ ૧૭ ॥ સંવત અઠાર વરસ અડસઠે, સાદડી શેહેર સુહાના હે ॥ ફાગુન શુદિ તેરસકે દિવસે, એ ઉપદેશ સુનાના હે ॥ ચેત૦ ॥ ૧૮ ॥ ઇતિ ॥

अथ श्री सुमति कुमतिनी लावणी.

હાં રે તું કુમતિ કલેસણ નાર, લગી કયું કેડે ॥ લગી૦ ॥ ચલ સરક ખડી રહે દૂર, તુજે કુણ છેડે ॥ એ આંકણી ॥ હાં રે તું સુમતિકો ભરમાયો, મુજે કયું છોડી ॥ મુજે૦ ॥ મેરી સદા શાશ્વતી પ્રિત, છીનકમેં તોડી ॥ તુજ બિન સૂની મેરી સેજ, કહું કરજોડી ॥કહું૦॥ ઉઠ ચલો હમારે સંગ, સુખે રહો પ્હોડી ॥ ચું ઝુર ઝુર કુમતિ આંસુ, આંખસેં રેડે ॥ આંખસેં૦ ॥ ચલ૦ ॥ ૧ ॥ હાં રે તેરી નરક નિગોદકી સેજ, સેંતી મેં રૂઠયો ॥ સેંતિ૦ ॥ પકડયો સાચો જિનરાજ, સંગ તેરો છૂટયો ॥ તેરી મુરખ માને બાત, હૈયાકો ફુટયો ॥ હૈયાકો૦ ॥ મેં સહજ હુવો હું દૂર, તાર તેરો ત્રૂટયો ॥ તું કર દૂરસેં બાત, આવ મત નેડે ॥ આવ૦ ॥ ચલ૦ ॥ ૨ ॥ મેરી અનંતકાળકી પ્રિત, પલક નહીં પાળી ॥ પલક૦ ॥ સુમતિકો લાગ્યો સંગ, મુજે કયોં ટાળી ॥ તું સુમતિકો સિરદાર, સુણાવે ગાળી ॥ સુણાવે૦ ॥ તેરી હમ દોનું હે નાર, ગોરી ઓર કાળી ॥ તું હમકું ઠેલે દૂર, સુમતિકું તેડે ॥ સુમ૦ ॥ ચલ૦ ॥ ૩ ॥ અબ કુમતિકો લલચાયો, રતિ

નહીં ઠગીયો ॥ રતિ૦ ॥ સુનકર સૂત્રકી શિખ, સાચ હોય લગીયો ॥ ચેતન કુમતિકે સહજ, દૂરશું ભગિયો ॥ દૂરશું૦ ॥ જિનરાજ વચનકો ગ્યાન, હૈયેમેં જગીયો ॥ જિનદાસ કુમત તું બાત, ખોટી મત ખેડ ॥ ખોટી૦ ॥ ચલ૦ ॥ ૪ ॥ ઇતિ ॥

अथ श्री सुगुरुनी लावणी.

નમું નમું મેં ગુરુ નિર્ગ્રંથકું, વે જિન મુદ્રાધારી હે ॥ પુદ્ગલ ઉપર પ્રેમ ન કરતા, મનકી મમતા મારી હે ॥ નમું૦ ॥ ૧ ॥ ગરવ ગાળકર ગુપતિ ગોપવે, ગત નિર્ગ્રંથકી ન્યારી હે ॥ કનક કામિનીકે નહિ ભોગી, વે પુરા બ્રહ્મચારી હે ॥ નમું૦ ॥ ૨ ॥ છકાયાકે જીવ અનાથી, ઉનકે વે હિતકારી હે ॥ કરમ કાટકર કેવળ પાવે, જ્ઞાન ગરથ ગુણ ભારી હે ॥ નમું૦ ॥ ૩ ॥ શુદ્ધ શ્રદ્ધાસેં સુમતિ સેવી, નિજ આતમકું તારી હે ॥ જિનવરકું જિનદાસ વિનવે, ઉનકે ચરણ બલિહારી હે ॥ નમું૦ ॥ ૪ ॥ ઇતિ ॥

अथ श्री कुगुरुनी लावणी.

તજું તજું મેં ઉન કુગુરુકું, કનક કામિની ધારી હે ॥ જ્ઞાન ધ્યાનકી બાત ન જાને, અષ્ટ કરમસેં ભારી હે ॥ તજું૦ ॥ ૧ ॥ કરી કપાળે ભભૂત લપેટી, શિરપર જટા બધારી હે ॥ કાન ફાડકર મુદ્રા પહેરતા, ઉનકે ઘરમેં નારી હે ॥ તજું૦ ॥ ૨ ॥ જોગ લેયકર જીવ વિણાસે, વે મદ્ય માંસ આહારી હે ॥ કૂડાપંથી જગતકું કરતા, મુખસેં કહે આચારી હે ॥ તજું૦ ॥ ૩ ॥ કહું ઓગુણ કુગુરુકા કબ લગ, સાધ નહીં સંસારી હે ॥ આપ ડૂબે ઓરકું ડૂબાવે, દુર્ગતિકા અધિકારી હે ॥ તજું૦ ॥ ૩ ॥ સમકિત શ્રદ્ધા જૈનધર્મકી, નહિ કુગુરુકો પ્યારી હે ॥ જિનવરકું જિનદાસ વિનવે, કુગુરુ સંગ ખુવારી હે ॥ તજું૦ ॥ ૪ ॥

अथ श्री अरिहंतनी लावणी.

અરિહંતજીકે સમવસરણમેં, ચોસઠ ઇંદ્ર આન ખડે ॥ ધર્મચક્રીકા દરસન દેખત, ચોરાસી મત છૂટ પડે ॥ કેવળ જડે ઘડે ગ્યાનસેં, દરસનસું દરસાવ પડે ॥ પરમ ધરમ સમકિત ગુણ દેખો, પંચરંગી નીશાન ચડે ॥ સુરનર મુનિવર સ્તુતિ કરત હે, પ્રભુ હે સબ દેવનમેં બડે ॥ અરિ૦ ॥ ૧ ॥ એ આંકણી ॥ સોના રૂપાકે ગઢજબ-

નાયા, રતન સિંઘાસણ કમળ જડે ॥ પૂરવ મુખસેં બેઠે પ્રભુજી, કેવળ દરસન ગ્યાન ઝરે ॥ સુણકર દેવ માનવ ધરણીધર, ગણધર સાધુ ગ્યાનવડે ॥ સંઘ ચતુર્વિધ દેવી દેવતા, ગ્યાન ક્રિયા શુદ્ધ ભાવે ચડે ॥ હાથ જોડ બિનતિ કરે તાકું, ભવિક જીવ ગુણઠાણે ચડે ॥ અરિ૦ ॥ ॥૨॥ અશોકવૃક્ષકી છાયા મનોહર, યોજનમેં વિસ્તાર કરે ॥ ભૂમિ શુદ્ધ કરી અબિર અરગજા, પાણીકા છંટકાવ કરે ॥ પંચરંગ બાદળ ફુલ સુગંધિત, ફુલનકે બરસાત કરે ॥ જોજન ભૂમિ સુગંધ વેદિકા, તિર્થંકરપદ આપ વરે ॥ દેવ કોટિ કોટિ કરે પ્રદક્ષિણા, જય જય મંગળ મુખસેં પડે ॥ અરિ૦ ॥ ૩ ॥ ત્રણય છત્ર મસ્તકપર સોહે, ભામંડળ મુખસેં તપતે ॥ ધર્મચક્ર જોજનગત ઉન્નત, દુંદભિ નાદ બાજાં જડતે ॥ સુરનર કિન્નર અસુર વિદ્યાધર, ચઉવિહુ સંઘ પૂજા કરતે॥ ચોસઠ ઇંદ્ર સબ કરે આરતિ, ગણધર વાણી મુખ પઢતે ॥ જૈન ધર્મ પાયે નરભવમેં મુક્તિ, નીસેણી તબ હી ચડે ॥ અરિ૦ ॥ ૪ ॥ ચાર પર્ષદા ધર્મસભામેં, ધર્મરાજકી સેવ કરે ॥ ઘાતી અઘાતી કરમ ખપાકર, શુદ્ધાતમ શુભ ભાવ ધરે ॥ લોકાલોક પ્રકાશ કરત હે, નય સાત નવ તત્ત્વ ભાસે ॥ ઉત્પાદ વ્યય ધ્રુવ સત્તામેં, નવપદ નિશ્ચે ગુણ ભાસે ॥ મનુગમ ઉદય જિનરાજ સભામેં, હાથ દાયમેં ચક્ર બડે ॥ અરિહંતજીકે સમવસરણમેં૦ ॥ ૫ ॥ ઇતિ ॥

अथ श्री पार्श्वनाथस्वामिनी लावणी.

પારસનાથ વિખ્યાત જગતમેં, જિનશાસનમેં જયકારી ॥ જસ ગુણ મહિમા અપરંપાર હે, ધ્યાન ધરે સુરનર નારી ॥ એ આંકણી ॥ નાથ નિરંજન ભવદુઃખ ભંજન, તત્ત્વજ્ઞાનકે દરિયા હે ॥ જ્યોતિ સ્વરૂપી જગદાનંદન, જગ જસ કિરતિ વરિયા હે ॥ પારસ૦ ॥ ૧ ॥ નગર બનારસી વરતે જગમેં, અશ્વસેન નૃપ અધિકારી ॥ વામા કૂખે કૂળ અજુવારણ, પ્રગટયા પારસ પટધારી ॥ પારસ૦ ॥ ૨ ॥ નરક નિગોદ ભયા અજુવાળા, આસન કંપ્યા સુરપતિકા ॥ છપ્પન દિગ્ કુમરી કરવા આઇ, જનમ મહોત્સવ જગપતિકા ॥ પારસ૦ ॥ ૩ ॥ ચોસઠ સુરપતિ પ્રણમી પ્રભુને, મેરૂ ગિરિ લઇ ન્હવરાવે ॥ કરી મહોચ્છવ માતા પાસે, મૂકી સ્વરગે સુર જાવે ॥ પારસ૦ ॥ ૪ ॥ અનુક્રમે જોવન પાયા જિનજી, વિષયારસમેં વરણાવે ॥ માત પિતા કરી હરખે મહોચ્છવ, રાણી પ્રભાવતિ પરણાવે ॥ પારસ૦ ॥ ૫ ॥ અદ્ભુત રૂપ

અનુપમ જોડી, દંપતિ વિલસે સુખ સારા ॥ મેહેલ મનોહર મનકી મોજાં, પ્રેમ પુરાતન ધરી પ્યારા ॥ પારસ૦ ॥ ૬ ॥ એક દિન ગોખે રમતાં રસભર, સારી પાસા સુખકારી ॥ લોક કુળાહુળ કૌતુક કરતાં, જાતાં દેખ્યાં નર નારી ॥ પારસ૦ ॥ ૭ ॥ પાસકુંમર તબ પૂછત પ્રેમે, કહાં ચલત હે જન સારે ॥ લોક કહે એક આએ તાપસ, કઠોરકે હે ખમનારે ॥ પારસ૦ ॥ ૮ ॥ ખલક ચલે દુનિયાં દરસનકું, લેઈ પૂજાકી પતરાળી ॥ મિષ્ટાન્નાદિક મોદક મેવા, ખાનપાનકું ઘૃત શાળી ॥ પારસ૦ ॥ ૯ ॥ સુનકે પાસકુંમર પણ જોવા, આવે આશ્રમ કાનનમેં ॥ દીઠા જોગી તપ હી તપતા, તમક તેજસેં તાનમમેં ॥ પારસ૦ ॥ ૧૦ ॥ પંચ કુંડ પાવક પરજળતા, અધબિચ બેઠા આસનસેં ॥ ઉર્ધ્વ ભુજા કરી ગ્રહી જપમાળા, ધ્યાન ધરંતાં નાસનસેં ॥ પારસ૦ ॥૧૧॥ ભૂંયે લુઠંતી જહારો લેઇ, દગમુદ્રિત કરી દુનિયાસેં ॥ લાલ સિંદૂર લપેટા ભાલે, અંગ વિભૂતિ ભુંસિયાસેં ॥ પારસ૦ ॥ ૧૨ ॥ નાગ જલંતા દેખી દયાળા, અવધિજ્ઞાન ધરી સાનનસેં ॥ કહે જોગીકું કયા તન જાળે, જીવદયા બિન જાનનસેં ॥ પારસ૦ ॥ ૧૩ ॥ તબ જોગી કહે સુણો નૃપનંદન, મત છેડો તુમ મુનિયનકોં ॥ ગજ ઘોડા રથ ખેલ ખેલાઓ, જાઓ ડરાવો દુનિયનકોં ॥ પારસ૦ ॥ ૧૪ ॥ હમ જોગી અવધૂત એકીલા, વનવાસી વિચંરંદા હે ॥ ગુરૂકે જ્ઞાન સહી ઘટ ભીંતર, જોગી જિહાં શંકરંદા હે ॥ પારસ૦ ॥ ૧૫ ॥ કૌન ગુરૂ તુજ ભેખ ધરાયા, નવિ ઓળખાયા ધરમનકું ॥ દિક્ષા ભરમ ભરાયા તુજકું, કાયા કષ્ટજ કરનનકું ॥ પારસ૦ ॥ ૧૬ ॥ હમ ગુરૂ ધરમ પિછાના ઐસેં, માયા મમતા નવિ ધરતા ॥ કંચન કામિની સંગ ન કરતા, અવિનાશીપદ અનુસરતા ॥ પારસ૦ ॥ ૧૭ ॥ કાષ્ઠચિતાસેં નાગ નિકાલા, કાન સુનાયા નવપદકું ॥ પ્રભુ દરસેં પરમેષ્ઠિ ધ્યાને, લઇ અવતાર અસુર ઇંદિકું ॥ પારસ૦ ॥ ૧૮ ॥ પાસકુમરકી થઇ પરશંસા, કમઠ લજાણા લોકનમેં ॥ દ્વેષ ધરંતો પાસ પ્રભુપર, રહેતો અહનિશ શોકનમેં ॥ પારસ૦ ॥ ૧૯ ॥ કષ્ટ ક્રિયા અજ્ઞાન કરીને, દેવ થયો સુન ગરજનકો ॥ અવધિ પ્રયુંજી વૈર સુભાવે, પૂરવ પારસ તર્જનકો ॥ પારસ૦ ॥ ૨૦ ॥ નિજ ઘર આવી નાથ નિહાળે, ચિત્રમાં રાજુલ નેમિને ॥ સુખ સંસાર તજી તન મનથી, વરશીદાને વ્રત લીને ॥ પારસ૦ ॥ ૨૧ ॥ તપ જપ સંયમ સમતા સંગે, રહેતા અહનિશિ ધ્યાનનમેં ॥ વડતળે ઊભા કાઉસ્સગ્ગે, તવ ઝડ લાગી તાનનમેં ॥ પાર-

સ૦ ॥ ૨૨ ॥ જિન નાસા લગે નીર ભરાણાં, તો ભી ન ચલિયા ધ્યાનનસે ॥ આસન કંપિત દેખત અપના, ધરણીધર જૂવે જ્ઞાનનસે ॥ પારસ૦ ॥ ૨૩ ॥ દમતા દેખી અપના સાહિબ, કમઠાસુર મદ હારણકું ॥ ધરણીધર પદમાવતી આવે, શ્રી જિન કષ્ટ નિવારણકું ॥ પારસ૦ ॥ ૨૪ ॥ સહસફણા શિર છત્ર બનાવી, ધરણીધર રહે કરજોડી॥ પદ્મમાવતીકું લહિ શિર સાહી, કમઠ હકાર્યો જઇ દોડી ॥ પારસ૦ ॥ ॥ ૨૫ ॥ દુંદુભિનાદ બજાયા દેવે, રંગ રાગ ગુણ ઉચ્ચરતા ॥ ધરણીધર પદમાવતી નાચે, ઠમકે પાયલ પગ ધરતા ॥ પારસ૦ ॥ ૨૬ ॥ ઝાંઝર ઝણકે નેપુર રણકે, ધમકે ધુઘરી પાયનમેં ॥ ઘૂમરિ દેતા લુંછન લેતા, તતથઈ તાન મચાવનમેં ॥ પારસ૦ ॥ ૨૭ ॥ નચ નવિ ભાંતે નચતી નાટક, લળિ લળિ નાક નમાવત હે ॥ અષ્ટકરમ દળ દૂર હઠાવી, શુકલધ્યાન પ્રભુ ધ્યાવત હે ॥ પારસ૦ ॥ ૨૮ ॥ નાથકે ચરણે શિશ નમાવી, અમર ગયા નિજ આવાસે ॥ પ્રગટયા કેવળજ્ઞાન પ્રભુકું, પહોત્યા શિવપુર સહવાસે ॥ પારસ૦ ॥ ૨૯ ॥ જ્ઞાન ધ્યાનસે ગોઠ મચાવો, રંગ મચાવો અનુભવકો ॥ જિન ગુણ ગાવો ભાવના ભાવો, તાપ સમાવો ભવ દવકો ॥ પારસ૦ ॥ ૩૦ ॥ આશ્વક માસ ઓગણીસે એકે, શ્રાવણ માસે શુધિ શાળી ॥ રંગવિજય રહી રાજનગરમેં, કહી લાવણી લટકાળી ॥ પારસ૦ ॥ ૩૧ ॥ ઇતિ ॥

अथ श्री महावीरस्वामिनी लावणी.

ઉત્તમ જીવ જદ ઉદર આવે, હુવે સુપનાં ઉનકી માતાકું ॥ તે જવંત નહિ છુપકર રહેતા, માલમ પડતા હે સબકું ॥ ચોવીશી તો હો ગઇ ચારો, જિનશાસન જિનકા ચલતા ॥ કૌન પુરુષકું યાદ કરૂં મેરે, રૂંવે રૂંવેમેં રમ રહેતા ॥ દેવાનંદા બ્રાહ્મણિકે ઘર, પ્રથમ ગરભ ઉનને લીયાથા ॥ મહા સુખમેં બેઠે ઇંદ્દર, આસન ઉનકા કંપાથા ॥ ફિકર હુઈ ઇંદર રાજાકું, વિચાર દિલમેં કરતાથા ॥ અવધ છોડ કર દેખા ઇંદ્રને, ઉનકું માલમ પડતાથા ॥ દેશી ફેંકની ॥ દેખા તિર્થંકર બ્રાહ્મણ ઘરકું, ફિકર હુઇ ઇંદર રાજાકું ॥ બોલાવે હરિણગમી દેવતાકું, લે જાઓ ગરભ ત્રિસલા ઘરકું ॥ અશુભ નિદ્રા ઢાળી ગરભ, હરણ ચલે ઉનકે ઘરકું ॥ તેજવંત નહિ છુપકર રહેતા, માલમ પડતા હે સબકું ॥ ૧ ॥ ગરભ બદલ કર ચલે હરિણગમી, આય બેઠે ફિર આસનકું ॥ ચઉદ સુપન ફિર માતકું દેખે, જુદે જુદે કહેતે તુમકું ॥

પહેલે સુપને ગજવર દેખા, વૃષભ સિંહ કહેતા તુમકું ॥ ચોથે લખમી માતા આઈ, પાંચમેં પુષ્પકી માલાકું ॥ છઠ્ઠે ચંદ્રમા સાતમે સૂરજ, આઠમે દેખી ધજાકું ॥ નવમે કળસ અમીય ભરેલા, પદમ સરોવર કહે તુમકું ॥ દેશી ફેંકની ॥ અગીયારમે ખીરસાગર દેખા, બારમે વિમાન તુમ કર લયો લેખા ॥ તેરમે રતનકી કરો પરિક્ષા, ચઉદમે અગ્નિશિખાકું દેખા ॥ સુપન દેખકર રાણી જાગી, કહેને લાગી સ્વામિકું ॥ તેજવંત નહીં છુપકર રહેતા, માલમ પડતા હે સબકું ॥૨॥ બડી ફજર હુઇ ઉઠ સિદ્ધારથ, પૂછે સુપનપાઠકકું ॥ ગ્યાન ધ્યાનસેં બોલ્યા પાઠક, ઉત્તમ જીવ આવ્યા ઉદરકું ॥ તીન ભુવનકે નાથ હિંચકી, હોવેગા કહેતા તુમકું ॥ પુરણ માસે જનમ લિયાથા, સિદ્ધારથ રાજા ઘરકું ॥ ઓચ્છવ મહોચ્છવ કારણ ઇંદ્દિર, લેય ગયે ફિર મેરૂકું ॥ છોટી કાયા દેખી ઉનોકી, સંશય ઉપન્યા ઇંદ્દિરકું ॥ દેશી ફેંકની ॥ તીન જ્ઞાન ઉદરસેં આયે, પગકે અંગુઠે મેરુ ડગાયે ॥ ફિર તિર્થંકરકું નંવરાયે, પછી સિદ્ધારથ ઘરકું લાયે ॥ સાત હાથકી કાયા ઊંચી, ઉત્તરાફાલ્ગુણ નખેતરકું ॥ તેજવંત નહિ છુપકર રહેતા, માલમ પડતા હે સબકું ॥ ૩ ॥ સોવનવરણી કાયા જિનકી, જંઘપર સિંહુકા લંછના ॥ મહા પરાક્રમ અનંત બળવંત, લોહી દુધકા હે વરણા ॥ માગશર શુદિ દશમીકે દિન, સંયમ લિયા મહાવીરને ॥ બાર વરસ લગેં મૌન રહે ફિર, કરમ ઉડાદીયા ભગવાને ॥ વૈશાખ શુદિ દશમીકે દિન, ભયાથા કેવળજ્ઞાન ॥ ઉસ દિન દેશના ખાલી ગઇ જબ, કોઈ ન લિયે વ્રત પચ્ચખ્ખાણે ॥ દેશી ફેંકની ॥ અગિયાર ગણધર સંગ જિનુંકે, ચઉદ હજાર સાધુ હે ઉનકે ॥ છત્રીસ હજાર સાધવિ સબ મિલકે, સાચે દાખલ હે સિદ્ધાંતકે ॥ કવિ ગિરધરલાલ કહત સુતરમેં, હુઇ સદ્ગુરૂકી મ્હેર હમકું ॥ તેજવંત નહિ છુપકર રહેતા, માલમ પડતા હે સબકું ॥ ૪ ॥ ઇતિ ॥

अथ श्री महावीरस्वामिनी लावणी.

મેં નમું જૈનશાસન, કરમ કટ જાવે ॥ વિઘન ટળી જાવે, પાપ દૂર જાવે ॥ મહાવીર ચરણકું, શિશ નમ્યાં દુઃખ જાવે ॥ એ ટેક ॥ કુંડનપુરી નગરી, પિતા સિદ્ધારથ રાયા ॥ માજી ત્રિસલાદેવી, કૂખે કુંવરજી આયા ॥ માજી ત્રિસલાદેવી, એસા નંદન જાયા ॥ નહીં બીજો એવો અવતાર, જગત મન ભાયા ॥ જિનજીકા નામસેં, શક્તિ

શાતા પાવે ॥ મહા૦ ॥ ૧ ॥ મહોત્સવે ઇંદ્ર ઇંદ્રાણી, મિલકર આવે ॥ જિનજીકું લેકર, મેરૂશિખરે નવરાવે ॥ ઇંદ્રજળ ધારા, બડી દેખી શંકા લાવે ॥ એ લઘુબાળક હે, રખે એને દુઃખ થાવે ॥ એમ સંશય ઇંદ્રજ, નિજ મનમાંહી લાવે ॥ મહા૦ ॥ ૨ ॥ તબ ઇંદ્રની શંકા, શ્રી જિનરાજ મિટાવે ॥ પ્રભૂ ચરણ અંગુઠે, મેરૂ ચૂલકા હલાવે ॥ તબ અવધી પ્રયુંજી, ઇંદ્ર જોઇ ખુશી થાયા ॥ એ જગતારણ હે, અપાર ઈનકી માયા ॥ એ અતૂલબળી કે, પાર નહીં કોઇ પાવે ॥ મહા૦ ॥ ॥ ૩ ॥ એ ઇંદ્ર લાવીં, નિજ માયની પાસ પોહચાવે ॥ જિન દરસન દેખી, ત્રણ્ય ભુવન સુખ પાવે ॥ એ દેવ દેવી, મિલકર દરસનકું આવે ॥ એ ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય ભલા દિન પાવે ॥ એમ છપ્પનકુમારી, મિલકર મંગળ ગાવે ॥ મહા૦ ॥ ૪ ॥ સુદાન યાચકને, રાય સિદ્ધારથે દીધો ॥ કંચન ઘોડા, ગજરાજ ઉલટ મન કીધો ॥ એ રાય સિદ્ધારથ, બહુ વિધિ જ્ઞાતિ જીમાવે ॥ સકળ કિયાં પકવાન, કસર નહીં પાવે ॥ એમ રાયતણા દિન, સુખે સુખે તે જાવે ॥ મહા૦ ॥ ૫ ॥ પ્રભૂયે માત પિતાને, રતિ દુઃખ નહીં દીધો ॥ એમ માત પિતાએ, આયૂષ પૂરણ કીધો ॥ પછી રાજઋદ્ધિ, છટકાઈ જિન સંયમ લિધો ॥ હુવા ચર્મતિ-ર્થંકર, કારજ ઉત્તમ કિધો ॥ કરી તપ સંયમને, કર્મની ખાખ ઉડાવે ॥ મહા૦ ॥ ૬ ॥ પ્રભૂ સંયમ લઇને, બહુ વિધિ તપ નિપજાવે ॥ ખ-ટમાસી પારણો, ચંદન હાથે પાવે ॥ સતી સોળ શ્રૃંગારે, થઇ સુરનર ગુણ ગાવે ॥ વળી ચંદનબાળા, કર્મની ક્રોડ ખપાવે ॥ સતી છત્રીસ હજાર, સતીમાં બડા પદ પાવે ॥ મહા૦ ॥ ૭ ॥ લઇ કેવળ જિનજી, બારે અંગ ફુરમાવે ॥ જેની વાણી મીઠી, ખીર સુણિ દુઃખ જાવે ॥ જીહાં બારે પ્રકારની, પ્રપદા સુણવા આવે ॥ એવી વાણી સુધારસ, સુ-ણિ જિન શિશ નમાવે ॥ કેઈ વ્રત કરે, ઉપવાસ વેરાગ્ય મન લાવે ॥ મહા૦ ॥ ૮ ॥ ગૌતમ ગણધરજી, હુવા પ્રભુજીના ચેલા ॥ જેણે તુર્ત લિયે હે, સંયમ સઘળા પહેલાં ॥ સહુ મળી ચુમ્માળીસે, સાથે સંય-મ લિધો ॥ સબ એક દિનમેં, દિક્ષાકો કારજ કીધો ॥ પછી ચૌદ હ-જાર, ચેલા પ્રભૂજી કને થાવે ॥ મહા૦ ॥ ૯ ॥ કળી આર્ય અનારજ, દેશ ગયા જિનરાયા ॥ અનંત કરી ઉપકાર, પાવાપુરી આયા ॥ તબ ભવિજીવ સુણીને, મનમેં અતિ હરખાયા ॥ કાર્તિક અમાસે, શિવપુર માંહી સિધાયા ॥ અબ જગત જીવતો, સિદ્ધજીકું શિશ નમાવે ॥ મ-હા૦ ॥ ૧૦ ॥ સંવત ઓગણિસેં, સાલ બત્રીસ એ ગાઇ ॥ એ માગ-

સર સુદ પુન્યમ, મેરે મન ભાઇ ॥ એક ચિત્તસેં, વીર જિનજીકી લાવણી ગાવે ॥ તિનકા ઘરમેં, દિન દિન પુરી સંપત્તિ પાવે ॥ જિનજીકા નામસેં, પાપ કર્મ ખપ જાવે ॥ મહા૦ ॥ ૧૧ ॥ ચરણોંકા ચાકર, અર્જ કરે હો સ્વામિ ॥ નંદરામકું પ્રભુજી, તારો અંતરજામિ ॥ અબ મ્હેર કરી, મોય ભવસાગરથી તારો ॥ એ જન્મ જરા ને, મરણ તણાં દુઃખ વારો ॥ સુખરામ ચરણકો, દાસ સદા એમ ગાવે ॥ મહાવીર ચણરકું૦ ॥ ૧૨ ॥ ઇતિ ॥

अथ श्री अजितनाथनी लावणी.

શ્રી અજિતનાથ મહારાજ, ગરીબ નિવાજ, જરૂર જિનવરજી (૨) ॥ સેવક શિર નામે, તને ઉચ્ચારે અરજી ॥ કર માફી મ્હારા વાંક, રઝળિયો રાંક, અનંતા ભવમેં (૨) આવ્યો છું ત્હારે શરણ, બળી દુઃખ દવમેં ॥ ક્રોધાદિક ધૂતકા ચાર, ખરેખર ખાર, લગ્યા મુજ કેડે (૨) વળી પાપી મ્હારો નાથ, છેક છંછેડે ॥ આ મુજરો મુજ ભગવાન, કરૂં ગુણગાન, ધ્યાનમાં ધરજી (૨) સેવક૦ ॥ ૧ ॥ મેં પૂર્ણ કર્યાં છે પાપ, સુણજો આપ, કહું કર જોડી (૨) મુજ ભૂંડામાં ભગવાન, ભૂલ નહીં થોડી ॥ જીવહિંસા અપરંપાર, કરી કિરતાર, હુવે શું કરવું (૨) જૂઠું બહુ બોલી નાથ, સાચને શું હરવું ॥ તુજ ખોળામાં મુજ શિશ, જાણ જગદિશ, ગમે તે કરજી (૨) સેવક૦ ॥ ૨ ॥ મેં કર્યાં બહુ કુકર્મ, ધરી નહીં ધર્મ, પૂર્ણ હું પાપી (૨) અવળો થઈ ત્હારી આણ, મેંજ ઉત્થાપી ॥ મેં મૂરખ નિંદા ઘણી, મુનિવરતણી, કરી હરખાયો (૨) પરદારા દેખી લબાડ, હું લલચાયો ॥ કિંકર કહે કેશવલાલ, આણીને વ્હાલ, દુઃખ તું હરજી (૨) સેવક૦ ॥ ૩ ॥ ઇતિ ॥

अथ श्री आदिनाथनी लावणी.

શ્રી આદિનાથ નિરવાણી, નમું એસે ધ્યાની ॥ નમું૦ ॥ ભવજીવ તરણકે કાજ, બનાઇ વાંણી ॥ તુંમ નાભિરાયા કુલધારી, બડે અવતારી ॥ બડે૦ ॥ ખૂલ રહી ખલકમેં ખૂબ, કેસરેકી ક્યારી ॥ તુમ મમતા મનકી મારી, આતમા તારી ॥ આતમા૦ ॥ તજ દીઇ વિપતી વિષયનકી, જાણકર ખારી ॥ તુમ કરી મુગત પટરાણી, જગતમેં જાણી ॥ જગતમેં૦ ॥ ભવજીવ તરણકે કાજ, બનાઈ વાણી ॥ ॥ ૧ ॥ જાણ્યા સુરનર સુખ રાસી, હુવા હે ઉદાસી ॥ હુવા૦ ॥ જાસ

ગઇ જબર જંજાળ, જગતકી ફાંસી ॥ તુમ જગતપતિ અવિનાશી, મુક્તિકે વાસી ॥ મુક્તિકે૦ ॥ તેરે દરશનસેં સબ દુઃખ, દૂર ગયે નાશી ॥ પ્રભુ કરી સફળ જીંદગાની, મેરે મન માની ॥ મેરે૦ ॥ ભવ જીવ તરણકે કાજ, બનાઇ વાણી ॥ ૨ ॥ બડે જોતવંત જિનરાજ, જગતમેં બાજે ॥ જગતમેં૦ ॥ તેરો દરશન હે સુખદાય, સુધારે કાજે ॥ તેરી ધુંન ગગનમેં ગાજે, સુરપત લાજે ॥ સુરપત૦ ॥ ગલ ગયા ગરવ પાખંડ, કામના ભાજે ॥ નાટક નાચે ઇંદ્રાણી, અધિક ધુંન આણી ॥ અધિક૦ ॥ ભવ જીવ તરણકે કાજ, બનાઇ વાણી ॥ ૩ ॥ તેરી મહિમા કહીય ન જાવે, પાર નહીં પાવે ॥ પાર૦ ॥ ગાંધર્વ સુરપત સબી, તેરે ગુણ ગાવે ॥ તેરે ચરણોસેં લપટાવે, સરસ લવલાવે ॥ સરસ૦ ॥ નર નાર હિયાકે માંહે, ભક્તિ તેરી ચાહુવે ॥ તેરી તૃષ્ણા સબ વિરલાણી, મુક્તકું ઠાણી ॥ મુક્તિકું૦ ॥ ભવ જીવ તરણકે કાજ, બનાઇ વાણી ॥ ૪ ॥ મરુદેવા કૂખકા જાયા, અમરપદ પાયા ॥ અમર૦ ॥ છપ્પનકુંમરી નારી, મિલી જશ ગાયા ॥ દુરગતકો દુઃખ વિસરાયા, સફળ કરી કાયા ॥ સફળ૦ ॥ જીનદાસ નિરંજન દેખ, શરણ તેરે આયા ॥ સમકિતકી સેજ પિછાની, મીલી મોહે ટાણી ॥ મીલી૦ ॥ ભવ જીવ તરણકે કાજ બનાઇ વાણી ॥ ૫ ॥ ઇતિ ॥

अथ श्री केसरीयाजीनी लावणी.

સનીયો રે બાતા સદાશીવજી, મત ચઠ જાના ધુલદેવા ॥ ગઢપતિ ઉનકા બડા એ ડંકા, મત છેડો તમ ઉનદેવા ॥ સગતારેપત ચુડવત બોલે, અમહી નોકર ઇનહુકા ॥ હિંદુપતસેં હાથ જોડકર, તિન ભુવનમેં હે ટીકા ॥ સુનીયો૦ ॥ ૧ ॥ સરગ મરત પાતાળ સુનીયે, સુરિનર મુનિજન ધાવત હે ॥ ઇંદ્ર ચંદ્ર મુનિ દરશન આવે, મનકી મોજા પાવત હે ॥ સુનીયો૦ ॥૨॥ ગયા રાજ દિન કેસે આવે, નિરધનીયાકું ધન દેવે ॥ બાજ ખીલાવે સુંદર લડકા, સદા સુખી રહે તુમ સેવે ॥ સુનીયો૦ ॥ ૩ ॥ તારે ઝાઝ સમુદરમાંહે, રોગ નિવારે ભવ ભવકા ॥ ભુપ રંગકો રંગ દિયો હે, ચોરન બંધન હરિદેવા ॥ સુનીયો૦ ॥ ૪ ॥ ધું ધું ધું ધું ધુંસા બાજે, દેશો દેશપર હે ડંકા ॥ ભાણે તાતીયા ચું કર બોલે, મત બતલાવો બડબંકા ॥ સુનીયો૦ ॥ ૫ ॥ રાણાજી કહે ઉમરાવ વજીરને, માનત નહીં અમ એ

બાતા ॥ તારી કરણી તું પાવેગા, મેં નહીં આવું તુમ સાથાં ॥ સુની પો૦ ॥ ૬ ॥ મુછ મરોડી ચઢે અભિમાને, ઝેર ભર્યા હે નજરોમેં ॥ રિખભદાસ કહે સાહેબ સચા, દેખ તમાસા ફજરોમેં ॥ સુનીપો૦ ॥૭॥

અથ શ્રી શાંતિનાથની લાવણી.

શેહેર જુનેમેં શાંતિ બિરાજે, અંગભર ફુલનકી માળા ॥ અગડદમ બગડદમ નોબત બાજે, ઘંટ બાજતા ચોતાળા ॥ ગજપોર નગરીમેં તેરા જનમ હે, ઘેર ઘેર મંગળ સબ ગાવે ॥ ઇંદ્ર લોકથી ઇંદ્રિ ઇંદ્રાણી, ઓચ્છવ કરનેકું આવે ॥ ચાલીસ ધનુષ સોવન તેરી કાયા, મૃગ લંછન તોરે પાયા ॥ વિશ્વસેનકે કૂળમેં શોભિત, માતા અચરાકે જાયા ॥ સરગ મરત પાતાળ ત્રિલોકમેં, હુવા જોતકા અજવાળા ॥ ॥ અગડદમ૦ ॥ ૧ ॥ કેસર ચંદન ઘણા ઘસીને, પૂજા કરૂં જિનેસરકી ॥ અનુંપમ આંગી ખૂબ બની હે, જાગી જોત માહારાજકી ॥ અશરણ શરણ પતિત દુઃખ વારણ, કરૂણા સાહેબ તુંમ ઘણી ॥ મુજ કરણી શુભ મતિ જો જાગે, કૃપા કરો મોરી ભક્તિ ભણી ॥ તેરે નામસેં નવનિધ પાવે, શાંતિનાથજી મતબાલા ॥ અગડદમ બગડદમ૦ ॥ ૨ ॥ આંગી તેરી અજબ બની હે, શાંતિનાથ સાહેબ મેરા ॥ જડાવકી તુંમ સોહે ટીલડી, હીરા ચકતા હે ચોફેરા ॥ અંગભર ફુલન જટા બની હે, ચમર ઉડતા ચોફેરા ॥ ધૂપ ધાન ઓર જોત બની હે, શિર સોહે મોતી તોડા ॥ નવ રતનકા હાર ગલેમેં, જેસા ચંદ્રકા અજવાળા ॥ લાગી જોત તેમ જોત જગતમેં, દીપે તેજકા અજવાળા ॥ ॥ અગડદમ બગડદમ૦ ॥૩॥ તેરે નામસેં સબ જુગ મહીમાં, ધન તુંમારી કરણીકું ॥ શાંતિનાથજી મેં શેવક તુમારા, મેરી લાજ અપને ઘરકું શાંતિ કહોને રે શાંતિનાથજી, સમરણ કરતા સબ તેરા ॥ સમીસાંજકી હોતી આરતિ, શામ મુરત દીસે પ્યારી ॥ આરતિ ઉતારે આનંદ ગાવે, બાજે મરદંગ ગડતાળા ॥ અગડદમ બગડદમ૦.॥ ॥૪॥ પૂજા કહે રે પ્રભુ સાહેબ મેરા, ચરણ પખાળું મેં તેરા ॥ જંનમ મરણકા ભય નિવારો, તારો ભવસાયર ફેરા ॥ લખ ચોરાશી ભવમેં ભમીઓ, જેસા ઘાંણીકા ફેરા ॥ શાંતિનાથ મુજ પાર ઉતારો, ગરીબ ચાકર મેં તેરા ॥ ભાણુંચંદ કહે ભય નિવારો, બાજે ગીતકા ઘડિયાળા ॥ અગડદમ બગડદમ૦ ॥ ૫ ॥ ઇતિ ॥

अथ श्री नेमनाथनी लावणी.

દે ગયા દગા દિલદાર, સુનો મેરી માઇ ॥ સુનો૦ ॥ લગી રહી નેમ દરશનકી સરસ અશનાઇ ॥ અબ અજબ અલીજો નેમ, મેરે શિર છાજે ॥ મેરે૦ ॥ જાદવકી દેખો જાન જગત સબ લાજે ॥ એસો નેમ અવલ એક ખંદ, અનોખો બાજે ॥ અનોખો૦ ॥ સુરિનર ગાવે ગીત, ગગનમેં ગાજે ॥ અબ દોડ દોડ સબ દુનિયાં, દેખન આઇ ॥ ॥ દેખન૦ ॥ દે ગયા દગા દિલદાર સુનો મેરી માઈ ॥ ૧ ॥ અબ ચઢયા નેમ તોરણકું, આનંદ દિલ ધરકર ॥ આનંદ૦ ॥ સજ આયા સુરંગી સાજ કીલોલા કર કર ॥ મેં પાયો પરમ આનંદ, હરખ હિયો ભર કર ॥ હરખ૦ ॥ લે ગયો પતિ નેમિનાથ મેરો મન હરકર ॥ સખી સંપત મુજ આંગનમેં, આજ ચલ આઇ ॥ આજ૦ ॥ દે ગયા દગા દિલદાર સુનો મેરી માઇ ॥ ૨ ॥ અબ એણે અવસરમેં સુરત શ્યામકી લાગી ॥ શ્યામકી૦ ॥ પશુવનકી સુણી પોકાર દયા દિલ જાગી ॥ જિને લઇ પરબતકી વાટ, ત્રશના ત્યાગી ॥ ત્રશના૦ ॥ શિવરમણીકે શિર બિંદ બન્યો બેરાગી ॥ અબ તેલ ચઢી રાજુલકું, ખડી છટકાઇ ॥ ખડી૦ ॥ દે ગયા દગા દિલદાર સુનો મેરી માઇ ॥ ૩ ॥ અબ રેતીકે સરોવરમેં, ટીંપે નહીં પાંની ॥ ટીંપે૦ ॥ જિન ગુણ ગાયાં નહીં જાય અલપ જીંદગાની ॥ અબ કઠણ જીવ દૂરગતકો, બન્યો મેં હાણી ॥ બન્યો૦ ॥ જીનદાસ કરો ભવપાર દયા દિલ આણી ॥ અબ સરત સતીકે બેઠા, વિનતી ગાઇ ॥ વિનતી૦ ॥ દે ગયા દગા દિલદાર સુનો મેરી માઈ ॥ ૫ ॥ ઇતિ ॥

अथ श्री नेमनाथनी लावणी.

એજી તુંમ તજકર રાજુલ નાર, તજયા સબ ઘર રે ॥ તજયા૦ ॥ મેં નમું નેમકે પાય, ગયે ગિરિવર રે ॥ ટેક ॥ મેં પ્રિત પિયાકી કરકે, પહલે લાગી ॥ પહલે૦ ॥ તુમ ત્યાજ ચલે બિન ખંડ, હુવે બેરાગી ॥ એક રાજીમતિ સતવતી, ભાવસેં ત્યાગી ॥ ભાવસેં૦ ॥ તેરે અંતરઘટમેં જોત, જ્ઞાનકી જાગી ॥ એમ રોતી રાજુલ નાર, નેન ભર ભર રે ॥ નેન૦ ॥ મેં નમું નેમકે પાય, ગયે ગિરિવર રે ॥ ૧ ॥ મેં નહીં કીની તકસીર, પિયા કયું રૂઠે ॥ પિયા૦ ॥ મેરે ઘર કુટુંબ પરિવાર, સદા સબ રૂઠે ॥ મેં હુઇ ઘરકે માંહે, જોવન સબ લૂંટે ॥

॥ જોબન૦ ॥ મેં ચલું નેમકે સાથ, પ્રિત કેમ તુટે ॥ મેરે નેમ વિના નહીં ઓર, જગતમેં વર રે ॥ જગતમેં૦ ॥ મેં નમું નેમકે પાય, ગએ ગિરિવર રે ॥ ૨ ॥ મેં અરજ કરૂં કરજોડી, કરોજી મન પરશન ॥ ॥ કરોજી૦ ॥ મેરે શિરપર નેમ સરદાર, દીજે મુજ દરશન ॥ મુજ સુખ સખિયનકા દેખ, લાગે મોએ તરશન ॥ લાગે૦ ॥ મેરે આયો આંખમેં નીર, લગે નિત બરશન ॥ મુજ મન મીલનકી આશ, મીલો કોઈ કર લે ॥ મીલો૦ ॥ મેં નમું નેમકે પાય, ગયે ગિરિવર રે ॥ ૩ ॥ તુંમ તજકર રાજુલ નાર, મુક્તિમાં મેહેલી ॥ મુક્તિમાં૦ ॥ પછી નેમ ગયે ગિરનાર, કરમ સબ ઠેલી ॥ મેં નિત ઉઠકર પ્રભાત, નમું પદ પેહેલી ॥ નમું૦ ॥ મેરે નેમ વિના નહીં ઓર, જગતમેં બેલી ॥ અબ અરજ કરે જીનદાસ, સુનો જિનવર રે ॥ સુનો૦ ॥ મેં નમું નેમકે પાય, ગએ ગિરિવર રે ॥ ૪ ॥ ઇતિ ॥

अथ श्री रावणने उपदेशनी लावणी.

કહે બિભીષણ સુણ ભાઇ રાવણ, અરજ કરૂં છું હિતકારી ॥ તિન ખંડકો નાથ કહીજે, પાછી આપો પરનારી ॥ એ આંકણી ॥ રાજા જનકની પુત્રી કહીજે, મિથિલાનગરી અધિકારી ॥ ભામંડળકી બેહેન કહીજે, વિદ્યાધરમેં શિરદારી ॥ કહે૦ ॥ ૧ ॥ રામચંદ્રજીએ ધનુષ્ય ચડાયા, સિતા કીધી ઘર નારી ॥ વિદ્યાધરકું જોર દિખાયા, જબ સિતાકી છોડ લારી ॥ કહે૦ ॥ ૨ ॥ રામચંદ્રકા છોટા ભાઇ, કોટિશિલાને ઉઠાવી ॥ સિતાના તે દેવર કહીએ, લક્ષ્મણ નામ જે કહેવાવી ॥ ॥ કહે૦ ॥ ૩ ॥ તે ઘરની છે એહ સુંદરી, સતિયોમાંહે સિરદારી ॥ ઓર પુરુષકું નહીં આદરે, જો હોય ઇંદ્ર અવતારી ॥ કહે૦ ॥ ૪ ॥ સુપનામાં નહિ વંછે સુંદર, કિસી ગણતીમેં સબિ તેરી ॥ તું તો રાજા અન્નનો કિડા, છોડ દિયો ઉનકી નારી ॥ કહે૦ ॥ ૫ ॥ જો તું ઈનકો સંગ ન છંડે, આંખ મીચકર અંધકારી ॥ કામ ગૃદ્ધિકો કયોં કર સૂઝે, ફોજ દળ હુવા તૈયારી ॥ કહો૦ ॥ ૬ ॥ રામચંદ્રે સુગ્રીવ નમાયે, વિદ્યાધરકો સિરદારી ॥ વિદ્યાધર દળ સહુ જગાયા, રામચંદ્ર હુવા તૈયારી ॥ કહે૦ ॥ ૭ ॥ કહ્યું માની મેલી દે સિતા, નીકળ લંકા લે ઘેરી ॥ ઘણા સુભટ તુજ હાર્યા જાશે, કરશે તે લંકા ઢેરી ॥ કહે૦ ॥ ॥ ૮ ॥ તેરા જોરા કાંઈ ન ચાલે, પરસ્ત્રિયાકી કીધી ચોરી ॥ સા પુરુષાંકો પડે પાધરી, અરજ લિયો હેડે ધારી ॥ કહે૦ ॥ ૯ ॥ તું જા

એ હું ઘણો જોરાવર, તિન ખંડકો સિરદારે ॥ સિતા પાછી નહીં મેલે તો, રામચંદ્રજી નહીં હારે ॥ કહે૦ ॥ ૧૦ ॥ એ નારીનો સંગ કરતાં, હોશે ખરાબી ઘણી ત્હારી ॥ દુનિયામેં ફજેતી હોવે, નરભવ જનમાંતર હારી ॥ કહે૦ ॥ ૧૧ ॥ એહુ મંદિરને એહુ માળીયાં, સહુસ ખત્રાશે તુજ નારી ॥ એક સિતાને કારણ ભાઇ, હોવે નરકકા અધિકારી ॥ કહે૦ ॥ ૧૨ ॥ કહ્યું માની મેલી દે સિતા, તો કરશું સેવા ત્હારી ॥ નહિ તો ઉઠીને અમે જાશું, રામચંદ્ર શરણા ધારી ॥ કહે૦ ॥ ॥ ૧૩ ॥ રીશ કરી તવ બોલ્યો રાવણ, કિસી ગિણતિ રાખું ત્હારી ॥ સિતા પાછી નહિ મેલું, કરશું મ્હારી પટરાણી ॥ કહે૦ ॥ ૧૪ ॥ બિભીષણ ઉઠીને ચાલ્યો, તીસ અક્ષોહિણી લઇ સારી ॥ રામચંદ્ર કહે આવો લંકેસર, આદરમાન દિયો ભારી ॥ કહે૦ ॥ ૧૫ ॥ હિતશીખ નહીં માની દુષ્ટે, નરક મેલ પહોંચ્યો જાઇ ॥ કહે જિનદાસ સમજજો ચેતન, સુગુરુ વચન ચિત્ત સુખદાઇ ॥ કહે૦ ॥ ૧૬ ॥ ઇતિ ॥

अथ श्री महातपस्वी धन्नाअणगारनी लावणी.

(સોળ સ્વપ્નની લાવણીની દેશીમાં.)

શ્રી વીર જિનેશ્વર નમત સુરેશ્વર, ચોત્રિશ અતિશય કરી છાજે ॥ સકળ કર્મ ભય ભર્મ મિટાયા, વાણી પેંતિસ જયોં ઘન ગાજે ॥ પાખંડી બંડ અફંડ કરે નહિ, ભગે શિયાળ જયોં સિંહ દેખી ॥ અપરંપાર મહિમા જિનવરકા, હોયે ખુશી ભવિજન પેખી ॥ ગામ નગર પુર પાટણ ફિરતે, નગર રાજગૃહીકું આયા ॥ ધન ધન્નો મુનિરાજ ઝાજ સમ, સબ મુનિવરમેં સરસાયા ॥ ધન૦ ॥ ૧ ॥ બાગવાન દિલ હરખ આનકે, કહેતા શ્રેણિક રાજનકે ॥ પુણ્ય ઉદય પ્રભુ બાગમેં આયે, સંત બહુત મુનિ હે ઉનકે ॥ બિદાદેકેં ચલે સજ અસવારી, વંદન કર બેઠે સામે ॥ પ્રભુજી દે ઉપદેશ સભામેં, પૂછે શ્રેણિક શિર નામે ॥ કહો મુજ દિનદયાળ કૃપા કર, તુમ સબ જાણક જગરાયા ॥ ॥ ધન૦ ॥ ૨ ॥ ચઉદસહસ્ત્ર મુનિ સંગ આપકે, શિવપુર આશ કરે સારા ॥ નિજમેં તજ હે કોન ધનોમેં, કરણીમેં દુક્કરકારા ॥ પ્રભુજી કહે સબ મોતીમાળ સમ, સંયમ કરણી હુંશિઆરા ॥ દુક્કર દુક્કરકાર સકળમેં, ધન્ના મુનિવર અધિકારા ॥ નામ ઠામ કરણીકા પરસન, પૂછે શ્રેણિક ઊમાયા ॥ ધન૦ ॥ ૩ ॥ કાકંદી નગરીકે અંદર, ગાથાપતિણી ભદ્રા નામે ॥ ધન્નો સુત ગુણવંત વિચક્ષણ, બહોતેર કળા

જોવન પામે ॥ બત્તિસ લડકી ભૂપતિયોંકી, બહુત ધૂમસે પરણાઈ ॥ બત્તિસ બત્તિસ જિનસાં દાયજે, બસ એકસો બાવણ આઈ ॥ પડે નાટક ધમકાર મહેલમેં, ભોગ ભોગવે મન ચાયા ॥ ધન૦ ॥ ૪ ॥ એક દિન ત્રિસલાનંદ દિવાકર, કાકંદી નગરી આયા ॥ જિતશત્રુ નૃપ પ્રજાલોક સબ, શ્રી જિન દરિસણકું ધાયા ॥ ધન્નાશેઠ પણ આયા ઉલટ ધર, વંદન કર બેઠે આઇ ॥ ફરમાયા ઉપદેશ ધરમકા, ધિગ્ ધિગ્ ધિગ્ હે જગતાઇ ॥ રાચ રહ્યા જગજીવ અજ્ઞાની, માને મેરી સંપત માયા ॥ ધન૦ ॥ ૫ ॥ તન ધન જોવન સર્વ અથિર હે, પુદ્‌ગળ શોભા હે સારી ॥ માત પિતા ઓર કુટુંબ કબીલા, મતલબકી જગમેં યારી ॥ ત્રાણ શરણ નહિ મરણ રોગમેં, ઇસમેં કુછ નહિ હે શંકા ॥ કાચકી શીશી ફુટે પલકમેં, મત મગરૂર કરે અંગકા ॥ ધરમ ધ્યાન હોઈ હે તુજ સંગી, જગ સબ સુપનેકી માયા ॥ ધન૦ ॥ ૬ ॥ કામ ક્રોધ મદ રાગ દ્વેષ છળ, સકળ કરમકે બંધન હે ॥ ચેતનકું બેહાલ કરે હે, ચાર ગતિ દુઃખ ફંદન હે ॥ જબલગ જરા વ્યાધિ નહિ આવે, ઇંદ્રિયકા બળ ઘટે તેરા ॥ જિસ પહેલે હુંશિયાર હોય કર, ધરમ ધ્યાન કરી લ્યો ચહેરા ॥ શિવસુખકી જો ચ્હાય તુમારે, એ કહેણી માનો ભાયા ॥ ધન૦ ॥ ૭ ॥ ધન્નો શેઠ વૈરાગ આણ દિલ, કહે સાહિબશું શિર નામી ॥ આપ કહી સો હે સબ સચ્ચી, મેં સંયમ લેવણ કામી ॥ જનનીકી આજ્ઞા લે આઊં, પ્રભુ કહે સુખ તુમ તાંઈ ॥ ડેર કરો મત ધર્મ કામમેં, ગઇ પળ સો આવે નાંહી ॥ વંદન કર ચલ આયા માતપે, અનુમતિ માગે ઉલસાયા ॥ ધન૦ ॥ ૮ ॥ પુત્ર સવાલ સુણી તતક્ષણ સા, મૂર્ચ્છા ખાય પડી ધરતી ॥ દાસી મિલકર કરી સચેતન, આંખો બુંદનસેં ઝરતી ॥ કહે પુત્રકું સંયમ કિરિયા, દુર્લભ હે તુજકું ભાઇ ॥ બત્તિસ તરુણી વધુ વયે સારી, હાલ જાયે મત છટકાઇ ॥ મેરે પીછે તુજ વૃદ્ધ વય આયા, ફિર સંયમ લીજે જાયા ॥ ॥ ધન૦ ॥ ૯ ॥ ખડ્‌ગ ધાર ઓર છુરી પાનપર, ચલણાં દુષ્કર અધિકાઇ ॥ લોહ ચણા મેણદાંતે ચાવણા, વેળું કવળ નહિ સરસાઇ ॥ પવનશું કોથળો ભરવો જૈસેં, મેરુ તોલણો કઠિણાઇ ॥ ગંગાનદીકી ધાર પકડ કર, ચડનાં જૈસેં ગગન માંઇ ॥ ઐસે સંયમ દુક્કર દુક્કર, તેરી હે કોમળ કાયા ॥ ધન૦ ॥ ૧૦ ॥ જનનીકા એ સવાલ સમજ કર, ધન્નો કહે સુણ રે માઈ ॥ નારી કયારી નરક કુંડકી, ફળ કિંપાકી દરસાઇ ॥ કાળ જોરાવર તિન લોકમેં, છોડે નહીં એ કિસ તાંઇ ॥ કોણ વખત

ઓર કવણુ યોગસેં, પહેલાં પીછે ખબર નાંઈ ॥ મેરે તાંઈ ઝટ દે દે આજ્ઞા, જનમ મરણુસેં ગભરાયા ॥ ધન૦ ॥ ૧૧ ॥ સંયમમારગ દુક્કર દુક્કર, ઇસમેં ફરક નહીં માતા ॥ કાયર કૃપણુ નિર્બળ નર ઓર, ઈણુ ભવકી ચાહુત શાતા ॥ પરભવકી નહિ ચાહુત જિસકે, સો સંયમશું થરરાતા ॥ શૂરવીરકું સહુજ હે સંયમ, જગકા જૂઠા હે નાતા ॥ જો પળ જાવે સો નહીં આવે, જગનાયકને દરસાયા ॥ ધન૦ ॥ ૧૨ ॥ સવાલ જવાબ ભયે મા બેટાકે, અધિકથકી આજ્ઞા દીની ॥ બહુત મહોચ્છવ ઓર ઉલટભાવસેં, ધન્નાયે દિક્ષા લીની ॥ હાથ જોડકર કહે પ્રભુજીશું, જાવજીવ છઠ્ઠ તપ ધારૂં ॥ પારણે આંબિલ આહાર નાંખતો, મિલે તો લઊં પારણા સારૂં ॥ ભગવંત કહે તુમ સુખ હોય સો, કરો દેવાનુપ્રિય ડાહ્યા ॥ ધન૦ ॥ ૧૩ ॥ ચડતે ભાવ ઓર સમ પરિણામેં, તપ ધાર્યો દુક્કરકારી ॥ કોઇ દિન આહાર મિલે નહિ મુનિકું, કોઇ દિન નહિ મિલતા વારી ॥ સૂકા લૂખા તન ભયા ભૂખસેં, લોહી માંસ સબ સૂકાણો ॥ કાયા તુંબાસો શિશ મુનિકો, નેત્ર પ્રાંત તારા જાણો ॥ ઊંડા કડેવા સો પેટ જ્યું દીખે, રસનાપાન જો સૂકાયા ॥ ધન૦ ॥ ૧૪ ॥ અંબ પેશી જ્યું નાસિકા ઋષિકી, કાચરી છાલ જ્યું કાન કયા, ઢંકપંખી જ્યું જંઘા દરસે, સૂકા સરપ જ્યોં બદન ભયા ॥ કાક પાવ જ્યું પાવકી પિંડી, આંગળી સૂકી જ્યોં મુગફળી ॥ ન્યારા ન્યારા હાડ દીસે સબ, અલગ અલગ સોળે પસળી ॥ સકળ ખુલાસા હે શાસ્તરમેં, શ્રીમુખ સાહેબ ફરમાયા ॥ ધન૦ ॥ ૧૫ ॥ કોયલાતિક ઓર એરંડ લકડકો, ચલતો ગાડો બજે જૈસેં ॥ ઊઠતાં બેસતાં હાલતાં ચલતાં, મુનિકે હાડ બજે તૈસેં ॥ તપ તેજસેં પુષ્ટ ભયા મુનિ, નિર્બળ બહુત ભયે તનમેં ॥ હિરતે ફિરતે શબ્દ બોલતે, સુણુતે ખેદ પાવે મનમેં ॥ આયુષ્ય બળસેં કામ કરે સબ, ભાવ સંયમ નિષ્કૂળ ઠાયા ॥ ધન૦ ॥ ૧૬ ॥ શ્રેણિક સુણી હવાલ મુનિકા, પ્રભુકું વંદે શિર નામી ॥ ધન્નામુનિકે પાસ જાયકે, કહે તુમ ધન અંતરજામી ॥ સફળ કિયો તુમ મનુષ્ય જનમકોં, કરણીમેં કુછ નહિ ખામી ॥ છતા ભોગ છટકાય દિયા સબ, દુક્કર તપ કિરિયા કામી ॥ તુમ હો ગરીબ નિવાજ દયાનિધિ, ચરણુ શરણુ મુજ મન ભાયા ॥ ધન૦ ॥ ॥ ૧૭ ॥ મુનિકા કરી ગુણગ્રામ ભૂપતિ, પ્રભુ પ્રણમી ગયે નિજ ઠામે ॥ દિન કેતા રહિ વિહાર કિયો પ્રભુ, વિચરે પુર પાટણુ ગ્રામે ॥ કોઇ દિન રાજગૃહી નગરીમેં, સમોસર્યા ફિર જિનરાયા ॥ ધર્મ જાગરણામેં

મુનિ ચિંત્યો, શક્તિ નહિ કિંચિત કાયા ॥ દિન ઉગ્યા પ્રભુ આજ્ઞા લેકર, સાધુ સાધવિ ખમાયા ॥ ધન૦ ॥ ૧૮ ॥ વિપુલગિરિ પર્વતપર ચઢકે, પાદોપગમ અણુસણ કીના ॥ એક માસ સંથારો આરાધિ, ઋષિ સરવારથ સિદ્ધ લીના ॥ અરથ પાઠ પઢે અંગ ઇગ્યારા, નવ મહિના દિક્ષા પાળી ॥ આદિ અંત ચઢતે પરિણામે, બહોત કરમ દિયા પરજાળી ॥ સાત લવકા રહ્યા કમતિ આઉખા, એકાવતારી સો પદ પાયા ॥ ધન૦ ॥ ૧૯ ॥ કોડિ તીન પંચ લાખકે ઉપર, સહુસ એકસઠ તીનસેં જાણો ॥ માસ નવકા શ્વાસ બતાયા, સુકૃત કરણીકે માનો ॥ એકશો શિત્તેર કોડીકે ઊપર, લાખ સત્તાણું પળ કહીયે ॥ સહુસ અઠાણું નવસેં છન્નું, ત્રીજો ભાગ અધિક લહીયે ॥ એક એક દમપર ઇતની પળકો, સર્વાર્થસિંદ્ધમેં સુખ પાયા ॥ ધન૦ ॥ ૨૦ ॥ સંવત ઓગણીશેં આડતીસ સાલે, ચૈત્ર શુકલઇગ્યારસ આઇ ॥ વાર ચંદ્ર દિન પેંડ આંબોરી, ઠાઇ દેશ દક્ષિણ માંઇ ॥ મહારાજ અચવંતાઋષિ જી પ્રસાદે, તિલોકઋષિ લાવણી ગાઇ ॥ ગુણીજનની તારીફ કરી યહ, અશુભ કર્મકે ક્ષય તાંઇ ॥ ઐસી સમજ સબ ગાનાં ગુણી ગુણ, કામ સિદ્ધિ સુખ સવાયા ॥ ધન૦ ॥ ૨૧ ॥ ઇતિ ॥

अथ श्री परस्त्री निरखवा ऊपर लावणी.

ચતુર પરનારી મત નિરખો ॥ શ્રાવણ કેરી રેન અંધેરી, વિજલીકો ચમકો ॥ રાવણ મ્હોટો રાય કહાવે, લંકાગઢ બંકો ॥ પાપ કરીને નરક પહોંચીયો, દુ:ખ પાયો અધિકો ॥ ચતુર૦ ॥ ૧ ॥ ધાતકી ખંડકો રાય પદ્મોત્તર, દ્રૌપદિને હરતો ॥ કૃષ્ણ નરેસરે કરી ખૂવારી, જબ પુણ્ય હુવો હલકો ॥ ચતુર૦ ॥ ૨ ॥ કીચકરાયે મહાદુ:ખ પાયો, ભીમે શું અધિકો ॥ નારી દ્રૌપદિ નેહે બિચારી, ભવ ભવમેં ભટકયો ॥ ચતુર૦ ॥ ૩ ॥ પરનારીકો રંગ પતંગ હે, પોષળકો ઝળકો ॥ ઓસ બુંદ જબ લગે તાવડા, ઢળક જાય ઢળકો ॥ ચતુર૦ ॥ ૪ ॥ પરનારીકો સ્નેહુજ કરતાં, ધન જાશે ઘરકો ॥ દુજા દેખકર કરે ખૂવારી, જબ વનમેં ભટકયો ॥ ચતુર૦ ॥ ૫ ॥

अथ श्री स्वार्थ विषे लावणी.

કોન જગતમેં ત્હારા ચેતન, કોન જગતમેં ત્હારા રે ॥ અપને અપને સ્વારથકે બસ, બિન સ્વારથ હોય ન્યારા રે ॥ કોન૦ ॥ ૧ ॥ ॥ એ આંકણી ॥ સ્વારથેં માત સપુત્ત બોલાવે, જી જી કરી રહે દાસ રે ॥

વીર કહે ભગિની નિજ સ્વારથે, લાગે પિતાકું પ્યારા રે ॥ કોન૦ ॥ ॥ ૨ ॥ હય ગય રથ નાયક ધન પરધન, કોઇ ન રાખણહારા રે ॥ કાળ બેહાલ સબહીકું કરતે, કરતા મૂખ પોકારા રે ॥ કોન૦ ॥ ૩ ॥ ઇંદ્રિજાળ સુપના સમ જાણો, જૂઠા જગત પસારા રે ॥ સેવો ચરણ કોઈ સંત જનોકે, જ્યું હોવે નિસ્તારા રે ॥ કોન૦ ॥ ૪ ॥ ઇતિ ॥

अथ श्री मिथ्यात्ववर्णन लावणी.

કંકરકું શંકર કરી માને, એ કુમતિકી બાતાં હે ॥ આક ધતૂરા વેલ પાંતશું, પૂજત શિવ રંગ રાતા હે ॥ અંગદાન દેતા શિવમતિ મેં, નર નારીકા નાતા હે ॥ કંકરકું૦ ॥ ૧ ॥ ચડી જીવકા ગળા કટાવે, લોક કહે એ માતા હે ॥ તાકું પૂજ મગન મનમોહન, સો નર નરકે જાતા હ ॥ કંકરકું૦ ॥ ૨ ॥ કુગુરુશું પરભવ દુઃખ પામે, નહિ તિલભર એક શાતા હે ॥ કુદેવકું ચેતન યુ સેવત, હિંસાધર્મ દુઃખ દાતા હે ॥ કંકરકું૦ ॥ ૩ ॥ કુગુરુ ત્યાગ સુગુરુ નિજ સેવે, નિત્ય નિગ્રંથ ગુણ ગાતા હે ॥ જિનવર ગુણ જિનદાસ બખાને, એ મુક્તિકા ખાતા હે ॥ કંકરકું૦ ॥ ૪ ॥ ઇતિ ॥

जीनदास कृत लावणीयो.

તુમ જપો મંત્ર નવકાર, ઉનસે ઉતરોગે ભવપાર ॥ હોયે તેરી કાયાકો આધાર, સફળ કરલે અપનો અવતાર ॥ ધ્યાન તુમ મનમાં ધરો નર નાર, ખાણ દુઃખકો એ હે સંસાર ॥ કરો પ્રભુ ખ્યાલ જીનદાસે, રખો તેરે ચરણોકે પાસે ॥ ૧ ॥

સરક જા કુમતિ નાર કાલી, તેરી સોબતમાં ગઇ લાલી ॥ સોબત સુમતાકિ મેં ટાલી, આતમા તપમેં નહીં ઘાલી ॥ અનંત ભવ વીત ગયા ખાલી, વેદના નિગોદકી ઝાલી ॥ અમરપદ જીનદાસ માગે, સદાએ પ્રભુજીકું પાયે લાગે ॥ ૨ ॥

શિશ નિત નમું નાભિનંદન, ચરણપર ચડે કેસર ચંદન ॥ કરત સબ ઇંદ્રાદિક બંદન, કટત હે કર્મકા ફંદન ॥ સાધ્યો તેં શિવપુરકો સાધન, સર્વ જીવનકું સુખ કંદન ॥ જીણંદગુણ જીનદાસ ગાવે, શિશ ચરણોમેં નમાવે ॥ ૩ ॥

શિખામણનાં પદો.

પદ ૧ લું.

પ્રભુ ભજીલે પ્રિતે પ્રાણિઆ રે, છોડી દે બીજી સૌ જંજાળ ॥ અંતે જાવું છે જીવ છોડી સરવને રે ॥ મારૂં મારૂં કરીને મોહી રહ્યો રે, પણ તારૂં છે શું તેતો સંભાળ ॥ અંતે૦ ॥ ૧ ॥ લાખપતિ શું સાથે લૈ ગયા રે, જોને વિચારી ચિત્ત ચેત ॥ અંતે૦ ॥ સગાં સનેહિ તારાં સ્વારથિ રે, મુશક મનિના જેવું હેત ॥ અંતે૦ ॥ ૨ ॥ ડાભઅણિપે જળ બિંદુવો રે, ખરતાં તેને શી લાગે વાર ॥ અંતે૦ ॥ એવો તે દિન એક આવશે રે, નથી કોઇ તને બચાવનાર ॥ અંતે૦ ॥ ૩ ॥ પુષ્પો ખિલે છે માળિ બાગમાં રે, કાળે તે ખચિત કરમાય ॥ અંતે૦ ॥ એમ જોબન તારૂં જાણજે રે, દિને દિને ક્ષિણ થાય ॥ અંતે૦ ॥ ॥ ૪ ॥ સુપનવિલાસ સમ સાયબી રે, જાણી ન કરો ગર્વ કોય ॥ ॥ અંતે૦ ॥ ભોગ તે રોગસમ જિન કહે રે, તજતાં તે શિવસુખ હોય ॥ અંતે૦ ॥ ૫ ॥ સમજીને ભજ ભગવાનને રે, મૂકી સંસારિક ફંદ ॥ અંતે૦ ॥ ભવ સુધારો બેય આપણા રે, ભાંખે તે મૂનિ કેવળચંદ ॥ અંતે જાવું છે જીવ છોડી સરવને રે ॥ ૬ ॥ ઇતિ ॥

પદ ૨ જું.

ચેત ચેતરે ચેતાવું તને જીવડા રે ॥ તારૂં આયુષ્ય વિજળી સમાન ॥ કેમ સમજે ન સતગુરૂ સાનમાં રે ॥ એક દિન જરૂર ઉઠી ચાલવું રે, અંતે ઠરવું જઇને શમસાન ॥ કેમ૦ ॥ ૧ ॥ ખૂબ ખિલ્યાં તે ફુલ કરમૈ જશે રે, જોને વિચારી અંતર આપ ॥ કેમ૦ ॥ એમ કરમાશે યોવન તાહેરૂં રે, એવું સમજીને દૂર કર પાપ ॥ કેમ૦ ॥ ૨ ॥ જેમ ઈંદ્રધનુષ્ય આકાશમાં રે, જોતાં રંગમાં સરસ જણાય ॥ કેમ૦ ॥ ભાળ જોત જોતામાં જાશે વિખરી રે, તારૂં આયુષ્ય વહી જાય ॥ કેમ૦ ॥ ॥ ૩ ॥ કેક ચાલ્યા ને તારે ચાલવું રે, એમ લાવ તું ઉરમાંહી જ્ઞાન ॥ કેમ૦ ॥ કેડા મોર નિશ્ચે મરવું થશે રે, જેમ ખરે છે પીંપળાનાં પાન ॥ કેમ૦ ॥ ૪ ॥ અચળ વાસ કરીને વસવું નથી રે, જરા આંખ ઉઘાડીને ભાળ ॥ કેમ૦ ॥ તારી નજરે આગળથી વહી ગયા રે, કેક શેઠીઆ શ્રીમંત ને ભૂપાળ ॥ કેમ૦ ॥ ૫ ॥ નિત્ય નવિ ર-

સોઇયો રૂડી રાંધતાં રે, તાતાં તળીને ખાતા સાક ॥ કેમ૦ ॥ એવા ઉઠી ગયા ક્ષણ એકમાં રે, ફરી આવ્યા ન ખાવા ખોરાક ॥ કેમ૦ ॥ ॥ ૬ ॥ એમ સમજીને વાળ મન તાહેરૂં રે, તજો આપસ્વછંદી ફંદ ॥ કેમ૦ ॥ મિત્રભાવ રાખી સદા દિલમાં રે, ભલું સર્વનું ચ્હાય કેવળચંદ ॥ કેમ સમજે ન સતગુરુ સાનમાં રે ॥ ૭ ॥ ઇતિ ॥

पद ३ जुं.

સારી શિખ મારી તું વિચારી લે રે, તારે માટે કહું છું હું આપ ॥ નથી ભરોંસો ઘડી પળવારનો રે ॥ જારી કર્મ કરવાથી રહો વેગળા રે, નિત્ય જપો પ્રભુજીનો જાપ ॥ નથી૦ ॥ ૧ ॥ કાળાચક્ર ફરે શિર ઉપરે રે, રહ્યા તાકી તે લાગ જાવે આજ ॥ નથી૦ ॥ લઇ જાશે સગાં સહુ દેખતાં રે, જેમ આકાશે પંખી ઝાલે બાજ ॥ નથી૦ ॥ ૨ ॥ લાખ ક્રોડપતિ ઉઠી ગયા રે, જેમ વાયે ઉડે છે આક તુર ॥ નથી૦ ॥ આભ ખિહયો જશે કરમાઇને રે, માટે ચેત સમજીને એવું ઉર ॥ નથી૦ ॥ ૩ ॥ પ્રતિત રાખો સાધુના કેણની રે, ખોટું કર્મ તજીને કરો ધર્મ ॥ નથી૦ ॥ રાખ શિળ સંતોષ નિર્લોભતા રે, દૂર મેલી કમસ્યામત ભર્મ ॥ નથી૦ ॥ ૪ ॥ કદી પ્રપંચ ઉર ન લાવીએ રે, નવ છેતરીયે લોક ભોળેભાવ ॥ નથી૦ ॥ ક્રુર દૃષ્ટિ કરો ન કોઈ ઉપરે રે, નહીં લડીયે ક્રોધથી રાખી દાવ ॥ નથી૦ ॥ ૫ ॥ લીધાં વ્રત વિવેકે પાળિયે રે, કદી આવે ન તેમાં કલંક ॥ નથી૦ ॥ ભાંખ્યો કેવળિ ધર્મ ધરા વિશે રે, નર નારી પાળો થઇ નિઃશંક ॥ નથી૦ ॥ ૬ ॥ શિખ માની સુધારો આત્મા રે, તજો વિષયાદિકના ફંદ ॥ નથી૦ ॥ મિત્રભાવ રાખી સદા દિલમાં રે, ભલું સર્વનું ચ્હાય કેવળચંદ ॥ નથી૦ ॥ ૭ ॥

पद ४ थुं.

મૂરખ મોહ્યો માનુનીના મોહમાં રે, લટકાળિનાં નિરખીને નેણ ॥ એમાં ભાન ભૂલ્યો ભગવાનનું રે ॥ વચન ચાતુરિયે ચિત્ત ચોરિયું રે, સુખ સાંભળીને મીઠાં મીઠાં વેણ ॥ એમાં૦ ॥ ૧ ॥ હેતે બેશી હીંડાળાખાટમાં રે, પંખો લઇને ઉડાડે પવન ॥ એમાં૦ ॥ કરે મશ્કરીને દાંત કાઢે મોકળા રે, લેતા તાલિયો તે થઇને મગન ॥ એમાં૦ ॥ ૨ ॥ ખાવું પીવું અને ઈશકમાં રે, પૈસા ઉડાવામાં જેનું તાન ॥ એમાં૦ ॥ માગે ભાઈ તો પાઇ ના આપતો રે, કરે પ્યારીને પ્રાણ ખુરબાન ॥ એમાં૦ ॥ ૩ ॥ બેસે ઘોડાગાડી કે ચારઠે રે, લીયે ભાઇબંધ પોતા-

ના જે સાથ ॥ એમાં૦ ॥ ફરે બાગ બગીચે કે બંગલે રે, એક બીજાના હેતે ઝાલી હાથ ॥ એમાં૦ ॥ ૪ ॥ ભક્ષાભક્ષપર લક્ષ નહિ તેહને રે, નિશો કરીને લાલ રાખે નેન ॥ એમાં૦ ॥ ટાપટીપ કરીને વસ્ત્ર પહેરતો રે, લઇ દરપણ નિહાળે વદન ॥ એમાં૦ ॥ ૫ ॥ મૂરખ સમજે નહિ મન એટલું રે, આતો ચાર દાંડાનું સુખથાન ॥ માટે ભજી લેવું ભગવાનને રે ॥ મનહર મૂકી મંદિર માળિયાં રે, અંતે ઠરવું છે જેને સમસાન ॥ માટે૦ ॥ ૬ ॥ નહીં આવે સાથે એક દોકડો રે, જવું પરભવ મેલીને બધું આંય ॥ માટે૦ ॥ નથી આગળ રાજ પોપાંબાઇનું રે, પાપ પુન્યનો તોલ થશે તાંય ॥ માટે૦ ॥ ૭ ॥ શ્રી વીરપ્રભુના આશરે રે, તારાં ટળશે ત્રિવિધિકેરાં પાપ ॥ માટે૦॥ પુજ રૂગનાથ સ્વામિનો બાળકો રે, મુનિ કેવળ કથેછે બોધ આપ ॥ માટે૦ ॥ ૮ ॥

पद ५ मुं.

જીરે મનુષ્યતણો ભવ પામીને રે, કાંઇ કર્યો નહીં સત ધર્મ ॥ એવા રે મનુષ્યનો વૃથા વહિગયો રે ॥ જીરે જીભડલિ ભલઇ લેવા ભણી રે, કાંઇ ઉઘાડયા પારકા મર્મ ॥ એવા૦ ॥ ૧ ॥ જી રે રામા રૂપ દેખી રંજીયા રે, નહીં ધરમતણી દીલે વાત ॥ એવા૦॥ વેરભાર રાખી રૂદયે સદા રે, ઘણા લોકોની વંછી છે ઘાત ॥ એવા૦ ॥ ૨ ॥ સાત વ્યસન ઉપર પ્રિતડી રે, રાચી રહ્યા અહોનિશ તાંય ॥ એવા૦ ॥ જોડી નહીં શાસ્ત્ર સાથે રૂચયો રે, દયા રાખી નહીં દિલમાંય ॥ એવા૦ ॥ ॥ ૩ ॥ છળ કરી છેતર્યા બહુ લોકને રે, દિલે રાખી ન પ્રભુની બીક ॥ એવા૦ ॥ કાંઇ સુક્રિત કર્યું નહીં જીવડે રે, આવતાં સુધી મરણ નજીક ॥ એવા૦ ॥ ૪ ॥ નિંદાયો ન તજી પારકી રે, તેમજ તજ્યો નહિ નિજ ગર્વ ॥ એવા૦ ॥ ત્રસના તરૂણિને ન તજી વેગળિ રે, જૂઠ થકી મેળવ્યો છે દ્રવ્ય ॥ એવા૦ ॥ ૫ ॥ અનુકંપા નહીં અંતરે રે, નથી બોલ્યો સતનો એકે બોલ ॥ એવા૦ ॥ નથી સાધુ સુપાત્રને આપીયું રે, નથી દ્રષ્ટિયે રાખી સમતોલ ॥ એવા૦ ॥ ૬ ॥ નથી મન સાથે ન્યાય તોળિયો રે, નથી છોડયો આ માયિક ફંદ ॥ એવા૦ ॥ ખ્યાલ નિહાળી જોતાં આ વિશ્વનો રે, ઘણો દીલે દિલગીર કેવળચંદ॥ એવા રે મનુષ્યનો વૃથા વહિ ગયો રે ॥ ૭ ॥

पद ६ ठुं.

જોને વિચારી પ્રાણિઆ રે, જાવું છે આજ કે કાલ રે ॥ ગુમા-

નિ માન મારૂં કથેલ તારા દિલમાં રે ॥ કાળા ફીટીને ધોળા થશે રે, કરશે જરા બૂરે હાલ રે ॥ ગુમાનિ૦ ॥ ૧ ॥ મનોરથની માળા કોઇએ રે, પૂરિ નથીજ કરેલ રે ॥ ગુમાનિ૦ ॥ મનની મમતા રાખી મનમાં રે, ગયા ડાપણના ભરેલ રે ॥ ગુમાનિ૦ ॥ ૨ ॥ મારૂં એ મમતા તાણમાં રે, જાવું અંતે સમશાન રે ॥ ગુમાનિ૦ ॥ બીજું તો બધું ઇહાં રે'શે રે, કાં એવું ભૂલે છે ભાન રે ॥ ગુમાનિ૦ ॥ ૩ ॥ હાટ હવેલી જો બંગલા રે, પડીને થયા મેદાન રે ॥ ગુમાનિ૦ ॥ બાગ બગિચાને બેઠકો રે, સુની લાગે જયું મસાણ રે ॥ ગુમાનિ૦ ॥ ૪ ॥ કેક ગયા ને જવું તાહરે રે, એમાં નથી કાંઈ ભૂલ રે ॥ ગુમાનિ૦ ॥ સુક્રિત કર એવું જાણિને રે, પામ્યો છું દેહ અમૂલ રે ॥ ગુમાનિ૦ ॥ ॥ ૫ ॥ ક્ષણભંગુર આ તન છે રે, નથી ઘડીનો વિશ્વાસ રે ॥ ગુમાનિ૦ ॥ માટે ભજ ભગવાનને રે, ટળશે તારા કોટી ત્રાસ રે ॥ ગુમાની૦ ॥ ૬ ॥ સતગુરૂ શરણું જા દોડીને રે, બાળિ દે વિષયાદી ફંદ રે ॥ ગુમાનિ૦ ॥ ભલું જાણિ તારૂં પ્રાણિઆ રે, બોધ કથે કેવળચંદ રે ॥ ગુ૦ ॥ ૭ ॥

पद ७ मुं.

માનમાં, માનમાં, માનમાં રે, જીવ મારૂં કરીને માનમાં ॥ અંતકાળે તો સરવ મૂકીને, ઠરવું છે જઇ સમશાનમાં રે ॥ જીવ૦ ॥ ૧ ॥ વૈભવ વિલસી પાપ કરો છો, મરી ત્રિજંચ થાશો રાનમાં રે ॥ જીવ૦ ॥ રાગના રંગમાં ભૂલા ભમો છો, પડશો ચોરાશીની ખાણમાં રે ॥ જીવ૦ ॥ ૨ ॥ જગતમાં તારૂં કોઇ નથી રે, મન રાખ્યને ભગવાનમાં રે ॥ જીવ૦ ॥ વૃદ્ધ અવસ્થા આવશે ત્યારે, ધાકો પડશે તારા કાનમાં રે ॥ જીવ૦ ॥ ૩ ॥ કોકદિન જાનમાં તો કોકદિન કાણમાં, મિથ્યા ફરે અભિમાનમાં રે ॥ જીવ૦ ॥ કોકદિન સુખમાં તો કોકદિન દુઃખમાં, સઘળા દિન સરખા જાણમાં રે ॥ જીવ૦ ॥ ૪ ॥ સુત વિત્ત દારાને ભૃત્યો, અંતે તારા તે જાણમાં રે ॥ જીવ૦ ॥ આયુર અથિર ને ધન ચપળ છે, ફોગટ મોહ્યો તેના તાનમાં રે ॥ જીવ૦ ॥ ૫ ॥ છેલબટુક થઈ શ્યાને ફરો છો, અધિક ગુમાન–માન–તાનમાં રે ॥ જીવ૦ ॥ મુનિ કેવળ કહે સુણો સજન સહુ, ચિત્ત રાખોને પ્રભુ ધ્યાનમાં રે ॥ જીવ૦ ॥ ૬ ॥

पद ८ मुं.

પૂરવ પુણ્ય ઉદય કરી ચેતન, નીકા નરભવ પાયા રે ॥ એ આંકણી ॥ દિનાનાથ દયાળ દયાનિધિ, દુર્લભ અધિક બતાયા રે ॥ દશ

દ્રષ્ટાંતે દોહિલા જાકું, ઉત્તરાધ્યયને ગાયા રે ॥ પૂ૦ ॥ ૧ ॥ અવસર પાય વિષયરસ રાચત, તેતો મૂઢ કહાયા રે ॥ કાગ ઉડાવણ કાજ વિપ્ર જિમ, ડાર મણિ પસ્તાયા રે ॥ પૂ૦ ॥ ૨ ॥ નદી ઘોળ પાષાણ ન્યાય કર, અર્ધ વાટ તું આયા રે ॥ અર્ધ સુગમ આગળ રહી તિનકું, જિન કછુ મોહ ઘટાયા રે ॥ પૂ૦ ॥ ૩ ॥ ચેતન ચાર ગતિમેં નિશ્ચે, મોક્ષ દ્વાર એ કાયા રે ॥ કરત કામના સુરપતિ યાકું, જિનકું અનર્ગળ માયા રે ॥ પૂ૦ ॥ ૪ ॥ રોહણગિરિ જિમ રતનખાણ તિમ, ગુણ સહુ યામેં સમાયા રે ॥ મહિમા મુખથી વર્ણત જાકી, સુરપતિ મન શંકાયા રે ॥ પૂ૦ ॥ ૫ ॥ કલ્પવૃક્ષ સમ સંયમકેરી, અતિ શિતળ જિહાં છાયા રે ॥ ચરણ કરણ ગુણધાર મહામુનિ, મધુકર મન લોભાયા રે ॥ પૂ૦ ॥ ૬ ॥ યા તન બિન તિહું કાળ કહો કિમ, સાચા સુખ નિપજાયા રે ॥ અવસર પાય ન ચૂક ચિદાનંદ, સદ્ગુરુ યોં દરસાયા રે ॥ પૂ૦ ॥ ૭ ॥

॥ उपदेश बत्रीशी. ॥

દોહા.

આ સંસાર અસાર છે, હર્ષ શોક ને હાણ ॥ સર્વ સુપ્ના તુલ્ય છે, અરે જીવ તું જાણ ॥ ૧ ॥ ઝાઝાં દિસે ઝાંઝવાં, જળ જેવાં દેખાય ॥ મૃગ દેખી દોડી મરે, પણ નહિ નીર પમાય ॥ ૨ ॥ સુપ્નાકેરી સાહેબી, સુપ્નામાં વહી જાય ॥ જો જન છૂટે જોરથી, છાતી ચરચર થાય ॥ ૩ ॥ જર જોબન સૌ જૂઠ છે, જૂઠ તાપ પરિતાપ ॥ સુખ દુઃખ સર્વે જૂઠ છે, સત્ય પુન્ય ને પાપ ॥ ૪ ॥ ગયાં વરસ વીતિ ગયાં, વળી વિતશે એમ ॥ માટે પ્રભુ સંભારતાં, કરિએ આળસ કેમ ? ॥ ૫ ॥ વાડી કેરાં ફૂલડાં, ફૂલીને કરમાય ॥ એ રીતે જીવન બધું, જોતામાં વહી જાય ॥ ૬ ॥ જોવું જરૂર દુનિયાં તજી, થિરતા નહિ આ ઠામ ॥ તે માટે મુક્તિ મળે, કરવું એવું કામ ॥ ૭ ॥ ભલા ભલા ભડ ભૂપતિ, ગયા તજીને રાજ ॥ રાય રંક પણ કોઈએ, અમર નથી રે આજ ॥ ૮ ॥ મડદાં બળે મસાણમાં, દિનપ્રત્યે દેખાય ॥ તોપણ તે જોનારને, સાર નહીં સમજાય ॥ ૯ ॥ પગલાં હેઠે મોત છે, ચેતી ચેતી ચાલ ॥ કાલ કર્યાનું આજ કર, કોણે દિઠી કાલ ? ॥ ૧૦ ॥ હે પરમેશ્વર ! હે પ્રભુ, અમને બુદ્ધિ આપ ॥ ધર્મ માર્ગે ચાલિયે, ડરિયે દેખી પાપ ॥ ॥ ૧૧ ॥ કરિયે પર ઉપકાર ને, ધરિયે તારૂં ધ્યાન ॥ સુણિએ સત ઉપદેશને, જેથી ઉપજે જ્ઞાન ॥ ૧૨ ॥ શાસ્ત્રો સુણો સહજ પણ, સઉનો

એ છે સાર ॥ દાન શિયળ તપ ભાવથી, પામે જન ભવપાર ॥ ૧૩ ॥ જે જન્મ્યો આ જગતમાં, તે નિશ્ચે જાનાર ॥ જૂવો મહેલ ઊંચા ચણ્યા, કોઇક દિન પડનાર ॥ ૧૪ ॥ સ્વવશ્યમાં ભલે ન તજે, પરવશ્ય તે તજનાર ॥ લ્હાવ જેહ દુનિયાતણો, કાળ નક્કી હરનાર ॥ ૧૫॥ જાવું તેતો જાણો છો, નથી અજાણ્યું છેક ॥ સઉને શીર એ સાલ છે, મૃત્યુનો દિન એક ॥ ૧૬ ॥ આ જગમાં અભિમાન તો, કરવું નહિ નર નાર ॥ ટીસી ફુલે જયમ પીંપળે, પણ આખર પડનાર ॥૧૭॥ અચળ રહે નહિ કોઇ પણ, કેડા મોરે જનાર ॥ જે ઉગે તે આથમે, એહ જગત વ્યવહાર ॥ ૧૮ ॥ ફુલાવું ા કારણે, કદી થઈ ધનવાન ॥ થીર થૈ ટકે ન એક પળ, જેમ કરીના કાન ॥ ૧૯ ॥ ધન જોબન પરિવાર સૌ, દેખી ન ધરો ઉમંગ ॥ ક્ષણ જશે વિખરાઇને, જેમ વાદળી રંગ ॥ ૨૦ ॥ અણધાર્યું ઉડી જશે, જન તન કેરૂં નૂર ॥ જોતાં પાછું ના જડે, જેમ આકનું તૂર ॥ ૨૧ ॥ કાળ ગણે નહિ કોઇને, રાય રંક કે દાસ ॥ દવ લાગ્યો જે વન વિષે, થાય જંતુનો નાશ ॥ ૨૨ ॥ જરા ન આવે જ્યાંલગી, કરો સુધર્મ ઉપાય ॥ ઘર સળગી ઉઠયા પછી, ચેત્યાથી શું થાય ? ॥ ૨૩ ॥ પકડો સુધર્મ પારખી, જ્ઞાન નેત્ર દઇ ચિત્ત ॥ જ્ઞાન સ્વરૂપી નેત્ર વિણ, ભટકાશો જઇ ભીંત ॥૨૪॥ ધર્મ કર્યાથી કર્મનો, કેવળ જાણો નાશ ॥ અગ્ની લૈ વન ચાલતાં, વાઘ ન આવે પાસ ॥ ૨૫ ॥ કુકર્મ કરતાં જીવને, પાછો વાળો જરૂર ॥ તેથી થોડા કાળમાં, પામો સુખ ભરપૂર ॥ ૨૬ ॥ જૂવે ન સાર અસારને, સરખું ગણે સમસ્ત ॥ ગબ્બડગંડના રાજમાં, ટકે શેર સૌ વસ્ત ॥ ૨૭ ॥ અંધા આગળ આરસી, ધરવી નિષ્ફળ જેમ ॥ ગંડક આગળ જ્ઞાનની, કથા કહી તે તેમ ॥ ૨૮ ॥ કાંચનતણી કસોટીએ, થાયે પરિક્ષા જેમ ॥ ધર્મતણા સુવિચારથી, થાય પરિક્ષા તેમ ॥ ૨૯॥ રવી ઉગ્યાથી રાત્રિનું, તિમિર મટે આ સ્થાન ॥ સદ્ગુરૂના ઉપદેશથી, એમ મટે અજ્ઞાન ॥ ૩૦ ॥ સાંભળિયે ઉપદેશને, તજો રાગને દ્વેષ ॥ ગુરૂ પ્રતાપે ઉચરે, કેવળમુનિ ઉપદેશ ॥ ૩૧ ॥ ઉપદેશ બત્રીશી રચી, પુજ રૂગનાથ પસાય ॥ સુણતાં નર નારીતણાં, ત્રિવિધ તાપ સમાય ॥૩૨॥

સમાપ્ત.